૨

ડૉ. બાબાસાહેબ આંબેડકર

સંપૂર્ણ અક્ષરદેહ

ગ્રંથ-૧૩

શૂદ્રો કોણ હતાં ? અને ભારતીય આર્યોના સમાજમાં તેઓ ચોથી વર્ણમાં કેવી રીતે સમાયા ?



ડૉ. બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ : ૧૩

શૂદ્ર કોણ હતા?

અને

ભારતીય આર્યોના સમાજમાં તેઓ ચોથા વર્ણમાં કેવી રીતે ગણાયા?

પ્રકાશક :

ડૉ. આંબેડકર ફાઉન્ડેશન, કલ્યાણ મંત્રાલય

ન્યુ દિલ્હી અને

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ

ગુજરાત રાજ્ય : ગાંધીનગર

૧૯૯૮



ડૉ. બાબાસાહેબ આંબેડકર

એમ.એ, એમ.એસ.સી, પી.એચ.ડી (કોલંબિયા) ડી.એસસી.(લંડન)

એલ.એલ.ડી. (કોલંબિયા) ડી.લિટ્.(ઉસ્માનીયા)

બાર.એટ.લૉ. (લંડન)

જન્મ : ૧૪ એપ્રિલ, ૧૮૯૧

પરિનિર્વાણ : ૬ ડિસેમ્બર, ૧૯૫૬

મૂલ્યો

મૂલ્યો આદર્શ માપદંડ તરીકે સારા છે અને અનિવાર્ય છે. કોઇપણ વ્યક્તિ કે સમાજ માપદંડ વિનાનો હોઈ શકે નહીં. પરંતુ આ માપદંડ સમય અને સંજોગોના પ્રવાહ સાથે પરિવર્તન પામતો હોવો જોઈએ. કોઈ માપદંડ કાયમ માટે નિશ્ચિત કરેલ હોવો જોઈએ નહીં. આપણા માપદંડના મૂલ્યોમાં હંમેશા પુનઃ મૂલ્યાંકનની જોગવાઈ હોવી જોઈએ. મૂલ્યો પુનઃ મૂલ્યાંકન માટે ખુલ્લાં રહેવાની શક્યતા ત્યારે જ હોઈ શકે જ્યારે સામાજિક સંસ્થાને (ધર્મની) પવિત્રતાના વાઘા પહેરવ્યા ન હોય ! પવિત્રતાના આચાર-વિચાર તેના મૂલ્યોનાં પુનઃ મુલ્યાંકનની પ્રક્રિયા અવરોધે છે. બસ એક વખત પવિત્ર એટલે કાયમ માટે પવિત્ર....

ઇતિહાસકાર

એક ઇતિહાસકાર ચોક્કસ, નિખાલસ, નિષ્પક્ષ, આવેગમુક્ત, સ્વાર્થ ભય અને અનુરાગથી પર તેમજ સત્યનિષ્ઠ હોવો જોઈએ. જે સત્ય ઇતિહાસની જનની છે. જે (ઇતિહાસ) મહાન કાર્યોનો સંરક્ષક છે. જે વિસ્મૃતિનો શત્રુ અને ભૂતકાળનો સાક્ષી છે તેમજ ભવિષ્યનો નિયામક છે. ટૂંકમાં - એક ઇતિહાસકાર ખુલ્લાં દિમાગનો હોવો જોઈએ. પણ ખાલી દિમાગનો હોવો જોઇએ નહીં. આવા ઇતિહાસકારે તેની સમક્ષ પડેલા સઘળા પુરાવા ચકાસવા તત્પર રહેવું જોઈએ પછી ભલેને તે પુરાવા બનાવટી હોય....

- ડૉ. બી. આર. આંબેડકર

(શૂદ્રોની શોધ ગ્રંથમાંથી ઉદ્ધૃત)

સલાહકાર :

માનનીય શ્રી ૧. મેનકા ગાંધી

કલ્યાણમંત્રી, ભારત સરકાર.

૨. શ્રી કેશુભાઈ પટેલ

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

૩. શ્રી મહેન્દ્ર ત્રિવેદી

મંત્રી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ.

૪. શ્રી ડી. કે. મનાવલન

સચિવ, કલ્યાણ મંત્રાલય

૫. એચ. આર. ભીમાશંકર (આઈ.આર.એસ)

નિયામક, ડૉ. આંબેડકર ફાઉન્ડેશન.

૬. વસંત મૂન

પ્રધાન સંપાદક(અંગ્રેજી)

૭. શ્રી એસ. કે. નંદા

સચિવ, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ.

૮. એમ. કે. પરમાર

મુખ્ય સંપાદક અને સંકલન.

સંકલન (મૂળ અંગ્રેજી)

શ્રી વસંત મૂન

અનુવાદક :

ડૉ. રમેશચંદ્ર એસ. પરમાર

પરામર્શક :

રતિલાલ સા. નાયક

જોસેફ મેકવાન

ડૉ. રમેશચંદ્ર એસ. પરમાર

મુખ્ય સંપાદક અને સંકલન :

એમ. કે. પરમાર.

એમ.એ.એમ.ફિલ.

સંદેશ

આર્ષદ્રષ્ટા ડો. બાબાસાહેબ આંબેડકર વર્તમાન યુગના કરુણાપૂર્ણ યુગપુરુષ હતા. તેમની દ્રષ્ટિમાં નારી નવચેતનાની પ્રતિક છે. તેમજ સમાજના નવનિર્માણમાં નારી પાયાનો પથ્થર છે. નારી અને સમાજની ઉન્નતિ અંગે ડો. આંબેડકરે કહ્યું હતું કે, “હું કોઈ પણ સમાજની પ્રગતિનું અનુમાન એ વાતથી કરું છું કે એ સમાજની મહિલાઓની સ્થિતિ કેવી છે? નારીની ઉન્નતિ વિના પરિવાર, સમાજ તેમજ રાષ્ટ્રની પ્રગતિના સ્વપ્ન જોવાં એતો રણમાં વહાણ ચલાવવા સમાન છે અને આ વિધાનને સાર્થક કરવા તેમણે હિન્દુ કોડ બીલની રચના કરી તેમાં ઉત્તરાધિકાર, છૂટાછેડા, વિધવા વિવાહ, પિતાની સંપત્તિમાં પૂત્રીનો ભાગ, સ્ત્રીધન સંબંધી અધિનિયમ રજૂ કરી નારી મુક્તિનો માર્ગ મોકળો કર્યો. "

બાબાસાહેબના સમગ્ર સાહિત્યમાં નારી ઉત્થાન તેમજ રાષ્ટ્રની સામાજિક , આર્થિક સમસ્યાઓના ઉકેલની દિશાના દર્શન થાય છે. અમેરિકા અને યુરોપની વિશ્વવિદ્યાલયોમાં તેમણે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. અર્થશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર નૃવંશશાસ્ત્રના શોધકર્તાના રૂપમાં તેમની નામના હતી. વર્તમાન યુગમાં બાસાહેબના આર્થિક વિચારો રાષ્ટ્રની પ્રગતિમાં સીમાચિહ્ન સમાન છે.

ડો. આંબેડકર ફાઉન્ડેશન બાબા સાહેબના સંપૂર્ણ વાડ્મયને હિન્દી, ગુજરાતી તેમજ અન્ય ભારતીય ભાષાઓમાં પ્રકાશિત કરી રહ્યાં છે. તેનું ઉમળકાભેર સર્વત્ર સ્વાગત થયેલ છે. આ શૃંખલામાં ડો. બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ નંબર- ૧૩ "શૂદ્રો કોણ હતા? અને ભારતીય આર્યોના સમાજમાં તેઓ ચોથી વર્ગમાં કેવી રીતે ગણાયા?" સુજ્ઞ વાંચકોને સમર્પિત કરતાં આનંદની લાગણી વ્યકત કરું છું. આ મહાકાર્યમાં જોડાયેલા વિદ્વાન અનુવાદકો, પરામર્શકો, સંકલનકારોનું હું અભિવાદન કરું છું.

મેનકા ગાંધી

કલ્યાણ મંત્રી, ભારત

સરકાર

સંદેશો

ભારતના બંધારણના ઘડવૈયા અને દલિતોના ઉદ્ધારક ડો. બાબાસાહેબ આંબેડકર આ સદીની એક વિરલ વ્યક્તિ હતા. ડો. બાબાસાહેબ આંબેડકરની દ્રઢ માન્યતા હતી કે શિક્ષણ દ્વારા વ્યક્તિ વિકાસ અને સામાજિક ક્રાંતિ દ્વારા જ સમાનતા, સ્વતંત્રતા અને બંધુતાના પાયા ઉપર રાષ્ટ્રનું નવનિર્માણ થઈ શકશે.

ડો. બાબાસાહેબ આંબેડકર ફાઉન્ડેશન દ્વારા પ્રસિદ્ધ થયેલ બાબાસાહેબના વિદ્વતાપૂર્ણ લખાણનું હિન્દી, ગુજરાતી અને અન્ય ભાષાઓમાં ભાષાંતર કરી પ્રજા સુધી પહોંચાડવાનું કાર્ય ખૂબ મહત્વનું છે. ડો. બાબાસાહેબ આંબેડકરનો સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ નં. ૧૩ "શૂદ્રો કોણ હતા? અને ભારતીય આર્યોના સમાજમાં તેઓ ચોથા વર્ણમાં કેવી રીતે ગણાયા?" ગુજરાતી ભાષામાં પ્રકાશિત થઈ રહ્યું છે ત્યારે હું આનંદની અને ધન્યતાની લાગણી અનુભવું છું. ગુજરાતી ભાષામાં આ પ્રકાશનોનો ઉમેરો થતાં સામાજિક સદ્ભાવના અને સામાજિક ન્યાયની પ્રક્રિયાને અવશ્ય વેગ મળશે.

આ ભગીરથ કાર્યમાં જે વિદ્વાન અનુવાદકો, અને પરામર્શકારોએ તેમની વિદ્વતાનો લાભ આપ્યો છે તે સૌની જહેમત અભિનંદનને પાત્ર છે. આ ગ્રંથના મુખ્ય સંપાદક શ્રી એમ. કે. પરમારે જે નિષ્ઠાથી કાર્ય પાર પાડયું છે તેને હું બિરદાવું છું. હું આશા રાખું છું કે આ પ્રકાશનોને વ્યાપક લોક આવકાર મળશે.

કે.સ. પટેલ

(કેશુભાઈ પટેલ)

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

આવકાર

ડો. બાબાસાહેબ આંબેડકર બહુમુખી પ્રતિભા ધરાવતા હતા, તેઓ વિદ્વાન અર્થશાસ્ત્રી, નૃવંશશાસ્ત્રી, ધારાશાસ્ત્રી, વિદ્વાન લેખક, પ્રખર રાષ્ટ્રભક્ત અને સામાજિક નવચેતનાના પ્રહરી હતા.

બ્રિટીશરોએ તેમના શાસન દરમ્યાન ભારતવર્ષના આર્થિક જીવનને બેહાલ કર્યું હતું તેનો તાદૃશ્ય ચિતાર તેમના શોધ નિબંધોમાં આલેખેલ છે. તેમજ અસ્પૃશ્યતા નિવારણ, સામાજિક ન્યાય, દલિતોદ્ધાર, નારી સન્માન, જાતિપ્રથા વિરોધ, વર્ણ વ્યવસ્થા નાબુદી, રાષ્ટ્રની આર્થિક, સામાજિક, રાજકીય ઉન્નતિ વગેરે વિષય પર તેમણે ઊંડું ખેડાણ કરેલ છે.

મૂળ અંગ્રેજી વોલ્યુમમાંથી ગુજરાતી ગ્રંથ નં.૧૩, "કોણ હતા? અને ભારતીય આર્યોના સમાજમાં તેઓ ચોથી વર્ષમાં કેવી રીતે ગણાયા?" ગુજરાતીમાં ભાષાંતર કરી, ગુજરાતની પ્રજાના કરકમળોમાં મૂકતાં હું હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

વિદ્વાન અનુવાદકો, પરામર્શકોએ ખૂબજ મહેનત કરી આ ગ્રંથોના પ્રકાશનમાં જે ફાળો આપેલ છે તે સરાહનીય છે. તેમજ આ ગ્રંથોના મુખ્ય સંપાદક અને સંકલનકાર શ્રી એમ. કે. પરમારે આ ગ્રંથોના પકાશનમાં ખૂબજ મહેનત કરેલ છે તેને આ તબકકે બિરદાવું છે.

મહેન્દ્ર ત્રિવેદી

મંત્રી,

રમતગમત યુવા, અને

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

સંપાદકીય

કોઈપણ દેશને બીજા દેશ પર શાસન કરવાનો અધિકાર નથી, તો પછી એ પણ સ્વીકારવું જોઈએ કે કોઈ એક વર્ગને બીજો વર્ગ ઉપર શાસન કરવાનો પણ અધિકાર નથી. ડો બાબાસાહેબ આંબેડકરની આ વિચાર કણિકા માનવ માનવની સમાનતાનો સંદેશ આપે છે.

શૂદ્રો કોણ હતા? અને ભારતીય આર્યોના સમાજમાં તેઓ ચોથા વર્ણમાં કેવી રીતે ગણાયા? આ ગ્રંથમાં બાબાસાહેબ ખૂબજ ઊંડાણપૂર્વક સંશોધન કરી વર્ણવાદ એ ભારતનું કલંક છે તે પ્રતિપાદીત કરેલું છે.

પ્રસ્તુત ગ્રંથ ૧૩માં બાબાસાહેબ, શૂદ્રોની સમસ્યા, શૂદ્રોની ઉત્પત્તિમાં બાહ્યાણવાદ, શૂદ્રો વિરુદ્ધ આર્યો, આર્યો વિરુદુ શૂદ્રો, શૂદ્રો અને દાસ , બ્રાહ્મણ વિરુદ્ધ શૂદ્રો, શૂદ્રો શા માટે ચોથા વર્ણમાં સમાયા, વર્ણ કેટલી છે? ત્રણ કે ચાર ! વગેરે વિષયોનું વિશદ દર્શન કરાવે છે.

શૂદ્રો કોણ હતા અને ભારતીય આર્યોના સમાજમાં તેઓ ચોથા વર્ણમાં કેવી રીતે ગણાયાં? ગ્રંથ ૧૩ પ્રકાશીત થતાં આનંદની લાગણી અનુભવું છું.

વિદ્વાન અનુવાદકો, પરામર્શકો, તથા સંપાદકોના પરિશ્રમથી જ આ ગ્રંથો તૈયાર થઈ રહ્યો છે. તેમની સેવાઓ સરાહનીય છે.

પ્રજ્ઞાશીલ વાચકો આ ગ્રંથને અગાઉના ગ્રંથોની જેમ જ સ્વીકારશે. તેવી અભ્યર્થના સાથે,

એમ. કે. પરમાર

મુખ્ય સંપાદક અને સંકલન

★ડિજિટલ PDF સંપાદન★

અમે બે-પાંચ મિત્રોએ (જેમાં **Manoj Dabhi, सोलंकी राजेश्वर एम. Hasmukh Makwana,Atul Rathod, Tushar Parghi, chandresh sagar)** ડો.બાબાસાહેબ આંબેડકર જીવન ચરિત્ર તથા તેમની વિચારધારા અને તેમના દ્વારા લખાયેલ અન્ય સાહિત્ય સોશિયલ મીડિયા (ફેસબુક અને વોટ્સએપ) દ્વારા ગુજરાતીમાં ભાષામાં લોકો સુધી પહોંચતું કરવાનો વિચાર કર્યો અને એક ફેસબુક ગ્રુપ "ડો.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ-૧૩" બનાવ્યું. જેમાં ડો.બાબાસાહેબ આંબેડકર લિખિત અક્ષરદેહ ગ્રંથને ટેક્ષ્ટમાં રુપાંતરિત કરી સરળતાથી લોકો સુધી પહોંચાડવાનું કાર્ય મુખ્ય હતું.

જો કે આ કામ સમય અને ચીવટ માંગી લે એવું હોય, અન્ય ફેસબુક મિત્રોની મદદ લેવાનું નક્કી કર્યું. અને પરિચિત મિત્રોને મદદ માટે અપીલ કરી અને ઘણાં બધા મિત્રો અમારા આ કાર્યમાં પોતાની સામાજિક જવાબદારી સમજી નિસ્વાર્થપણે જોડાઈ ગયાં, અને અમારો વિચાર હવે જીવંત બન્યો.

જે પૈકી **Arun Patel, Manish Bhartiy, Babu Solanki, Pankaj Parmar, Rakesh, Naresh Chudasama ,Nikhil Dhumada, Subodh Kuntar ,Vijay Parmar, Chirag**

Vaniya , Dev Chavda, Makwana Hasmukh, Ashish Dafada Rekhaa Solanki, Jignesh Parmar, Parmar Aruna, Pravin P. Christian, Vala Pravin, Rahul Kumar, V.J. Vanvi, Pravin Khaniya, Sujata Kaba, Vishāl Sonāra, Twinkal Parmar, Bharat Rathod, Naresh, अनार्य भावेश, vijaykumar pramar, અને ટીનો કાકો જેવા સમર્પિત મિત્રોએ અમને ગ્રંથ-૧૩ના લેખન કાર્યમાં ખૂબ જ મદદ કરી અને ગ્રંથ-૧૩નું લેખનકાર્ય પુર્ણ થયુ છે. જે બદલ અમે લેખનકાર્યમાં મદદ કરનાર મિત્રોના આભારી છીએ.

હાલ ગ્રંથ-૧૪નું લેખન કાર્ય ચાલુ છે. એની પણ **pdf** બનાવશું ત્યારે મદદરૂપ થયેલ મિત્રોના નામ જાહેર કરશું..

આ કામગીરી અંતર્ગત અમે તથા સહકાર આપનાર તમામ મિત્રો બની શકે તેટલી સરળતાથી ડો.બાબાસાહેબ આંબેડકર વિચારધારા તથા તેમનાં સાહિત્ય પહોંચે એવી કોશિષ કરીશું...

આ ડિજિટલ ફોર્મમાં આવેલ લખાણને હવે **pdf**નું સ્વરૂપ આપવાનું નક્કી કર્યું છે. જો કોઈ જગ્યાએ ક્યાંય અમારી ભૂલ રહી ગઈ હોય તો અમને ક્ષમા કરજો અને અમારું ધ્યાન દોરજો....

एक कदम " अंबेडकर युग की और

ફેસબૂક મિત્રો.....

અનુક્રમણિકા

પ્રકરણ	પૃષ્ઠ
ભૂમિકા	૧૪ થી ૨૯
૧. શૂદ્રો અંગેનું ગૂઢ રહસ્ય	૩૦ થી ૫૨
૨. શૂદ્રોની ઉત્પત્તિ અંગેનો બ્રાહ્મણવાદી સિધ્ધાંત	૫૩ થી ૫૯
૩. શૂદ્રોની સ્થિતિ અંગેનો બ્રાહ્મણ સિધ્ધાંત	૬૦ થી ૯૪
૪. શૂદ્રો વિરુદ્ધ આર્યો	૯૫ થી ૧૨૫
૫. આર્યો વિરૂધ્ધ આર્યો	૧૨૬ થી ૧૪૫
૬. શૂદ્રો અને દાસો	૧૪૬ થી ૧૬૩
૭. શૂદ્રો ક્ષત્રિયો હતા?	૧૬૪ થી ૧૯૦
૮. વર્ણો ત્રણ કે ચાર?	૧૯૧ થી ૨૦૦
૯. બ્રાહ્મણો વિરુદ્ધ શૂદ્રો	૨૦૧ થી ૨૧૭
૧૦. શૂદ્રોનું પતન	૨૧૮ થી ૨૫૩
૧૧. સંધિ કથા	૨૫૪ થી ૨૭૬
૧૨. સિદ્ધાંતનું પરીક્ષણ	૨૭૭ થી ૨૮૪
૧૩. પરિરિષ્ટ ૧ થી ૬	૨૮૫ થી ૨૯૧
૧૪ . નકશાઓની સૂચિ	૨૯૨

●ભૂમિકા●

સાહિત્ય ક્ષેત્રમાં અત્યારે શૂદ્રો અંગેનું પૂરતું સાહિત્ય ઉપલબ્ધ નથી. અને આ વિષય ઉપર પ્રકાશ પાડવો એ નિરર્થક કે નાનું સુનું કાર્ય નથી. સામાન્ય રીતે ભારતીય આર્યોની સમાજ વ્યવસ્થા ચાર્તુવર્ણ વ્યવસ્થા છે. અને તે ચાર વર્ણ (૧) બ્રાહ્મણ (પુરોહિત), (૨) ક્ષત્રિય (સૈનિક), (૩) વૈશ્ય (વ્યાપારી) અને (૪) શૂદ્ર (સેવક) છે. ઉપરોક્ત વિભાજનથી શૂદ્રોની સમસ્યા અંગે ખરેખર તો ખાસ પ્રકાશ પડતો નથી. ચાર્તુવર્ણ વ્યવસ્થા સમાજને ચાર વર્ગોમાં વિભાજિત કરવાની ચેષ્ટા જ હોત તો એના નિર્દોષ દેખાતા સિદ્ધાંત અંગે ઝાઝું કહેવાપણું ન હોત! કમનસીબે આ વિભાજને તો ચાર્તુવર્ણના સિદ્ધાંતને વધારે જટિલ અને ઊંડો બનાવ્યો છે. આ વ્યવસ્થાને લીધે ક્રમિક અસમાનતા (graded inequality) અને ઊંચ નીચની ભાવના સામાજિક જીવનનું પ્રમુખ અંગ બની ગયું છે. આ ક્રમિક અસમાનતાની ભાવના કલ્પિત નથી પણ એને વૈધાનિક અને દંડનીય દરજ્જો મળ્યો છે. ચાર વર્ણના નિયમ અનુસાર શૂદ્રોની નિંદા અને તિરસ્કાર કરીને એના દ્વારા ક્રમવાર વિભાજનમાં તેના નિમ્ન શ્રેણીમાં પહોંચાડી દીધેલ છે; જેથી ક્યારેય તે ઊંચે ઉઠવાની પ્રયાસ જ ન કરી શકે. વાસ્તવમાં જયાં સુધી પાંચમો વર્ણ અસ્તિત્વમાં ન આવ્યો ત્યાં સુધી શૂદ્રો જ નિમ્નતમ શ્રેણીમાં સબડતા રહ્યા. એને જ શૂદ્રોની સમસ્યા કહી શકાય. આ સમસ્યા અંગે લોકો ત્યાં સુધી અજાણ રહ્યા જ્યાં સુધી એની જન સંખ્યાનો અંદાજ આવ્યો નહીં. દુ:ખદ બાબત તો એ છે કે, જનગણના વિભાગે એની પૃથ્થક ગણના ન કરીને ભ્રમણા પેદા કરી છે, હકીકતમાં તો સ્થિતિ એવી છે કે, હિંદુ સમાજમાં શૂદ્રોની સંખ્યા ૭૫ થી ૮૦ ટકા જેટલી છે. આ દષ્ટિએ આ પ્રશ્ન અસાધારણ કોટિનો બની જાય છે. એટલું જ નહીં એક વિશાળ સમુદાયના વિષયમાં શોધપૂર્ણ સંશોધનાત્મક દષ્ટિકોણ ઉપસ્થિત કરે છે. શેરીંગે (Mr. Sherring) પોતાના પુસ્તક હિંદુ કબીલા અને જાતિઓ ૧ (Hindu Tribe and Caste) માં લખ્યું છે કે,

૧ શેરિંગ ૧: હિન્દૂ ટ્રાઇબ્સ એન્ડ કાસ્ટ ગ્રંથ-૧પ્રસ્તાવના પૂ. ૨૧.

" પ્રશ્ન એ નથી કે શૂદ્રો આર્યો છે કે ભારતના આદિવાસીઓ, કે પછી બંનેનું મિશ્રણ. વાસ્તવિકતા એ છે કે, આદિકાળથી ત્રણ વર્ણથી ભિન્ન, નિમ્ન સ્તર ધકેલી દઈને અને ચોથા વર્ણમાં પહોંચાડી દીધા છે. જો કે એવું માની લેવામાં આવે કે શરૂઆતમાં તે આર્યો નહોતા છતાં પણ ત્રણેય ઊંચા વર્ણોમાં વિવાહ કરવાને લીધે એમનું એટલું બધું આર્યકરણ થઈ ગયું કે, ક્યાંક ક્યાંક શૂદ્રોના કબીલા બ્રાહ્મણ અને ક્ષત્રિયથી પણ આગળ વધીને એવી સ્થિતિએ પહોંચી ગયા કે એમણે જે ગુમાવ્યું હતું એનાથી અધિક મેળવી લીધું. ઉદાહરણ રૂપે ઈંગ્લેન્ડનો સેલ્ટિક કબીલો એંગ્લો-જાતિમાં ભળી ગયા અને તે પોતાની મૂળ પહેચાન જ ગુમાવી બેઠો."

આ દ્રષ્ટિકોણ બે ભૂલો પર આધારિત છે. પ્રથમ ભૂલ એ છે કે વર્તમાનકાળના શૂદ્રોની જાતિ - પ્રારંભિક આર્યોના સમાજના શૂદ્રોથી વંશીય રીતે ભિન્ન છે. બીજી ભૂલ એ છે કે, શૂદ્રો કઈ જાતિના છે એ વિચારનું કોઈ મહત્ત્વ જ નથી. મહત્ત્વ તો એ વાતનું છે કે એવા નિયમો અને કાનૂનો અસ્તિત્વમાં આવ્યા, જેના દ્વારા શૂદ્રો પોતાનું અસ્તિત્વ જ ગુમાવી બેઠા અને શોષિત-પીડિત બનીને રહી ગયા. દુ:ખદ આશ્ચર્ય એ છે કે હિંદુ કાયદાના શિકાર બનેલા નિમ્ન વર્ગના લોકો (અછુતો) આ મૂળ વંશીય શૂદ્રો સાથે કોઈ પણ પ્રકારે સંબંધિત નથી. પણ શૂદ્રોના કાનૂન તેની ઉપર લાગુ પાડવામાં આવ્યા છે. આ કેવી રીતે બન્યું એ જાણવાનો મારો પ્રયાસ છે.

મારું એવું માનવું છે કે, ભારતીય આર્યોના સમાજમાં બ્રાહ્મણી કાયદા કાનૂન અને નિયમોનો શિકાર બન્યા પછી શૂદ્રો કાલાંતરે નિમ્ન વર્ગની કક્ષાએ પહોંચી ગયા. એના બે પરિણામો આવ્યા.

(૧) 'શૂદ્ર શબ્દ અને એનો ભાવાર્થ જ બદલાઈ ગયો. મૂળ શૂદ્ર શબ્દ જે એક વિશેષ સમુદાયના (જાતિનો) સંકેત કરતો હતો તેને બદલે એવા સમુદાય માટે વપરાવા માંડ્યો જે નિમ્ન કોટિના, સભ્યતા વિહીન, સંસ્કૃતિ વિહીન, સન્માન

વિહિન અને સામાજિક સ્તર વિહીન ગણાય છે.

(૨) 'શૂદ્ર શબ્દનો અર્થ વિસ્તાર થવાને કારણે એના ઉપર લાગુ પાડવામાં આવેલા નિયમો અને કાનૂનનો પણ વિસ્તાર થયો.

આ રીતે વર્તમાનકાળમાં નિન્મજાતિના માનીને પ્રાચિનકાળના કહેવાતા શૂદ્રોની જેમ જ જુના કાનૂન અનુસાર એમને(શૂદ્રોને) ઉત્પીડિત અને શોષિત કરવાનું શરૂ થયું. જો કે મૂળભૂત રીતે તે જૂના અર્થમાં શૂદ્રો તો છે જ નહીં. વાસ્તવમાં વૈધાનિક દંડ જે અપરાધીઓને માટે નિર્ધારિત કરવામાં આવ્યા હતા તે નિરપરાધી અછૂત લોકો ઉપર પણ ઠોકી બેસાડવામાં આવ્યા. જો હિન્દુ કાનૂનના રચયિતા જાણતા હોત કે આજે નિમ્નશ્રેણી માં ધકેલી દેવામાં આવેલા લોકો પ્રાચીન કાળના શૂદ્રોથી તદ્દન અલગ છે, તો જે નિર્દોષોનો નરસંહાર અને પેદા થયેલી દુ:ખદ સ્થિતિ નિવારી શકાય હોત! ખેદજનક તથ્ય તો એ છે કે, પ્રાચીન શૂદ્રોને માટે બનાવવામાં આવેલા વિધિ-વિધાનો વર્તમાન કાળના શૂદ્રો ઉપર લાગુ પાડવામાં આવ્યાં છે. આ કેવી રીતે બન્યું? એને કેવળ પૌરાણિક સંશોધનનું મહત્વ ધરાવતું ગણીને અવગણી શકાય તેમ નથી.

જો એવું માની લેવામાં આવે કે શૂદ્રોનો વિષય સંશોધનનો વિષય છે, તો કેટલાક લોકો એવા સંશોધન માટેની મારી ક્ષમતા વિશે પ્રશ્ન પૂછી શકે. કેટલાક લોકોએ મને ચેતવણી આપી જ દીધી છે કે, હું રાજનીતિ પર ભલે લખું પણ હિન્દુઓના ધર્મ અને ધાર્મિક ઈતિહાસમાં દખલ ન કરું. કારણ કે એ મારું ક્ષેત્ર નથી અને એટલે એમાં મારે દરમ્યાનગીરી ન કરવી. મને આવી ચેતવણી શા માટે આપવામાં આવી છે? એની મને ખબર પડતી નથી. હું આ વિષયને ચકાસવા માટે સક્ષમ નથી એવું શાથી માની લેવામાં આવે છે? એની મને તો ખબર જ નથી પડતી. અનિષ્ઠના નિવારણ માટે વધારે પડતો દાવો એક ચિંતક કે લેખક તરીકે હું કરતો હોઉં તો તે બિનજરૂરી છે. હું તો એ પણ સ્વીકારવા તૈયાર છું કે, ભારતીય રાજનીતિ અંગે વાત કરવા માટે પણ હું સક્ષમ નથી. મને

જો ચેતવણી એટલા માટે જ આપવામાં આવી હોય કે હું સંસ્કૃત ભાષા ઉપર પ્રભુત્વ ધરાવતો નથી, તો એ ખામી હું સ્વીકારું છું અને છતાંય આટલી નાનકડી ખામીને કારણે જ આ વિષય અંગે લખવા હું સક્ષમ નથી એવું શા માટે માની લેવામાં આવે છે? કારણકે એવું સંસ્કૃત સાહિત્ય ભાગ્યે જ જોવા મળશે કે, જેનો અંગ્રેજી અનુવાદ ઉપલબ્ધ ન હોય! એથી સંસ્કૃત ભાષાના જ્ઞાનનો અભાવ મારે માટે બાધા રૂપ બની શકે તેમ નથી. અને અત્યારે જે વિષય અંગે હું વાત કરવા માંગુ છું એના અંગે પણ બાધા પડે તેમ નથી. હું એ કહેવા ઈચ્છું છું કે છેલ્લા પંદર વર્ષથી આ અંગેના ભાષાંતરોનો મેં અભ્યાસ કર્યો છે અને આટલા ગાળા સુધી આ અંગેના સંદર્ભિત સાહિત્યનો અભ્યાસ કરનાર કોઈ પણ સામાન્ય બુધ્ધિ પ્રતિભા ધરાવનાર વ્યક્તિ પણ સક્ષમ રીતે આ વિષયને હાથ ધરી શકે.

આ વિષય અંગે લખવા બોલવાની મારી અધિકૃતતા તો આ પુસ્તકના વાચન પછી જ મળે. જો કે એવું લાગે છે કે , “જયાં દેવદૂતો જતાં ડરે છે એવા ક્ષેત્રમાં મૂર્ખાઓ(સામાન્ય વ્યક્તિ) ધસી જાય છે ” એવી કહેવત તો છે જ છતાંય મને લાગે છે કે સામાન્ય માણસે પણ પોતાનું કર્તવ્ય બજાવવાનું હોય છે . જો દેવદૂતો પોતાની ફરજ ન બજાવતા હોય તો સત્ય શોધવા માટે સામાન્ય માણસે તો એમાં દરમ્યાનગીરી કરવી જ જોઈએ . પ્રતિબંધિત ક્ષેત્રમાં પ્રવેશ અંગે મારે આટલું જ કહેવું છે.

સવાલ એ છે કે આ પુસ્તકમાં નોંધપાત્ર બાબતો કઈકઈ છે? આ પુસ્તકમાં બે પ્રશ્નોનો ઉકેલ શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે .

(૧) શૂદ્ર કોણ હતા? અને (૨) **ભારતીય** આર્યોના સમાજમાં એમને ચોથાવર્ણમાં કેવી રીતે ગણવામાં આવ્યા? આ બન્ને પ્રશ્નોની તપાસ કરીને હું જે તારણ કાઢી શક્યો છું તે નીચે પ્રમાણે છે .

(૧) શૂદ્રો આર્યજાતિની સૂર્યવંશી શાખાના લોકો છે.

(૨) એક વખતે આર્યોમાં માત્ર ત્રણ જ વર્ણો હતા અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય.

(૩) "શૂદ્રો"નો ચોથો વર્ણ નહોતો. તેઓ ભારતીય આર્યસમાજના ક્ષત્રિય વર્ણના વંશજો હતા .

(૪) શૂદ્રો અને બ્રાહ્મણો વચ્ચે વારંવાર યુધ્ધો થતાં રહેતા હતા જેમાં શૂદ્ર રાજાઓએ બ્રાહ્મણો ઉપર ઘણાં અત્યાચારો કર્યા અને બ્રાહ્મણોના ગૌરવને હણ્યુ હતું.

(૫) બ્રાહ્મણોએ શૂદ્રોના અત્યાચારો અને અપમાનોથી તંગ આવી જઈને શૂદ્રોને ઉપનયન સંસ્કારવિધિથી વંચિત કરી દીધા.

(૬) ઉપનયન સંસ્કારવિધિ પ્રાપ્ત ન કરી શકવાને કારણે શૂદ્રો ક્ષત્રિયતાના મોભાથી ચ્યુત થઇ (ભ્રષ્ટ થઇ) વૈશ્ય વર્ણની નીચે ચોથા વર્ગના લોકો બની ગયા.

આ તારણો અને નિષ્કર્ષ અંગે વિદ્વાનોના અભિપ્રાય માટે મારે રાહ જોવી જોઈએ. આ નિષ્કર્ષ તદ્દન મૌલિક છે. એટલું જ નહીં અત્યારે જે સિધ્ધાંત-મત અસ્તિત્વ ધરાવે છે એનાથી તદન વિપરીત છે. આ નિષ્કર્ષનો સ્વીકાર કરવામાં આવશે કે એનો ઈન્કાર કરી દેવામાં આવશે. એનો આધાર તો નિર્ણય કરવાના અધિકારના સિંહાસન ઉપર બેસનાર વ્યક્તિના માનસ ઉપર આધાર રાખે છે.

જો સમીક્ષક કોઈ વિશેષ સિધ્ધાંત-મત સાથે સંકળાયેલા હશે તો, તેઓ મારી વાતને ઈન્કારી દેશે. આવા સમીક્ષક પાસેથી કોઈ વિશેષ આશા રાખી શકાય જ નહીં. તે તો વિરોધ જ કરે તે સ્વાભાવિક છે. અને આવા સમીક્ષકોના નિર્ણય અંગે હું ચિંતા કરતો પણ નથી. પણ જો કોઈ વ્યક્તિ પ્રામાણિક અને

ખુલ્લા દિમાગની હશે. ભલેને પછી તે ગમે તેટલો રુઢીગ્રસ્ત કેમ ન હોય, પણ હકીકતોને ચકાસવાની એની તૈયારી હશે, તો આ વિષય અંગે હું એને મારા મત પ્રમાણે એને એનો અભિપ્રાય બદલવા જરૂર મજબુર કરી શકીશ. મારા મતને જ તે સ્વીકારે એવી આશા તો હું નહીં રાખું પણ એક વાત તો સ્પષ્ટ જ છે કે મારા આલોચકોને પણ એવી પ્રતીતિ થયા વિના નહીં રહે કે આ પુસ્તક વિચારોથી સમૃધ્ધ છે. અને એકદમ તાજા અને નવીન દ્રષ્ટિકોણ પૂરો પાડે છે.

વિદ્વાનની વાતને બાજુ રાખીએ પણ હિંદુ સમાજની પ્રતિક્રિયા આ પુસ્તક અંગે કેવી હશે એ જાણવાનું રસપ્રદ નિવડશે. અત્યારે હિન્દુ સમાજ સ્પષ્ટપણે પાંચ વિભાગમાં વિભાજીત છે.

હિંદુઓનો એક વર્ગ એવો છે જે કટ્ટરવાદી-પરંપરાગત મતને અનુસરે છે. જેને હિંદુ સમાજમાં કોઈ દોષ છે જ નહીં એવું લાગે છે. હિંદુ સમાજની વ્યવસ્થામાં સુધારો કરવાની આવશ્યક્તા જ આ વર્ગને લાગતી નથી.

હિંદુઓનો બીજો વર્ગ છે આર્યસમાજીઓનો. તેઓ વેદ અને માત્ર વેદમાં જ શ્રધ્ધા ધરાવે છે, અને વેદમાં જે કંઈ છે એ સિવાયનું બીજું બધું આ વર્ગ ઈન્કારે છે અને એ રીતે આર્યસમાજી કટ્ટરતાવાદીઓથી જુદા પડે છે.

એક ત્રીજો વર્ગ હિન્દુઓનો છે જે સ્વીકારે છે કે, હિંદુ સમાજ વ્યવસ્થામાં અનેક દૂષણ છે. છતાં એના પર આક્રમણ કરવાની આવશ્યકતા નથી. એમનું માનવું છે કે કાયદો જુનું બધુ સ્વીકારતો નથી એટલે હિંદુ સામાજિક વ્યવસ્થા મૃતપ્રાય બનતી જાય છે. ભલેને તે આજે મૃત બની ગઈ ન હોય.!

એક ચોથો વર્ગ છે રાજનૈતિક માનસ ધરાવનારાઓનો. તેઓ હિંદુ સામાજિક વ્યવસ્થા પ્રત્યે ઉદાસીન છે. અને પ્રચલિત વ્યવસ્થામાં સુધારણા કરવાની ઈચ્છા ધરાવતો નથી. એમનું માનવું છે કે "સ્વરાજ્ય" મહત્વનું છે

સામાજિક સુધારણા નહીં.

હિંદુઓનો પાંચમો વર્ગ છે જે ઉદારતાપૂર્વક શાંતચિત્તે વિચારનારો વર્ગ છે અને તેમનું માનવું છે કે, સ્વરાજ્ય કરતાંય પ્રાથમિક મહત્વ સામાજિક સુધારણાનું છે. સ્વરાજ્ય કરતાંય સામાજિક સુધારણા વધારે અગત્યતા અને અગ્રતા ધરાવે છે.

હિંદુઓની બીજી શ્રેણી જેમને આ પુસ્તક અનાવશ્યક લાગે છે. એમની સાથે હું સહમત થઈ શકતો નથી. બ્રિટિશરાજ્યનો કાયદો જાતિપ્રથાને સ્વીકારતો નથી એવી એમની વાત સાચી છે. ફોજદારી ધારાની ૧૧મી કલમ અનુસાર કોઈ હિંદુ કોઈ પણ કોર્ટમાંથી પોતે અમૂક વર્ણનો છે એવું પ્રમાણપત્ર મેળવી શકતો નથી. અને છતાંય વિવાહ, વારસો કે ગોદ લેવા અંગે બ્રિટિશ કાનૂનને ' વર્ણનો વિચાર ' કરવો પડે છે. એ વાત તો આપણે સ્વીકારવી જ પડે. એ વાત સાચી છે કે ભારતનું બ્રિટિશ શાસન વર્ણવ્યવસ્થાને સ્વીકારતું નથી પણ એના અંગે ગેરસમજ થવી જોઈએ નહીં. વર્ણવ્યવસ્થાને બ્રિટિશ કાનૂન સ્વીકારતો નથી. એનો ખરેખર અર્થ શું થાય છે.? એના અંગે સાવચેતીપૂર્વક વિચારવું જોઈએ. ટૂંકમાં આપણે કહેવું હોય તો કહી શકીએ કે,

(૧) વર્ણવ્યસ્થામાં માનવું એ કાનૂની રીતે અપરાધ નથી.

(૨) એનો એવો અર્થ પણ નથી કે, વર્ણવ્યવસ્થા લુપ્ત થઇ ગઇ છે.

(૩) એનો એવો અર્થ પણ નથી કે, જો કોઈ એક અધિકારને પ્રાપ્ત કરવા અંગે નિર્ણય કરવો આવશ્યક થઈ પડે તો એવો નિર્ણય કરવામાં વર્ણવ્યવસ્થાને લક્ષમાં લેવામાં જ નહીં આવે.

(૪) એનો અર્થ એટલો જ છે કે કાયદો વર્ણવ્યવસ્થાનું સમર્થન કરતો નથી. એથી વિશેષ કંઈ નહીં.

સામાજિક સંસ્થાઓ માત્ર કાયદા દ્વારા જ ચાલતી નથી. એના માટે

અન્ય વાતોની આવશ્યકતા પણ પડે છે. એમાં ધાર્મિક અને સામાજિક માન્યતા વધારે મહત્ત્વની છે. વર્ણવ્યવસ્થાને ધાર્મિક માન્યતા પ્રાપ્ત થઈ છે. વર્ણવ્યવસ્થાને ધાર્મિક માન્યતા પ્રાપ્ત થઇ હોવાને લીધે અને પ્રબળ સામાજિક માન્યતા પણ મળેલી છે. એને કાનૂની માન્યતા નથી મળી છતાંય આ ધાર્મિક પીઠબળને કારણે વર્ણવ્યવસ્થાને ટકાવવા માટે પૂરતી શક્તિ મળી રહી છે. અને તે વિકસિત થતી રહી છે. એનું સૌથી મોટું પ્રમાણ આજના શૂદ્રો અને અછૂતોની સ્થિતિથી માપી શકાય છે કે તે પહેલા જેવી સ્થિતિમાં હતા એવી જ સ્થિતિમાં આજે પણ છે. એટલે આ વિષય અંગે અભ્યાસ અને સંશોધન જરૂરી નથી એમ કહેવું ઉચિત નથી.

રાજનૈતિક વિચારો ધરાવનારાની ટીકાઓ અંગે ગંભીરતાથી ધ્યાન આપવાની જરૂર જ નથી. એમના વિચાર તો ટૂંકાગાળાના લાભને નજરમાં રાખીને કરવામાં આવે છે. એમાં લાંબા ગાળાના વિચારો કરીને ઉકેલ શોધવાની અનિચ્છા ડોકાતી હોય છે. જેથી ઓછામાં ઓછો પ્રતિરોધ થાય અને સમસ્યા મુલતવી રહે; ભલેને પછી તે ગમે તેટલી ત્વરિતતા ધરાવતી કેમ ન હોય ! કારણ કે તેમને અલોકપ્રિયતાનો ડર લાગતો હોય છે. એટલે રાજનૈતિક માનસ ધરાવનારાઓને આ પુસ્તક અનાવશ્યક અને માથાનો દુખાવો લાગે તો એમાં નવાઈ પામવા જેવું નથી.

આ પુસ્તક આર્યસમાજી વિચાર ધરાવતા લોકોને મોટી અડચણ રૂપ લાગશે. બે મુખ્ય બાબતો અંગે મારા તારણો એની બે માન્યતા સામે તીવ્ર પ્રશ્નો પેદા કરે છે. પહેલી માન્યતા તો આર્યસમાજીઓની એ છે કે ચાર્તુવર્ણ વ્યવસ્થા તો પ્રાચીન સમયથી જ અસ્તિત્વ ધરાવે છે. આ પુસ્તકમાં એવું પ્રતિપાદિત કરવામાં આવ્યું છે કે, એક એવો પણ સમય હતો જ્યારે ભારતીય આર્યોમાં માત્ર ત્રણ જ વર્ણો હતા. આર્યસમાજીઓ તો એવું માને છે કે વેદ અનાદિ અને ઈશ્વરકૃત છે. અને એટલે વેદોને આધારે જે સામાજિક સંસ્થાઓ અસ્તિત્વમાં

આવી તે પણ આનાદિ અનંત અને અભ્રાંત છે. વેદોનું પુરુષ સૂક્ત બ્રાહ્મણએ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે પાછળથી જોડયું હતું. મારું બીજું તારણ તો એમને માટે એટમબોમ્બ નાખ્યો હોય એવી પ્રતિક્રિયા પેદા કરશે. કારણ કે આ બન્ને બાબતો આર્ય સમાજના સિધ્ધાંતોની વિરુદ્ધમાં જાય છે.

આર્ય સમાજીઓનો વિરોધ કરવામાં મને ગ્લાનિ થતી નથી, કારણ કે એમણે હિંદુ સમાજમાં એક એવી ભ્રાંતિ પેદા કરી છે, અને એમણે એવો પ્રચાર કર્યો છે કે વેદો અનાદિ, અનંત, અપાર્થિવ છે. એટલે વેદોને આધારે જે સામાજિક સંસ્થાઓ ઉત્પન્ન થઈ છે તે પણ અનાદિ, અનંત અને અભ્રાંત છે. એટલે એમાં ફેરફારોને માટે કોઈ અવકાશ છે નહીં. જયારે આવો સિધ્ધાંત પ્રચલિત કરવામાં આવે ત્યારે હિંદુ સમાજમાં સુધારા માટેની સંભાવના જ રહેતી નથી. અને જ્યાં સુધી આર્યસમાજે પેદા કરેલી આ ભ્રાંતિને નિર્મૂળ ન કરવામાં આવે ત્યાં સુધી સુધારાને માટે અવકાશ જ રહેતો નથી. આ પુસ્તક એ રીતે જો બીજા કોઈ અર્થમાં ન હોય તો પણ લાભદાયક છે જ.

રૂઢિવાદી કટ્ટરપંથી હિંદુઓ આ પુસ્તક અંગે કેવો અભિપ્રાય આપશે એની તો મને કલ્પના આવે જ છે. કારણ કે હું ઘણાં સમયથી આ રૂઢિવાદી તત્વો સાથે સંઘર્ષમાં ઉતર્યો જ છું. મને ખબર છે કે સીધા-સાદો અને અહિંસક દેખાતો હિંદુ જયારે એના ધર્મપુસ્તક પર આક્રમણ કરવામાં આવે ત્યારે કેટલો ભયાનક બની જાય છે! આ વિષય અંગે મદ્રાસમાં જ્યારે મેં ગયા વર્ષે પ્રવચન કર્યું ત્યારે વિરોધ વ્યક્ત કરતા પત્રોનો વરસાદ મારા ઉપર વરસ્યો હતો. એ પછી જ મને એની ખબર પડી છે કે અહિંસક દેખાતો હિંદુ એના ધર્મ પુસ્તક પર આક્રમણથી કેવો ગુસ્સે ભરાય છે. જે પત્રો મને મળ્યા એમાં ગંદી ગાળોની ભરમાર હતી. એ એવી ગાળો હતી જે ઉચ્ચારી શકાય તેમ નથી કે છાપી શકાય તેવી નથી. પત્રોમાં મને જાનથી મારી નાખવાની ધમકી પણ ઓછી નહોતી મળી. એ વખતે એમણે આ મારો પ્રથમ અપરાધ છે એમ જાણીને મને

જવા દીધો હતો, પણ આ વખતે જ્યારે આ પુસ્તક વાંચશે અને જાણશે કે મેં મારી હરકતો પહેલાની જેમ જ ચાલુ રાખી છે ત્યારે તેઓ મારું શું કરશે? એની તો હું કલ્પના જ કરી શકતો નથી.

આ પુસ્તક વાંચીને એવા લોકોનો ગુસ્સો અસીમ થઈ જશે. પણ મને કોઈના ક્રોધની કે ધમકીઓની પરવા નથી. કારણ કે હું જાણું છું કે એમના જેવો રાજનૈતિક સ્વાર્થ ધરાવતો અન્ય કોઈ વર્ગ છે જ નહીં. એમણે પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે જ્ઞાનનો દુરુપયોગ કર્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે આવા કટ્ટરપંથી - ભયાનક લોકોને જ્યારે ખબર પડશે કે જેને ધાર્મિક પુસ્તકો કહેવામાં આવે છે, તેમાં પ્રકરણે પ્રકરણે અને ફકરે ફકરે બનાવટ ઉભી કરવામાં આવી છે, અને તે પણ એમની રાજનીતિના એક ભાગ રૂપે જ કરવામાં આવી છે. એમાં પ્રજાને વિભાજીત કરવાનો હેતુ છે અને સ્વાર્થ સાધવાની તરકીબ છે, (તે વાત મેં આ ગ્રંથ દ્વારા પ્રતિપાદિત કરી છે.) તો એમને ગુસ્સો ચડશે જોકે હું એમના ગુસ્સાની કે ધમકીઓની પરવા કરતો નથી. કારણ કે હું જાણું છું કે એમણે એમના સ્વાર્થને કારણે જ્ઞાનનો દુરુપયોગ કર્યો છે. એમણે ધર્મને એક વ્યાપાર બનાવી દીધો છે અને એટલે જ એના રક્ષણ માટેનો પ્રયાસ કરે છે. તેઓ તો દુનિયાના તમામ સ્વાર્થી તત્ત્વો કરતાં ચડી જાય તેવા છે અને બુદ્ધિનો દુરુપયોગ એમણે પોતાના સ્વાર્થી હિતોને સાચવવા માટે કરેલો છે. જયારે અંધવિશ્વાસી કટ્ટરતાવાદી લોકો એવી વ્યક્તિ ઉપર હડકાયા કૂતરાની જેમ તૂટી પડે છે, જે એમના કહેવાતા પવિત્ર ગ્રંથો વિશે પ્રશ્નો ઉભા કરવાની હિંમત દાખવે છે. ત્યારે અગ્રગણ્ય હિંદુ આગેવાનો જે પોતાને ઉચ્ચ શિક્ષિત માને છે, અને ખુલ્લા દિમાગથી પ્રશ્નોને મૂલવવાનો દાવો કરે છે, જેમને પોતાને કોઈ સ્વાર્થ નથી, એવું દેખાડવાનો દંભ કરે છે એવા લોકો પણ રૂઢિચુસ્તોના આક્રમણ સાથે ભળી જાય છે. હાઈકોર્ટના હિંદુ ન્યાયધીશો, પ્રાંતોના મુખ્ય-મંત્રીઓ પણ એમાં સાથ આપતાં ખચકાટ અનુભવતા નથી. તેઓ ટેકો અને સમર્થન આપવાથી પણ આગળ વધે છે. તેઓ માત્ર શિકાર ટોળકીમાં ભળતા

જ નથી પણ શિકાર ટોળકીની આગેવાની લે છે. ગુસ્સો તો એ વાતનો આવે છે કે, આ કહેવાતા બુદ્ધિજીવીઓ એવું માને છે કે એમનું ઊંચું પદ કટ્ટરતાવાદીઓના/વિરોધીઓના વિરોધને નબળો કરશે અને એનો બદલો એમને મળી રહેશે.

આવા બુદ્ધિજીવી સજ્જનોની મારે એટલું જ કહેવાનું છે કે, તેઓ એમની ધમકીથી મને રોકી શકશે નહીં. તે ડૉ. જોનસનના વિચારપ્રેરક વિધાનોથી પરિચિત નથી. જ્યારે ડૉ. જોનસને કહ્યું હતું કે, "દુષ્ટોની ધમકીથી ડરીને પાખંડીઓને પકડવાનું હું છોડી શકું નહીં." હું ઊંચા આસને બિરાજેલા આલોચકોની આલોચના પ્રત્યે ધૃષ્ટતાનો વ્યવહાર કરવા ઇચ્છતો નથી પણ એમને બે વાત તો કહેવા માંગુ જ છું.

એક તો એ કે હું ઐતિહાસિક સત્ય શોધવા માટે સંશોધન કરતો રહેવાનો છું અને કહેવાતા ધર્મ પુસ્તક પરથી પડદો ઉઠાવતો રહીશ જેથી દેશવાસીઓ જાણી શકે કે એમના સમાજનું અને દેશનું પતન આ કહેવાતા ધર્મગ્રંથોના અનુસરણને કારણે જ થયું છે.

બીજી વાત એ છે કે હિંદુઓની વર્તમાન પેઢી જો મારા વિચારો પ્રત્યે ધ્યાન નહીં આપે તો પણ મને એવો વિશ્વાસ છે કે ભાવિની પેઢીઓ આ બાબત અંગે ધ્યાન આપવાની જ છે. મને સફળતા નહીં મળે તો એથી હું નિરાશ થવાનો નથી. કારણ કે હું કવિ ભવભૂતિના શબ્દો માંથી આશ્વાસન પ્રાપ્ત કરી લઉં છું કે "સમય તો અનંત છે અને ધરતી વિશાળ છે. કોઈક સમયે કોઈ એક એવી વ્યક્તિ અવતરવાની છે જે મારા વિચારોની કદર કરશે જ."

આ પુસ્તકને આવકારનારો એક જ વર્ગ છે. આ વર્ગ સામાજિક સુધારણાની આવશ્યકતા અને એની અગ્રતાને સમજે છે. સામાજિક સુધારણા લાંબા સમયે થાય છે. એમ કહીને સમસ્યાને મુલત્વી રાખવાનું વલણ આ વર્ગ નથી ધરાવતો પણ સમસ્યાનું નિરાકરણ લાવવા અભ્યાસ અને અનુસંધાન

જરૂરી છે એવું માને છે. હિંદુ સામાજિક માળખાની અંતર્ગત જે કોમવાદ છે એને જોતાં કોઈ પણ રાજકીય માનસ ધરાવતી વ્યક્તિ જે પ્રમાણિક હશે તો એવું જરૂર કહેશે કે સામાજિક પ્રશ્નોની ઉપેક્ષા કરીને, એને મુલતવી રાખીને કાર્ય આગળ ધપાવી શકશે નહીં કારણ કે સામાજિક સંકીર્ણતા ડગલેને પગલે રાજનૈતિક સંકટ પેદા કરનારી નીવડવાની છે. આ પ્રશ્નો અને મુશ્કેલીઓ વર્તમાનના સમયમાં પૂરતી જ નથી પણ કાયમી ધોરણની છે. મને આનંદ એ વાતનો છે કે હિંદુઓમાં એક એવો વર્ગ છે - ભલેને નાનકડો હોય છતાંય હું મારી વિચારણા એમને માટે જ રજુ કરી રહ્યો છું :

પ્રત્યેક ધર્મ પુસ્તક પ્રત્યે જે પ્રકારનો આદર બતાવવો જોઈએ એ પ્રકારનો આદર મેં હિન્દુધર્મ પુસ્તકો પ્રત્યે નથી બતાવ્યો એવો આક્ષેપ કદાચ મારા ઉપર કરવામાં આવશે. જો આ આક્ષેપને સાચો ગણીએ તો એના અંગે હું બે કારણો આપવાનું ઉચિત માનું છું. પહેલી બાબત તો એ છે કે, ઈતિહાસ વેત્તાઓની દ્રષ્ટિએ જ મેં આ વિષયનું સંશોધન કર્યું છે. ઈતિહાસકાર "ધાર્મિક સાહિત્ય" કે "અન્ય સાહિત્ય" વચ્ચે કોઈ પણ પ્રકારનો ભેદ માનતો નથી કે ગણતો નથી. એનું કામ તો સત્યની ખોજ કરવાનું છે. એટલે ધાર્મિક પવિત્ર સાહિત્ય કે અન્ય સાહિત્ય એવું વિભાગીકરણ કરવાને બદલે ઈતિહાસ સંશોધકો જે ઉત્તમ પરંપરાઓને અનુસરીને સંશોધન કરે છે. એજ પરંપરાઓને અનુસરીને મેં કાર્ય કર્યુ છે. મારું મુખ્ય કાર્ય તો ઈતિહાસના છુપા રહસ્યોને શોધી કાઢવાનું છે. એટલે ધાર્મિક પુસ્તકો પ્રત્યે મેં આદર બતાવ્યો નથી. એવો આક્ષેપ નિરાધાર છે અને ક્ષમ્ય પણ છે. બીજી બાબત એ છે કે ધર્મપુસ્તકો પ્રત્યે શ્રધ્ધા કરાવી શકાતી નથી. શ્રદ્ધા તો સામાજિક સ્થિતિમાં સ્વયં ઉત્પન્ન થાય છે અથવા નથી થતી. ધર્મગ્રંથો પ્રત્યે બ્રાહ્મણોની શ્રદ્ધા સ્વાભાવિક અને સહજ છે. પરંતુ અબ્રાહ્મણોને માટે એટલી સ્વાભાવિક ન પણ હોઈ શકે. આ બંને વચ્ચે જે તફાવત છે તે તો સરળતાથી સમજી શકાય તેમ છે. પ્રોફે થ્રોન ડાઇકે (prof Thron dyke) સાચું જ કહ્યું છે કે મનુષ્ય

વિચારે છે તે જૈવિક તથ્ય (Biological Fact) છે અને શું વિચારે છે તે સામાજિક તથ્ય (sociological fact) છે.

હિંદુઓનો સામાજિક ઈતિહાસ આ પ્રકારના પુસ્તકો ઉપર નિર્ભર છે એટલે એના પ્રત્યે બ્રાહ્મણોની શ્રદ્ધા અને અબ્રાહ્મણોની અશ્રદ્ધા સત્યનું સંધાન કરવાના માર્ગમાં મોટી અડચણરૂપ છે. એ વાતથી હું અજાણ નથી.

બ્રાહ્મણ સંશોધકોએ ઐતિહાસિક સંશોધનોમાં જે પ્રકારની ગોલમાલ અને ચાલાકી કરી છે તેતો સ્વયં સ્પષ્ટ છે.

સાહિત્યની પવિત્રતા અંગે બ્રાહ્મણોએ જે વલણ લીધું છે એના બે કારણ છે. પહેલો સ્વાર્થ એ છે કે આ પુસ્તકો એમના પુર્વજોએ લખ્યા છે. એટલે એમની પિતૃભક્તિ બ્રાહ્મણોને સમર્થન કરવા પ્રેરે છે.અથવા મજબૂર કરે છે. ભલેને પછી આ પિતૃભક્તિને કારણે સત્યનું હનન જ કેમ થતું ન હોઈ !

બીજું કારણ એ છે કે, આ ધર્મગ્રંથોનું સમર્થન કરવા પાછળ બ્રાહ્મણોના પોતાના વર્ગનું હિત સમાયેલું છે. એટલે તો આ ધર્મગ્રંથોની અધિકૃતતાને પડકાર આપે એવું કે એનું મહત્વ ઓછું કરે એવું કઈ પણ તે સ્વીકારવા તૈયાર નથી. આ વ્યવસ્થા ટકી રહે એમાં તેમનો સ્વાર્થ છે એ વાત તેઓ સ્પષ્ટ રીતે જાણે છે, અને એનાથી એમના પુર્વજોની પ્રતિષ્ઠા ટકી રહી છે. એટલે સત્યના શિક્ષણ કે પ્રસારનો વિરોધ સ્વભાવિક રીતે તેઓ જ કરે છે.

કોઈપણ સંશોધકને બ્રાહ્મણ વિદ્વાનોના સંશોધનોને આધારે ઐતિહાસિક તિથિ નક્કી કરવી કે વંશાવળીની શોધ કરવી એ અશક્ય બની જાય છે.

અબ્રાહ્મણ વિદ્વાનોને આવી કોઈ મર્યાદા નડતી નથી એટલે તેઓ મુક્તપણે સત્યનું સંશોધન કરવા પ્રયાસ કરે છે. બ્રાહ્મણ અને અબ્રાહ્મણ સંશોધકો વચ્ચેનો આ તફાવત ધ્યાનમાં રાખવા જેવો છે. આ પુસ્તક એનું

ઉત્તમ ઉદાહરણ છે. શૂદ્રો વિરુદ્ધ આચરવામાં આવેલા ષડયંત્રોનો પર્દાફાશ આ પુસ્તક દ્વારા થયો છે જેની આશા કોઈ પણ બ્રાહ્મણ પાસે રાખી શકાય નહીં. આવી હિંમત કોઈ બ્રાહ્મણ વિદ્વાને કરી નથી.

અબ્રાહ્મણ વિદ્વાનોની પણ એક મર્યાદા છે જેના અંગે ઉલ્લેખ કરવો જરૂરી છે. અબ્રાહ્મણ વિદ્વાન બીજી અંતિમતા તરફ ખેંચાઈ જશે અને બ્રાહ્મણ દ્વારા રચવામાં આવેલ સમગ્ર સાહિત્યને દંતકથા, બનાવટી, અને અસત્ય કહીને કચરા ટોપલીમાં પધરાવી દેવાનો પ્રયાસ કરીને એના અંગે ગંભીરતાથી વિચાર કરવાનું જ માંડી વાળશે. એક ઇતિહાસવેતા માટે એવું વલણ ઉપયોગી નથી.

ઇતિહાસકાર માટે તો એવું કહેવામાં આવ્યું છે કે, તેણે ચોક્કસ અને સચોટ બનવું પડે. એણે નિષ્ઠાવાન, નિષ્પક્ષ, અધિરાઈથી મુક્ત, પૂર્વગ્રહ રહિત, ડર રહિત, પ્રેમ રહિત અને માત્ર સત્યને વફાદાર રહેવાના વલણવાળા બનવું જોઈએ. કારણ કે, આ વલણ જ ઇતિહાસની માતા બનવાની ગરજ સારે છે. ભૂતકાળના સાક્ષી બનવું અને ભવિષ્યના માર્ગદર્શક બનવું એ એનું કર્તવ્ય છે. ટૂંકમાં એણે ખુલ્લા દિમાગથી પ્રાપ્ત પુરાવાઓ અને તથ્યોને ચકાસવા જોઈએ. ભલેને પછી તે નગણ્ય જ કેમ ન હોય! અબ્રાહ્મણ વિદ્વાનો એક ઈતિહાસ સંશોધકની ભાવનાથી કામ કરે એ થોડુંક અઘરું તો છે જ. અબ્રાહ્મણ સંશોધકો સત્યનું સંશોધન કરવામાં કદાચ અબ્રાહ્મણ રાજનીતિથી દોરવાઇ જાય એવી સંભાવના છે. મને ખાતરી છે કે મેં મારી જાતને આવા પૂર્વગ્રહોથી અળગી રાખી છે. શૂદ્રો અંગેનું સંશોધન કરતા મેં એ વાતને ધ્યાનમાં રાખી જ છે. આવા પૂર્વગ્રહોને બાજુ રાખીને મેં ઐતિહાસિક સત્યને શોધવાનો પ્રયાસ કર્યો છે. દેશમાં અબ્રાહ્મણ ચળવળ ચાલે છે અને તે ચળવળ શૂદ્રોની રાજનૈતિક ચળવળ છે અને એ વાત પણ સર્વવિદિત છે કે હું પણ એ રાજનૈતિક ચળવળ સાથે સંકળાયેલો છુ. પણ વાચકોને એ વાતનો અહેસાસ

જરૂરથી થશે કે અબ્રાહ્મણ ચળવળને પ્રસ્તાવના અને બળ પૂરું પાડવાના આશયથી મેં આ પુસ્તક લખ્યું નથી. આ પુસ્તક કેટલીક ત્રુટિઓ અંગે હું અનભિજ્ઞ છું એવું નથી. સંભવ છે કે વાચક આ પુસ્તકને વાંચતા વાંચતા કંટાળી જાય કારણ કે અન્ય ગ્રંથોના ઘણા અવતરણો મેં ટાંક્યા છે જે ખૂબ જ લાંબા અને વિપુલ પ્રમાણમાં છે. આ પુસ્તક કલાનો નમૂનો નથી. એટલે વાંચકને એમાં રસ ન પડે અને સંપૂર્ણ પુસ્તક વાંચે તો વાચક કંટાળી જાય તેમ છે. પણ આ દોષ ખરેખર તો મારો તો નથી. આ કંટાળો તોડવા માટે ધારદાર છરીનો ઉપયોગ કરીને ઘણી કાપ કૂપ હું કરી શક્યો હોત! પણ આ પુસ્તક શૂદ્રોને માટે લખવામાં આવ્યું છે. જેથી એને એની સ્થિતિનું જ્ઞાન પ્રાપ્ત થાય. એટલા માટે પ્રમાણો આપવા પણ જરૂરી હતા કારણ કે તેમને તો એ વાતની ખબર જ નથી કે તેઓ શૂદ્રો બન્યા કેવી રીતે અને આજે કેવી સ્થિતિમાં છે? આ પ્રશ્નને કેવી રીતે કલાત્મક રીતે રજૂ કરવામાં આવ્યો છે એની સાથે એમને લેવા દેવા નથી. એમને તો આ પ્રશ્ન અંગેનું તમામ સાહિત્ય ઉપલબ્ધ થાય એવી જ આશા છે. એ જેટલું વધારે હોય એટલું વધારે સારું. મેં મારી હસ્તપ્રત જે- જે લોકોને બતાવી છે એ સૌ કોઈએ દબાણ અને આગ્રહ કર્યો કે મારે મારા ટાંચણો યથાવત જ રાખવા. એટલું જ નહીં એમની તો એવી ઈચ્છા પણ હતી કે પુરાવાઓના અંગ્રેજી ભાષાંતરો જ નહીં પણ એના મૂળ સંસ્કૃત ઉદાહરણો પણ મારે આ પુસ્તકમાં સામેલ કરવા અને એક અલગ અનુસુચિ તૈયાર કરવી. મૂળ સંસ્કૃત શ્લોકોને ટાંકવાની એમની વિનંતિને મારે નકારવી પડી કારણ કે, એમ કરવા જતાં પુસ્તકનું કલેવર ઘણું મોટું થઈ જાત અને વાચકોની રસવૃત્તિ અને રુચિ પણ ઓછી થઈ જાત !

ચાર્તુવર્ણ વ્યવસ્થાને કારણે જ શૂદ્રોની અવનતિ થઈ છે અને આ વર્ણવ્યવસ્થાને તોડવામાં પણ શૂદ્રો જ એક મહત્વનું માધ્યમ બની શકે તેમ છે. આવા પવિત્ર કાર્ય માટે શૂદ્રોને શિક્ષિત બનાવવાનું અને તૈયાર કરવાનું મેં શાથી સ્વીકાર્યું છે એ આ વિધાન પરથી સમજી શકાશે અને એટલા માટે તો જે

ટાંચણો મેં ટાંક્યા છે એને કાઢી નાંખવાનું કે ટૂંકાવવાનું મને યોગ્ય લાગ્યું નથી.

ત્રણ વ્યક્તિ પ્રત્યે હું આભાર પ્રદર્શિત કરવા માગું છું. સૌથી પહેલાં તો મહાભારતના ૬૦માં અધ્યાય શાંતિપર્વના લેખકનો આભાર માનું છું કારણ કે એણે પૈજવનને શૂદ્ર ગણાવ્યો છે. પછી તે વ્યાસ હોય , વૈશંપાયન હોય, સૂત હોય કે લોમહર્ષ હોય, કે ભૃગુ હોય એ કહેવું મુશ્કેલ છે. ભલેને તે ગમે તે હોય, પણ પૈજવનની ઓળખાણ આપીને એક અતિમહત્વનું કાર્ય કર્યું છે. જો તેણે પૈજવનને શૂદ્ર ન ગણાવ્યો હોત તો શૂદ્રો અંગેનું સંશોધન કરવાની કડી જ રહેત નહીં. હું લેખક પ્રત્યે હૃદયના આભારની લાગણી વ્યક્ત કરું છું કે એમણે અતિ મહત્ત્વની કડીનો નિર્દેશ કર્યો છે અને જેના વિના આ પુસ્તક લખાઈ જ શક્યું ન હોત !

બીજો આભાર ઈસ્માઈલ યુસુફ કોલેજ, અંધેરી, મુંબઈના પ્રોફેસર કાંગલેનો માનું છું કે એમણે સંસ્કૃત શ્લોકના અનુવાદનું નિરીક્ષણ કરી મને એક મોટા સંકટમાંથી ઉગારી લીધો છે કારણ કે, હું મારી જાતને સંસ્કૃતનો વિદ્વાન માનતો નથી. પ્રોફેસર કાંગલેની સહાયતા પ્રાપ્ત કર્યા પછી મને વિશ્વાસ બેસી ગયો છે કે, મેં સંસ્કૃતના શ્લોકોના અર્થમાં કોઈ હેરાફેરી કરી નથી. પણ એનો અર્થ એવો તો નથી જ કે જો અનુવાદમાં કોઈ દોષ રહી ગયો હોય તો એની જવાબદારી પ્રોફેસર કાંગલેને માથે છે; એવું મારા આલોચકો ન માને. સિધ્ધાર્થ કોલેજ, ફોર્ટ, મુંબઈના પ્રોફેસર મનોહર ચિટણીસનો પણ આભારી છું કે એમણે પુસ્તકોની સૂચિ તૈયાર કરીને મારી અમૂલ્ય સહાયતા કરી છે.

૧૦ ઓક્ટોબર, ૧૯૪૬

'રાજગૃહ

દાદર,

મુંબઈ - ૧૪. Í ડૉ. ભીમરાવ આંબેડકર

પ્રકરણ-૧

●શૂદ્રો અંગેનું ગૂઢ રહસ્ય●

શૂદ્રો ભારતીય આર્યોના સામાજિક વિભાજનમાં ચોથો વર્ણ છે. એ હકીકતથી સૌ કોઈ વાકેફ છે, પણ કોઈએ એવો પ્રયાસ કર્યો નથી કે શૂદ્રો કોણ હતા અને તે ચોથો વર્ણ કઈ રીતે બન્યા? આ અંગેની શોધ કરવી એ નિશંક રીતે પ્રથમ કક્ષાનું મહત્વ ધરાવતી બાબત છે. વસ્તુત: એ જાણવું આવશ્યક છે કે વિકાસ પરંપરાના ફળસ્વરૂપે અથવા કોઈ એવા ક્રાંતિકારી પરિવર્તનને કારણે એમને ચોથા વર્ણ ગણી લેવામાં આવ્યો કે બનાવી દેવામાં આવ્યો.

શૂદ્રોની ખોજ કરવા માટે આપણે સૌથી પ્રથમ તો **ભારતીય** આર્યોની ચાર્તુવર્ણ વ્યવસ્થાની જાણકારી પ્રાપ્ત કરી લેવી આવશ્યક છે. ચાર્તુવર્ણ વ્યવસ્થાની જાણકારી આપણને ઋગ્વેદના મંડલના ૯૦માં મંત્ર 'પુરુષસૂક્ત'માંથી મળે છે.

મંત્રમાં કહેવામાં આવ્યું છે કે **૧**

(૧) પુરુષને હજારો મુખ, હજારો આંખો અને હજારો ચરણ છે. સંપૂર્ણ બ્રહ્માંડ અને દસ આંગળીઓથી આચ્છાદિત કરેલું છે.

(૨) પુરુષ સ્વયં/પોતે જ સંપૂર્ણ (બ્રહ્માંડ) છે. જે કંઈ થઈ ચૂક્યું છે, ભવિષ્યમાં થનાર છે, તે અમરત્વનો સ્વામી છે. ત્યારે (અથવા અત્યારે) ભોજનથી વૃદ્ધિ પામે છે.

(૩) આ એની મહાનતા છે. પુરુષ એનાથી પણ ઉત્તમ છે. સમસ્ત બ્રહ્માંડ એનો એક ચતુર્થાંશ છે. એનો ત્રણ ચતુર્થાંશ ભાગ 'શૂન્ય' 'આકાશ'માં અમર છે.

૧-મ્યોર: ઓરીજનલ સંસ્કૃત ટેક્ષ્ટ ગ્રંથ-૧,પૃ.૯

(૪) ત્રણ ચતુર્થાંશની સાથે પુરુષ ઉપર ચઢયો. એનો એક ચતુર્થાશ પુન: અહીં ઉત્પન્ન થયો. ત્યારે એણે વિસ્તૃત રૂપ ધારણ કર્યું અને ખાદ્ય તેમજ અખાદ્ય તમામ પદાર્થોને આચ્છાદિત કરી દીધાં.

(૫) એનાથી વીર્ય ઉત્પન્ન થયું અને વીર્યથી ઉત્પન્ન પુરુષ, સંપૂર્ણ પૃથ્વી પર ફેલાઈ ગયો.

(૬) જ્યારે દેવતાઓએ પુરુષની સાથે યજ્ઞ કરીને એને ઈશ્વરને અર્પિત કર્યો ત્યારે વસંત એનું નવનીત, ગ્રીષ્મ એનું બળતણ અને પાનખર એની સમિધા હતી.

(૭) પ્રારંભમાં ઉત્પન્ન વધ્ય પુરુષનો દૂર્વાઘાસ પર વધ કરાયો. જેથી દેવતાઓ, સિદ્ધો અને ઋષિઓએ યજ્ઞ કર્યો.

(૮) તે વિશ્વયજ્ઞથી દહીં અને ઘી બન્યું. જંગલી અને પાલતુ પશુઓ બન્યા.

(૯) તે યજ્ઞથી ઋક્ અને સામની રુચાઓ, છંદ અને યજુર્વેદના મંત્રો પેદા થયા.

(૧૦) એનાથી ઘોડાઓ, બન્ને બાજુ દાંતોવાળા પશુ, ગાયો, બકરીઓ અને ઘેટાં પેદા થયા.

(૧૧) જ્યારે દેવોએ પશુનું વિભાજન કર્યું, એને કેટલા ભાગોમાં વહેંચવામાં આવ્યું? એનું મુખ કયા હતું? એના હાથ અને એની જાંગ અને પગ ક્યાં હતાં?

(૧૨) બ્રાહ્મણ એનું મુખ, રાજન્ય (ક્ષત્રિય) બાહુ વૈશ્ય (જાંગ) અને શૂદ્ર એના પગ માંથી ઉત્પન્ન થયા.

(૧૩) એના આત્મા અથવા માનસમાંથી ચંદ્રમા, આંખોમાંથી સૂર્ય, મુખમાંથી ઈંદ્ર અને અગ્નિ તથા શ્વાસમાંથી વાયુ ઉત્પન્ન થયો.

(૧૪) એની નાભિમાંથી પવન, માથામાંથી આકાશ, પગમાંથી પૃથ્વી અને કાન

માંથી ચાર દિશાઓ બની. આ પ્રકારે દેવોએ વિશ્વની રચના કરી.

(૧૫) જયારે દેવતાઓએ પુરુષને બલિને માટે બાંધ્યો, અગ્નિની આજુબાજુ સાત લાકડા ઉભા કરવામાં આવ્યા અને ત્રણવાર સાત-સાત લાકડીઓની આહુતિ આપવામાં આવી.

(૧૬) દેવતાઓએ બલિ આપીને યજ્ઞ કર્યો. આ પ્રથમ સંસ્કાર હતો. આ મહાન શકિતઓએ પૂર્વના સાધ્યો (સિધ્ધો) અને દેવતાઓને માટે આકાશની રચના કરી.

પુરુષસૂક્તમાં વિશ્વોત્પત્તિનું વર્ણન છે, બીજા શબ્દોમાં કહીએ તો વિશ્વોત્પત્તિશાસ્ત્ર (Cosmogony) છે. કોઈ પણ વિકસિત સભ્ય રાષ્ટ્રમાં વિશ્વની ઉત્પત્તિનું કોઈને કોઈ પ્રકારનું વર્ણન અવશ્ય મળે છે. ઈજિપ્તવાસીઓની વિશ્વોત્પત્તિની કથા લગભગ પુરુષસૂક્ત જેવી જ છે. [૧] એમના અનુસાર દેવતા ખુનુમુ(Khunumu)એ કુંભારની જેમ ચાક ઉપર વિશ્વની રચના કરી. એણે માનવ અને દેવગણ પેદા કર્યા. તે સ્વર્ગ,પૃથ્વી, પાતાળ, જળ, પર્વતનો નિર્માતા છે. એણે જ પક્ષીઓ, માછલીઓ, જંગલી પશુઓ,અન્ય કીડા-મકોડાઓનું સર્જન કર્યું અને એમને નર અને માદામાં વિભાજિત કર્યા. એ રીતે તે પિતાઓનો પિતા, માતાઓની માતા એટેલે કે આદિજનક છે.

બાઇબલ (old Testaments)ના પ્રથમ અધ્યાયમાં લગભગ આ જ પ્રકારની વિશ્વરચના અંગેનો ઉલ્લેખ છે.

વિશ્વોત્પત્તિનો વિષય વિદ્યાર્થીઓની જિજ્ઞાસાનું શમન કરવા અને બાળકો માટેનું આનંદ પ્રમોદનું સાધન બનીને રહી ગયું છે. આ વાત પુરુષસૂક્તના સમસ્ત ભાગો પર નહીં પણ કેટલાક ભાગો ઉપર તો અવશ્ય લાગુ પડે જ છે. તે એટલા માટે જ કે પુરુષસૂક્તના તમામ મંત્રો ન તો સમાન

૧ -એનસાઈકલોપિડિયા ઓફ રિલિજિયન એન્ડ એથિક્સ ખંડ-૪, પૃ.૧૪૫

મહત્વના છે કે ન તો સમાન મહત્ત્વ ધરાવે છે. મંત્ર ૧૧ અને ૧૨ એક શ્રેણીના છે, જયારે અન્યને બીજી શ્રેણીમાં મૂકી શકાય તેમ છે. મંત્ર ૧૧ અને ૧૨ને છોડીને શેષ મંત્રોને ન તો હિંદુઓ જાણે છે કે માને છે. કોઈ એનું સ્મરણ સુધ્ધાંય કરતું નથી. પણ મંત્ર ૧૧ અને ૧૨ અંગે આવું વિચારવું ભૂલ ભરેલું ગણાશે. વાસ્તવમાં આ મંત્રો ચાર્તુવર્ણની ઉત્પત્તિ સર્જનકર્તાએ કેવી રીતે કરી એ સિવાયની અન્ય વાતો બતાવતા નથી. શાબ્દિક અર્થમાં ભલે એને વિશ્વઉત્પત્તિ માની લેવામાં આવે, પણ સચ્ચાઈ તો કંઈક જુદી જ છે. ભારતીય આર્યો એને એક કવિની આદર્શ કલ્પના જ માનતા હતા એવું સ્વીકારી લેવું એ ભયંકર ભૂલ કરવા સમાન ગણાશે.

સર્જનકર્તાના આદેશ અને નિર્દેશના રૂપમાં પુરૂષસૂક્તમાં વ્યક્ત કરવામાં આવેલી ચાર્તુવર્ણ વ્યવસ્થાને સામાજિક આધાર માનતા હતા. એ વાત નિ:શંક છે. આ મંત્રોમાં વાપરવામાં આવેલી ભાષા ન્યાયસંગત નથી. જો કે સત્ય તો એ જ છે કે મંત્ર રચનાની પરંપરા આ પ્રકારની જ રહી છે.

છતાંય એવું તો કહી શકાય તેમ છે જ નહીં કે, પુરુષસૂક્તનો રચયિતા પોતાની ભાષાનો આશય અને અર્થથી અજાણ હતો. માત્ર ૧૧ અને ૧૨ મંત્રો એ વિશ્વોત્પત્તિનું વર્ણન માત્ર નથી. તે સમાજના વિશેષ વિધાન (ચાર્તુવર્ણ વ્યવસ્થા) નો ઈશ્વરીય આદેશ છે.

પુરુષસૂક્ત દ્વારા સ્વીકારવામાં આવેલું વિધાન એ જ ચાર્તુવર્ણ વ્યવસ્થા છે. તે ઈશ્વરીય આદેશ છે, એમ માનીને આર્યોના સમાજનો આદર્શ માનવામાં આવ્યો છે, અને એને કારણે સમસ્ત ભારતીય આર્ય જાતિને એક વિશેષ પ્રકારના માળખા હેઠળ ઢાળવામાં આવી છે અને આકાર આપવામાં આવ્યો છે.

ભારતીય આર્યોના સમાજ દ્વારા સન્માનિત ચાર્તુવર્ણ વ્યવસ્થા પ્રશ્નાતીત છે, એટલું જ નહીં વર્ણનાતીત પણ છે. એનો સમાજ પર ઊંડો પ્રભાવ પડેલો છે.

પુરુષસૂક્ત દ્વારા પ્રતિપાદિત વ્યવસ્થા પર ભગવાન બુદ્ધ પહેલાં કોઈએ વિરોધીસુર પણ ઉઠાવ્યો નથી. જો કે એક વાત સાચી છે કે બુધ એને સમૂળ હચમચાવી શક્યા નહીં. એનું કારણ એ હતું કે, બુધ્ધના સમયમાં અને બૌદ્ધધર્મની પડતી પછી અનેક શાસ્ત્રકારોએ ન કેવળ પુરુષસૂકતની રક્ષા કરી પણ એને જ પોતાનો વ્યવસાય બનાવી દીધો હતો, અને એનો જોરશોરથી, પ્રચાર અને પ્રસાર પણ કરવાનું શરું કરી દીધું હતું.

પુરુષસૂક્તના સમર્થન અને પ્રચાર અને પ્રસારના ઉદાહરણો આપસ્તંબ ધર્મસૂત્ર અને વશિષ્ઠ ધર્મસૂત્રમાં જોઈ શકાય છે. આપસ્તંબ સૂત્રમાં કહ્યું છે "જાતિઓ ચાર છે : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર." આ ચાર જાતિઓમાં પ્રત્યેક પહેલી જાતિ પછી ક્રમશ : તમામ જાતિઓથી ઊંચી છે. ૧

" શૂદ્રો અને અત્યંજોને છોડીને તમામને (૧) ઉપનયન (૨) વેદાધ્યયન (૩) યજ્ઞ (બલિ) નો અધિકાર છે. ૨

વિશિષ્ટ સૂત્રોમાં આ વાતનું પુનરુચ્ચારણ કરીને કહેવાયું છે કે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ચાર જાતિઓ (વર્ણ) છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય ત્રણેય દ્વિજ છે. એમનો પ્રથમ જન્મ માની યોનીમાંથી થાય છે. અને બીજો જન્મ ઉપનયનથી થાય છે. આ (બીજો જન્મ) સાવિત્રીમાં અને શિક્ષક (ગુરુ) જે વેદોનું શિક્ષણ આપે છે માટે પિતા માનવામાં આવ્યો છે.૩ ચારેય જાતિઓ જન્મ અને સંસ્કારના દ્યોતક છે. ૪

એક વેદ વાક્ય એવું પણ છે, "બ્રાહ્મણ મુખમાંથી, ક્ષત્રિયો બાહુમાંથી, વૈશ્ય જાંગોમાંથી અને શૂદ્રો પગમાંથી પેદા થયાં છે."

તાત્પર્ય એટલું જ છે કે, શૂદ્ર (દ્વિજ વર્ણોની જેમ) ઉપનયન વગેરે સંસ્કારોના અધિકારોથી વંચિત છે. અને શાસ્ત્રકારોએ પણ પુરુષસુક્તના

૧ પ્રશ્ન ૧ પટલ ૧ ખંડ ૧ સૂત્ર ૪ - ૫
૨ પ્રશ્ન ૧ પટલ ૧ ખંડ ૧ સૂત્ર ૬
૩ અધ્યાય ૨ શ્લોક ૧, ૪.
૪ મનુસ્મૃતિ અધ્યાય ૧, શ્લોક ૩૧.

'મુળ'નું પોપટ પઠન કર્યા કર્યું છે. અહીં એ તમામના મતની પુનરૂક્તિ કરવી આવશ્યક લાગતી નથી. જે લોકોએ પુરુષસુક્ત સ્વીકૃત અને પ્રતિપાદિત ચાર્તુવર્ણવ્યવસ્થાનો વિરોધ કર્યો. એમને હિંદુસમાજના ઘડવૈયા મનુ મહારાજે સદાને માટે દબાવી દીધા.

મનુએ બે કાર્યો કર્યા. એક તો એ કે, સંસારની વૃધ્ધિ માટે ઈશ્વરે બ્રાહ્મણને પોતાના મુખથી, ક્ષત્રિયને પોતાના બાહુમાંથી, વૈશ્યને પોતાની જાંગમાંથી અને શૂદ્રોને પોતાના પગમાંથી પેદા કર્યા છે. એવો નિર્ણય કરીને ચાર્તુવર્ણને ઈશ્વરી આદેશ ઠેરાવી દીધો.[૧] બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય દ્વિજવર્ણ છે અર્થાત્ એમના બે જન્મ થાય છે અને શૂદ્રનો કેવળ એક જન્મ થાય છે.[૨]

મનુએ જો કે પોતાના પૂર્વવર્તી શાસ્ત્રકારોનું જ અનુસરણ કર્યું છે. છતાં પણ એણે એમના કરતાં એક કદમ આગળ વધીને બીજી વ્યવસ્થા પણ સમાજને આપી છે કે, " વેદ જ ધર્મનો એક માત્ર અને અંતિમ આધાર છે. " [3]

આ રીતે મનુએ પુરુષસૂક્ત - વેદનો જ એક ભાગ છે. એવું ધ્યાનમાં રાખીને અને એમાં વ્યક્ત થયેલ ચાર્તુવર્ણની સામાજિક વ્યવસ્થાને ઈશ્વરીય આદેશ અને વિધાનનું આવરણ ટાંકીને મહિમાવંત કરી દીધી. જે આ પહેલાં નહોતું.

---------૨----------

આમ હોવાને લીધે 'પુરુષસૂક્ત' અંગે સમીક્ષાત્મક વિવરણ કરવું આવશ્યક બની જાય છે. પુરુષસૂક્ત અપૂર્વ છે. એવો દાવો તમામ હિંદુ કરે છે. નિ:સંદેહ આવો દાવો એવા સમયગાળામાં જ કરવામાં આવ્યો હશે; જયારે માનવ મસ્તિષ્ક વિકાસની આરંભિક અવસ્થામાં હતું અને એમાં (ભવિષ્ય પ્રત્યેની) દૂરગામી પરિણામો પર વિચાર કરવાની ક્ષમતા નહીં હોય! જો વર્ગહીન સમાજની રચનાનું વિધાન પ્રસ્તુત કરવામાં આવ્યુ હોત તો નિ:સંદેહ

૧ મનુસ્મૃતિ અધ્યાય ૧, શ્લોક ૩૧.
૨ મનુસ્મૃતિ ૧૦ - ૪.
3. પ્રશ્ન ૧ પટલ ૧ ખંડ ૧ સૂત્ર ૪-૫

પુરુષસૂક્તને અપૂર્વ જ નહીં પણ અનોખું પણ માનવામાં હરકત નહોતી. પણ પુરુષસૂક્તે શું કર્યું? એણે સમાજની જાતિ-ભેદનો કાયદો કરી આપ્યો.

શું ભેદભાવનું વિધાન અપૂર્વ અને અનોખું ગણી શકાય? એનો ઉત્તર તો પોતાની જ જાતને 'રાષ્ટ્રવાદી' અને 'દેશભકત' કહેવડાવતાં લોકો જ હકારમાં પ્રત્યુતર આપી શકે. એ વાત તો આપણે સ્વીકારીએ કે વર્ગો અને શ્રેણીઓ પ્રત્યેક સમાજમાં હોય છે. આજનું વિકસિત વિશ્વ અને વિકસિત સભ્ય સમાજ પણ આ બુરાઈથી બચી શક્યો નથી. આમ હોવાથી પુરુષસૂક્તમાં અપૂર્વતા અને અનોખાપણું કે નવીનતા કઈ છે? એ કઈ રીતે? એને અપૂર્વ ગણી શકાય? ભારતીય આર્યોના સમાજમાં જે શ્રેણીઓ હતી એને માન્યતા આપવાથી વિશેષ એવું પુરુષસૂક્તમાં શું કરવામાં આવ્યું છે?

આમ છતાં હવે આપણે એ કારણો તરફ પણ દ્રષ્ટિપાત કરી લેવો જોઈએ જેને કારણે હિંદુઓ પુરુષસૂક્તને અપૂર્વ માને છે. તેના કારણો તો તદ્દન જુદાં જ છે. દુર્ભાગ્યની વાત એ છે કે મોટા ભાગના લોકો આ બાબતથી તદ્દન અજાણ છે. જયારે લોકો પુરુષસૂક્તની અપૂર્વતા અને અનોખાપણાની માહિતીથી પરિચિત થશે ત્યારે એને દુઃખ થવાનું જ છે કારણ કે પુરુષસૂક્તની અપૂર્વતા અને અનોખાપણાંને માનવતા અને માનવજાતિ સાથે કેટલો મોટો દ્રોહ કર્યો છે અને ષડયંત્રપૂર્ણ હાનિ પહોંચાડી છે.

પુરુષસૂકતની સામાજિક વિશેષતાઓનું વિવેચન કરવું જરૂરી છે. એનાં અનોખાપણાના કારણો આ પ્રમાણે છે.

(૧) તમામ સમાજોમાં લોક શ્રેણીઓનું અસ્તિત્વ હોય છે પરંતુ કોઈ પણ સમાજે વાસ્તવિક સ્વરૂપને આદર્શ સ્વરૂપમાં બદલવાનો પ્રયાસ કર્યો નથી. માત્ર પુરુષસૂક્ત જ એક એવું ઉદાહરણ છે જેમાં વર્ણભેદને સમાજનો આદર્શ દરજ્જો આપવામાં આવ્યો છે. પુરુષસુક્તનું પ્રથમ અનોખાપણું આ બાબતને ગણી શકાય.

(૨) કોઈ પણ સમાજે પોતાના સમાજમાં પ્રવર્તતા વાસ્તવિક વર્ણભેદોને સંવૈધાનિક સ્વરૂપ પ્રદાન કરવાનો પ્રયાસ કર્યો નથી. ગ્રીસનું ઉદાહરણ આપણી સામે છે. પ્લેટો જેવા મહાન વિદ્વાને સામાજિક શ્રેણીનો આદર્શ આપણી સામે મૂક્યો જ હતો, પણ એને સંવૈધાનિક રૂપ આપવાનો પ્રયત્ન ગ્રીસમાં પણ થયો નથી. માત્ર પુરુષસૂક્ત જ એવું છે જેમાં વાસ્તવિકતાને આદર્શરૂપ ગણીને એને કાનૂની સ્વરૂપ આપવામાં આવ્યું છે.

(૩) ત્રીજી બાબત એ છે કે, કોઈ પણ સમાજે વર્ગભેદને સામાજિક વિધાન માનવાને બદલે સ્વાભાવિક દેણગી (સહજ લેણ-દેણ) માની નથી. પુરુષસૂક્ત એમાં (સૌથી)આગળ છે. એણે વર્ગભેદોને સમાજનું વિધાન અને પ્રાકૃતિક તો માન્યું જ છે પણ એને પવિત્ર અને ઈશ્વરીય આદેશની સંજ્ઞાથી મંડિત કરીને સ્થાઈત્વ પણ પ્રદાન કર્યું છે.

(૪) ચોથી બાબત એ છે કે કોઈ પણ સમાજે જન શ્રેણીઓની સંખ્યા નિયત કરી નથી. ઈતિહાસ એની સાક્ષી પૂરે છે. રોમના લોકો બે વિભાગોમાં વિભાજીત હતા. ઈજ્જિપ્તવાસીઓમાં માત્ર ત્રણ જ શ્રેણીઓ પૂરતી હતી. ભારતીય ઈરાની (Indo-Iranions)[૧] માં પણ ત્રણ જ વર્ગો હતા. અર્થવંશ (પુરોહિત) રથેસ્તર (સૈનિક) અને વસ્ત્ર-ફશ્યુત (કૃષિક) પરંતુ પુરુસૂક્તે વર્ણ સંખ્યાનું નિર્ધારણ ચારનું કર્યુ છે. જેમાં ન તો ઘટાડો થઇ શકે છે ન તો વધારો થઇ શકે છે.

(૫) પ્રત્યેક સમાજમાં કોઈ એક જનશ્રેણી પોતાના મહત્ત્વના આધારે સમયાનુસાર આદરનું સ્થાન પ્રાપ્ત કરી શકે છે. કોઈએ પણ શ્રેષ્ઠતા કે હીનતાનો કોઈ માપદંડ કે બંધન નિશ્ચિત કર્યો હોતો નથી . પરંતુ પુરુષસૂક્ત આ અંગે અપૂર્વ છે કારણ કે એણે વિભિન્ન જન-શ્રેણીઓને સદા સર્વદાને માટે એક સ્થાન ઉપર બાંધી દીધેલ છે. અસમાનતાના પાયા ઉપર રચાયેલી ચાર્તુવર્ણ વ્યવસ્થામાં બ્રાહ્મણનું સ્થાન સર્વોચ્ચ છે. બ્રાહ્મણની નીચે પરંતુ વૈશ્યની અને

૧ ગેઇઝર : સિવલિઝેશન ઓફ ઇસ્ટર્ન ઇરાનીયન્સ ઈન એન્જીયેન્ટ • ટાઇમ્સ • ગ્રંથ ૨, પૃ. ૬૪.

શૂદ્રની ઉપર ક્ષત્રિયનું સ્થાન નિર્ધારિત થયેલું છે. વૈશ્ય બ્રાહ્મણ અને ક્ષત્રિય કરતાં નીચો ગણાય છે પણ શૂદ્ર કરતાં તો ઊંચો જ છે અને શુદ્ધ તમામ કરતાં નિમ્ન શ્રેણીમાં આવેલો છે.

- - 3 - -

પુરુષસૂક્તની ઉપરોક્ત વિશેષતાઓ છે. તે ગૂઢ રહસ્યોથી ભરેલી છે. એટલે જ અસાધારણ પણ છે. એની અપૂર્વતા અને અસાધારણતાનો ખ્યાલ ગણ્યાગાંઠ્યા લોકોને જ આવ્યો છે. એનાં ગૂઢ રહસ્યોનું વાસ્તવિક સ્વરૂપ અને એમાં સમાયેલી વિચિત્રતાઓની ખબર તો ત્યારે જ પડે જ્યારે એનો ઊંડાણથી અભ્યાસ અને ચકાસણી કરવામાં આવે.

વિશ્વોત્પત્તિ (Cosmogony) કેવળ પુરુષસૂક્તમાં જ નથી, ઋગ્વેદમાં તથા અન્યત્ર પણ તે જોવા મળે છે. ઋગ્વેદના દસમાં મંડલના ૭૨માં મંત્રમાં વિશ્વ ઉત્પત્તિનું વર્ણન **૧** આ પ્રકારે કરવામાં આવ્યું છે.

(૧) ચાલો, દેવોનું સ્પષ્ટ ઉચ્ચસ્વરમાં ગુણગાન કરીએ. સ્તુતિગાનથી પ્રસન્ન થઈ તે દિવ્ય મંડળી ભક્તો ઉપર અમી દ્રષ્ટિ કરે છે.

(૨) બૃહસ્પતિએ દેવતાઓને લુહારની ધમણની જેમ પોતાની શ્વાસ ક્રિયાથી ફુલાવી દીધા. દેવતાઓના પ્રથમયુગમાં સૃષ્ટિની રચના શૂન્યમાંથી થઈ.

(૩) પ્રથમ ચરણમાં સુષ્ટિ શૂન્યમાંથી ઉત્પન્ન થઈ એના ઉપરાંત ક્ષિતિજનો જન્મ થયો અને એના પછી ઉપરની બાજુએ વધનારાં વૃક્ષો પેદા થયાં.

(૪) ઉપરની બાજુએ વધનારાં વૃક્ષોથી પૃથ્વી પેદા થઈ. પૃથ્વીથી દિશાઓનો જન્મ થયો. દક્ષનો જન્મ અદિતિથી અને અદિતિનો જન્મ દક્ષથી થયો.

(૫) હે દક્ષ પછી તારી પુત્રી અદિતિનો જન્મ થયો એના પછી પૂજનિય અને મૃત્યુના બંધનથી મુક્ત દેવજનો પૈદા થયા.

૧ વિલ્સનનું ઋગ્વેદ ગ્રંથ ૬ , પૃ . ૨૨૯ .

(૬) હે દેવજનો; જયારે તમે સુવ્યવસ્થિત કક્ષમાં નિવાસ કર્યો તો તમારા શરીરમાંથી ધૂળ ઉડી અને એવું લાગ્યું કે તમે નાચી રહ્યા છો.

(૭) હે ! દૈવજનો તમે વિશ્વ ઉપર વાદળાઓની જેમ છવાઈ ગયા અને સમુદ્રના ગર્ભમાં સંતાયેલા સૂર્યને ઉત્પન્ન કર્યો.

(૮) અદિતિએ શરીરમાંથી આઠ પુત્રો પેદા કર્યા એણે સાતને દેવતાઓને ભેટ ધરાવી દીધી અને માર્તંડ (આઠમો પુત્ર)ને ઉચ્ચ સ્થાન પર પદાસીન કરી દીધો.

(૯) સાત પુત્રોની સાથે અદિતિ પૂર્વ પેઢીના દેવતાઓની પાસે ચાલી ગઈ. એણે માર્તંડને માનવ ઉત્પત્તિના નિમિત્તે ધારણ કર્યો.

વિશ્વરચના સંબંધમાં ઋગ્વેદના બન્ને સિધ્ધાંતો અને વર્ણનો ભિન્ન છે. પુરુષસૂક્ત અનુસાર વિશ્વની ઉત્પત્તિ પુરુષથી થઈ છે. જયારે ઉપરોક્ત વર્ણનનો આધાર તો શૂન્ય છે. શૂન્યમાંથી વિશ્વની ઉત્પત્તિ થઈ છે. એ પ્રશ્ન પેદા થાય છે કે, એક જ ગ્રંથમાં વિશ્વ ઉત્પત્તિના બે પરસ્પર વિરોધી વર્ણનો શા માટે આપવામાં આવ્યાં છે? પુરૂષસૂક્તના રચનાકારે સુષ્ટિ સર્જનનો આધાર પુરુષને શા માટે બનાવ્યો?

પુરૂષસુક્તના અધ્યયન - વિવેચનથી એવું જાણવા મળે છે કે, એનો પ્રારંભ ગધેડા, ઘોડા, બકરાં વગેરેની રચનાથી થયો છે. માનવ ઉત્પત્તિનો એમાં કોઈ ઉલ્લેખ જ જોવા મળતો નથી. જયારે આ બાબતનો ઉલ્લેખ કરવો સ્વાભાવિક છે. એનાથી વિપરીત પુરુષસૂક્તનો રચનાકાર ક્રમભંગ કરીને સમાજમાં વર્ણોની ઉત્પત્તિની વિવેચના કરવા મંડી પડે છે. એના પરથી તો એવું જ લાગે છે કે પુરુષસૂક્તનું મૂળ ધ્યેય જ વર્ણભેદની વ્યાખ્યાનું વર્ણન જ કરવાનું રહ્યું છે. એમ કરવાથી પુરુષસુકતના ઋગ્વેદના અન્ય ભાગોથી પૂર્ણતઃ વિરોધ પ્રગટ થાય છે.

વિશ્વોત્પત્તિના આધાર લઈને કોઈ પણ ધર્મે સમાજની શ્રેણીઓની

ઉત્પતિનાં વર્ણનને પોતાનું ધ્યેય બનાવ્યું નથી. બાઇબલમાં જુના કરારના પ્રથમ અધ્યાયમાં જે મંતવ્ય અને આશયની દ્રષ્ટિએ પુરુષસુક્ત જેવો જ છે. તેમાં પૃથ્વીની ઉત્પતિનું વર્ણન આવે છે. આ અર્થમાં એવું ન કહી શકાય કે, પ્રાચીનકાળમાં યહૂદીઓમાં વર્ગ હતા નહીં. શ્રેણીઓનું અસ્તિત્વ તો તમામ સમાજોમાં રહ્યું છે. ભારતીય આર્યો પણ એમાં અપવાદરૂપ નહોતા. કોઈપણ ધર્મપુસ્તકે જન શ્રેણીઓની ઉત્પત્તિની વ્યાખ્યા કરવી આવશ્યક માની નથી. પણ વિચારવા યોગ્ય પ્રશ્ન એ છે કે; પુરુષસુક્તમાં વર્ગ રચના પ્રાર્દુભાવને જ પ્રાથમિક ધ્યેય શા માટે બનાવવામાં આવ્યું?

ઋગ્વેદના પુરુષસુક્તમાં જ નહીં પણ બીજા અન્ય સ્થળોએ પણ વર્ણોની ઉત્પત્તિ અંગેના વર્ણનો જોવા મળે છે.[૧] જેમ કે,

ઋગ્વેદ(૧:૯૬:૨) પ્રથમ નિબિડ અને આયુના જ્ઞાનથી તેણે(અગ્નિએ) માનવ સંતતિને ઉત્પન્ન કરી. તેણે (અગ્નિ) પોતાના પ્રકાશથી પૃથ્વી અને સાગરનું સર્જન કર્યું. દેવતાઓએ અગ્નિને ધનનું સ્થાન બતાવ્યું.

આ મંત્રમાં જન શ્રેણીનાં અલગ સર્જનનો કોઈ પ્રસંગ નથી. એવું નિ:સંકોચ કહી શકાય તેમ છે કે, ઋગ્વેદના સમયમાં ભારતીય આર્ય-સમાજનું વર્ગીકરણ થઈ ચૂક્યું હતું. તો પણ ઋગ્વેદનો આ મંત્ર વર્ગરચનાની ઉપેક્ષા કરી માનવ રચનાની વાત કહે છે. પછી એવું કયું કારણ છે કે, પુરુષસુક્તને માનવોત્પત્તિથી ઉપર ઉઠીને વર્ગરચનાના વર્ણનને મહત્વ આપવું પડ્યું છે?

પુરુષસુક્ત અને ઋગ્વેદમાં એક બીજો વિરોધાભાસ પણ છે. તે એ છે કે; ઋગ્વેદ ભારતીય આર્યોની ઉત્પતિનાં વિષયમાં નિષ્પક્ષ મત પ્રતિપાદિત કરે છે.[૨]

(૧) ઋગ્વેદ (૧:૮૦-૬) અર્થવન - પિતા મનુ અને દધ્યાંચને એક ઉત્સવ સંપન્ન કરીને ઇંદ્રની અભ્યર્થના અને વંદના કરી.[૩]

૧ મ્યોર : ગ્રંથ૧, પૂ.૧૮૦

૨ મ્યોર : ગ્રંથ૧, પૂ.૫૦

૩. મ્યોર:એજન:ગ્રંથ-૧:પૃ.૧૬૨

(૨) (૧:૧૧૪-૨) હે ઇંદ્ર! પિતા મનુએ યજ્ઞથી જે સંપદા અને શક્તિ પ્રાપ્ત કરી એ બધી તારા માર્ગદર્શનમાં અમને મળે અને એનો સૌ કોઈ ઉપભોગ કરે.૧

(૩) ઋગ્વેદ (૨:૩૩-૩૧) હે મરુતો ! હું પિતા મનુ દ્વારા પસંદ કરાયેલ આપનું શુદ્ધ, ફળદાયી નિદાન તથા રુદ્રના આશીર્વાદ અને શક્તિની કામના કરું છું.

(૪) ઋગ્વેદ (૮:૫૨-૧) પ્રાચીન મિત્ર (રુદ્ર) બળશાળી દેવતાઓની શક્તિથી સંપન્ન રહે છે. પિતા મનુએ દેવો સુધી પહોંચવા માટેના માધ્યમ સ્વરૂપ સ્ત્રોતો તૈયાર કર્યા છે.૨

(૫) ઋગ્વેદ (૩:૩-૬) અગ્નિ દેવજનો અને માનુષ સંતતિના સાથે યજ્ઞ કરી રહ્યા છે.૩

(૬) ઋગ્વેદ (૪:૩૭-૧) હે દેવગણ ! વાજસ અને રિભુક્ષણ આકાશ માર્ગથી મારા યજ્ઞમાં ઉપસ્થિત હોય એટલે શુભ મુહૂર્તમાં મનુષ્યોમાં યજ્ઞ કરી શકે.૪

(૭) ઋગ્વેદ (૬:૧૪-૨) માનુષ યજ્ઞમાં અગ્નિની સ્તિુત કરી રહ્યાં છે.૫

ઋગ્વેદના મંત્રના રચયિતા ઋષિઓએ મનુને ભારતીય આર્યોના જનક બતાવ્યા છે. એમાં શંકાને સ્થાન નથી. આ સિદ્ધાંત એટલો દ્રઢ થઈ ચૂક્યો હતો કે બ્રાહ્મણગ્રંથો અને પુરાણોએ પણ એની વારંવાર પુનરુક્તિ કરવી આવશ્યક માની. ઐતરિય બ્રાહ્મણ. વિષ્ણુ પુરાણ ૬ એનો મત્સ્યપુરાણમાં ૭ એનો પુનરોચ્ચાર કર્યો છે.

૧ એજન પૃ. ૧૬૩.

૨ એજન પૃ. ૧૬૩.

૩ એજન પૃ. ૧૬૫.

૪ મ્યોર ગ્રંથ ૧, પૃ. ૧૬૫.

૫ એજન પૃ. ૧૦૮.

૬ એજન પૃ. ૧૦ ૫-૧૦૭.

૭ મ્યોર પૃ. ૧૧૦ -૧૧૨.

જો કે બ્રહ્માને મનુનો જનક માનવામાં આવે છે. છતાંય એમણે ઋગ્વેદમાં પ્રતિપાદિત મનુના પિતા હોવાનો સિધ્ધાંતનો સ્વીકાર કરી સ્થાઈત્વ આપી રાખ્યું છે. પુરુષસૂક્તના રચનાકાર આ તથ્ય સાથે પૂર્ણપણે જાણકારી ધરાવે છે જ કે સ્વયંભૂ મનુ વિરજ (વીર્ય) છે અને વીર્ય આદિપુરુષ છે.[૧]

આ તથ્યને એણે પોતાના સૂક્તના પાંચમાં મંત્રમાં વ્યક્ત કર્યો છે, છતાંય એણે પુરુષસૂક્તમાં [૨] મનુનું કોઈ વર્ણન કરવામાં આવ્યું નથી. તેનો ઉલ્લેખ નથી.

પુરુષસૂક્ત દ્વારા ઋગ્વેદના અતિક્રમણનો આ ત્રીજા મુદ્દો છે. વૈદિક આર્ય સભ્યતાના ક્ષેત્રમાં યથેષ્ઠ વિકસિત થનાર અને સાથે સાથે શ્રમવિભાજનના સિદ્ધાંતને માનતા હતા. એમણે આજીવિકા માટે ભિન્ન ભિન્ન સાધનો અપનાવેલ હતા. એનું એમને પુરેપુરું જ્ઞાન હતું. જે આ મંત્ર દ્વારા સ્પષ્ટ થાય છે.

"ઋગ્વેદ (૧:૧૧૩:૬) કેટલીક વ્યક્તિઓ શક્તિની ખોજ કરતી હોય છે. કેટલીક ખ્યાતિ પ્રાપ્ત કરવા, કેટલીક ધન પ્રાપ્ત કરવા અને કેટલીક આજીવિકા પ્રાપ્ત કરવાની કોશિશ કરે છે. પોતાની આજીવિકા પ્રાપ્ત કરવા વિશિષ્ટ અને ભિન્ન સાધન અપનાવવાનું જ્ઞાન ઉષા એ મનુષ્યોને આપ્યું."

પુરુષસૂક્ત ઋગ્વેદની માન્યતાથી ભિન્ન હોવાનું એક કારણ એ પણ છે કે, "ઋગ્વેદ કેવળ માણસની વાત કરે છે. તે પાંચ જાતિઓના સમન્વયથી સ્થાપિત આર્યજાતિ અને રાષ્ટ્ર ની વાત કહે છે. આ પાંચ (Tribes) જાતિઓ એક કેવી રીતે થઈ તે નીચેના મંત્ર ઉપરથી સ્પષ્ટ થાય છે."

૧. વિસ્તારથી જાણવાનો પ્રયાસ કરવામાં આવે તો અનેક જાતની ભ્રમણાત્મક વિવરણો જોવા મળે છે. વિષ્ણુપુરાણ અનુસાર બ્રહ્માએ પોતાના બે ભાગ કર્યા. અડધામાં પુરુષ અને અડધામાં સ્ત્રી બની. સ્ત્રી રુપમાં શતરુપાએ આશ્ચર્યજનક રીતે નિરંતર પ્રયાસ કરીને પોતાના પતિના રૂપમાં સ્વયંભૂ મનુને પ્રાપ્ત કરી લીધો. વિષ્ણુપુરાણમાં બ્રહ્માનો પોતાની પુત્રી સાથેના સહવાસનો ઉલ્લેખ છે. ઐતરૈય અને મત્સ્યપુરાણનું કહેવું છે કે બ્રહ્માએ પોતાની પુત્રી શતરૂપા સાથે સંભોગ કરીને મુને જન્મ આપ્યો. મત્સ્યપુરાણ કહે છે કે મનુએ તપ કરીને અનંતા નામની પત્નિ પ્રાપ્ત કરી. રામાયણ(૧ : ૧૧૭ કપુર) અનુસાર મનુ પુરુષ નહીં સ્ત્રી દક્ષ પ્રજાપતિની પુત્રી હતી. જે કશ્યપની પત્નિ બની.

૨.મ્યોર ગ્રંથ ૧, પૃ. ૧૧૧, મત્સ્ય પુરાણ.

(૧) ઋગ્વેદ (૬:૧૧:૪) પાંચેય જાતિઓ (Tribes) એકી સાથે અગ્નિને આહુતિ આપી રહી છે, અને અગ્નિ જાણે જેમ એક પુરુષ હોય એવી રીતે સ્તુત કરી રહી છે. ૧

(૨) ઋગ્વેદ (૮:૧૫:૨) ગૃહનો જ્ઞાની અને યુવા સ્વામી(અગ્નિ) પાંચેય જાતિઓ (Tribes)ના ઘરોમાં વિદ્યમાન છે.૨

આ પાંચ જાતિઓ કઈ કઈ છે? એના અંગે મતભેદ છે. યાસ્ક નિરુક્તમાં એમના નામ ગંધર્વ, પિતૃ, દેવ, અસુર અને રાક્ષસ ગણાવ્યાં છે. ઉપમન્યુ અનુસાર આ જાતિઓ (પુરુષસૂક્તમાં વર્ણિત) ચારવર્ણો અને નિષાદ છે. આ બન્ને મત અસ્વીકાર્ય છે.

પ્રથમ તો એટલા માટે કે પાંચેય જાતિઓની એકી સાથે પ્રસંશા કરવામાં આવી છે જે નિમ્નલિખિત મંત્રો દ્વારા સ્પષ્ટ થાય છે.

(૧) ઋગ્વેદ (૬:૨:૧૦) આપણું શૌર્ય પાંચેય જાતિઓમાં સ્વર્ગની જેમ જ્યોર્તિમય બને ! ૩

(૨) ઋગ્વેદ (૬:૪૬:૭) હે ! ઇંદ્ર જે બળ અને પૌરુષ નહુષવંશ અને પાંચેય જાતિઓમાં છે (અમને બધાને) પ્રદાન કરો. ૪

આ ઉપરથી સ્પષ્ટ થઈ જાય છે કે શૂદ્રો જો આ પાંચેય જાતિઓમાં સામેલ થયેલા ગણાતા હોત તો નિ:શંક રીતે એમની એક સાથે પ્રશંસા કરવામાં આવી ન હોત ! વળી 'વર્ણ' શબ્દનો પ્રયોગ ન કરીને 'જન' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અને 'જન' શબ્દનો અર્થ પાંચેય જાતિઓના સંમ્મિલિત રૂપનો પર્યાય છે. નહીં કે ચારવર્ણો અને નિષાદનો. નીચેના શ્લોક ઉપરથી તે સ્પષ્ટ થાય છે.

૧ મોર ગ્રંથ ૧ , પૃ . ૧૭૭

૨ એજન ૧૭૮

૩ એજન ૧૭૮

૪ એજન ૧૮૦

ઋગ્વેદ (૮:૧૦૮•૮) હે ઈંદ્ર ! હે અગ્નિ, જે તારો નિવાસ, 'યદુ', 'તર્વસ', 'દ્રત્યુ', અને પુરુ જાતિઓમાં છે તો ચારેબાજુથી આવીને સોમરસનું પાન કરો.

આ પાંચેય જાતિઓથી આર્યજાતિ બની છે એ વાત અથર્વવેદના મંત્ર (૩:૨૪-૨)થી સ્પષ્ટ થાય છે .

'આ પાંચ ક્ષેત્ર - પાંચ જાતિઓ મનુથી ઉત્પન્ન થઈ. મંત્ર-સૃષ્ટા ઋષિઓએ આ પ્રકારનું વર્ણન એકતા અને સમતાની ભાવનાથી કર્યું છે. એવું માનીએ તો ત્રણ પ્રશ્ન ઉભા થાય છે.

(૧) પુરૂષસૂક્ત પાંચેય જાતિઓની એકીપણાને શા માટે અમાન્ય કરે છે?

(૨) પુરૂષસૂક્ત જાતિઓના શ્રેણીકરણનો પક્ષપાત શા માટે કરે છે?

(૩) પુરુષસૂકત દ્વારા રાષ્ટ્રીયતા કરતાંય વધારે મહત્ત્વ કોમવાદને (Communalism) આપવાનું કારણ શું છે?

આ રહસ્યની જાણકારી પુરુષસૂક્ત અને ઋગ્વેદનો તુલનાત્મક અભ્યાસ કરવાથી આવે છે. એનું સામાજિક દષ્ટિકોણથી અધ્યયન અને વિશ્લેષણ કરવાથી કેટલાક રહશ્યો પ્રગટ થાય તેમ છે.

આદર્શોનું અસ્તિત્વ નિયમોના રૂપમાં હોય તે આવશ્યક છે. કોઈ પણ સમાજ તેમજ વ્યક્તિને નિયમો વિના ચાલે નહીં અને એના વિના પ્રગતિ કરી શકે નહીં. આ નિયમો અને પરિસ્થિતિ અનુસાર પરિવર્તન થવું જોઈએ. એટલે સમયાંતરે એનું પુર્નમૂલ્યાંકન પણ કરવું આવશ્યક છે અને પુર્નમૂલ્યાંકન ત્યારે જ સંભવ છે જયારે ધાર્મિક સંસ્થાઓને પવિત્ર ઘોષિત કરવામાં આવે (કહેવાતી) પવિત્રતા (સ્થાઈત્વ) પુર્નમૂલ્યાંકનમાં અડચણરૂપ બને છે. એક્વારની પવિત્રતા સદાસર્વદાને માટે પવિત્રતા ગણાતી થઈ જાય તો (સ્થાઈ) બની જાય છે. પુરુષસુક્તે આ પ્રકારની ચાતુવર્ણની વ્યવસ્થા ઈશ્વરીય આદેશની સંજ્ઞા ગણાવીને એને સ્થાઈત્વ અર્પણ કર્યું છે. ચાર્તુવર્ણીય

વ્યવસ્થાને આલોચનાતીત અને અપરિવર્તનીય બનાવીને કાયમી શા માટે બનાવવામાં આવી તે પુરુષસૂક્તનું સૌથી મોટું અને પ્રથમ રહસ્ય છે, જે સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ સમક્ષ આવે છે.

ચાર્તુવર્ણનો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં પુરુષસુક્તે બેવડી રમત રમી છે. પ્રારંભમાં ભારતીય આર્યોની સમાજવ્યવસ્થાને આદર્શના રૂપમાં તે પ્રસ્તુત કરે છે. આ એક કપટતાપૂર્ણ ચાલાકી છે કારણ કે આદર્શ વાસ્તવિકતાથી ભિન્ન નથી. વાસ્તવિકતાને આદર્શના રૂપમાં અને આદર્શને વાસ્તવિકતાના રૂપમાં પ્રસ્તુત કરવા પાછળ પુરુષસુકતની રાજનૈતિક કૂટનીતિ છે એમ લાગ્યા વિના રહેતું નથી. હું તો માનું છું કે આવા પ્રકારનું ષડયંત્ર કોઈ પણ ધર્મગ્રંથમાં કરવામાં આવ્યું નથી. આખરે આ ષડયંત્ર નથી તો બીજે છે શું?

અન્યાય અને અસમાનતા યુક્ત વાસ્તવિકતાનું આદર્શીકરણ (એક વર્ગ વિશેષની) સ્વાર્થ સિદ્ધિ માટે કરવું એ ષડયંત્ર જ છે. એ સિવાય બીજું કશુંજ નથી. જયારે કોઈ વ્યક્તિને કોઈ વસ્તુમાં લાભ દેખાય છે, ત્યારે તે તેને આદર્શનું રૂપ આપવાનો પ્રયાસ કરે છે. આ વૃત્તિ અપરાધવૃત્તિથી જરાય ઉતરતી નથી. આ પ્રમાણે એક વખતની નિર્ધારિત કરેલી અસમાનતા કાયમી સ્વરૂપ ધારણ કરી લે છે. આતો નૈતિકતા વિરુધ્ધ કરવામાં આવેલો નિર્ણય છે . કોઈ પણ જાગૃત સમાજે આ પ્રકારના વલણનો નતો સ્વીકાર કર્યો છે કે નતો એવી માન્યતાનું સમર્થન કર્યું છે. હકીકતમાં તો ઈતિહાસમાં અઢળક ઉદાહરણો ઉપલબ્ધ છે કે વ્યક્તિઓ અને વર્ગો વચ્ચેના સંબંધ સુધારવાથી પ્રગતિ થઈ છે તે આજ ભૌતિક સત્યના આધારે જ થઈ છે. અનુચિત ઢંગથી લેવામાં આવેલા નિર્ણયો અને મૂલ્યોનું પુર્નમૂલ્યાંકન કરવું જોઈએ અને એને ન્યાયસંગત સ્વરૂપ આપવું જોઈએ. એટલે આ દષ્ટિએ (પુરુષસૂક્તનો) સિધ્ધાંત આશયની રીતે જોતાં અપરાધવૃત્તિ ધરાવે છે. જયારે એના પરિણામની દષ્ટિએ જોઈએ તો તે સમાજવિરોધી સિધ્ધાંત સાબિત થાય છે. આ પ્રપંચ પાછળનું રહસ્ય શું હોઈ

શકે? આ બીજો કોયડો છે જે ઉકેલ માગે છે.

અંતિમ અને સૌથી મોટો કોયડો પુરુષસૂક્તની બાબતમાં છે તે છે શૂદ્રોની સ્થિતિ અંગેનો. પુરુષસૂક્ત વર્ણોત્પત્તિ ઈશ્વરકૃત ગણાવે છે. આવો સિધ્ધાંત સ્થાપિત કરવો એને કોઈ પણ ધર્મગ્રંથે ન્યાયસંગત માન્યો નથી. આ (પુરુષસૂક્તનો સિધ્ધાંત) વિચિત્ર અને વિલક્ષણ છે. ભિન્નભિન્ન વર્ગોની ઉત્પત્તિ વિધાતાના ભિન્નભિન્ન અંગોથી થઈ હોય તો પણ આશ્ચર્યજનક છે.

શરીરના વિભિન્ન અંગોથી વિભિન્નવર્ણોની ઉત્પત્તિનું સમીકરણ એ માત્ર સંયોગ જ નથી એ જાણીબુઝીને કરવામાં આવ્યું છે. આ સમીકરણના ગર્ભમાં છુપાયેલો મૂળ ઉદ્દેશ એવો પ્રતીત થાય છે કે, (૧) ચારેવર્ણોનું કાર્ય (આજીવિકાનું સ્ત્રોત) નિશ્ચિત કરવું અને (૨) પૂર્વ યોજના અનુસાર ચારે વર્ણોને શ્રેણીબધ્ધ કરવા માટે એક સૂત્ર અને શોધી કાઢવામાં રહેલું છે. વિધાતાએ ભિન્નભિન્ન વર્ણોની ઉત્પત્તિ કરી એ સિદ્ધાંતને આ સૂત્રથી લાભ મળ્યો છે. શરીરનો એક નિશ્ચિતભાગ વર્ણની શ્રેણી નિશ્ચિત કરે છે અને શ્રેણીનું કાર્ય પણે નકકી કરે છે.

બ્રાહ્મણની ઉત્પત્તિ વિધાતાના મુખથી બતાવવામાં આવી છે. મુખ શરીરનો સર્વોત્તમ ભાગ (અંગ) છે. એટલે બ્રાહ્મણ ચારેવર્ણોમાં શ્રેષ્ઠતમ વર્ણ છે એવું માનવામાં આવે છે. એને આધારે જ એને યોગ્યતા અને જ્ઞાન (પઠન -પાઠન)નું કાર્ય સોંપવામાં આવ્યું.

ક્ષત્રિયનો જન્મ વિધાતાએ બાહુઓમાંથી કર્યો છે. બાહુઓ શરીરમાં મુખેથી નીચેનો ભાગ છે એટલે ક્ષત્રિયને બુદ્ધિ પછીનું યુધ્ધના કામ સોંપવામાં આવ્યું.

વૈશ્ય જાંગમાંથી પેદા થયો છે એટલે બ્રાહ્મણ અને ક્ષત્રિય કરતા નીચો છે. અને કૃષિ અને વેપારનું કામ સોંપવામાં આવ્યું.

શૂદ્રની ઉત્પત્તિ વિધાતાએ ચરણોમાંથી કરી. શરીરનો આ નિમ્નતમ ભાગ છે એટલે શૂદ્રનું સ્થાન ચારે વર્ષોમાં સૌથી નીચે છે અને એનું કામ દાસવૃત્તિ માટે નક્કી કરવામાં આવ્યું.

પુરુષસૂક્ત ચારે વર્ણોની ઉત્પત્તિ માટે શરીરના અંગોનું જ સમીકરણ શા માટે પસંદ કર્યું. એના માટે અન્ય ઉદાહરણ શા માટે પસંદ ન કર્યું? ઉત્પત્તિ માટે 'પુરુષ' જ એકમાત્ર ઉપમા નથી. છાંદોગ્ય ઉપનિષદમાં વેદોની ઉત્પત્તિની ગાથા આ પ્રકારે છે.

"પ્રજાપતિએ બ્રહ્માંડને ગરમ કરીને એનો સારગર્ભ કાઢ્યો અર્થાત્ પૃથ્વીથી અગ્નિ, હવાથી વાયુ, અને આકાશથી સૂર્યનું સર્જન કર્યું." ત્યાર પછી તેણે (પ્રજાપતિએ) આરાધ્ય દેવોને ગરમ કરીને એનું સાર સ્વરૂપ કાઢ્યુ. અગ્નિથી ઋગ્વેદની ઋચાઓ, વાયુથી યર્જુવેદના મંત્ર, સૂર્યથી સામવેદની ઋચાઓને પેદા કરી.એણે આ ત્રણેય (દેવો)ને ગરમ કરીને એમાંથી " ભુ: ભુવ: સ્વ: " શબ્દોની રચના કરી.[૧]

આ રીતે વિભિન્ન વેદો ની ઉત્પત્તિ વિભિન્ન આરાધ્યદેવો દ્વારા બતાવવામાં આવી છે. જયાં સુધી ભારતીય આર્યોનો સંબંધ છે, એમના દેવી-દેવતાઓની સંખ્યા કોઈ પણ પ્રકારે ઓછી નથી. આ સંખ્યા ત્રીસ કરોડ જેટલી છે. ચાર દેવો દ્વારા ચાર વર્ણોની ઉત્પત્તિને આધાર બનાવી એમને જન્મથી જ સમાનતા અને આદર મળવો જોઈતો હતો. પણ પુરુષસૂક્તે સમાનતા અને આદરની કોઈ વ્યાખ્યા જ કરી નથી કે એનું કોઈ વિવેચન પણ કર્યું નથી.

પુરુષના સહસ્ત્ર મુખનો ઉલ્લેખ તો પુરુષસૂક્ત રચનાકારે કર્યો જ છે. એટલે એક એક મુખથી એક એક વર્ણની ઉત્પત્તિ કરવાનું કાર્ય સર્જનકર્તા માટે અતિ સરળ બની ગયું હોત, પણ એવું કરવાનું પુરુષસૂક્તના રચનાકારે કર્યું નથી. આવું તેણે શા માટે નથી કર્યું? રચનાકાર આ પ્રકારની રચના કરવાથી અજ્ઞાત હતો એમ પણ કહી શકાય તેમ નથી. કારણ કે વિષ્ણુ પુરાણમાં વેદોની

૧ મ્યોર ગ્રંથ પૂ. ૫.

ઉત્પત્તિને માટે આવી જ ઉપમાનો ઉપયોગ રચનાકારે કર્યો છે. વિષ્ણુ પુરાણમાં લખ્યું છે કે,

"બ્રાહ્મણો પોતાના પૂર્વ દિશાના મુખમાંથી ગાયત્રી, વેદની ઋચાઓ, ત્રિવૃત્ત, સામવેદનો રથાન્તર અને યજ્ઞને માટે અગ્નિ સ્ત્રોત - દક્ષિણ દિશાના મુખમાંથી યર્જુર્વેદના મંત્રો ત્રીભુષ્ટ, છંદ, પંચદશ સ્ત્રોત, બૃહત્સામ, - પશ્ચિમ દિશાના મુખમાંથી સામવેદના મંત્રો, જનતિ છંદ, સખ્નદશ, વૈરુપ અને અતિરાત્ર, તથા ઉત્તર દિશાના મુખમાંથી એકવીસ અથર્વવેદ **૧** ઔષ્ટમ અને વિરજ છંદોની સાથે અખ્નોર્યમનની રચના કરી."

હરિવંશમાં વેદોની ઉત્પત્તિ અંગેનું વર્ણન તો કંઈક જુદું જ છે. એના અનુસાર તો, "ઈશ્વર પોતાના નેત્રોમાંથી ઋગ્વેદ અને યજુર્વેદ, જીભ માંથી સામવેદ અને કપાળમાંથી અથર્વવેદની રચના કરી." **૨**

જો આપણે એવું ઘડીભર માની લઈએ કે વિધાતાએ પોતાના અલગઅલગ અંગોથી અલગઅલગ વર્ગોની ઉત્પત્તિ કરી એ બતાવવું આવશ્યક જ હતું તો મોટો પ્રશ્ન એ ઉદ્દભવે છે કે, પુરુષના વિભાજન અંગોનું વિભિન્ન વર્ણો સાથેનું સમીકરણ એણે શા માટે અપનાવ્યું?

આ પ્રશ્નનું મહત્ત્વ એટલા માટે પણ વધી જાય છે કે જયારે ખબર પડે કે અલગઅલગ વર્ગોની ઉત્પત્તિનું પ્રમાણ સાક્ષ્ય એકમાત્ર પુરુષસૂક્ત જ છે . વૈશંમપાય યજ્ઞ કરાવનાર પુરોહિતોની વિવિધ શાખાઓની ઉત્પત્તિનું વર્ણન શરીરના અલગઅલગ વર્ણો સાથે કર્યું છે. એ બન્નેમાં કેટલું અંતર છે? હરિવંશમાં વૈશંમપાયની વ્યાખ્યા આ પ્રમાણે પ્રસ્તુત કરવામાં આવી છે.

" આવી રીતે પ્રતાપી પ્રભુ નારાયણ હરિ સંપૂર્ણ જળોને પોતાની બાહુઓમાં ઘેરી લઈને રજોનો વિસ્તાર; જે એક મહાસમુદ્રની સમાન થઈ ગયો હતો, એના મધ્યમાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણેય કાળોથી વિભૂષિત થઈ.

૧ મ્યોર ગ્રંથ ડે, પૃ. ૧૧.

૨ એજન પૃ. ૧૩,

વિરજમુક્ત સમાન થઈ સૂઈ ગયો. બ્રાહ્મણ એની અનશ્વરતાથી જાણકાર છે . પુરુષોત્તમ (વિષ્ણુ) તે જે પણ હોય સર્વોત્તમ છે. પુરુષના નામથી જ્ઞાત તમામ યજ્ઞો છે. ૠત્વિજ બ્રાહ્મણો એના અંગોમાંથી યજ્ઞ કાર્ય માટે પેદા થયાં. પ્રભુએ પોતાના મુખમાંથી બ્રાહ્મણ, મુખ્ય પુરોહિત સામવેદના મંત્રોના ઉચ્ચારથી ઉદ્ગાતૃ, બાહુઓમાંથી હોતૃ અને અધ્વર્યુની ઉત્પત્તિ કરી. તદુપરાંત એણે પ્રસ્તોતૃ, મૈત્રવરુણ, પ્રતિષ્ઠાતૃ, પ્રતિહાતૃ, પોતૃ, જાંગોમાંથી અશ્વાક, અને નેસ્તી, હાથોમાંથી અગ્નિધ્ર, અને હોત્રિય બ્રાહ્મણ, બાહુઓથી ગ્રવણ અને અગ્નિત્રિ ઉત્પન્ન કર્યા. આ રીતે ઈશ્વરે સોળ પ્રકારના પ્રવિણ ઋત્વિજ પેદા કર્યા.[૧]

એટલા માટે યજ્ઞરચિત પુરુષને વેદ કહેવામાં આવે છે. તમામ વેદ, વેદાંગો, ઉપનિષદો અને ધર્મ વ્યવહાર વિધિની રચના એના સાર પ્રમાણે થયેલી છે .

યજ્ઞ કાર્ય કરવા માટે બધા થઈને કુલ સત્તર પુરોહિતોની શ્રેણીઓ હતી. જો કોઈ રચનાકારે કોઈ પુરોહિતની ઉત્પત્તિ વિધાતાના અલગઅલગ અંગોથી બતાવવાનો પ્રયાસ કર્યો હોત. તો કોઈ એક પુરોહિતની ઉત્પત્તિ પુરુષના પગ સાથે જોડવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહ્યો ન હોત કારણ કે પુરોહિતોના વર્ગોની સંખ્યા પુરુષના અંગો કરતાં અધિક છે એટલે મજબુરીથી પગ સાથે કોઇક પુરોહિતને જોડવાનો જ પડ્યો હોત ! વૈશંમપાયન શું કર્યું?

એણે વિધાતાના એક જ અંગમાંથી પુરોહિતોના અનેક વર્ગોની ઉત્પત્તિનું દર્શન રજુ કરવામાં એને કોઈ વિસંગતિ નજરે ન ચડી સાથોસાથ પુરોહિતવર્ગની ઉત્પત્તિ પગમાંથી બતાવવવાની મજબૂરી ટળી અને પ્રશ્ન ચતુરાઈથી ઉકેલાઈ ગયો.

ઉત્પત્તિના વિષયમાં પુરુષસૂક્તમાં શૂદ્રો સાથે બતાવવામાં આવેલી અનાદરની ભાવનાની તુલના હરિવંશમાં બ્રાહ્મણોને આપવામાં આવેલા આદર સાથે કરીએ તો ખબર પડે કે પુરુષસૂક્તમાં શૂદ્રોની સાથે કેટલું મોટું ષડયંત્ર

૧ મ્યોર ગ્રંથ ૧, ૧ ૧૫૪ - ૧૫૫

રચવામાં આવ્યું હતું. શું એવું નથી લાગતું કે શૂદ્રોની ઉત્પત્તિ પગમાંથી બતાવીને પુરૂષસૂક્તે શૂદ્રોના વિરોધમાં જે દ્વેષ પ્રચાર કર્યો તે કોઈ આયોજનબધ્ધ રીતે, હેતુપૂર્વક સોંપવામાં આવેલા કર્તવ્યનું પાલન કર્યું નથી? હવે આપણે એટલું જ જોવાનું છે કે, આ દ્વેષનું કારણ શું

-----૪------

પુરુષસૂકતની વાતની વિવેચના સામાજિક દષ્ટિકોણથી કરવામાં આવે તો શૂદ્રો અંગે ઉપર વર્ણવેલા રહસ્યનું મહત્ત્વ સમજણમાં આવે તેમ છે.

શૂદ્રોની સ્થિતિના વિષયમાં કેટલાક અન્ય કોયડા અને ગૂંચવણો છે જે ચાર્તુવર્ણના આદર્શને પરિણામે પેદા થયા છે. આ પરિણામો જાણવા માટે સૌથી પ્રથમ તો ચાર્તુવર્ણમાં થયેલાં પરિવર્તનો અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે. આ પરિવર્તનો મુખ્યત્વે બે પ્રકારનાં છે.

પ્રથમ બાબત એ છે કે શૂદ્રોની નીચે એક અન્ય વર્ણ બનાવવામાં આવી અને બીજી બાબત જે ધ્યાનમાં રાખવાની છે તે એ કે શૂદ્ર અન્ય ત્રણ વર્ણોથી અલગ પડી ગયા. આ પરિવર્તનો પુરુષસૂક્તની મૂળભૂત યોજના સાથે એવી રીતે વણાઈ ગઈ છે; એનું એવું એકીકરણ થઈ ગયું છે કે, એને માટે વિશેષ શબ્દોનો પ્રયોગ કરવો પડયો. એટલું જ નહીં એને કારણે વિશેષ પ્રકારની વ્યવસ્થાનું નિર્માણ થયું. આ શબ્દો છે. સવર્ણ - અવર્ણ, દ્વિજ - અદ્વિજ અને ત્રેવર્ણિક. આ શબ્દો ચાર્તુવર્ણમાં ઉપવિભાજન અને અલગતા દર્શાવે છે. આ વર્ણોના સાપેક્ષિક સંબંધો અંગેના વિષયમાં ઊંડાણથી જાણવું આવશ્યક બની જાય છે. કારણ કે, એનાથી એક નવા રહસ્યનો જન્મ થયો છે. વિદ્વાનો આ નવા રહસ્યો સમજી ના શક્યા. એના સંભવત: બે કારણો હોઇ શકે.

(૧) વિદ્વાનોએ આ બાબત અંગે ધ્યાન ન આપ્યું કે વર્ગોના આ માત્ર નામો નથી પણ અધિકારો અને વિશેષાધિકારોનો સંકેત કરનારી બાબત છે.

(૨) વિદ્વાનોએ એ વાત પણ જાણવાનો પ્રયાસ જ ન કર્યો કે નામની આડમાં અધિકારો અને વિશેષાધિકારો માટે કરવામાં આવેલું આ વર્ગીકરણ ન્યાયસંગત કે તર્કસંગત છે કે કેમ?

હવે આપણે આ નવા વપરાયેલા શબ્દોના સાચા અને વાસ્તવિક અર્થો કયા છે? સવર્ણ શબ્દ અવર્ણ શબ્દનો વિરોધી શબ્દ છે એવું સામાન્યપણે ધારી લેવામાં અને માની લેવામાં આવે છે. સવર્ણનો અર્થ એટલો જ થાય છે કે જે ચારે વર્ણોમાંથી કોઈ એક વર્ણમાં હોવું વર્ણ સહિત. અવર્ણનો અર્થ એટલો જ થાય છે કે વર્ણવ્યવસ્થાની પરિધિથી બહારના હોવું. એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર સવર્ણ છે. જ્યારે અછૂત કે અતિશૂદ્ર અવર્ણ છે. એવી જ રીતે દ્વિજ શબ્દનો અર્થ સામાન્ય રીતે અદ્વિજના વિરોધી તરીકે લેવામાં આવે છે. ને પરસ્પર વિરોધી શબ્દ છે એવું માનવામાં આવે છે. 'દ્વિજ'નો અર્થ થાય છે બે વખત જન્મ લેનાર. 'અદ્વિજ'નો અર્થ થાય છે કેવળ એક જ જન્મ લેનાર, આ અંતર ઉપનયનના અધિકાર પર આધારિત છે. ઉપનયન સંસ્કારને બીજો જન્મ ગણવામાં આવ્યો છે. જેમને જનોઈ ધારણ કરવાનો અધિકાર છે. એમને દ્વિજ ગણવામાં આવે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય દ્વિજ છે. જનોઈ પહેરવાના અધિકારથી શૂદ્ર અને અતિશૂદ્ર (અછૂત) વંચિત છે એટલે તેઓ અદ્વિજ છે.

આ રીતે ત્રેવર્ણિક શબ્દ પણ 'શૂદ્ર' નો વિરોધી શબ્દ છે. પણ એમાં કોઈ વિશેષ ભેદભાવ નથી. આ ભેદભાવ દ્વિજ અને અદ્વિજ જેવો જ છે. ફક્ત શૂદ્રોની સીમા સુધી જ આ ભેદભાવ વિસ્તરે છે. અતિશૂદ્ર તો પરિધિની બહાર છે. એનાથી અલગ જ છે. સંભવત: આ શબ્દાવલી 'ત્રેવર્ણિક' અતિશૂદ્રોનું અસ્તિત્વ આવ્યું એ પહેલાંનો છે. અતિશૂદ્રો (અછૂતો) ની ઉત્પત્તિ પહેલાં જ આ શબ્દ અસ્તિત્વમાં આવી ગયો હશે !

આ હકીકતો અને તથ્યોને ધ્યાનમાં લેતાં એવું જરૂર કહી શકાય કે શૂદ્રો અને અતિશૂદ્રો અદ્વિજ છે. 'શૂદ્ર' સવર્ણ શા માટે છે? અને 'અતિશૂદ્રો' અવર્ણ

શા માટે છે? બીજા શબ્દોમાં કહીએ તો શૂદ્રો ચાર્તુવર્ણની અંદર શા માટે છે અને અછૂત ચાર્તુવર્ણની સીમાની બહાર કેમ છે? એ પ્રશ્નનો ઉકેલ લાવવો જોઈએ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ચાર્તુવર્ણીક વ્યવસ્થાના ચાર સ્તંભો માનવામાં આવે છે. તો પછી ત્રેવર્ણિકોને આપવામાં આવેલા અધિકારોથી શૂદ્રોને વંચિત શા માટે કરવામાં આવ્યા?

શૂદ્રો માટે આ રહસ્ય કરતા બીજું કોઈ મહત્વનું રહસ્ય હોઈ શકે ખરું? નિશ્ચયાત્મક રીતે કહીએ તો અન્ય હોઈ શકે જ નહીં. એટલા માટે જ આ વિષયનું સંશોધન અતિ આવશ્યક છે કે શૂદ્રો કોણ હતા? અને ભારતીય આર્યોના સમાજમાં તે ચોથોવર્ણ કેવી રીતે બન્યા?

પ્રકરણ-૨

●શૂદ્રોની ઉત્પત્તિ અંગેનો બ્રાહ્મણવાદી સિદ્ધાંત●

બ્રાહ્મણી સાહિત્યમાં શૂદ્રોની ઉત્પત્તિ અંગેનું કોઈ વિવરણ આપવામાં આવ્યું છે? એ વાતમાં શંકાને સ્થાન છે જ નહીં કે બ્રાહ્મણવાદી સાહિત્યમાં વિશ્વ ઉત્પત્તિ અને વર્ણ ઉત્પત્તિની દંતકથાઓ ભરેલી પડેલી છે. તો પછી આ દંતકથાઓના આધારે શૂદ્રોની ઉત્પત્તિ શોધ કરવામાં સહાયરૂપ બને એવી વિષય સામગ્રી ઉપલબ્ધ છે ખરી? અત્યારે જે અધૂરી અને છિન્નભિન્ન કથાઓ ઉપલબ્ધ છે એને પૂરી અને સંકલિત કરીને એક ગ્રંથમાં સમાવી શકાય એવી સંભાવના છે? આ વિષય નો વિચાર કરવા માટે આપણે બ્રાહ્મણવાદી સાહિત્યનો અલગ રીતે અભ્યાસ હાથ ધરવો પડશે. અને જોવું પડશે કે આ પ્રકારનો અભ્યાસ હાથ ધરવામાં ઉપલબ્ધ માહિતી કેટલે અંશે સહાયરૂપ થઈ શકે તેમ છે? બ્રાહ્મણી સાહિત્યના વિવિધ ભાગોના અલગ રીતે લઈને એનું સંશોધન કરવામાં આવે અને જે તે ભાગોએ આ વિષય અંગે શું ફાળો આપ્યો છે એનું આકલન કરવામાં આવે તો તે ઉચિત ગણાશે.

--- ૧ ----

તો, આપણે વેદથી જ પ્રારંભ કરીએ. ઋગ્વેદ પુરુષસૂક્તમાં શૂદ્રોની ઉત્પત્તિ અંગે આપણે આગળના પ્રકરણમાં વાંચી ચૂક્યા છીએ. હવે આપણે વેદોની અન્ય દંતકથાઓ - ગાથાનું અધ્યયન કરવાનું રહે છે.

યજુર્વેદના બે સંસ્કરણો છે. શુક્લ યજુર્વેદ અને કૃષ્ણ યર્જુવેદ. પહેલાં શુક્લ યર્જુવેદ અંગે જ વિચારી લઈએ. શુક્લ વાજસનેયી સંહિતામાં બે પ્રકારના મતો જોવા મળે છે. પહેલો મત તો પુરુષસુક્તનું પુનરોચ્ચારણ માત્ર છે અંતર કેવળ એટલું જ છે કે એમાં પુરુષસૂક્તમાં ૨૨ મંત્રો આપવામાં આવ્યા છે. જ્યારે ઋગ્વેદના મૂળ પુરુષસૂક્તમાં માત્ર ૧૬ જ મંત્રો છે વધારાના

૬ મંત્રો નીચે મુજબ છે.

(૧૭) પ્રારંભમાં વિશ્વકર્માએ એને વિવિધ જળ અને પૃથ્વીના અર્કથી ઉત્પન્ન કર્યા ત્વષ્ઠાએ એને આકાર આપ્યો અને પુરુષનું રૂપ પ્રદાન કર્યું.

(૧૮) હું તેમની પરિધિથી અલગ સૂર્યવર્ણ મહાન પુરુષને ઓળખું છું.એને જાણવાથી-પરિચિત થવાથી જ મૃત્યુના બંધનથી મુક્તિ મળે છે. એ સિવાયનો અન્ય માર્ગ છે જ નહી.

(૧૯) અજન્મા પ્રજાપતિ વિવિધ રૂપોમાં પ્રગટ થાય છે. વિદ્વાનો એનું માધ્યમ જાણે છે. શાણા પુરુષો મારિચિના સ્થાનની કામના કરે છે.

(૨૦) જે દેવતાઓ માટે પ્રકાશ પાથરે છે. જે દેવતાઓનો પુરોહિત છે, અને જે દેવતાઓથી પહેલાં પેદા થયો છે. બ્રહ્માની એ તેજસ્વી સંતતિને નમસ્કાર.

(૨૧) દેવતાઓએ બ્રહ્માના તેજસ્વી સંતાનની વૃદ્ધિ કરતી વખતે પ્રારંભમાં જ વ્યવસ્થા કરી હતી કે “જે બ્રાહ્મણ આ જાણે છે,દેવ એમને આધીન રહે છે."

(૨૨) જેમની "શ્રી” અને “લક્ષ્મી" પત્નિઓ, દિવસ અને રાત જેના અંગરક્ષક, તારાગણ જેના આભૂષણો, અશ્વિની જેવું અને દૈદિપ્યમાન મુખ છે તે મારી સમસ્ત કામનાઓ પૂરી કરે. મને સર્વસ્વ પ્રદાન કરે.

વાજસનેયી સંહિતા (૧૪:૨૮)નો બીજો સિધ્ધાંત પુરુષસૂક્ત કરતાં તદ્દન જુદો જ છે.તે આ પ્રમાણે છે.

વાજસનેયી સંહિતા (૧૪:૨૮) [૧] એણે એકની સ્તુતિ કરી અને તમામ જીવ પેદા થયા.એણે ત્રણની સ્તુતિ કરી અને બ્રાહ્મણ ઉત્પન્ન થયા અને બ્રાહ્મણસ્પતિ શાસક બન્યા એણે સાતની સ્તુતિ કરી,સપ્તર્ષિ પેદા થયા-ધાતૃસ્વામી બન્યા. એણે નવની સ્તુતિ કરી પિતૃ ઉત્પન્ન થયા -આદિતિ સ્વામી બન્યા. એણે અગિયારની સ્તુતિ કરી ઋતુઓનો જન્મ થયો અને આર્તવ સ્વામી

૧ મોર ગ્રંથ-૧ , પૃ.૧૮

બન્યા. એણે તેરની સ્તુતિ કરી મહિનાઓ બન્યા અને વર્ષ સ્વામી બન્યો. એણે પંદરની સ્તુતિ કરી એટલે ક્ષત્રિયો પેદા થયા -ઇંદ્ર સ્વામી બન્યો. એણે સત્તરની સ્તુતિ કરી પશુ પેદા થયા -બૃહસ્પતિ સ્વામી બન્યો. એણે ઓગણીસની સ્તુતિ કરી અને શૂદ્ર અને આર્ય (વૈશ્ય) પેદા થયા તે દિવસ અને રાતનો સ્વામી બન્યો . એણે એકવીસની સ્તુતિ કરી આખી ખરીઓવાળા પશુઓ પેદા થયા-પુષાન સ્વામી બન્યો.

એણે પચ્ચીસની સ્તુતિ કરી વન્ય પશુઓ પેદા થયા - વ્યાસ સ્વામી બન્યા. એણે સત્તાવીસની સ્મૃતિ કરી સ્વર્ગ(આકાશ) અને પૃથ્વી અલગ પડયા અને ત્યારપછી સ્વામીવસુ, રુદ્ર અને આદિત્ય અલગ-અલગ પડ્યા. એણે ઓગણત્રીસની સ્મૃતિ કરી તો જીવ ઉત્પન્ન થયો. માસના પ્રથમ અને દ્વિતીય પક્ષનો સ્વામી બન્યો. એણે એકત્રીસની સ્તુતિ કરી તો સંપૂર્ણ પદાર્થ ઉત્પન્ન થયા. પ્રજાપતિ એનો સ્વામી બન્યો."

હવે કૃષ્ણ યજુર્વેદને જોઈએ. કૃષ્ણ યજુર્વેદની તૈતરિય સંહિતામાં કુલ મિલાવીને પાંચ પ્રકારના વર્ણનો કરવામાં આવ્યાં છે. એક તો (૪:૩-૧૦) વાજસનેયી સંહિતાના (૧૫:૨૮) પ્રમાણે જ છે. જે આગળ જણાવેલ છે. બાકીના ચાર વિવરણ નીચે મુજબ છે. જેમાં શૂદ્રોની ઉત્પત્તિ અંગેનું વિવરણ સમાયેલું છે.

(૧) તૈત્તિય સંહિતા (૨:૪:૧૩-૧) દેવગણ 'રાજન્ય'થી ભયભીત હતા, જયારે તે ગર્ભમાં હતો ત્યારે જ તેને બંધનયુક્ત બનાવી દેવામાં આવ્યો. જો તે બંધનમુક્ત જન્મ ધારણ કરત તો તે પોતાના શત્રુઓનો વિનાશ કરી દેત ! પરિણામે 'રાજન્ય' બંધનાવસ્થામાં જ પેદા થયો. આ કાર્ય કરવા માટે ઇંદ્ર અને બૃહસ્પતિ સહાયતા લેવામાં આવી હતી. આટલા માટે જ 'રાજન્ય'ની પ્રવૃત્તિ ઇંદ્ર અને બૃહસ્પતિના જેવી જ છે. રાજન્યને બંધનમુક્ત કરવાની જે કોઈ ઈચ્છા રાખે તેણે દક્ષિણાના માધ્યમથી બ્રાહ્મણ દ્વારા જ મુક્ત કરી શકાય.

(૨) તૈતરિય સંહિતા (૭:૧-૧-૪) **૧** પ્રજાપતિએ સર્જનની ઈચ્છા વ્યક્ત કરી. એણે એના મુખમાંથી ત્રિવૃત્તિની (સ્તોમ) રચના કરી. ત્યાર પછી દેવતાઓમાં અગ્નિ, છંદોમાં ગાયત્રી, અને 'સામ'માં રથાન્તર, માનવોમાં બ્રાહ્મણ, અને પશુઓમાં બકરાંઓને ઉત્પન્ન કર્યા. આ બધાની ઉત્પતિ મુખમાંથી થયેલી છે એટલે તે મુખ્ય છે. એણે પોતાની છાતી અને બાહુઓમાંથી પંચદશાની રચના કરી ત્યારબાદ દેવોમાં ઇંદ્ર, ત્રિષ્ટુભ મૈત્રેય સામમાં બૃહત, માણસોમાં 'રાજન્ય' અને પશુઓમાં ઘેટાં ને પેદા કર્યા.

એણે એના મધ્યમાંથી સપ્તદાસ (સ્તોમ)ની રચના કરી. ત્યાર પછી તેણે દેવોમાં વિશ્વદેવ, છંદોમાં જગતિ, સામમાં વૈરુપ, માનવોમાં વૈશ્ય અને પશુઓમાં ગાયને જન્મ આપ્યો. આ સૌ ઉદરમાંથી ઉત્પન્ન થવાને કારણે ભીરુ છે. એમની બહુસંખ્યા હોવાને લીધે સપ્તદાસ (સ્તોમ) પછી અનેક દેવોને જન્મ આપ્યો. તદુપરાંત એણે પોતાના ચરણોમાંથી એકવીસની રચના કરી જેનાથી અનુષ્ટુપ છંદ પેદા થયો એટલે શૂદ્ર અને અશ્વ અન્ય જીવોના વાહક છે. એકવીસ પછી કોઈ આરાધ્યને ઉત્પન્ન કરવામાં આવ્યો નહીં એટલે શૂદ્રને યજ્ઞના અધિકાર માટે અયોગ્ય ગણી લેવામાં આવ્યો છે. બન્ને શૂદ્ર અને અશ્વની ઉત્પત્તિ પગ માંથી થઈ છે. બન્નેનું જીવન પણ પગમાં (દાસતામાં) જ વ્યતીત થાય છે.

હવે અથર્વવેદ તરફ વળીએ. એમાં ચાર પ્રકારના વિવરણ આપવામાં આવ્યા છે. એક તો ઋગ્વેદના પુરુષસૂક્ત જેવું જ છે. તે (૧૯:૬)માં જોવા મળે છે. બીજા નીચે પ્રમાણેના છે.

(૧) અથર્વવેદ **૨** (૪:૬:૧) સૌથી પ્રથમ બ્રાહ્મણનો જન્મ થયો. એનાં દસ મુખ અને દસ માથા હતા. એણે સૌપ્રથમ સોમરસનું પાન કર્યું અને વિષને શક્તિહીન બનાવી દીધું.

૧ મ્યોર વો-૧ પૂ-૧૬

૨મ્યોર ગ્રંથ. ૧, પૃ. ૨૧

(૨) અથર્વવેદ (૧૫:૮:૧) **૧** તેનામાં (વ્રાત્યમાં) કામવાસના જાગી અને રાજ્યનો જન્મ થયો.

(૩) અથર્વવેદ (૧૫:૯:૧) વ્રાત્યે પરિચિત રાજાના ઘેર અતિથિના રૂપે આવીને તેને (રાજાને) એનું (વ્રાત્યનું) સન્માન કરવા કહ્યું. તેણે (વ્રાત્યે) તેને (રાજાને) તેનું કારણ જણાવ્યું. રાજા દ્વારા સન્માનિત થવાને લીધે તેણે (વ્રાત્યે) એનું અહિત કર્યું નહીં. એનાથી બ્રાહ્મણ અને ક્ષત્રિયનો ઉદય થયો.. વગેરે...

..... ૨ ....

હવે આપણે બ્રાહ્મણ ગ્રંથો પર નજર નાખી લઈએ. સતપથ બ્રાહ્મણમાં છ પ્રકારના વિવરણ જોવા મળે છે, એમાંના બે વર્ગોની ઉત્પત્તિ અંગેના છે. એક મંત્ર શૂદ્રોની ઉત્પત્તિ અંગેનો છે. જે નીચે પ્રમાણે છે.

સતપથ બ્રાહ્મણ (૪:૪-૨-૨૩) **૨** બ્રહ્મ (પ્રવક્તા અનુસાર જે અગ્નિના સ્વરૂપે બ્રાહ્મણ જાતિનું પ્રતિનિધિત્વ કરે છે.) શરૂઆતમાં તો એકલો જ હતો. તે વિકસિત થયો નહોતો. તેણે શક્તિથી અદ્ભુત ક્ષાત્ર સ્વરૂપ ધારણ કર્યું. દેવોમાં જે શક્તિશાળી હતા (ક્ષત્રાણી) વરુણ, સોમ, રુદ્ર, પર્જન્ય, યમ, મૃત્યુ, ઈસના- કોઈ ક્ષાત્ર કરતાં શક્તિવાન નહોતું. તેથી બ્રાહ્મણ રાજસૂય યજ્ઞમાં ક્ષત્રિયની પાસે બેસે છે અને ક્ષાત્ર (રાજ્યશક્તિ)નું ગૌરવ કરે છે. આ બ્રહ્મ ક્ષાત્ર શક્તિનું સ્રોત છે. એટલે રાજા સર્વોપરિ પદ પ્રાપ્ત કરે છે પણ છેવટે તો એની શક્તિનું સ્રોત તો બ્રાહ્મણ જ છે. જે કોઈ એનો (બ્રહ્મનો) નાશ કરે છે તે પોતાની જ શક્તિનો સ્રોતનો નાશ કરે છે. તે અત્યંત દુ:ખી બની જાય છે. જે સર્વોચ્ચને નુકસાન પહોંચાડે છે. તે વિકસિત થયા નહી. તેણે વિસનું સર્જન કર્યું એટલે કે એવાં દેવોનો સમૂહ જે લશ્કરી પદ પ્રાપ્ત કરે, વસુ, રુદ્ર, આદિત્ય, વિશ્વદેવો, મરુત ઈત્યાદિ તે વિકસિત થયો નહીં એટલે શૂદ્ર વર્ગનો પુશાન પેદા કર્યો. પૃથ્વી પુશાન છે કારણ કે તે જે અસ્તિત્વ ધરાવે છે તે સઘળાનું લાલન પાલન કરે છે. છતાં તે વિકસિત થયો નહીં. તેથી તેણે શક્તિશાળી ધર્મનું (ન્યાય) સ્વરૂપ પેદા

૧ એજન ૨૨

૨ મ્યોર ગ્રંથ ૧, પૂ-૨૦

કર્યું. ધર્મ રાજાઓનો રાજા છે. એટલે ન્યાય (ધર્મ) કરતાં સર્વોચ્ચ અન્ય કશું જ નથી. એટલે નિર્બળો ધર્મ દ્વારા શક્તિશાળી કરતાં ઉપર ઊઠવા માગે છે. જેમ કે રાજા ન્યાય સત્ય છે. તેઓ જે માણસ સત્ય બોલે છે તેના અંગે વાત કરે છે 'તે સત્ય બોલે છે.' એમ આ બંને જણા છે. આ બ્રાહ્મણ અને ક્ષાત્ર છે. વિસ અને શૂદ્ર. અગ્નિ દ્વારા તે દેવોમાં બ્રહ્મ બન્યો છે. અને માનવીઓમાં બ્રહ્માણ બન્યો છે. (દૈવીશક્તિથી) ક્ષત્રિય (માનવ) અને ક્ષત્રિય દ્વારા (દૈવી) વૈશ્ય (માનવ) વૈશ્ય દ્વારા (દેવી) શૂદ્ર (માનવ) એટલે દેવોમાં અગ્નિ અને મનુષ્યમાં બ્રાહ્મણની તેઓ પૂર્વે અને પછીથી શોધ કરે છે.

તૈત્તિરેય બ્રાહ્મણ નીચેના વિવરણ માટે જવાબદાર છે.

(૧) તૈત્તિરેય બ્રાહ્મણ (૧: ૨-૬-૭) **૧** બ્રાહ્મણો દેવોમાંથી અને શૂદ્રો અસુરોમાંથી પેદા થયા છે.

(૨) તૈત્તિરેય બ્રાહ્મણ (૩: ૨-૩-૯) **૨** શૂદ્રો શૂન્યમાંથી-અનસ્તિત્વમાંથી પેદા થયા છે.

- - 3 - -

આ પ્રમાણે બ્રાહ્મણી સાહિત્યમાં ઉપરોકત ઉદાહરણોથી ચાર્તુવર્ણની ઉત્પત્તિ અંગે અને બ્રાહ્મણી દંતકથાઓ અને પરિકલ્પનાઓનું સંકલન થયું છે. પ્રાચીનકાળના બ્રાહ્મણો એ તથ્યને સંપુર્ણપણે જાણતા હતા કે ચાતુવર્ણ વ્યવસ્થા અસામાન્ય અને અસ્વભાવિક તો છે જ એમાં વળી શૂદ્રો માટે નિર્ધારિત કરેલ સ્થાન તો એનાથીએ વિશેષ અસ્વભાવિક અને અપાકૃતિક તથા કુત્રિમ છે. આ કપટપૂર્ણ વ્યવસ્થાને તર્કસંમ્મત કરવા માટે જ અલૌકિક પરિકલ્પનાઓની વ્યાખ્યાઓ ઘડવાની આવશ્યકતા ઉભી થઇ. જો આમ ન હોત તો ચાર્તુવર્ણ અને શૂદ્રોની ઉત્પત્તિ અંગે આટલી બધી વ્યાખ્યાઓ અને વિવરણોનું વર્ણન મળવું અસંભવ જ હોત!

૧ મ્યોર ગ્રંથ ૧, પૃ. ૨૧.

૨ એજન પૃ ૨૧.

આ તમામ વિવરણો અંગે કોઈ બીજું શું કહી શકે? બધાજ વિવરણો એકબીજાથી ભિન્ન છે. ચાર્તુવર્ણની ઉત્પત્તિ કોઈ 'પુરુષ' થી ગણાવે છે. તો કોઈ બ્રહ્મથી ગણાવે છે. કેટલાક એનું મૂળ ' પ્રજાપતિ ' બતાવે છે કે કેટલાક 'વ્રાત્ય'ને ગણે છે. એટલું જ નહીં એક જ સ્ત્રોતમાંથી આપવામાં આવેલાં વિવરણોમાં પણ ભિન્નતા છે. શુક્લ યજુર્વેદની બે વ્યાખ્યાઓ છે. એક ઉત્પત્તિનું સ્ત્રોત પુરુષને માને છે. જ્યારે બીજી વ્યાખ્યા પ્રજાપતિને ઉત્પત્તિનું સ્ત્રોત ગણાવે છે. કૃષ્ણ યજુર્વેદમાં ત્રણ પ્રકારના વર્ણનો જોવા મળે છે. જેના બે વર્ણનો પ્રજાપતિ સુષ્ટા ગણાવે છે અને એકમાં બ્રાહ્મણને સર્જક ગણ્યો છે.

અથર્વવેદમાં વળી ચાર વિવરણો છે. એકમાં 'પુરુષ'ને બીજામાં બ્રાહ્મણને અને ત્રીજામાં ' વ્રાત્ય'ને ઉત્પત્તિનું કારણ ગણાવ્યું છે. ચોથી વ્યાખ્યા તો આ ત્રણેય કરતાં જુદી જ છે. એનો મત સમાન છે પણ વિવરણ જુદું જ છે. બ્રહ્મ અને પ્રજાપતિના માધ્યમ સ્વરૂપે આપવામાં આવેલી વ્યાખ્યાઓ કાલ્પનિક છે. મનુ કે કાશ્યપના માધ્યમથી સ્વરૂપે આપવામાં આવેલાં વિવરણો માનવીય છે. એમાં આપવામાં આવેલી પરિકલ્પનાઓ ઉપદ્રવ જનક તો છે જ. એનું કોઈ ઐતિહાસિક મહત્ત્વ તો છે જ નહીં કે એનાથી કોઈ અર્થ સરે તેમ પણ નથી. પ્રોફે. મેક્સમૂલરે ' બ્રાહ્મણ ' અંગે પોતાની ટિપ્પણીમાં કહ્યું છે કે, [૧]

બ્રાહ્મણ ગ્રંથોમાં ચારવર્ણોની અને વિશેષ કરીને શૂદ્રોની ઉત્પત્તિ અંગે અધ્યયન અને સમીક્ષા કરતાં આપણને એવું લાગે છે. (જેમ પ્રોફે. મેક્સમુલરે શબ્દો વાપર્યાં છે) કે આ પરિકલ્પનાઓ વાસ્તવમાં ' મૂર્ખાઓનો બકવાસ ' છે. અથવા ગાંડા માણસનો નિરર્થક પ્રલાપ છે એટલે માનવીય સમસ્યાઓ અંગે અભ્યાસ કરનારને એમાંથી વિવરણો અને સ્પષ્ટતાઓ મળતી નથી. એટલે ઈતિહાસનું સંશોધન કરનારને આ સાહિત્ય ખરેખર કશા જ ખપનું નથી

૧ મેક્સ મૂલર; એન્શિયન્ટ સંસ્કૃત લિટરેચર (પાણિનિ ઓફીસ એડિશન) પૃ. ૨૦૦.

પ્રકરણ-3

શૂદ્રોની સ્થિતિ અંગેનો બ્રાહ્મણી સિધ્ધાંત

શૂદ્રોની ઉત્પત્તિ અંગે બ્રાહ્મણવાદી દષ્ટિકોણનું પૃથ્થકરણ આપણે કરી દીધું છે તે પુરતું છે. શૂદ્રોના નાગરિક દરજજા અંગે એમના દ્રષ્ટિકોણનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ તો આપણને લાગે છે કે, બનાવેલા વિધાનમાં શૂદ્રોની અયોગ્યતા અંગે લાંબી યાદી રજુ કરી છે અને એમને માથે કઠોર યાતના અને દંડ ઠોકી બેસાડવાનો ભયંકર પ્રબંધ કર્યો છે.

સંહિતાઓ અને બ્રાહ્મણગ્રંથોમાં શૂદ્રો માટેની ગેરલાયકાતો અને દંડ યાતનાઓ અંગે નીચે પ્રમાણેના ઉદાહરણો આપણે જોઈ શકીએ છીએ જે બ્રાહ્મણી કાનૂન બનાવનારાઓએ બનાવેલ છે.

(૧) કઠક સંહિતા (૩૧:૨) અને મૈત્રયાણી સંહિતા (૪:૧-૩) તથા (૧:૮-૩) અનુસાર વિધાન છે કે, “જે દૂધનો અગ્નિહોત્ર ઉપયોગ કરતો હોય એવું દૂધ શૂદ્રને દોહવા દેવું જોઈએ નહીં."

(૨) શતપથ બ્રાહ્મણ (૩:૧-૧-૧૦) તથા મૈત્રયાણી સંહિતા (૧૦:૧-૮-૬) તથા પંચવિશ બ્રાહ્મણ (૬:૨:૧૧) આ પ્રમાણે કહે છે; “યજ્ઞ કરતી વખતે શૂદ્ર સાથે વાત ન કરવી જોઈએ અને જયાં યજ્ઞ થતો હોય ત્યાં શૂદ્ર ઉપસ્થિત ન રહે."

(૩) શતપથ બ્રાહ્મણ (૧૪:૧-૩૧) અને કઠક સંહિતા (૧૧:૧૦) આગળ જણાવે છે કે, “શૂદ્રને સોમરસનું પાન કરાવવું જોઈએ નહીં.”

(૪) ઐત્તરેય બ્રાહ્મણ (૭:૨૯:૪) અને પંચવિશ બ્રાહ્મણ (૬:૧:૧૧)માં તો નિમ્નસ્તરે પહોંચીને એવી ઘોષણા કરી દીધી છે કે, 'શૂદ્ર તો બીજાઓનો સેવક છે. (એ સિવાય બીજું કશું જ હોઈ શકે નહીં.)'

પ્રારંભમાં જે નાનકડું વાદળું માણસની હથેળી જેવડું જ હતું તે વધતાં વધતાં પ્રચંડ તોફાન બનીને શૂદ્રો પર વરસી પડ્યું હોય એવું લાગે છે કારણ કે આપસ્તંભ, બોધાયન, જેવા સૂત્રકારો અને મનુ વગેરે જેવા સ્મૃતિકારો બનાવેલા નિયમો તો શૂદ્ર માટેના નિષેધોને એટલા મોટા પ્રમાણમાં વધારી દીધાં છે કે જેમાં વિવેક તો જોવા જ મળતો નથી. અને જેના અંગે વિચારી પણ શકાય તેમ નથી.

આ ગેરલાયકાતો એટલી તો ભયાનક છે કે એને જ્યાં સુધી પુસ્તકના રૂપમાં ન જોઈએ તો એના પર વિશ્વાસ જ મૂકી શકાય તેમ નથી. આ ગેરલાયકાતો એટલી વિપુલ સંખ્યામાં છે કે, એને પૂર્ણ રીતે અહીં ટાંકી શકાય એમ નથી. જે લોકોની આ બાબતમાં જાણકારી નથી એમને માટે કેટલાક ઉદાહરણ સ્મૃતિઓ અને સૂત્રમાંથી હું અહીં આપી રહ્યો છું. મેં કેટલાક ઠેરઠેર વિખરાયેલા સ્મૃતિકારો અને શ્રુતિકારોના વિધાનો સંકલિત કર્યા છે જેમાં શૂદ્રોની અયોગ્યતા અંગેના ઉલ્લેખ હિંદુઓનાં કાનૂની પુસ્તકોમાં આપેલા છે.

--૧--

(અ) આપસ્તંબ ધર્મ સૂત્રનું કહેવું છે કે,

"બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણો છે. એમાં પ્રત્યેક વર્ણ ક્રમશ: પોતાના પછીની વર્ષો કરતાં જન્મથી જ શ્રેષ્ઠ છે."[૧] આમાં શૂદ્ર અને જેમણે પતિત કાર્યો કર્યા છે એમને છોડીને સૌને ઉપનયન, (૧) જનોઈ ધારણ કરવી, (૨) વેદનું અધ્યયન અને (૩) યજ્ઞનો અગ્નિ પેટાવવો (એટલે કે યજ્ઞ કરવાનો અધિકાર)[૨] છે.

(બ) વશિષ્ટ ધર્મ સૂત્રનું કહેવું આવું છે,

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ચાર વર્ણો છે. એમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને દ્વિજ (બીજી વાર જન્મ લેનાર) કહેવામાં આવે છે. પ્રથમ જન્મ

૧ આપસ્તંબ સૂત્ર પ્રશ્ન ૧ પટલ ૧ ખંડ ૧ સૂત્ર ૪-૫

૨ આપસ્તંબ સૂત્ર પ્રશ્ન ૧ પટલ ૧ ખંડ ૧ સૂત્ર ૪-૫

માતાના ગર્ભમાંથી લેવામાં આવે છે. બીજો જન્મ યજ્ઞોપવીત સંસ્કારથી પ્રાપ્ત થાય છે. એમાં (બીજા જન્મમાં) સાવિત્રી માતા ગણાય છે અને શિક્ષક (ગુરુ)ને પિતા ગણવામાં આવે છે. તેઓ શિક્ષકને પિતા ગણે છે કારણ કે તે વેદનો અભ્યાસ કરાવે છે.[૧] ચારેય વર્ણ સંસ્કાર અને ઉત્પત્તિને કારણે (મૂળ વર્ણને લીધે) અલગ છે.

વેદની રુચાઓમાં કહેવામાં આવ્યું છે કે , "બ્રાહ્મણ એમના મુખમાંથી, ક્ષત્રિયો એમના બાહુઓમાંથી, વૈશ્યો એમની જાંગમાંથી અને શૂદ્રો એમના પગમાંથી પેદા થયા છે. "વેદોમાં એવુ પણ કહેવામા આવ્યું છે કે , શૂદ્રને ઉપનયનનો અધિકાર નથી. એણે બ્રાહ્મણને ગાયત્રી (મંત્રથી) ક્ષત્રિયને ત્રિષ્ટુભથી વૈશ્યને જગતિ (મંત્રથી)[૨] અને શૂદ્રને કોઈપણ પ્રકારના મંત્રના આહ્વાન વિના ઉત્પન્ન કર્યા."[3]

(ક) મનુસ્મરુતિ આ બાબતમાં નીચે પ્રમાણેનુ વિધાન કરે છે.

"વિશ્વની સમૃધ્ધી માટે મુખ, બાહુ, જાંગ અને ચરણોમાંથી ક્રમશ: બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રને વિધાતાએ ઉત્પન્ન કર્યા[૪]

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય દ્વિજ જાતિઓ ગણાય છે પણ ચોથા વર્ણ શૂદ્રને માત્ર એક જ જન્મ છે.[૫]

--(૨)--

(અ)આપસ્તંબ સૂત્રનુ કહેવુ છે કે,

ત્રૈવર્ણિકો (દ્વિજ) વેદપાઠ સ્મશાનભૂમિ કે એની નજીકમાં ન કરે પણ જો સ્મશાનભૂમિ પર ગામ વસેલું હોય અને જમીનને ખેતીલાયક બનાવવામાં

૧ આપસ્તંબ સૂત્ર પ્રકરણ ૨ સૂત્ર ૧-૪

૨ અધ્યાય ૨ શ્લોક ૧:૪.

૩ પ્રશ્ન ૧ પટલ ૩ ખંડ ૯સૂત્ર ૬-૧૧-અધ્યાય ૨ શ્લોક ૩૧.

૪ પ્રશ્ન ૧ પટલ ૩ ખંડ ૧૬ સૂત્ર ૨૧-૨૨ અધ્યાય ૧૧ શ્લોક ૪.

૫ પ્રશ્ન ૧ પટલ ૩ ખંડ ૯ સૂત્ર ૬-૧૧.

સ્મશાનભૂમિ તરીકે જ ઓળખાતું હોય તો ત્યા વેદપાઠ કરવો નિષેધ છે.

શૂદ્ર તથા અવર્ણ સ્મશાનની પરિભાષામાં સામેલ છે. આપસ્તંબ સૂત્ર સંખ્યા 6 એમના ઉપર લાગુ પાડવામાં આવી છે.કેટલાક લોકોનું કહેવું છે કે, જે મકાનમાં શૂદ્ર અને અવર્ણ રહેતા હોય ત્યાં વેદપાઠ કરવો જોઈએ નહી. જો વેદપાઠી શૂદ્ર અને સ્ત્રી એક બીજાને પાઠ કરતા જોઈ લે ત્યારે પઠનનુ કાર્ય સ્થગિત કરી દેવુ યં જોઈએ.૧

અપવિત્રતાવસ્થામાં જો બ્રાહ્મણ કે અન્ય ઉચ્ચ વર્ણીય જો કોઈ ખાદ્ય વસ્તુનો સ્પર્શ કરી દે તો તે અપવિત્ર બની જાય છે અખાદ્ય નહીં. પરંતુ જો કોઈ અપવિત્ર શૂદ્ર દ્વારા લાવવામાં આવ્યું હોય તો તે ખાવાને યોગ્ય રહેતું નથી. શૂદ્ર જો ભોજન કરતી વખતે સ્પર્શ કરી બેસે તો ભોજન કરનારે ભોજન છોડી દેવું જોઈએ.૨

(બ) વિષ્ણુસ્મૃતિ નીચે પ્રમાણે કહે છે,

દ્વિજની લાશને કોઈ શૂદ્ર દ્વારા કાંધ આપવી જોઈએ નહીં. (ભલે પછી તે મૃતકનો કોઈ સંબંધી જ કેમ ન હોય ! શૂદ્રની લાશને કોઈ દ્વિજ ન લઈ જાય.) માતા અને પિતાની લાશ એનો પુત્ર લઈ જાય. (જે પોતાના માતા પિતાની જાતિની સમકક્ષ હોય !) શૂદ્ર કોઈ દ્વિજની લાશને કદાપિ લઈ જાય નહીં. ભલેને પછી મૃતક એનો ખુદનો પિતા જ કેમ ન હોય ! ૩

(ક) વશિષ્ઠધર્મ સૂત્ર આ પ્રકારનું વર્ણન કરે છે,

'હવે અમે ખાદ્ય અને અખાદ્યની ઘોષણા કરીએ છીએ. ચિકિત્સક, શિકારી, વ્યભિચારિણી સ્ત્રી,મદ્યાધારી, ચોર, અભિશપ્ત નપુંસક (અથવા) જાતિમાંથી બહિષ્કૃત કરવામાં આવેલાનું ભોજન નહીં ખાવું જોઈએ, ન કોઈ કંજુસ, શ્રાદ્ધ કર્મ કરનાર, કેદી, રોગી, સોમના છોડનો વિક્રેતા. સુથાર, ધોબી,

૧ પ્રશ્ન ૧ પટલ ૫ ખંડ ૯ સૂત્ર ૬-૧૧

૨ પ્રશ્ન ૧ પટલ ૫ ખંડ ૧૬ સૂત્ર ૨૧-૨૨

૩ પ્રકરણ ૧૯ સૂત્ર ૧-૪

કલાલ, ગુપ્તચર, વ્યાજખોર અથવા મોચી કે ન તો કોઈ શૂદ્રનું આપેલું ભોજન ખાવું જોઈએ.૧ કેટલાક લોકો શૂદ્રના વંશને સ્મશાનભૂમિની સંજ્ઞા આપે છે. એટલે શૂદ્રોની સામે વેદ પાઠ કરવો જોઈએ નહીં. તેઓ યમ દ્વારા ઉદ્ઘોષિત નીચેની પંક્તિઓનું ઉદાહરણ રજુ કરે છે.

"દુષ્ટ શૂદ્ર જાતિ સ્પષ્ટ રીતે સ્મશાન ભૂમિ જેવી જ છે એટલે એની સમક્ષ (વેદ) પાઠ કરવો જોઈએ નહીં."

કેટલાક લોકો વેદાધ્યયનથી પવિત્ર બને છે. જયારે કેટલાક આત્મસંયમથી સંયમિત બની ઉપહારને યોગ્ય બને છે. પરંતુ બ્રાહ્મણ કે જેના પેટમાં શૂદ્રએ આપેલું ભોજન હોતું નથી તે ઉપહાર મેળવવા માટે સર્વોત્તમ પાત્ર છે.૨

જે (બ્રાહ્મણ)ના પેટમાં શૂદ્રનું અન્ન પડેલું છે એવો બ્રાહ્મણ મૃત્યુ પામે તો તે ગામના ભૂંડ (સુવર) તરીકે અથવા તો તે જ શૂદ્રના ઘરમાં (પછીના જન્મ વખતે) જન્મ ધારણ કરે છે. કારણ કે જે તે (બ્રાહ્મણ) જેનું શરીર શૂદ્રએ આપેલા અન્નથી પોષિત થયું હોય તો ભલેને તે રોજેરોજ વેદ પાઠ કરતો હોય અથવા અગ્નિહોત્ર કરે અથવા વંદના કરે પરંતુ તે કદાપિ ઉચ્ચપદ પ્રાપ્ત કરી શકતો નથી. શૂદ્રએ આપેલા ભોજન પછી તે સજાતિય પત્નીથી સંભોગ કરે અને પુત્ર પ્રાપ્તિ થાય તો તે પુત્ર પણ જે શૂદ્રનું ભોજન કર્યું છે તેના જેવો જ શૂદ્ર બની જાય છે, અને સ્વર્ગના દ્વાર એને માટે બંધ થઈ ગયેલા જોવા મળશે.

(ડ) મનુસ્મૃતિનો આદેશ છે કે,

તે (બ્રાહ્મણ) શૂદ્રરાજાના રાજયમાં નિવાસ ન કરે કે, ન તો એવા સ્થળે નિવાસ કરે જ્યાં ચોર, ડાકુ, છળકપટી વગેરે દુરાત્માઓની વસ્તીથી ઘેરાયેલું હોય અથવા નાસ્તિક વેદનિંદકોની આતંકિત હોય અથવા જયાં ચાંડાલ વગેરે અધમ જાતિને કારણે ઉપદ્રવ થતો હોય.૩

૧ પ્રકરણ૧૮ સૂત્ર ૧૧- ૧૫

૨ પ્રકરણ ૬ ૨૭-૨૯.

૩ મનુસ્મૃતિ પ્રકરણ ૪ શ્લોક ૬૧.

શૂદ્રને ત્યાં યજ્ઞ કરનાર બ્રાહ્મણને શ્રાદ્ધ કર્મ કરાવનાર બ્રાહ્મણે ભોજન માટે આમંત્રિત કરવો જોઈએ નહીં. જે બ્રાહ્મણો આવું કાર્ય કરે છે એમને ભોજન કરાવવાનું પુરેપુરુ ફળ જે યજમાનને મળવાનું હોય છે તે મળતું નથી.૧

મૃત શૂદ્રને નગરની દક્ષિણ દિશામાં, વૈશ્યને પશ્ચિમ દિશામાં, ક્ષત્રિયને ઉત્તર દિશામાં તથા બ્રાહ્મણને પૂર્વ દિશાના દ્વારથી લઈ જવામાં આવે.'૨

---3---

(અ) આપસ્તંબ ધર્મસૂત્રનું કહેવું છે કે,

બ્રાહ્મણે જમણી ભુજા કાનની ઊંચાઈ સુધી ઊંચો ઉઠાવીને, ક્ષત્રિયએ છાતી ની ઊંચાઈ એ, વૈશ્યે કમર ની ઊંચાઈ સુધી તથા શૂદ્ર બન્ને હાથ જોડીને નીચે તરફ હાથ ફેલાવીને પ્રથમ પ્રણામ કરે. (૧-૨-૫-૧)૩ પ્રત્યુત્તરમાં પ્રથમ (ત્રણ) વર્ણો સાથે સંબંધિત મનુષ્યનું ઉચ્ચારણ કરનાર અંતિમ શબ્દ ત્રણ આંગળ નીચે હાથ ઊઠાવીને કરે. (૧-૨-૫-૧૭)૪

જો કોઈ બ્રાહ્મણને ત્યાં શૂદ્ર અતિથિ બનીને આવે તો એણે (બ્રાહ્મણે) એની પાસે કંઈક કામ કરાવીને જ ભોજન આપવું જોઈએ; નહીં તો તેનું સન્માન થઈ ગયું ગણાશે અથવા (બ્રાહ્મણનો) દાસ રાજકીય ભંડારમાંથી (ચોખા) લાવીને શૂદ્રને આપીને એનો અતિથિ - સત્કાર કરે (૨-૨-૪-૧૯-૨૦)૫

(બ) વિષ્ણુસ્મૃતિનો આદેશ છે

અતિથિ સત્કાર કરવામાં અથવા દેવયજ્ઞ કરવામાં અથવા શ્રાદ્ધ કર્મ

૧ મનુસ્મૃતિ પ્રકરણ ૩ શ્લોક ૧૭૮.
૨ મનુસ્મૃતિ પ્રકરણ ૫ શલોક ૫-૯૨.
૩ પ્રશ્ન ૧ પટલ ૨ ખંડ ૫ સુત્ર ૧.
૪ પ્રશ્ન ૧ પટલ ૨ ખંડ ૫ શ્લોક ૧
૫ આપસ્તંબ ધર્મ સુત્ર પ્રશ્ન ૨ પટલ ૨ ખંડ ૪ સુત્ર ૧૯-૨૦.

કરવામાં તેને (શૂદ્રને) ભોજન કરાવવાનો દંડ (એક સો પણ) છે.[૧] (૫ - ૧૧ ૫)

(ક) મનુસ્મૃતિના આદેશ છે કે,

દસ વર્ષનો બ્રાહ્મણ સો વર્ષના ક્ષત્રિયનો પિતા તુલ્ય છે. ક્ષત્રિય પુત્ર સમાન અને બ્રાહ્મણ પિતા સમાન છે. ધન, બન્ધુ, અવસ્થા, કર્મ અને વિદ્યા આ પાંચ માન્ય સ્થાન ઉત્તરોત્તર એક બીજા કરતાં ચડિયાતા છે. ત્રણેય વર્ણોમાં ઉપરોક્ત પાંચ ગુણોમાં જેની પાસે જેટલા અધિક ગુણ હોય તે એટલો જ માન્ય બને છે. (પરંતુ) શૂદ્ર ગમે તેટલો સર્વગુણ સંપન્ન હોય તો પણ ૯૦ વર્ષની ઉંમર (પછી જ) સન્માનપાત્ર (એના પહેલાં નહી) થાય છે.[૨]

અધિક ઉમર હોવાથી વાળ સફેદ થઈ ગયા હોય તેથી, અધિક ધનવાન થવાથી, અથવા અધિક પરિવાર ધરાવવાથી કોઈ મોટો થઈ જતો નથી.

ઋષિઓએ એવી વ્યવસ્થા કરી છે કે વેદ-વેદાંગનો જ્ઞાની જ સૌથી મોટો ગણાયછે. જ્ઞાનથી બ્રાહ્મણોનું, બળથી ક્ષત્રિયનું, ધનધાન્યથી વૈશ્યોનું અને જન્મથી શૂદ્રોનું માન થાય છે. કેવળ શરીરના પાકટ વાળથી કોઈ વૃધ્ધ ગણાતો નથી. પરંતુ વેદ-વેદાંગને જાણનારો અલ્પાયુ હોવા છતાંય વૃધ્ધની સમાન છે. એવું દેવોનું કથન છે. (૨-૧૫૪-૧૫૬)[૩]

હવે બ્રાહ્મણના ઘરમાં ક્ષત્રિય કે વૈશ્ય કે શૂદ્ર કે તેના મિત્રો અને ગુરુ અતિથિ ગણવામાં આવતા નથી. જો કોઈ ક્ષત્રિય અતિથિ તરીકે આવે તો પહેલા સ્વયં ભોજન કરે અને ત્યારબાદ જ બ્રાહ્મણ એને ભોજન આપે. જો વૈશ્ય અને શૂદ્ર બ્રાહ્મણના અતિથિના રૂપમાં આવે તો એણે સેવકોની સાથે દયાભાવ પ્રદર્શિત કરીને જ ભોજન આપવું. (૩-૧૧૦-૧૧૨)[૪]

૧ વિષ્ણુસ્મૃતિ પ્રકરણ ૫ સુત્ર ૧૧૫.

૨ મનુસ્મૃતિ પ્રકરણ ૨ સુત્ર ૧૩૫-૧૩૭

૩ મનુસ્મૃતિ પ્રકરણ ૨ સૂત્ર ૧૫૪-૧૬૫

૪ મનુસ્મૃતિ પ્રકરણ ૩ સૂત્ર ૧૧૦-૧૧૨

-- ૪ --

(અ) આપસ્તંબ ધર્મસૂત્ર અનુસાર

ક્ષત્રિયના હત્યારાને એક હજાર ગાયો, વૈશ્યોના હત્યારાને એક સો ગાયો, અને શૂદ્રના હત્યારાને દસ ગાયો બ્રાહ્મણને દાન કરીને પ્રાયશ્ચિત કરવું પડશે. (૧-૯-૨૪-૧-૩)[૧]

(બ) ગૌતમ ધર્મસૂત્ર અનુસાર

ક્ષત્રિય બ્રાહ્મણને અપશબ્દ કહે તો એક સો કર્ષપણ, આઘાત કરે તો એનાથી બમણો દંડ આપે. બ્રાહ્મણને અપશબ્દ કહેવા બદલ વૈશ્યને ક્ષત્રિય કરતા દોઢ ગણો દંડ આપવો પડશે. એનાથી વિપરીત બ્રાહ્મણ જો ક્ષત્રિયને અપશબ્દ કહે તો તેણે અડધો (એટલે પચાસ) કર્ષપણ દંડ આપે. એજ પ્રકારે વૈશ્યને અપશબ્દ કહે તો બ્રાહ્મણે ક્ષત્રિયની અપેક્ષાએ અડધો જ દંડ આપવો. પરંતુ શૂદ્રને જો અપશબ્દ કહે તો કંઈજ દંડ ન આપે. (૧૨-૮-૧૩)[૨]

(ક) બૃહસ્પતિ ધર્મસૂત્ર અનુસાર

બ્રાહ્મણ ક્ષત્રિયને અપશબ્દ કહે તો પચાસ 'પણ', વૈશ્યને અપશબ્દ કહેતો પચ્ચીસ 'પણ' અને શૂદ્રને અપશબ્દ કહે તો સાડા બાર 'પણ' દંડ આપવો પડશે. આ દંડ કેવળ ગુણવાન શૂદ્રને અપશબ્દ કહેવા પુરતો જ છે. અર્થાત્ જેણે પોતાના શૂદ્રત્વનો સ્વીકાર સ્વેચ્છાએ સ્વીકાર્યો છે અને સેવારત છે અને અપરાધ ન કર્યો હોય આનાથી વિપરીત બ્રાહ્મણ દ્વારા કોઈ અધાર્મિક શૂદ્રને અપશબ્દ કહેવા ઉપર કોઈ જ દંડ નિર્ધારીત નથી.

વૈશ્ય જો ક્ષત્રિયને અપશબ્દ કહે તો એક સો 'પણ' દંડ આપવો પડશે. પરંતુ ક્ષત્રિય દ્વારા વૈશ્યને અપશબ્દ કહેવાયો હોય તેને એને અડધો જ દંડ આપવાનો રહેશે. ક્ષત્રિય દ્વારા શૂદ્રને ગાળ ભાંડવામાં આવે તો કેવળ વીસ 'પણ' દંડ દેવો પડશે. પરંતુ વૈશ્ય શૂદ્રને અપશબ્દ કહે તો બેવડો દંડ આપવો

૧ આપસ્તંભ ધર્મસૂત્ર પ્રશ્ન ૧ પટલ ૯ ખંડ ૨૪ સૂત્ર ૧-૩

૨ ગૌતમ ધર્મસૂત્ર પ્રકરણ ૧૨ સૂત્ર ૧૨-૧૩

પડશે. એનાથી વિપરીત શૂદ્ર દ્વારા વૈશ્યને અપશબ્દ કહેવાયો હોય તો પ્રથમ ઉલ્લેખિત દંડ, ક્ષત્રિયના કહેવાથી મધ્યમ અને બ્રાહ્મણના કહેવાથી ઉચ્ચતમનો ભોગવનાર બનશે. (૨૦-૭-૧૧)[૧]

(ડ) મનુસ્મૃતિ અનુસાર

"બ્રાહ્મણને કટુવચન કહેનાર ક્ષત્રિયને એક સો 'પણ' વૈશ્યને એક સો પચાસ 'પણ' અથવા બસો 'પણ' પરંતુ શૂદ્રને પ્રાણ દંડ આપવો જોઈએ. એનાથી વિપરીત જો બ્રાહ્મણ ક્ષત્રિયને કટુવચન કહે તો પચાસ 'પણ' વૈશ્યને કહે તો પચ્ચીસ 'પણ' પરંતુ શૂદ્રને કહે તો કેવળ સાડાબાર 'પણ' દંડ આપવો જોઈએ." (૮-૨૬૭-૨૬૮)[૨]

બ્રાહ્મણ જો ક્ષત્રિયની હત્યા કરે તો પોતાની સંપત્તિનો ચોથો ભાગ. જો પોતાના કર્તવ્યમાં સંલગ્ન વૈશ્યની હત્યા કરે તો આઠમો ભાગ અને શૂદ્રની હત્યા કરે તો સોળમો ભાગ આપીને પ્રાયશ્ચિત કરી શકે છે.[૩]

જો અજાણતા બ્રાહ્મણના હાથે ક્ષત્રિયની હત્યા થઈ જાય તો એક બળદ અને એક હજાર ગાય બ્રાહ્મણને દાન કરે અથવા ત્રણ વર્ષ સુધી ગામની બહાર વૃક્ષ નીચે રહી જટા વધારી પ્રાયશ્ચિત કરે.

પોતાની વૃત્તિમાં સંલગ્ન વૈશ્યની અજાણતા હત્યા જો બ્રાહ્મણ દ્વારા થાય તો એક વર્ષ સુધી પ્રાયશ્ચિત કરે અને એક સો ગાય બ્રાહ્મણને દાન કરે. પરંતુ શૂદ્રનો અજ્ઞાનવશ વધ થઈ જાય તો છ મહિના સુધી પ્રાયશ્ચિત કરે અને એક સફેદ બળદ અને દસ ગાય બ્રાહ્મણને દાન કરે.[૪]

(ઈ) વિષ્ણુસ્મૃતિ અનુસાર

જે અંગથી નિમ્નવર્ણનો મનુષ્ય પોતાના કરતાં ઉચ્ચવર્ણનાનું અપમાન

૧ બૃહસ્પતિ ધર્મસૂત્ર પ્રકરણ ૨૦ સૂત્ર ૭-૧૧

૨ મનુસ્મૃતિ પ્રકરણ ૮ સૂત્ર ૨૬૭-૨૬૮

૩ મનુસ્મૃતિ પ્રકરણ ૧૧ સૂત્ર ૧૨૬

૪ મનુસ્મૃતિ પ્રકરણ-૧૧ સૂત્ર ૧૨૭ - ૧૩૧

કરે અથવા આઘાત કરે, તો રાજા એને એ અંગથી વંચિત કરી દે. જો સમાન આસન ઉપર બેસી જાય તો રાજા એના કુલા ઉપર દાગ ચાંપે અને એનો દેશ નિકાલ કરે. જો થૂંકી દે તો એના બન્ને હોઠ કપાવી નાખે. જો તે વાયુ વિસર્જિત (પાદે) કરે તો એનો પાછલો ભાગ કાપી નાખે. જો ગાળ ભાંડે તો એની જીભ કપાવી નાખે. એવી જ રીતે નિમ્નવર્ણમાં ઉત્પન્ન થયેલો પુરુષ પોતાનાથી ઉચ્ચવર્ણની (વ્યક્તિને) ગર્વોક્તિ કરીને કર્તવ્ય સંબંધી કંઈક સલાહ આપે તો રાજા એના મોંમાં ગરમ તેલ રેડાવે. જો શૂદ્ર ઉચ્ચવર્ણવાળાને અપમાનિત નામથી બોલાવે તો એની જીભમાં દસ આંગળનો ખીલો લાલચોળ ગરમ કરીને ઘુસાડી દે.[૧]

---૫---

(અ) બૃહસ્પતિ સ્મૃતિ અનુસાર -

"જો શૂદ્ર ધર્મોપદેશ કરે અથવા વેદોચ્ચાર કરે અથવા બ્રાહ્મણનું અપમાન કરે તો એની જીભ કાપી નાખવી જોઈએ." (૧૨ : ૧૨) [૨]

(બ) ગૌતમધર્મસૂત્ર અનુસાર -

હવે જો તે જાણીબુઝીને વેદપાઠનું શ્રવણ કરે, તો એના કાનમાં ધખધખતું સીસું અથવા લાખ રેડાવી દે. જો તે વેદપાઠ કરે તો એની જીભ કપાવી નાખવી જોઈએ. (૨૦-૪-૬)[૩]

(ક) મનુસ્મૃતિ અનુસાર -

વેતન લઈને ભણાવનાર, વેતન આપીને ભણનાર, શૂદ્ર દ્વારા ભણનાર અથવા શૂદ્રને ભણાવનાર, કટુભાષી સધવા અથવા વિધવાના પેટથી પરપુરુષ દ્વારા ઉત્પન્ન કરાયેલો બ્રાહ્મણ દેવ અને પિતૃઓ બંન્નેને માટે ત્યાજ્ય છે.[૪](૩-૧૫૬)

૧ વિષ્ણુસ્મૃતિ પ્રકરણ ૫ સૂત્ર ૧૯-૨૫
૨ બૃહસ્પતિ સ્મૃતિ પ્રકરણ ૧૨ સૂત્ર ૧૨
૩ ગૌતમધર્મસૂત્ર પ્રકરણ ૨૦ સૂત્ર ૪-૬
૪ મનુસ્મૃતિ પ્રકરણ-૩ સૂત્ર-૧૫૬.

શૂદ્રને સલાહ ન આપવી. ઉચ્છીષ્ટ યજ્ઞનો હવિનો શેષાંશ ન આપે, એને ધર્મ અને વ્રતનો પ્રત્યક્ષ ઉપદેશ પણ ન આપે. જે એને પ્રત્યક્ષ ધર્મનો ઉપદેશ કે વ્રતનો આદેશ કરે છે, તે શૂદ્રની સાથે અસંવૃત નામના અંધકારમય નરકમાં જઈને પડે છે.૧

સ્વર, વર્ણ વગેરેનો સ્પષ્ટ ઉચ્ચારણ કર્યા વીના અથવા શૂદ્રોની સમીપ વેદ-પાઠ ન કરવો. રાતના પાછલા પહોરમાં વેદ ભણીને થાકેલા બ્રાહ્મણે સુઈ ન રહેવુ જોઈએ. (૪-૯૯)૨

--૬--

આ પ્રમાણે મનુસ્મૃતિનું કહેવુ છે.

"બ્રાહ્મણ શૂદ્રનું ધન રોકટોક વિના લઈ શકે છે. કારણ કે શૂદ્રનું પોતાનું ગણાય એવું ધન હોતું જ નથી. એનું તમામ ધન એના સ્વામીનું જ છે. (૮-૪૧૭)૩ ધન સંચય કરવામાં સમર્થ હોય તો પણ શૂદ્રએ એનો સંગ્રહ કરવો ન જોઈએ કારણ કે ધન પ્રાપ્ત કરીને તે બ્રાહ્મણને જ સતાવે છે "૪ (૧૦-૧૨૯)

--૭--

રાજાના માટે મનુસ્મૃતિએ આદેશ આપેલો છે કે,

"માત્ર જાતિના નામે જીવનારો અથવા નામથી બ્રાહ્મણ કહેનારો પણ ધર્મનો પ્રવક્તા થઈ શકે છે. શૂદ્ર નહિ, જે રાજાને ત્યાં શૂદ્ર ન્યાયકર્તા હોય એ દેશ કીચડમાં ખૂંપી ગયેલી ગાયની જેમ દુઃખ પામે છે. જે દેશમાં શૂદ્રો અધિક હોય, નાસ્તિકોથી આક્રાંત હોય અને એક પણ બ્રાહ્મણ ન હોય તે (દેશ) તરત જ દુકાળ અને રોગથી પીડિત થઈને નષ્ટ થઈ જાય છે." (૮-૨૦-૨૨) ૫

૧ મનુસ્મૃતિ પ્રકરણ-૪ શ્લોક-૭૮થી૮૧.

૨ મનુસ્મૃતિ પ્રકરણ-૪ શ્લોક-૯૯.

૩મનુસ્મૃતિ પ્રકરણ-૮ શ્લોક-૪૧૭.

૪મનુસ્મૃતિ પ્રકરણ-૧૦ શ્લોક-૨૧૯.

૫ મનુસ્મૃતિ પ્રકરણ ૮ શ્લોક ૨૦-૨૨

--૮--

(અ) આપસ્તંબ ધર્મસૂત્રનું કથન છે કે,

"ધર્મપાલન કરનાર તપસ્વી તથા બ્રાહ્મણના ચરણ ધોઈને પીનાર શૂદ્ર, આંધળા, બહેરા, બોબડા અને રોગીને (જ્યાં સુધી અશક્ત રહે ત્યાં સુધી) મુક્ત રાખવા જોઈએ. (૨-૧૦-૨૬-૧૪-૧૬) **૧**

શૂદ્રનો ધર્મ છે કે, ત્રણેય વર્ણની સેવા કરે. તે ઉચ્ચવર્ણની જેટલી સેવા કરશે એને એટલો જ પુણ્યલાભ થાય છે.(૧, ૧, ૧,૭-૮)**૨**

(બ) મનુસ્મૃતિનું કથન નીચે મુજબ છે.

મહા તેજસ્વી (બ્રહ્મા)એ વિશ્વની રક્ષા કરવાના હેતુથી મુખ, બાહુ, જાંગ અને પગમાંથી ઉત્પન્ન થનારાં જીવોના પૃથ્થક કર્મો નિર્ધારિત કરેલાં છે. બ્રાહ્મણને માટે અધ્યયન, અધ્યાપન, યજ્ઞ કરવા, યજ્ઞ કરાવવા, દાન આપવું અને લેવું એવા છ કર્મો નિશ્ચિત કરેલા છે. ક્ષત્રિયને માટે રક્ષણ કરવું, દાન યજ્ઞ કરવા, ભણવું, વિષય ભોગમાં આસક્ત ન રહેવું એવા પાંચ કર્મો નિર્ધારિત કર્યા છે.

પશુઓની રક્ષા કરવી, દાન, યજ્ઞ, રોજગાર, કૃષિ વગેરેનો ઉદ્યમ કરવો, ભણવું અને વ્યાજે પૈસા ધીરવા એ વૈશ્યોનું કર્મ છે. શૂદ્રને માટે ઉપરોક્ત ત્રણેય વર્ણોની કોઈ પણ જાતની અપેક્ષા વિના સેવા કરવાનું ઈશ્વરે નક્કી કર્યું છે.**૩**

--૯--

(અ) આપસ્તંબ ધર્મસૂત્રનું કહેવું છે કે,

"શૂદ્ર સ્ત્રી સાથે દ્વિજ વર્ણનો પુરુષ વ્યભિચાર કરે તો એને દેશ નિકાલ

૧ આપસ્તંબ સૂત્ર પ્રશ્ન ૨ પટલ ૧૦ ખંડ ૨૬ સૂત્ર ૧૪ - ૧૬

૨ મનુસ્મૃતિ પ્રકરણ ૧ શ્લોક ૮૭-૯૧

૩ આપસ્તંબ સૂત્ર પ્રશ્ન ૧ પટલ ૧ ખંડ ૨૬ સૂત્ર ૧૪-૧૬

કરવો. એનાથી વિપરીત જો શૂદ્ર કોઈ દ્વિજ સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો તે પ્રાણદંડનો દોષી ગણાશે." (૨ -૧૦ - ૨ ૭-૯૯)૧

(બ) ગૌતમ ધર્મસૂત્રનું કથન છે કે,

જો શૂદ્ર આર્ય સ્ત્રી સાથે સંભોગ કરે તો એનું લિંગ કાપી નાખવું અને એની સમસ્ત સંપત્તિ જપ્ત કરી લેવામાં આવે. પરંતુ સ્ત્રીના વાલી વારસ હોય તો શૂદ્રનું લિંગ કાપી અને પ્રાણદંડ આપવામાં આવે. (૧૨ - ૨ - ૩)૨

(ક) મનુસ્મૃતિનો આદેશ છે કે,

ઉચ્ચવર્ણની કન્યા સાથે પ્રેમ કરનાર શૂદ્ર વધને યોગ્ય છે. સમાન વર્ણની કન્યા સાથે સહવાસ કરનાર કન્યાના પિતાને ધનથી સંતુષ્ટ કરીને વિવાહ કરી લે.(૧-૬૬)૩

જો શૂદ્ર એના વાલી વારસો કે સંસ્કારો હોય કે ન હોય એવી દ્વિજ સ્ત્રીની સાથે વ્યભિચાર કરે તો રાજા એનું લિંગ કપાવી નાખી એનું સર્વસ્વ હરણ કરી લે અને વાલીવારસ વાળી સ્ત્રીની સાથે વ્યભિચાર કરે તો એનું સર્વસ્વ હરણ કરીને અને પ્રાણદંડ આપે.૪

દ્વિજ જાતિઓ પોતાની કન્યાઓ સાથે વિવાહ કરે એ શ્રેષ્ઠ છે. કામવાસનાને કારણે વિવાહ કરનારને માટે નિમ્ન જાતીની સ્ત્રીઓ પણ શ્રેષ્ઠ છે.

શૂદ્ર કેવળ શૂદ્ર સ્ત્રી સાથે, વૈશ્ય વૈશ્ય સ્ત્રી અને શૂદ્ર સ્ત્રી સાથે. ક્ષત્રિય - ક્ષત્રાણી, વૈશ્ય સ્ત્રી અને શૂદ્ર સ્ત્રી સાથે વિવાહ કરી શકે છે. પરંતુ બ્રાહ્મણ ચારે વર્ગોની કન્યા સાથે લગ્ન કરવાનો અધિકાર ધરાવે છે.૫

૧ આપસ્તંબ ધર્મસૂત્ર પ્રશ્ન ૨ પટલ ૧૦ ખંડ ૨૭ સૂત્ર ૮-૯

૨ ગૌત્તમ ધર્મસુત્ર પ્રકરણ ૧૨ સૂત્ર ૨-૩

૩ મનુસ્મૃતિ પ્રકરણ ૧ સૂત્ર ૩૬૬૧

૪ એજન પૃ. ૩૭૪

૫ એજન પ્રકરણ 3 સૂત્ર ૧૭-૧૯

બ્રાહ્મણ અને ક્ષત્રિયને સ્વર્ણ સ્ત્રી ન મળે તો પણ શૂદ્ર સ્ત્રીને સ્ત્રી બનાવવાનો ઈતિહાસમાં કોઈ આદેશ છે નહીં જે દ્વિજ મોહવશ હીન જાતિ (શૂદ્ર)ની કન્યા સાથે વિવાહ કરે છે. તે સંતાન સહિત પોતાના વંશને તરત જ શૂદ્ર બનાવી દે છે. (૩-૧૨-૧૫)૧

બ્રાહ્મણ પુરુષ શૂદ્ર સ્ત્રી સાથે સંભોગ કરવાથી અધોગતિ (નરક) પ્રાપ્ત કરે છે અને એનાથી પુત્ર ઉત્પન્ન કરીને બ્રાહ્મણપદથી વંચિત બની જાય છે. વિવાહિત શૂદ્ર સ્ત્રીના હાથનું બનાવેલું હવ્ય, દેવતા, પિતૃઓ ગ્રહણ કરતા નથી. શૂદ્ર સ્ત્રીનો આવો પતિ સ્વર્ગમાં પણ જઈ શકતો નથી. શૂદ્ર સ્ત્રીનો પતિ આવા આતિથ્યથી સ્વર્ગમાં પણ જઈ શકતો નથી. જે શૂદ્ર સ્ત્રીના અધરોનું પાન કરે છે તે પોતાના પ્રાણવાયુને દૂષિત કરી એનાથી પુત્ર ઉત્પન્ન કરે છે; એની મુક્તિનો કોઈ ઉપાય છે જ નહીં.૨

-- ૧૦ --

(અ) વશિષ્ટ ધર્મસૂત્રનું કથન છે કે,

દ્વેષભાવ રાખવો, ઈર્ષા કરવી, અસત્ય ભાષણ કરવું, બ્રાહ્મણની નિંદા કરવી અને ક્રૂરતા આચરવી એ શૂદ્રોના લક્ષણો છે.૩

(બ) વિષ્ણુસ્મૃતિનું કહેવું છે કે,

બ્રાહ્મણનું નામ મંગલકારી, ક્ષત્રિયનું નામ બળશાળી, વૈશ્યનું ધનસંપત્તિશાળી અને શૂદ્રનું નામ ઘૃણાસ્પદ રાખવામાં આવે.૪ (૨૭-૬ -૯)

(ક) ગૌત્તમ ધર્મસૂત્રનું કથન છે કે,

શૂદ્ર ચોથા વર્ણનો છે અને એનો એક જ જન્મ છે. એનું કામ ત્રણેય ઉચ્ચવર્ણોની સેવા કરવાનું છે. શૂદ્રો સેવા દ્વારા જીવીકોપાર્જન કરે. એમના ઉતરેલા જોડા પહેરે અને એમનો એંઠવાડ જમે. કોઈ દ્વિજને અપમાનજનક

૧ એજન ૩ સૂત્ર ૧૨ -૧૫
૨ એજન પ્રકરણ ૩ સૂત્ર ૧૭-૧૯
૩ વશિષ્ટ ધર્મસૂત્ર પ્રકરણ ૬ સૂત્ર ૨૪
૪ વિષ્ણુસ્મૃતિ પ્રકરણ ૨૭ સૂત્ર ૬ -૯

ગાળ ભાંડવી, એને મુક્કો મારવો એવું શૂદ્ર કરે તો એનાં અંગ કાપી નાખવા. બેસવામાં, સુઈ જવામાં, વાર્તાલાપ કરવામાં કે સડક ઉપર ચાલવામાં જો શૂદ્ર દ્વિજની બરાબરી કરે તો એને શારીરિક દંડ આપવો.(૧૦-૫૦-૫૬-૫૯ તથા ૧૨ -૧-૭)૧

(ડ) મનુસ્મૃતિનું વિધાન છે કે,

જો બ્રાહ્મણ લોભ અથવા પ્રભુત્વને કારણે ઉપનયન ધારી દ્વિજ જાતિઓ પાસે એમની ઈચ્છા વિરુધ્ધ કામ કરાવે તો એને રાજા છસો 'પણ' દંડ કરે. શૂદ્ર ખરીદેલો હોય કે, ખરીદેલો ન હોય, એનાથી નોકરનું કામ લેવું જોઈએ. કારણ કે બ્રહ્માએ એને બ્રાહ્મણની સેવા માટે જ નિર્મિત કર્યો છે. સ્વામી કહે તો પણ શૂદ્ર સેવા નિવૃત ન થઈ શકે, કારણ કે એ એની સ્વાભાવિક વૃત્તિ છે. એને કોણ અલગ પાડી શકે?૨ (૮-૪૧૨-૪૧૪)

જેમજેમ તે અનિંદક બનીને સજ્જનવૃત્તિને કરતો રહે છે તેમતેમ આ લોકમાં કીર્તિ અને પરલોકમાં સ્વર્ગને પ્રાપ્ત કરે છે. ૩ (૧૦-૧૨૮)

વેદજ્ઞ બ્રહ્મણોની અને યશસ્વી ગૃહસ્થોની સેવા કરવી એજ શૂદ્રને સ્વર્ગ આપનારો પરમધર્મ છે. પ્રયત્ન અને વાણીથી પવિત્ર રહેનારી શ્રેષ્ઠ જાતિઓની સેવા કરનારો મધુરભાષી, અહંકાર રહિત, એમનો આશ્રિત રહીને શૂદ્ર પોતાનાથી ઉત્કૃષ્ટ જાતિ (બીજા જન્મમાં)પ્રાપ્ત કરે છે. (૯-૩૩૪-૩૩૫) ૪

બ્રાહ્મણની સેવા કરવાથી શૂદ્રના જીવનનો નિર્વાહ ન થાય તો તે ક્ષત્રિયની સેવા કરે અને તેમ છતાં તેનાથી પણ નિર્વાહ ન થાય તો વૈશ્યની સેવા કરે. તે સ્વર્ગની પ્રાપ્તિ કરવાના હેતુથી અથવા બન્ને - સ્વાર્થ અને પરમાર્થ હેતુથી બ્રહ્મણોની સેવા કરે. આ શૂદ્રની (બ્રાહ્મણની સેવા કરવી) એવી પ્રસિધ્ધિ

૧ ગૌતમ ધર્મસૂત્ર પ્રકરણ ૧૦, સૂત્ર ૫૦, ૫૬, ૫૯ અને પ્રકરણ ૧૨ સૂત્ર ૧-૭

૨ મનુસ્મૃતિ પ્રકરણ ૮ સૂત્ર ૪૧૨-૪૧૪

૩ મનુસ્મૃતિ પ્રકરણ ૧૦ શ્લોક ૧૨૮

૪ મનુસ્મૃતિ પ્રકરણ ૯ શ્લોક ૩૩૪-૩૩૫

એના માટે અત્યંત આનંદ દાયક છે. બ્રાહ્મણની સેવા કરવી એ શૂદ્રનું વિશિષ્ટ કર્મ કહેવામાં આવ્યું છે. આ કાર્યથી અલગ તે જે પણ કાર્ય કરે તે નિષ્ફળ હોય છે. તે શૂદ્રની (સેવારત) શક્તિ, કાર્યકુશળતા અને કુટુંબનો પરિગ્રહ (પરિવારને કારણે પોષણ માટેનો ખર્ચ) જોઈને બ્રહ્મણે પોતાના પરિવારથી યથાર્થ પ્રયત્ન કરવો જોઈએ.

એ શૂદ્રને એંઠવાડ (જમ્યા પછી વધેલું) ઉતરેલા કપડાં, નકામું ધાન્ય જુનાં કપડાં અને પાથરવાનું આપવું જોઈએ. (૧૦ -૧૨૧ -૧૨૫) **૧**

બ્રાહ્મણનું મંગલ સુચક, ક્ષત્રિયનું બળ સૂચક, વૈશ્યનું ધન સૂચક અને શૂદ્રનું નિંદા સૂચક નામ રાખવું જોઈએ.

બ્રાહ્મણનું સમૃદ્ધિયુક્ત, ક્ષત્રિયનું રક્ષણયુક્ત, વૈશ્યનું ધનયુક્ત અને શૂદ્રનું સેવાયુક્ત નામ હોવું જોઈ. **૨** (૨-૩૧-૩૨)

શૂદ્ર જો સ્ત્રીને ક્રૂર વચન કહે તો એની જીભમાં છેદ પાડી દેવો જૉઈએ. કારણ કે (શૂદ્રની) એની ઉત્પત્તિ પાપમય સ્થાનથી થયેલી છે. શૂદ્ર જો ઈર્ષાવશ દ્વિજ જાતિઓનું નામ લઈને ખરાબ વાત કહે તો દસ આંગળની સળગતો લોખંડનો સળિયા એના મોંમાં ખોસી દેવો જોઈએ. જો તે અહંકારવશ કોઈ બ્રાહ્મણને ધર્મનો ઉપદેશ કરે તો રાજાએ એના મોં અને કાનમાં ઊકળતું તેલ નાખવું જોઈએ.**૩** (૮-૨૭૦-૨૭૨)

અંત્ય જ દ્વિજને જે અંગથી મારે એનું એ જ અંગ કપાવી નાખવું જોઈએ. મનુનો આ આદેશ છે.

જો દ્વિજને મારવા માટે હાથ કે લાકડી ઉગામી હોય તો એનો હાથ કપાવી નાખવો જોઈએ અને ક્રોધથી બ્રાહ્મણને લાત મારી હોયતો એનો પગ કપાવી નાખવો જોઈએ.

૧ મનુસ્મૃતિ પ્રકરણ ૧૦ શ્લોક ૧૨૪-૧૨૫

૨ મનુસ્મૃતિ પ્રકરણ ૨ શ્લોક ૩૧-૩૨

૩ મનુસ્મૃતિ પ્રકરણ ૮ શ્લોક ૨૭૦-૨૭૨

જે નીચ વર્ણ બ્રાહ્મણ વગેરેની સાથે સમાન આસન ઉપર બેસવા ઈચ્છે તો રાજા એ એના કુલા પર ડામ દેવા જોઈએ અથવા રાજા ઇચ્છે તો એના કુલા કપાવી નાખે.

બ્રાહ્મણ ઉપર અહંકારવશ જો શૂદ્ર થુંકે તો એના બન્ને હોઠ રાજા કંપાવી નાખે અને જો (બ્રાહ્મણ ઉપર) પેશાબ કર્યો હોય તો એનું લિંગ કપાવી નાખે અને જો એની ઉપર ગંદોવાયુ વિસર્જિત કર્યો હોય તો એનું મળદ્વાર કપાવી નાખવું જોઇએ.

જો શૂદ્ર અવિચારી રીતે બ્રાહ્મણના વાળ પકડે, દાઢી પકડે, ગરદન પકડે કે અંડકોષ પકડે તો રાજાએ જરાય વિચાર કર્યા વિના એના હાથ કપાવી નાખવા જોઈએ.

જો કોઈ પોતાની જ જાતિનું ચામડુંચીરી નાખે, લોહી કાઢે તો એને સો 'પણ' નો દંડ કરવો જોઈએ. માંસ કાઢીને ઘા પાડે અથવા હાડકું તોડી નાખે તો એનો દેશનિકાલ કરવો જોઈએ.[૧] (૮ -૨ ૭૯-૨૮૪)

(બ) નારદ સ્મૃતિનું કથન છે કે,

જો શૂદ્ર કોઈ દ્વિજ ઉપર મિથ્યારોપ લગાડે તો રાજાના અધિકારીઓએ એની જીભના ટુકડે ટુકડા કરી દેવા જોઈએ અને તેને ફાંસી ઉપર લટકાવી દેવો જોઈએ. એક જન્મવાળી વ્યક્તિ (શૂદ્ર) જો દ્વિજ જાતિનું દ્વેષવશ અપમાન કરે તો નીચ જાતિમાં જન્મ લેવાને કારણે એની જીભ કાપી નાખવામાં આવે.

કોઈ વ્યક્તિનું નામ ઘૃણાપૂર્વક લે તો (માપીને) દસ આંગળીના ગરમ સળિયાથી એની જીભમાં કાણું પાડી દે.

કોઈ બ્રાહ્મણને ધૃષ્ટતાપૂર્વક તે(શૂદ્ર)ધર્મોપદેશ કરે તો રાજા એના મોંમાં અને કાનમાં ધગધખતું ગરમ તેલ રેડાવે.

૧ મનુસ્મૃતિ પ્રકરણ ૮ શ્લોક ૨૭૯-૨૮૪.

નીચ જાતિનો પુરુષ જો પોતાનાથી ઊંચી જાતિની (વ્યકિત) સામે સમકક્ષ આસન ગ્રહણ કરે તો તેની કમ્મર ઉપર ડામ ચોંઢવા જોઈએ. અને એને હાંકી કાઢવો જોઈએ અથવા (રાજા) એના કુલા કપાવી નાખે..

જો ઉદંડતાપૂર્વક પોતાના કરતા ઊંચી જાતિની (વ્યક્તિ) ઉપર તે (શૂદ્ર) થુંકે તો રાજા એના બન્ને હોઠ કપાવી નાખે, જો પેશાબ કરે તો એનું લિંગ કપાવી નાખે, ગંદોવાયુ છોડે તો એના કુલા કપાવી નાખે. (૧ ૫ -૨ ૨ -૨૭)[૧]

--(ત્રણ)--

બ્રાહ્મણી કાનૂન રચયિતાઓએ આ પ્રકારના કાયદા શૂદ્રો માટે રચ્યા હતા. આ તમામનો ટુંકસાર કરવો હોય તો નીચેના શીર્ષકો હેઠળ કરી શકાય.

(૧) શૂદ્રોને સામાજિક વ્યવસ્થામાં અંતિમ સ્થાને રાખવામાં આવ્યા હતા.

(૨) શૂદ્રો અપવિત્ર છે એટલે એમની સમક્ષ અથવા એમને દેખાય અથવા સંભળાય એવા સ્થાનોથી દૂર પવિત્રકર્મ કરવા જોઈએ.

(૩) અન્ય વર્ણોની જેમ શૂદ્રનું સન્માન કરવામાં ન આવે.

(૪) શૂદ્રના જીવનનું કોઈ મૂલ્ય નથી. એમને કોઈ જાનથી મારી નાખે તો વળતરમાં કોઈ ધન આપવામાં ન આવે અને જો આપવામાં આવે તો પણ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની અપેક્ષાએ ઘણું ઓછું આપવું.

(૫) શૂદ્રોએ બિલકુલ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ નહીં. આવું કરવું પાપ છે. શૂદ્રોને જ્ઞાન આપવું એ દંડનીય અપરાધ છે.

(૬) શૂદ્રોએ બિલકુલ સંપત્તિ રાખવી જોઈએ નહીં. બ્રાહ્મણ પોતાની ઈચ્છાનુસાર એની સંપત્તિ લઈ શકે છે.

(૭) રાજયમાં શૂદ્ર કોઈ પદ પ્રાપ્ત કરી શકે નહીં.

૧ નારદસ્મૃતિ પ્રકરણ ૧૫ સૂત્ર ૨૨-૨૭.

(૮) શૂદ્રનું કર્તવ્ય પોતાનાથી ઊંચા વર્ણોની સેવા કરવાનું છે. સેવાથી જ એને મુક્તિ મળે છે.

(૯) ઉચ્ચ વર્ણવાળા લોકો શૂદ્ર સાથે વૈવાહિક સંબંધ સ્થાપિત ન કરે. તેઓ એમની (શૂદ્રોની) સ્ત્રીઓને સહવાસના હેતુથી રાખી શકે છે. પરંતુ જો શૂદ્ર ઉચ્ચવર્ણની કોઈ સ્ત્રીનો સ્પર્શ કરે તો એને કઠોર દંડ આપવામાં આવશે.

(૧૦) શૂદ્ર જન્મથી જ 'દાસ' છે અને સર્વદાને માટે 'દાસ'ના સ્વરૂપે જ રાખવામાં આવે.

ઉપરોકત સંક્ષિપ્ત વર્ણનથી બે હકીકત સ્પષ્ટ દેખાય આવે છે. બ્રાહ્મણવાદી વિદ્વાનોએ અને કાનૂન ઘડનારાઓએ સ્વરચિત વિધાનોનો શિકાર કેવળ શૂદ્રને જ બનાવ્યો છે.

એ વાત જાણીને પણ આશ્ચર્ય થશે કે પ્રાચીન બ્રાહ્મણી સાહિત્ય જોતાં એવું સ્પષ્ટ જણાય આવે છે કે ભારતીય આર્યોના સમાજમાં પીડિત વર્ગ વૈશ્યોનો હતો શૂદ્રોનો નહીં.

'ઐત્તરેય બ્રાહ્મણ'માંથી આ અંગેનું વિવરણ પ્રાપ્ત થાય છે. એમાં રાજા વિશ્વવંતર તથા શ્યાપર્ણ બ્રાહ્મણની કથા છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, પવિત્ર સોમરસનું પાન કરવાનો અધિકાર તમામ વર્ણોને છે. વૈશ્યો અંગે એવું કહેવામાં આવ્યું છે કે ,

"હવે જો (પુરોહિત લાવે છે) દહીં લાવે તો વૈશ્યે એક ઘૂંટ (દારૂનો એક પેગ)થી વૈશ્યને સંતુષ્ટ કરે. વૈશ્યની જેનો પોતાની હરોળમાં એકને પેદા કરવામાં આવશે. તે (વૈશ્ય) જો બીજાઓને કર આપતો હોય, અથવા અન્ય લોકો દ્વારા પ્રયોગ કરવામાં આવેલું અન્ન (ખાવામાં) આપે અને જેને જયારે ઈચ્છીએ ત્યારે સતાવવામાં આવે. " **૧**

પ્રશ્ન એ છે કે વૈશ્યને સતામણી અને દમનમાંથી શા માટે છોડી દેવામાં

૧.મ્યોર ગ્રંથ ૧ પૃ. ૪૩૬-૪૦-૪૨ (પ્રકરણ ૧૨ સૂત્ર ૨, ૩)

આવ્યો? અને સમગ્ર ઘૃણા શૂદ્રો ઉપર શા માટે ઠોકી બેસાડવામાં આવી?

બ્રાહ્મણોને વિશેષ સુવિધાઓ મળેલી હતી. શૂદ્રની નજીક આવેલો વૈશ્ય પણ એનાથી પ્રભાવિત થાય છે. શૂદ્ર ત્રણેય વર્ણો કરતાં નીચે છે અને એને અલગ તારવવામાં આવેલ છે. લાગે છે તો એવું કે ત્રણેય વર્ણો સમાન રૂપે શૂદ્રોનુ શોષણ કરવાનો અધિકાર ધરાવે છે. પણ તથ્ય શુ છે? તથ્ય તો એ છે કે, ક્ષત્રિય અને વૈશ્ય શૂદ્ર વિરુધ્ધ અવાજ ઉઠાવવા માટેનો અધિકાર ધરાવતા નથી. ત્રણેય વર્ણોની અપેક્ષાએ બ્રાહ્મણોને વિશેષાધિકાર મળેલા છે. ઉદાહરણ રૂપે શૂદ્ર જો કોઈ અપરાધ કરે જો કોઈ શૂદ્ર બ્રાહ્મણ સામેના ગુનાનો ગુનેગાર હોય તો બ્રાહ્મણની અપેક્ષાએ ક્ષત્રિય અને વૈશ્યને વધુ દંડ આપવો પડે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની અપેક્ષાએ વધુ દંડ પ્રાપ્ત કરી શકે છે, બ્રાહ્મણ જો પોતાની આવશ્યક્તા અનુસાર કોઈ અપરાધ વિના પણ શૂદ્રની સંપત્તિનું હરણ કરી શકે છે, શૂદ્રને સંપત્તિ સંચય કરવાનો અધિકાર જ નથી કારણ કે એનાથી બ્રાહ્મણને દુ:ખ થાય છે, શૂદ્ર રાજાના રાજ્યમાં બ્રાહ્મણોએ રહેવું ન જોઈએ. એવું શા માટે વિધાન કર્યું છે? એવું તે શું કારણ છે કે બ્રાહ્મણ શૂદ્રની સાથે શત્રુત્વનો વ્યવહાર કરે છે? બ્રાહ્મણ શૂદ્રને પોતાનો કટ્ટર શત્રુ શા માટે ગણે છે?

એ સિવાય એક અન્ય પ્રશ્ન પણ વિચારણીય છે. શૂદ્રો અંગે સર્વ સામાન્ય બ્રાહ્મણ આ નિષેધો અને ગેરલાયકાતો અંગે શું વિચારે છે? એમના વિચારો તો વિચારોની દ્રષ્ટીએ પણ અસાધારણ અને વર્તનની દ્રષ્ટીએ શરમજનક છે. જેનો સૌ કોઈ સ્વિકાર કરશે. શું બ્રાહ્મણો એવું સ્વીકારવા તૈયાર છે? આ વિચિત્ર કાનૂનો અને માન્યતાઓની સૂચિ એમની સમક્ષ રજુ કરવામાં આવે તો તેમની ઉપર પણ આનો પ્રભાવ પડ્યા વગર નહીં રહે.

પ્રથમ વાત તો એ છે કે દીર્ઘકાળથી પડેલી આદતો અને એના કારણે પેદા થયેલી માનસિકતાએ એમને એવા તો કુંઠિત કરી નાખ્યા છે કે, શૂદ્રોની ઉપર

ઠોકી બેસાડેલી ગેરલાયકાતો અને નિષેધોના કારણો અને નિવારણના ઉપાયો અંગે બ્રાહ્મણી મસ્તિષ્કે વિચાર કરવાનું કષ્ટ ઉઠાવવાનું જ માંડી વાળ્યુ છે.

બીજી બાબત એ છે કે, એમાંના જે કોઈ લોકો વિચારવાન છે તેઓ એ પણ આ સમસ્યા અંગે જોયું ન જોયું કરીને અન્ય દેશોમાં પણ આવી પરંપરાઓ અને નિષેધો છેઃ એવું પુરવાર કરવા મંડી પડે છે, અને જાણે કે આ બાબતમાં કોઇ અસાધારણ અને લજ્જાસ્પદ સમસ્યા પડેલી છે જ નહી. એવું વલણ લીધું છે. આ બીજા પ્રકારના વલણને ખુલ્લું પાડવાની આવશ્યક્તા છે.

બીજા પ્રકારના વિચારો સરળ અને ગ્રાહ્ય છે? સામાન્ય બ્રાહ્મણ શૂદ્રની આ ગેરલાયકાતો અંગે શું વિચારે છે? આ શરમજનક બાબત છે, બ્રાહ્મણ એનો એકરાર કરશે નહી. પ્રતિષ્ઠા બચાવવા અને પારંપરિક આસ્થાઓને સુધારણામાં ઉપયોગી છે છતાંય કોઇ એક વાતને જેમ ને તેમ છોડી દેવી ઉચીત નથી. એક સ્પષ્ટતા જરૂર કરી લેવી જોઇએ કે વિશ્વમાં બ્રાહ્મણોના જેવા નિષેધો અન્ય સ્થળે કાનૂની રૂપમાં જોવા મળતા નથી. અધિકારો અને નિષેધોની દ્રષ્ટિએ જોતા બ્રાહ્મણી વિધાન વિશ્વના કોઈ પણ વિધાનની તુલનામાં અસંભવ છે. આપણે રોમન કાયદાઓ સાથે તેની તુલના કરીએ.

--(ચાર)--

રોમન કાયદા અનુસાર જેમને અધિકારો હતા અને જેમના પર અધિકાર વંચિત નિષેધો હતા એનાથી શરૂ કરીએ. પ્રાચિન રોમન સામ્રાજ્યમાં બે વર્ગો હતા. એક અધિકાર સંપન્ન વર્ગ અને બીજો નિષેધોથી ત્રસ્ત વર્ગ.

રોમન ન્યાય પ્રણાલિએ પાંચ શ્રેણીઓમાં લોકોને વિભાજિત કર્યા હતા. (૧) પેટ્રીશિયન અને પ્લેબિયન, (૨) સ્વાધીન અને ગુલામ, (૩) નાગરિક અને વિદેશીઓ, (૪) ન્યાયાધિકૃત (Sui Juris) અને ન્યાય વંચિત (alieni Juris), (૫) ખ્રિસ્તી અને પગાન લોકો (મૂર્તિપૂજક).

રોમન કાયદા અનુસાર સુવિધા સંપન્ન વર્ગો હતા. (૧) પેટ્રીશિયન (Patricians) (૨) સ્વાધીન (Freeman) (૩) નાગરિક (Citizens) (૪) ન્યાયાધિકૃત(Suijuris)

(4) ખ્રિસ્તીઓ (Christians).

આ લોકોની અપેક્ષાએ નિષેધોથી ત્રસ્ત (પીડિત) શ્રેણીમાં હતા. (૧)પ્લેબિયન (Plebians) (૨) ગુલામ (Slaves) (૩) વિદેશી (Foreigners) (૪) ન્યાયવંચીત (alieni Juris) (૫) મૂર્તિપૂજક (Fagans). સ્વાધીન લોકોને રોમન કાયદા અનુસાર નાગરિક અધિકારોની સાથે જ રાજનૈતિક અધિકારો પણ પ્રાપ્ત હતા. નાગરિક અધિકારોમાં કોનુબિયમ (Connubium) અને કોમર્સિયમ (Commercium) નામના અધિકારી હતા. એમાં કોનુબિયમ અંતર્ગત નાગરિક

(Jus civill) જુસ સિવિલ અનુસાર વૈધાનિક રૂપે વિવાહ કરીને નાગરિક અધિકારો પ્રાપ્ત કરી શકતો અને વિશેષરૂપે ઉત્તરાધિકાર પ્રાપ્ત કરતો જેના દ્વારા પૈતૃક સંપત્તિનો અધિકારી બની શકતો. એટલે એની અત્યંત આવશ્યકતા હતી. કોમર્સિયમ અનુસાર કોઈ પણ સંપત્તિ લેવડદેવડનો અધિકાર વિશિષ્ટ રોમન કાયદા અનુસાર પ્રાપ્ત થતો. રાજનૈતિક અધિકાર જેના અનુસાર જન પ્રતિનિધિ ચૂંટવા માટે મત આપવાનો અને કોઈ પદ ઉપર નિયુક્તિ પ્રાપ્ત કરવાનો અધિકાર મળતો હતો. જેને રોમન સામ્રાજ્યમાં જુસ સફ્રાગી (jus suffragi) તથા જસ ઓનોરમ (Jus Honorum) કહેવામાં આવતા. આનાથી વિપરીત ગુલામોને કોઈ નાગરિક અધિકારો પ્રાપ્ત થતા નહીં. એમના અધિકારો એમના સ્વામીની ઈચ્છામાં નિહિત ગણાતા. એને અધિકારો મળી શકતા નહીં.

વિદેશીને પેરેગ્રાઈન (Peregrine) કહેવામાં આવતા. તે કોઈપણ પ્રકારના નાગરિક કે રાજનૈતિક અધિકારો પ્રાપ્ત કરી શકતા નહીં અને જ્યાં

સુધી કોઈ નાગરીકનુ સંરક્ષણ એમને ન મળે ત્યાં સુધી સુરક્ષાનો અધિકાર પણ એમને નહતો.

અલિયની જુરિસ (Alieni Juris) અને સૂઈ જુરિસ (Sui Juris)માં અંતર એ હતું કે, પ્રથમને અન્ય કોઈ વ્યક્તિ પર અધિકાર માટે નિર્ભર રહેવું પડતું હતું જ્યારે આ બીજા લોકો આ સંબંધમાં સ્વતંત્ર હતા. આ અધિકૃત માટે વિવિધ શબ્દો વપરાતા (૧) પોટેસ્ટાસ (Potestas) (૨) માનુસ (Manus) (૩) મૈસિપિયમ (Mencipium). જો કે સૌનો પ્રભાવ એક સરખો જ હતો. રોમન કાયદા અનુસાર પોટેસ્ટાસના બે વર્ગો બની ગયા હતા. (૧) ગુલામ સ્ત્રી (૨)બાળકો (૩) માનુસ (૪) અદાલતે નિર્ણીત કરેલા દેણદારો (૫) ભાડે રાખેલા સમશેર બાજો (gladiator) વગેરે પોટેસ્ટાસના અંતર્ગત આવતા. પોટેસ્ટાસનો અધિકાર મેળવનાર પરાધીન જેવો જ હતો. તે પોતે અધિકારોનો ઉપયોગ ન કરતો પણ બીજાનો સહારો લેવા મજબૂર હતો.

એલિયન જુરિસને પોટેસ્ટાસને કારણે નિમ્ન પ્રકારના ગેરલાયકાતોનો શિકાર બનવું પડતું હતું. (૧) તે સ્વાધીન નહોતા. (૨) તે સંપત્તિ હસ્તગત કરી શકતા નહીં. (૩) આઘાત કે ઈજા પહોંચાડયા છતાં તેઓ જાતે વિરોધ કરી શકતા નહીં.

ખ્રિસ્તી ધર્મના પ્રસારની સાથે જ પગાનો (મૂર્તિપૂજક) ઉપર નિષેધાજ્ઞાઓ લાગુ પાડવામાં આવી હતી. પ્રારંભમાં સમસ્ત રોમન લોકો એક જ પ્રકારની આરાધના કરતા હતા ત્યારે એમના નાગરિક અધિકારોમાં ધર્મ બાધારૂપ નહોતો. ખ્રિસ્તી સમ્રાટના રાજ્યમાં અનિશ્વરવાદી (heretics) ધર્માંતરિત લોકો (apostates) તથા પગાન (મૂર્તિપુજકો) અને યહૂદી એમ ભિન્નભિન્ન પ્રકારના લોકો પર પ્રતિબંધ લાદવામાં આવ્યા. વિશેષ રૂપે સંપત્તિ અધિગ્રહણ અને ન્યાયાલયમાં સાક્ષી આપવાના મામલામાં પ્રતિબંધો લાદવામાં આવ્યાં. કેવળ રૂઢિવાદી ખ્રિસ્તી જે ચાર સભ્યોની પરિષદ દ્વારા માન્ય કરવામાં આવતા તેઓ

જ નાગરિક અધિકારોનો ઉપભોગ કરી શકતા હતા. તેઓ મુલ્કી અધિકારોનો સંપૂર્ણ ભોગવટો ધરાવતા હતા.

રોમન કાયદામાં નિષેધાજ્ઞાઓનું વિવરણ વાંચીને હિન્દુઓ પ્રસન્ન થશે કે કેવળ બ્રાહ્મણવાદી કાયદાઓમાં જ નિશ્ચિત વર્ગો પર મનાઈ આજ્ઞાઓ લાગુ પાડવામાં આવી છે, એવું તો નથી જ. અન્ય કાનૂનોમાં પણ છે. જો કે રોમન કાનૂનોમાં બ્રાહ્મણવાદી વિધાનની જેમ ક્રુરતા લેશમાત્ર નથી

રોમન અને બ્રાહ્મણવાદી કાયદાનું બંધારણની તુલના કરવાથી અને નિષેધોનું વિવરણ કરવાથી બ્રાહ્મણવાદી કાયદાકાનૂનોની પોલ ખુલ્લી થઈ જાય છે અને બ્રાહ્મણી કાનૂનોની અધમતા છતી થાય છે.

રોમન બંધારણમાં નિષેધ અને અધિકારનો આધાર શું હતો? રોમન બંધારણનો સામાન્ય અભ્યાસ ધરાવનાર પણ જાણે છે કે એ કાયદાઓનો આધાર કાપૂત (caput) અને એક્ઝિસ્ટીમેસિયો (Existimatio) હતા. કાપૂતનો અર્થ છે વ્યક્તિની નાગરિક તરીકેની સ્થિતિ અથવા મોભો આ સ્થિતિમાં મુખ્યત્વે ત્રણ બાબતો આવે છે. (૧) સ્વાધીનતા (૨) નાગરિકતા (૩) પરિવાર. સ્વાધીનતાનો અધિકાર ધરાવનારને સ્વતંત્ર વ્યક્તિ (Freeman) કહેવામાં આવતા. આ અધિકાર ગુલામોને મળતો નહીં. જો સ્વાધીન વ્યક્તિ (Freeman) રોમનો રહેવાસી હોય તો નાગરિક અધિકારો એને મળી જ જતા. એની સાથે એને રાજનૈતિક અધિકારો જ પ્રાપ્ત થતા નહોતા, પણ નાગરિક વિધાન અનુસારના અધિકારો પણ મળી જતા હતા. કુટુંબનો દરજ્જો કોઈ ખાસ કુટુંબના નાગરિક હોવાના નાતે અને અમુક અધિકારો ભોગવવા માટે સક્ષમ હોવાને બનેલો હતો. જેમાં કુટુંબના સભ્યો જ ભાગ લઈ શકતા હતા. છેવટે એને પારિવારિક વિધાનો હેઠળ તમામ સુવિધાઓ ઉપલબ્ધ થતી હતી.

જ્યારે પણ ઉપરોક્ત માન્યતાઓ સમાપ્ત થઈ જતી કે પરિવર્તિત થઈ જતી ત્યારે વ્યક્તિ કૈપિટિસ ડિમિનિસિઓ (capitis diminitio)ની સ્થિતિમાં આવી જતો એટલે કે એની પૂર્વ માન્ય સ્થિતિ પૂર્ણ રૂપથી સમાપ્ત થઈ જતી હતી

અથવા કંઈક ઓછી થઈ જતી હતી. આવી સ્થિતિમાં ત્રણ પ્રકારના પરિવર્તનો થતાં હતા જેને સર્વાધિક (maxima), મધ્યમ (media) અને લઘુત્તમ (minima) કહેતા હતા. સર્વાધિકમાં સ્વાધીનતા, નાગરિકતા અને દાંપત્યના અધિકારો સમાપ્ત થઈ જતા હતા. આવું ત્યારે જ બનતું જયારે રોમનો નાગરિક યુધ્ધબંધી બની જતો અથવા અપરાધના મામલામાં એને 'દાસ' બનાવી દેવામાં આવતો. પરંતુ શત્રુ દ્વારા બંદી બનાવ્યા પછી જયારે તે મુક્ત બનતો અને પાછો ફરતો ત્યારે તેને સમસ્ત મુલકી અધિકારી (Jure Postlimini) પુન: પ્રાપ્ત થઈ જતાં હતા.

દરજ્જામાં પરિવર્તનનો બીજો પ્રકાર વ્યક્તિગત આઝાદી ગુમાવવાનો હતો. નાગરિકતા ગુમાવવાથી પારિવારિક અધિકારોની સમાપ્તિ અંગેનો હતો. આવું ત્યારે જ કરવામાં આવતું જયારે કોઈ વ્યક્તિ અન્ય પ્રદેશની નાગરિકતા પ્રાપ્ત કરતો. આવી સ્થિતિમાં એને અગ્નિ અને પાણીના પ્રયોગથી વંચિત કરી દેવામાં આવતો એટલે તે રોમન સામ્રાજ્યની હદમાંથી બહાર નીકળી જાય અથવા એને સામ્રાજ્યની અંદર આવેલા અન્ય પ્રદેશમાં જતા રહેવાનો દંડ (દેશનિકાલ) કરવામાં આવતો. આ માટે અગ્નિ અને જળનો ઈનકાર કરવામાં આવતો અને અંતે દેશનિકાલ કરવામાં આવતો.

અંતિમ રૂપે જયારે કોઈ વ્યક્તિ પોતાની સ્વાધીનતા અને નાગરિકતા ગુમાવ્યા વિના કોઈ પરિવાર વિશેષનો સભ્ય ન રહે તો એને રાજય છોડવાનો આદેશ આપવામાં આવતો. ઉદાહરણ રૂપે જયારે એક સ્વતંત્ર નાગરિક કોઈ

અન્ય બળજબરીથી એના અધિકાર હેઠળ આવી જાય અથવા એક બાળક

જે કોઈ અન્યના અધિકારમાં દાસના સ્વરૂપે હોય એટલે કે જે પેટ્રિયા પોટેસ્ટાસ હેઠળ રહ્યા હોય, તો પોતાના પિતાના દ્વારા વૈધાનિક રૂપથી એને મુક્ત કરાવી દેવામાં આવતા.

નાગરિકતા પ્રથમત: જન્મથી પ્રાપ્ત થતી હતી. વૈધાનિક રીતે વિવાહ કર્યા પછી ઉત્પન્ન થયેલ સંતતિ પિતાની સ્થિતિમાં પહોંચીને પુન: નાગરિકતા અધિકારો મેળવી શકતી. અને જો પિતા પણ વૈધાનિક હોય તો પુત્રોત્પત્તિ પહેલા પણ અધિકારો પ્રાપ્ત કરતો. જો નાગરિકતા પ્રાપ્ત ન હોય તો માતાની સ્થિતિ સંતાનોને મળતી હતી. આવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય તો 'દાસ' પણ નાગરિકતા પ્રાપ્ત કરી લેતા હતા. આ નિયમ ઈલિયા સેન્ટીયા (Aelia Sentia) અને જૂનિયા નોરબાના (Junia Norbana) વિધાનો દ્વારા સંશોધન કરવામાં આવતા. આના અનુસાર કેટલાક નિશ્ચિત મામલાઓમાં મુકત વ્યક્તિ કેવળ વિદેશીની હેસિયત જ પ્રાપ્ત કરી શકતો. અન્ય સંશોધન લાગુ પાડવામાં આવતા રહ્યા. અને પ્રત્યેક દાસ લગાતાર મતનો અધિકાર મેળવતો રહ્યો અને રાજનૈતિક અધિકારનો અંત આવી જતો.

નાગરિકતાનો અધિકાર પણ પ્રાપ્ત કરતો રહ્યો. નાગરિકતાનો અધિકાર સંપૂર્ણ જાતિ અથવા વ્યક્તિ વિશેષને જનતા કે સંસદ દ્વારા વાર્ષિક સમારોહોના ઉપલક્ષમાં આયોજિત કરવામાં આવતા અવસરો પર આપવામાં આવતા. આ બધું એવું જ હતું જેને આધુનિક પરિભાષામાં (વિદેશીને કાનૂન દ્વારા નાગરિક હક્ક આપવો) સ્વાભાવિકરણ (Naturalisation) કહેવામાં આવે છે.

કોઈ વ્યક્તિની કાયદાની નજરમાં પ્રતિષ્ઠા ત્રણ રીતે નષ્ટ થતી અને નાગરિકતા ત્યારે જ ગુમાવી ગણાતી, પ્રથમ તો સ્વાધીનતાથી વંચિત થઈ જાય. દા.ત. જ્યારે રોમનો કોઈ નિવાસી યુધ્ધબંધી બની જાય. બીજું રોમન ચરિત્રનો ત્યાગ કરે, અને અન્ય દેશની નાગરિકતા ગ્રહણ કરે અને ત્રીજું ગુન્હો કરવાને

કારણે દેશ અથવા પ્રદેશમાંથી હકાલપટ્ટી કરવામાં આવે.[૧]

રોમન વિધાન અનુસાર કોઈપણ વ્યક્તિની સ્થિતિ સિવિક ઓપ્ટીમો જુરે (Civic optimo Jure) થઈ શકતી હતી અને ન પણ થઈ શકતી. એનો અર્થ એટલો જ કે, નાગરિકતાના અધીકારની સાથે રાજનૈતિક અધિકાર (મત આપવાનો અધિકાર) અને વહીવટનું પદ પ્રાપ્ત કરવાનો અધિકાર મળવો. રાજનૈતિક અધિકાર ઈકિજસ્ટિમેસિયો (Existimatio) અર્થાત કાનૂનની દૃષ્ટિમાં સન્માનિત થયા પર નિર્ભર હતો. રોમન નાગરિક કાપૂત (Caput) અથવા ઈકિજસ્ટિમેસિયો (Existimatio) બન્ને પ્રકારનાં થઈ શકતા હતા. બીજી બાજુ રોમનો નિવાસી નાગરિકતાના અધિકારોથી વંચિત થતાં રાજનૈતિક અધિકારો પણ ગુમાવી દેતો. રાજનૈતિક અધિકારોની પ્રાપ્તિ માટે કાનુનની દ્રષ્ટિમાં સન્માનિત વ્યક્તિ હોવું આવશ્યક ગણાતું હતું. ફક્ત નાગરિકતા પ્રાપ્ત વ્યક્તિ રાજનૈતિક અધિકારો પ્રાપ્ત કરી શકે એવું નહોતું.

રાજનૈતિક અધિકારો, બે રીતે લુપ્ત થઈ શકતા હતા. સ્વાધીનતા ખતમ થતા કે અપરાધી સિદ્ધ થતા દંડ ભોગવતા સ્વાધીનતા સમાપ્ત થઈ જતી અને રાજનીતિક અધિકારોનો અંત આવી જતો. જયારે ગુન્હો ગંભીર પ્રકારનો હોય ત્યારે રાજનૈતિક અધિકારોની સમાપ્તિને ઈનફેમિયા (Infarmia)

૧. કાયદાની નજરમાં 'પ્રતિષ્ઠાનો અંત' ગુનાની ગંભીરતા અનુસાર ગણાતો. નાગરિકના ગુનાની ગંભીરતા અનુસાર વિવિધતા રહેતી. જેમ કે, લૂંટ, ચોરી, સોગંદ પર જુઠી જુબાની આપવી, છેતરપીંડી કરવી. કોઈ નટ કે વીર યોદ્ધા તરીકે જાહેરમંચ પર પ્રદર્શન, લશ્કરમાંથી અપમાનજનક હકાલપટ્ટી, વેશ્યાવૃત્તિ અને નિંદાજનક અન્ય ધંધાઓમાંથી મદદગારી દ્વારા જીવન નિર્વાહ કરવો અને ખુલ્લેઆમ નૈતિક અધઃપતનને સમર્થન આપે તેવા અન્ય દુષ્કૃત્યો વગેરે દ્વારા વ્યક્તિની નાગરિક પ્રતિષ્ઠા નષ્ટ થતી.

કહેવામાં આવતી અને સાધારણ અપરાધ ટુરપિટુડો (Turpitudo) કહેવામાં આવતો. ગંભીર અપરાધ હોઈ તો રાજનૈતિક અધિકારો સમાપ્ત થઈ જતા.[૧] રોમન કાયદા અનુસાર પ્રતિવાદીને ગંભીર અપરાધની શ્રેણીમાં રાખવામાં આવતો, ચોરી, લૂંટ, બનાવટ વગેરેને ગંભીર અપરાધની શ્રેણીમાં ગણાતા હતા. આ અપરાધોમાં મુખ્ય આરોપીના સહભાગીઓને પણ સમાન દંડ આપવામાં આવતો હતો. જનતાની વચ્ચે આવીને મંચ ઉપર મુખ્યપાત્રનો અભિનય કરવો તલવારબાજી કરવી, કલંકિત થયા પછી સેનામાંથી નિષ્કાસિત કરવો તથા અન્ય એવાં કાર્યો જેમાં સમાજ તિરસ્કૃત કરે જેમકે વૈશ્યાવૃત્તિથી જીવીકોપાર્જન કરવું વગેરેને ગંભીર અપરાધની શ્રેણીમાં ગણવામાં આવતા હતા.

ઈનફેમિયા (Infarmla)ના દંડ સ્વરૂપે રાજનૈતિક અધિકારોની સમાપ્તિ ચૂંટણીમાં મત આપવાના અધિકારથી વંચિત, અને વહીવટી પદથી નિષ્કાસન થતું હતું. એ સિવાય ઈનફેમિયાના અપરાધના પરિણામે મુખત્યારનામું કે અધિકારપત્ર (Office of Attorney) કે કોઈ વૈધાનિક મામલાઓમાં કોઈ પણ જાતની પેરવી કરવામાં કે સાક્ષી આપવામાં અધિકારની સમાપ્તિનો દંડ ભોગવવો પડતો.

૧. ઈન્ફેમિયાનું સૌથી નિષ્કૃષ્ટ પરિણામ રાજકીય અધિકારોની માત્ર સમાપ્તિ જ નહીં પણ માનમરતબો, પદ, દરજ્જો અને ચૂંટણીમાં મત આપવાના અધિકારથી પણ વંચિત સ્થિતિ પ્રાપ્ત થતી. આ ઉપરાંત પણ અન્ય માઠાં પરિણામો હતાં જેવાં કે એટર્નીના હોદ્દા માટેની ગેરલાયકાત, કોઈ કાનુની કેસ અથવા પુરાવાઓ આપવામાં અન્યને બદલે કામ કરવા માટેની નિષેધાજ્ઞા ઈમ્ફેમિયા બે રીતે લાદવામાં આવતી હતી. કાંતો સેન્સરો દ્વારા અથવા કાનૂની અદાલતના ચુકાદા દ્વારા જાહેર નૈતિકતાનું નિરીક્ષણ કરવામાં સેનેટરને ગૌરવપદથી વંચિત કરવા. યુદ્ધવીરોને એમના માનદ ખિતાબોમાંથી દૂર કરવા. અને કોઈ નાગરિકતા તેને વિદેશીઓના વર્ગમાં ગણી લઇને તેના બધા જ અધિકારો છીનવી લેવાનું સેન્સરોની સતામર્યાદામાં આવતું હતું. સેન્સરો નાગરિકોની સૂચિમાં કોઈ માણસના નામ સામે રિમાર્ક પણ લખતા આ ખાસ તપાસ તેમની પોતાની જવાબદારી ગણાતી જો કે તેઓ સામાન્ય રીતે જાહેર અભિપ્રાયને અનુરુપ રહીને પગલાં લેતા હતા. ધી નોટા સેન્સોરિયા (યાદ ટીપ્પણી) સેન્સરની મેજીસ્ટ્રસી દરમ્યાનને બાદ કરતાં અસરકારક બની શકતી નહોતી આ બાબતમાં તે ઈન્ફેમાંથી અનિવાર્યપણે જુદી પડતી હતી કે જે લોકો અથવા સમ્રાટના વિશેષાધિકાર દ્વારા ગૂંચવણ દૂર કરવામાં આવે નહિ ત્યાં સુધી અસ્તિત્વમાં રહેતી હતી.

આ અપરાધ બે પ્રકારે લડવામાં આવતા હતા. કાંતો સેંસર (censor)દ્વારા કે કોઈ અદાલતના સેન્સર બોર્ડના અધિકારક્ષેત્રમાં સાર્વજનિક નૈતિક વ્યવસ્થાની દેખરેખ રાખવી, સાંસદોની મર્યદાની રક્ષા કરવી, ઘોડેસવારી કરતા સૈનિકો (knights)ને નિયંત્રિત રાખવાની, નાગરિકતા પ્રાપ્ત વ્યક્તિઓના રાજનૈતિક અધિકારો પર નિયંત્રણ રાખવું વગેરે. સેન્સર આ પ્રકારે પ્રત્યેક રોમવાસીની શ્રેણીનું વિભાજન કરતો.

રોમના સંવિધાનમાં અધિકારો અને નિષેધોનું સૂક્ષ્મ સર્વેક્ષણ કરવાથી સ્પષ્ટ ખબર પડે છે કે, એનો આધાર સૌને માટે સમાન હતો. એમાં જાતિગત આધાર પર વિષમતા નહોતી. અધિકાર અને નિષેધ સમાન રૂપે રોમના બંધારણ અનુસાર સૌને લાગું પડતા હતા. નાગરિક અને રાજનૈતિક અધિકારોનો ઉપયોગ કોઈ પણ કરી શકતું હતું અને આ અધિકારોનો લોપ થતાં જ તમામને સમાન નિષેધનો શિકાર બનવું પડતું હતું.

બ્રાહ્મણવાદી વિધાનમાં લક્ષણો કેવા છે?

(૧) અધિકાર અને અધિકારનિષેધ સમાનરૂપથી સૌ કોઈની ઉપર લાગુ કરવામાં આવતા નહોતાં.

(૨) એનો આધાર જાતિવાદ હતો.

(૩) તમામ અધિકારો પ્રથમ ત્રણ વર્ગો માટે નિર્ધારિત હતા. જયારે તમામ ગેરલાયકાતો અને નિષેધ શૂદ્રો પર ઠોકી બેસાડવામાં આવ્યા હતાં જે બ્રાહ્મણવાદી વિધાનનો સૈધ્ધાંતિક આધાર છે.

બ્રાહ્મણવાદી વિધાનના શીર્ષસ્થ પ્રવકતાઓ એવું કહી શકે કે રોમન વિધાન પણ અમારી જેમ જ વર્ગગત આધાર ઉપર રચાયેલું હતું. એના અંગે વિચાર કરવો જોઈએ. જયાં સુધી પેટ્રીશિયન (Patricians) અને પ્લેબિયન (Plabians)ને લેવાદેવા છે, અધિકારો અને નિષેધનું વિભાજન સાંપ્રદાયિક

આધારે કરવામાં આવ્યું હતું. આ અંગે નીચેનું ઉદાહરણ ધ્યાનપાત્ર છે.

સૌથી પ્રથમ તો એનો ઉલ્લેખ કરવો જોઈએ કે પ્લેબિયન નિમ્ન વર્ગના ગણવામાં આવતા હતા પણ તે દાસ (ગુલામ) નહોતા. તેઓ વેપાર સ્વાધિકાર અને મિલકત પ્રાપ્તિનો અધિકાર ધરાવતા: સ્વાધીન (Freeman) લોકો હતા અને એમને જુશ કોર્મર્શિ (Jus Commercii)ના અધિકારો પ્રાપ્ત હતા.

જેના અનુસાર તેઓ પોતાની સંપત્તિનું ક્રય-વિક્રય કરી શકતા હતા. એમના ઉપર કેવળ રાજનૈતિક અને સામાજિક અધિકારોને નિષેધાજ્ઞાઓ લાગુ પાડવામાં આવી હતી. બીજી બાબત જે ઉલ્લેખનીય છે તે એ છે કે, આ નિષેધાજ્ઞા સ્થાયી સ્વરૂપની નહોતી. એમને બે પ્રકારની સામાજિક ગેરલાયકાતોનો સામનો કરવો પડતો હતો. એક હતો અંર્તજાતિય વિવાહ - જેમાં કુલીન પેટ્રીશીયનો અને પ્લેબિયનો વચ્ચે વિવાહ થતા ન હતાં. આ પ્રતિબંધ ઘણા સમય પહેલાંનો હતો જેનું બાર ન્યાયધિશોએ (Twelve Tables)[૧] વૈધાનિક સ્વરૂપ આપ્યું હતું. ઈ.સ. પૂ. ૪૪૫માં કૈનુલેનિયન બંધારણ (Canulenin) દ્વારા પ્રતિબંધ સમાપ્ત કરી બન્ને વર્ગ વચ્ચે અંર્તજાતિય વિવાહો અંગેની સ્વીકૃતિ આપી દીધી હતી. નિમ્નવર્ગના પ્લેબિયનો બીજા નિષેધ દ્વારા રોમના મંદિરોમાં પોન્ટીફ (Pontiffs) અને ઉગુરુસ (Augurs) નામના પદો ગ્રહણ કરી શકતા નહીં. આ અંગે ઈ.સ. પૂ. ૩૦૦માં આગુનિયન કાયદો (Oguinian Law) લાગું પાડવામાં આવતાં આ પ્રતિબંધ પણ સમાપ્ત થઈ ગયો હતો.

જ્યાં સુધી વિધાનસભા (Popular Assembly Jus - Suffragii) અને વોટ (મત) આપવાના અધિકારને સંબંધ છે ત્યાં સુધી રોમન સમ્રાટ સમયમાં સરવિયસ તુલિયસના સંવિધાન(ServiusTullius Constitution) ને લાગું પાડવામાં આવ્યું અને એ અધિકાર પણ પ્લેબિયનોને પ્રાપ્ત થઈ ગયો. રાજનૈતિક નિષેધ અનુસાર એમની વહીવટી કે સાર્વજનિક પદ પર નિયુક્તિ

૧ બાર ન્યાયધિશોએ નક્કી કરેલા નિયમો કરતાં પણ આ પરંપરા જૂની હતી. બાર ન્યાયધીશોએ તો તેને માન્યતા આપેલી છે.

કરવામાં આવતી નહોતી. ઈ.સ. પૂ. ૫૯૯માં ગણ રાજયની સ્થાપનાની સાથે જ આ નિષેધ પણ સમાપ્ત થઇ ગયો. આ સંબંધમાં પ્લેબિયન ટ્રીબ્યુનલ (Plebian Tribune)ની નિમણુક ઈ.સ. પૂ. ૪૯૪માં થઈ. ઔપચારિક રૂપમાં ઈ.સ. પૂ. ૪૨૧ માં એમને માટે ક્વેસ્ટરશીપ (Questership) કોષાધ્યક્ષ પદના દ્વાર ખોલી દેવામાં આવ્યા.

વાસ્તવિક સ્વરૂપે ઈ.સ. પૂ. ૩૬૭ કાઉન્સિલ શીપ (Consul ship) મેજીસ્ટ્રેટ પદ ઈ.સ. પૂ. ૩૦૬ માં કુરૂલે -ડિલેશીપ (Curul-adileship) ઈ.સ. પૂ. ૩૫૬માં સરમુખત્યારશાહી (Dictatorship) ઈ.સ.પૂ. ચર્ચશાહી (Praetorship)ના અધિકારો પ્લેબિયનોને પ્રાપ્ત થઈ ગયા.

ઈ.સ. પૂર્વે ૨૮૭ માં હોર્ટેસિયન કાયદો (Hortensian Law) લાગુ પડતાં જ પ્લેબિયનોનો મહત્ત્વપૂર્ણ વિજય થઈ ગયો. આ કાયદો અમલમાં આવતા જ તમામ રોમનોમાં એકરૂપતા આવી ગઈ અને ઊંચનીચના ભેદભાવ લગભગ સમાપ્ત થઈ ગયા અને આ રીતે પ્લેબિયન અને પેટ્રીશિયનને સમાનશ્રેણી ઉપલબ્ધ થઈ અને સમાન રાજનૈતિક અધિકારોનો ઉપભોગ રોમનનિવાસીઓ કરવા માંડ્યા.

પ્લેબિયનો અને પેટ્રીશિયનો માત્ર સમકક્ષ જ ન બન્યાં પણ સામાજિક સ્થિતિ અને રાજનૈતિક અધિકારમાં પણ સમાનતા પ્રાપ્ત થઈ એટલું જ નહીં કુલીનતા (Nobility) તરફ પ્રયાણ કરવાનો માર્ગ પણ ખુલ્લો થઈ ગયો. ઘણાં પ્લેબિયનો[૧] 'નોબલ' બન્યા અને કેટલીક બાબતોમાં તો પેટ્રીશિયનો કરતાં પણ આગળ વધી ગયા.

રોમન સમાજમાં જન્મ અને ભાગ્ય વ્યક્તિગત પ્રતિષ્ઠા અને પદ પ્રાપ્તિમાં પ્રમુખ ભૂમિકા ભજવતા હતાં. એ જ રીતે મેજીસ્ટ્રેટ પદથી પણ સમાજમાં પ્રતિષ્ઠા બંધાતી હતી. પ્રત્યેક નાગરિક જન્મથી ભલે તે પેટ્રીશિયન

૧ જે પ્લેબિયનને પ્રથમ 'Curule Office'(કુરુલેનો હોદ્દો) મળ્યો અને ઉમરાવ કુટુંબનો સ્થાપક બન્યો તેને રોમનો Novus Homo અથવા નવા માણસ કહેતા.

હોય કે પ્લેબિયન હોય કોઈ પણ પ્રકારથી મેજીસ્ટ્રેટની ખુરસી પર બેસી શકતો અથવા એનાથીય ઊંચા પદ પર પહોંચી શકતો હતો અને વ્યક્તિગતરૂપથી પ્રતિષ્ઠા અને સન્માન પ્રાપ્ત કરવાનો અધિકારી બની શકતો હતો. આ રીતે ઉચ્ચકુલીન સમુદાય (Nobles) નો ગણાતો હતો. આ સમુદાય અન્ય અપ્રતિષ્ઠિત (Ignobles) કહેવાતા લોકોથી અલગ શ્રેણી પેદા કરતો હતો. આમ પ્લેબિયનો ઉપરથી નિષેધો ઉઠાવી લેવામાં આવતા એટલે તેઓ પણ ઉચ્ચ કુલીન સમુદાયમાં સામેલ થવા માંડ્યા અને પેટ્રિશિયનો કરતાં પણ કુલીન શ્રેણીમાં ઉચ્ચતર સ્થાનો પર પહોંચી ગયા.

રોમન કાયદા અનુસાર અધિકાર અને અધિકાર વંચિતતાની બાબતમાં કોમીય આધાર હતો પણ તેમાં ફરક છે તે એટલે જ કે પ્લેબિયનો પર લાગુ પાડવામાં આવેલા નિષેધો કાયમી પ્રકારના સ્થાઈ નહોતા. આ નિષેધોનું અસ્તિત્વ હતું ખરૂં પણ પણ કેટલાક સમય પછી એને હટાવી દેવામાં આવ્યા. બ્રાહ્મણવાદી વિધાનની તરફદારી કરનારા લોકો એવા સંતોષમાં ન રાચે કે, એમના વિધાન જેવું જ વિધાન રોમનોનું હતું અને તેમાં પણ ઊંચનીચના ભેદભાવ હતા. એમણે એ પ્રશ્નનો ઉત્તર તો આપવો જ પડશે કે રોમનોએ જેમ પ્લેબિયનો અને પેટ્રિશિયનો વચ્ચેનું અંતર સમાપ્ત કરી દીધું, એવી રીતે બ્રાહ્મણવાદી વિધાનનાં સંચાલકોએ ત્રણ વર્ણો અને શૂદ્રો વચ્ચે ભેદભાવની જે ઊંડી ખાઈ હતી અને આંબવાનો પ્રયાસ શા માટે કર્યો નહીં? એવી રીતે એવું પણ પૂછી શકાય કે રોમન કાયદા હેઠળના અધિકારી અને નિષેધ સાંપ્રદાયિક ન હોતા જ્યારે બ્રાહ્મણવાદી વિધાન તો કોમવાદી જ હતું એવું કેમ બન્યું?

રોમન કાયદો અને બ્રાહ્મણવાદી કાયદામાં કેવળ આટલું જ અંતર નહોતું પણ ઉપરોક્ત સિવાય પણ બીજી એ બાબતો છે. એક છે અપરાધ (ફોઝદારી કાનૂન) અંગે દંડવિધાનની સમાનતા. રોમન વિધાનમાં નાગરિકોના રાજનૈતિક અધિકારોમાં સમાનતા નહોતી પરંતુ અપરાધ અંગેના ગુન્હાઓમાં

દંડ કરવામાં કોઈ પણ નાગરિક પ્રત્યે ભેદભાવ રાખવામાં આવતો નહતો. એટલે સુધી કે પ્લેબિયન કે પેટ્રીશિયન પણ અપરાધના કાયદા સમક્ષ સમકક્ષ જ ગણતા હતા. સમાન અપરાધ માટે સમાન દંડનું વિધાન અસ્તિત્વમાં હતું. પછી અપરાધી ગમે તે હોય! કે અપરાધ અંગેની ફરિયાદ કરનાર હોય! જો અપરાધ સિધ્ધ થાય તો સમાન દંડ કરવામાં આવતો. પણ ધર્મસૂત્ર અને સ્મૃતિઓ શું કહે છે? તે તો બિલકુલ વિપરીત સિધ્ધાંત રજૂ કરે છે. એક જ પ્રકારના ગુન્હા માટે આરોપી અને આરોપ મુકનારની જાતિને ધ્યાનમાં લઈને નિર્ણય કરવામાં આવતો હતો. જો આરોપી શૂદ્ર હોય તો વિશેષ દંડ થતો. ત્રિવર્ણોને એમની જાતિ અનુસાર ઓછો વધતો દંડ નિર્ધારિત કરવામાં આવતો. જો આરોપ મુકનાર ત્રિવર્ણના હોય તો એમની જાતિ અનુસાર અને શૂદ્રને કઠોર દંડ કરવામાં આવતો.

આ બીજા પ્રકારની બર્બરતા છે જે રોમન કાનૂન અને બ્રાહ્મણ કાનુનને અલગ પાડે છે. બન્ને વચ્ચેનો સ્પષ્ટ તફાવત બતાવે છે.

બ્રાહ્મણવાદી અને રોમન કાનુન વચ્ચે એક અન્ય તફાવત એ છે કે, એનો સંબંધ ગેરલાયકાતોની પ્રકૃતિ સાથે છે. બે તથ્યો આ બાબત અંગે વિચારણીય છે. પહેલી વાત તો એ છે કે, રોમન સમાજમાં જ્યારે એવી પરિસ્થિતિ પ્રવર્તતી હતી ત્યારે નિષેધાજ્ઞાઓ ચલણી બનેલી અને જેવી પરિસ્થિતિ બદલાઈ કે તરત જ નિષેધાજ્ઞાઓ સમાપ્ત કરી દેવામાં આવી અને વિધાનમાં સમાનતાનો સમાવેશ કરી દેવામાં આવ્યો. બીજી ઉલ્લેખનીય બાબત એ છે કે, રોમન વિધાનમાં કોઈ પરિસ્થિતિને સદા સર્વદા માટે કાયમી ધોરણે લાગુ પાડવાના પ્રયાસ કરવામાં આવ્યો નથી. એમાં નિરંતર સુધારા અને પ્રયત્નો થતા રહ્યા છે અને રોમન વિધાનમાં પરિસ્થિતિઓને પણ પરિવર્તિત કરવાના પ્રયાસો થતા રહ્યા છે, જેના કારણે નિષેધાજ્ઞાઓ લાગુ પાડવામાં આવી હતી. પ્લેબિયનો, ગુલામો, વિદેશીઓ અને પગાનો (મૂર્તિપૂજક)ના ઉદાહરણથી આ બાબત

બિલકુલ સ્પષ્ટ થાય છે.

જો ઉપર આપેલ રોમન કાયદા નિષેધ અંગે નોંધવામાં આવેલી વિગતો જોઈએ તો એ વાત સ્પષ્ટ થઈ જશે કે, ધર્મ સૂત્ર અને સ્મૃતિઓમાં કેટલી ઘોર દુષ્ટતા આચરવામાં આવી છે. જો નિષેધાજ્ઞાઓ પરિસ્થિતિ વશ લાગું પાડવામાં આવી હોત તો આ નિષેધ એટલા બધા નૃશંસતાપૂર્ણ સાબિત થઈ શક્યા ન હોત. જો નિષેધ પરિસ્થિતિ વશ લાદવામાં આવ્યો હોત, તો પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા માટે શૂદ્રોને પ્રયાસ કરવાની આઝાદી પ્રાપ્ત થઈ હોત ! બ્રાહ્મણવાદી વિધાન અનુસાર નિષેધોને માત્ર લાગું કરવામાં આવ્યા ન હતા પણ ક્રૂર કાનૂન બનાવીને એને સ્થિર સ્વરૂપ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અને શૂદ્રો એમાંથી મુક્તિ મેળવે એવા પ્રયાસને પણ દંડનીય અપરાધ ગણી કાઢ્યો હતો. જેના અનુસાર કડકમાં કડક દંડ આપવાની જોગવાઈ કરવામાં આવી હતી. આ રીતે બ્રાહ્મણવાદી કાયદામાં કેવળ પ્રતિબંધો લાગું પાડવામાં નથી આવ્યા પણ એને સ્થાયિત્વ અને સ્થિરતા આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

એક ઉદાહરણ નોંધવા જેવું છે કે, શૂદ્ર વૈદિક યજ્ઞ કરી શકતો નહોતો, કારણ કે વૈદિકમંત્રોના ઉચ્ચારણને પાત્ર એને સમજવામાં આવતો નહોતો. આ નિષેધની કોઈ અવગણના કરી શકતું નહીં. ધર્મસૂત્રો આટલે જ અટકતા નથી. તે તો આગળ વધીને એવી આજ્ઞા આપે છે કે, શૂદ્રોએ વેદનું અધ્યયન કરવું કે સાંભળવું એ પણ મહા અપરાધ છે . જો તે આવું કૃત્ય કરે તો એની જીભ કાપી નાંખવી જોઈએ અને ઊકળતું સીસું એના કાનમાં રેડવું જોઈએ . શું કોઈ વ્યક્તિને ધાર્મિક અનુષ્ઠાનોથી વંચિત રાખવા માટે આનાથી વિશેષ બર્બરતાપૂર્ણ જોગવાઈ બીજી કોઈ હોઈ શકે?

આ પ્રતિબંધો અંગેનું સ્પષ્ટીકરણ શું છે? શૂદ્રો પ્રત્યે બ્રાહ્મણવાદી કાયદાઓમાં નિર્માતાઓએ આટલો બધો નિર્દયતાપૂર્ણ વ્યવહાર શા માટે કર્યો?

એમાં ગ્રંથો તો કેવળ નિષેધાજ્ઞાઓનું જ વર્ણન કરનારી છે . એમાં લખ્યું છે કે શૂદ્રોને ઉપનયનનો અધિકાર નથી પરંતુ એ ગ્રંથોમાં એનો ઉલ્લેખ તો છે જ નહીં કે , આવું શા માટે કરવું? બધી વાતો તર્કહીન છે . શૂદ્રોનો નિષેધ એમના

વ્યક્તિગત ચરિત્ર સાથે સંબંધિત નથી . કોઈ પ્રકારના દોષને કારણે પણ આવા નિષેધો લાગું પાડવામાં આવ્યા નથી . શું શૂદ્રને એટલા માટે જ દંડિત કરવો જોઈએ કે તે શૂદ્ર છે? આ એક રહસ્ય છે જેનું નિરાકરણ લાવવાનો અને રહસ્ય શોધવાનો પ્રયાસ કરવો જોઈએ . બ્રાહ્મણવાદી ગ્રંથો આ રહસ્ય શોધવામાં ઉપયોગી નથી. એટલે રહસ્યને શોધવા માટે આપણે અન્યત્ર ખોજ કરવી પડશે.

પ્રકરણ ૪

શૂદ્રો વિરુદ્ધ આર્યો

આ પહેલાં જે કહેવામાં આવ્યું છે એનાથી એક વાત તો સ્પષ્ટ થઈ જાય છે કે બ્રાહ્મણવાદી લેખકોએ જે લખ્યું છે એમાંથી એક પણ કડી હાથ લાગતી નથી. જેના દ્વારા આપણે નિર્ણય કરી શકીએ કે શૂદ્રો કોણ હતા? અને ભારતીય આર્ય સમાજ વ્યવસ્થામાં એમને ચોથા વર્ણમાં કેવી રીતે ગણવામાં આવ્યા? એટલે પશ્ચિમના વિદ્વાનોએ આ અંગે જે કંઈ લખ્યું છે, એનો આધાર લઈને રહસ્યને શોધવાનો પ્રયાસ કરવો પડશે. પશ્ચિમના વિદ્વાનોએ આ અંગે જે મત સ્થાપિત કર્યા છે. એનું અવલોકન કરવું આવશ્યક બની જાય છે. શૂદ્રોના ઉદ્ભવ અંગે જો કે તમામ વિદ્વાન એકમત નથી છતાંય નિમ્ન લિખિત વાતો અંગે વિદ્વાનોમાં એક મત પ્રવર્તે છે. એને ટૂંકમાં નીચે મુજબ મૂકી શકાય.

(૧) વૈદિક સાહિત્યની રચના આર્યોએ કરી છે.

- તે આર્યજાતિના હતા.

(૨) આર્યજાતિ બહારથી આવી છે. તેણે ભારત ઉપર આક્રમણ કર્યું હતું.

(3) ભારતના મુળ નિવાસી દાસ અને દસ્યું છે જે આર્યો કરતાં તદ્દન જુદી જ જાતિ છે.

(૪) આર્યો ગૌરવર્ણના હતા જ્યારે દાસ અને દસ્યુ શ્યામ રંગના હતા.

(૫) આર્યોએ દાસ અને 'દસ્યુ' ઓને યુધ્ધમાં હરાવ્યા.

(૬) 'દાસ' અને 'દસ્યુ' પરાજિત થયાં હોવાથી એમને ગુલામ બનાવી દેવામાં આવ્યા જે પાછળથી શૂદ્ર તરીકે ઓળખાયા.

(૭) આર્યો શારીરિક રંગના પક્ષપાતી હતા. (રંગભેદમાં માનતા હતા) તેથી

તેમણે ચાર્તુવર્ણની સ્થાપના કરી. જેમાં ગૌરવર્ણની જાતિઓને શ્યામાંગ જાતિઓથી સદા સર્વદાને માટે અલગ પાડી દીધી.

ભારતીય આર્યોના સમાજમાં શૂદ્રોની ઉત્પત્તિ અંગે પશ્ચિમ વિદ્વાનોનો આ મત કેટલો સત્ય છે; તે તો તદ્દન અલગ જ મુદો છે, પણ ચોકકસ રીતે એટલું તો અવશ્ય કહી શકાય તેમ છે કે, બ્રાહ્મણી સિદ્ધાંતોની સામાજિક સ્થિતિને જોતાં અને એવી સ્થિતિને દૈવી આદેશનું આવરણ ઓઢાડીને ગૂઢ અને રહસ્યમય વિવરણો આપીને એક એવા સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે.

જે આ વિષય અંગે તર્કસંગત અને સ્વાભાવિક વ્યાખ્યા રજૂ કરે જ છે. બ્રાહ્મણી સિધ્ધાંત તો તર્કહીન છે. એના દ્વારા તો શૂદ્રોના ઉદગમનું કોઈ કારણ જાણી શકાતું નથી. એટલે તો પ્રશ્ન એમણે જેમ ને તેમ છોડી દીધો છે. આ પ્રશ્ન અંગે કમ સે કમ પશ્ચિમના વિદ્વાનો છે. આ પ્રશ્નને સમજવાનો પ્રયાસ તો કર્યો જ છે. એમ માનવું પડે.

કોઈ પણ સિદ્ધાંતની સત્યતા ચકાસવા માટે એના તર્કસંગત તથ્યો, પુરાવા અને પ્રમાણની તપાસ કરવી જોઈએ. આપણે એક એક ભાગને વારાફરતી તપાસવાનો પ્રયાસ કરીશું.

પાશ્ચાત્ય વિદ્વાનોની થિયરીનો આધારસ્તંભ મુખ્યત્વે આર્યજાતિ (Aryan race) આધારિત છે. એટલે સૌથી પહેલાં આપણે એના અંગે જ વિચારવું પડશે.

આખરે આ આર્યવંશ (Aryan race) શું છે? આ પ્રશ્નનો વિચાર કરીએ એ પહેલાં વંશિય અસ્તિત્વ (race) શું છે એનો વિચાર કરવો જોઈએ કારણ કે આ શબ્દ સમજયા વિના 'લોકો' (People) અને 'વંશ' (race) વચ્ચેનો તફાવત કરવામાં ભૂલ થવાનો સંભવ છે. એનું ઉત્તમ ઉદાહરણ 'જયુ' લોકો છે,

લોકોની માન્યતા એવી છે કે 'જયુ' એક વંશીય અસ્તિત્વ છે. ઉઘાડી આંખે એવું લાગે પણ છે પણ વિષયના નિષ્ણાતનો આ અંગે શું અભિપ્રાય છે? પ્રોફે. રિપ્લેએ જયુ અંગે આ પ્રકારનું વિધાન કર્યું છે.

"આપણું અંતિમ તારણ એટલું જ છે. આ બાબત વિપરીત લાગે પણ તે સાચી જ છે; એ આપણે સ્વીકારવું પડે. જયુ એક વંશિય અસ્તિત્વ નથી એમના ચહેરામાંથી આ અંગેની સ્વીકૃતિ જોવા મળે છે. જ્યારે એમનાં અન્ય લક્ષણો જોતાં એવું નથી લાગતું. પેઢી દર પેઢી લોહીની શુધ્ધતા અને શારીરિક લક્ષણોથી આ વૈશિષ્ટ જળવાઈ રહ્યું છે.[૧]

જાતિ એક એવા જનસમુદાયને કહે છે જેમાં જન્મ પરંપરાનુંગત વિશેષ લક્ષણો જોવા મળે છે. એક સમય એવો હતો જયારે નિમ્નલિખિત લક્ષણોને આધારે વંશીય-ઓળખાણ કરવામાં આવતી હતી. (૧) માથાની બનાવટ, (૨) વાળ અને આંખોનો રંગ, (૩) ચામડીનો રંગ, (૪) શારીરિક ઉંચાઈ-આકાર.

આધુનિક યુગમાં એ વાત સિધ્ધ થયેલી છે કે, આબોહવા અને ભૌગોલિક સ્થિતિના આધારે ભિન્નભિન્ન સ્થાનો પર શરીરનો આકાર પણ ભિન્ન ભિન્ન હોય છે. એટલે એના માધ્યમથી કોઈ જાતિ વિશેષની ઓળખ આપવી અસંભવ છે.

એક માત્ર સ્થિર લાક્ષણિકતા માનવીના મસ્તકનો આકાર છે; જેના દ્વારા લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈના સામાન્ય પ્રમાણોનો સૂચિતાર્થ નીકળી શકે છે. અને તેથી જ નૃવંશશાસ્ત્રીઓ (Anthropologists) અને માનવ જાતિના અભ્યાસીઓ (Athnologists) તેને જાતિની શ્રેષ્ઠ કસોટી માને છે.

કોઈ વ્યક્તિ કઈ જાતિની છે તેનો નિર્ણય કરવા માટે મસ્તકના આકારોના ઉપયોગને નૃવંશશાસ્ત્રીઓએ પદ્ધતિસરના વિજ્ઞાન તરીકે

૧. રિપ્લે ડબલ્યું. ઈ. ધી. રેઈસીસ ઓફ યુરોપ પૃ. ૪૦૦.

વિકસાવ્યો છે. જેને માનવ મસ્તિષ્કશાસ્ત્ર (Anthropometry) કહેવામાં આવે છે. આ માનવ મસ્તિસ્ક વિજ્ઞાને મસ્તકનો આકાર માપવાના બે માર્ગો શોધી કાઢયા છે : (૧) સેફાલિક ઈન્ડેક્ષ (Cephalic Index) ખોપરીની પહોળાઈનું તેની લંબાઈ સાથેનું પ્રમાણ અને (૨) ફેસિયલ ઈન્ડેક્ષ (Facial Index) મુખાકૃતિના આકારનું પ્રમાણ.

ખોપરીની કપાળથી બોચી સુધીની લંબાઈના ટકાવારીમાં વ્યક્ત થતી કાન ઉપર ખોપરીની પહોળાઈ એ સેફાલિક ઇન્ડેક્ષ છે. આ લંબાઈ ૧૦૦ છે એવું અનુમાન કરતા પહોળાઈ તેના એક ભાગ તરીકે વ્યક્ત થાય છે. ખોપરી જેમ પ્રમાણસર રીતે પહોળી થતી જાય છે - ઉંચેથી નીચે તરફ જોતાં વધારે પૂર્ણ રીતે ગોળાકાર - તેમ આ સેફાલિક ઇન્ડેક્સ વધતો જાય છે.જ્યારે તે ૮૦ થી ઉપર જાય છે ત્યારે ખોપરી બ્રેચી સેફાલિક (Brachycephalic) કહેવાય છે.

જ્યારે તે ૭૫ થી નીચે જાય છે ત્યારે તેને ડોલિકો સેફાલિક (Dollehocephatic) કહેવામાં આવે છે. ૭૫ થી ૮૦ વચ્ચેના અંકોને મેસોસેફાલિક (MesoCephalic) કહેવાય છે. આ ટેકનીકલ પર્યાયો છે.

જાતિ અંગેના વિવિધ પ્રશ્નો સાથે આ પર્યાયો સંકળાયેલા છે. આ પર્યાયોના સૂચિતાર્થ છે. તે જો કોઈ જાણતા ન હોય તો દેખીતી રીતે જ ચર્ચાને બુદ્ધિપુર્વક રીતે સમજવી ઘણી મુશ્કેલ બને છે. તેથી આ અંગેના લોકપ્રિય સમાન પર્યાયો મારે વાપરવા પડે તો એની પાછળ પ્રશ્નને સમજવાનો જ આશય રહેલો છે. ખોપરીના હાડકાની પહોળાઈ લંબાઈના ત્રણ ચતુર્થાસ અને ચાર-પંચમાંશની વચ્ચેની હોય તો તે ડોલિકો સેફાલિક એટલે કે લાંબી ખોપરીવાળાના વર્ગનો છે અને તેનો સેફાલિક ઈન્ડેક્ષ નીચો હોય છે. ખોપરીના હાડકાની પહોળાઈ લંબાઈના ચારપંચમાશથી નીચી હોઈ છે.

મુખાકૃતિ ઈન્ડેક્ષ(Facial Index) મસ્તક અને આકારના પ્રમાણો વચ્ચે

પરસ્પર સબંધિત છે. મોટા ભાગના કેસોમાં તેવું જણાવાયું છે. પ્રમાણમાં પહોળા મસ્તક સાથે ગોળ ચહેરો હોય છે. જેમાં કપાળની હડપચી સુધીની ઊંચાઈની સરખામણીએ ગાલના હાડકાની પહોળાઈ નોંધપાત્ર હોય છે. માપ લેવાની રીતમાં એક સુત્રતાના અભાવે અત્યાર સુધી ચોક્કસ સરખામણી માટે ઉચિત વિસ્તૃત નિરીક્ષણ થઈ શક્યું નથી. અંતે તો એવો સામાન્ય નિયમ અપનાવવાનું સલામત જણાયું છે કે લાંબુ મસ્તક, લંબગોળ ચહેરો, ટુંકું મસ્તક અને ગોળ ચહેરો. માનવ શરીર રચનાશાસ્ત્રના પ્રકાંડ પંડીત પ્રોફે. રિપ્લેએ યુરોપિયનોને ત્રણ ભિન્ન જાતિઓમાં નીચે પ્રમાણે વિભાજીત કરી છે.

ક્રમ	પ્રકાર	મસ્તક	ચહેરો	વાળ	આંખ	શારીરિક કાંઠું	નાક
૧	ખ્રૂટોનિક	લાંબુ	લાંબો	હલકા રંગના	નીલી	ઊંચુ	સંકુચીત
૨	આલ્પાઇન (સેલ્ટીક)	ગોળ	પહોળો	હળવા રતાશ પડતા ભૂખરા	ભૂખરી	મધ્યમ કદાવર	વિવિધતા ધરાવતું કંઇક પહોળું
૩	મેડીટેરિયન ભૂમધ્ય વિસ્તારના	લાંબુ	લાંબો	ઘેરા બદામી કાળા,	ઘેરી કાળી	મધ્યમ પાતળું	કંઇક પહોળું

ઉપરોક્ત શારીરિક બનાવટના આધારે એમાં આર્યો માટે કોઈ સ્થાન નથી. આ વિષયમાં બે મત પ્રચલિત છે. એક મત એવું માને છે, જેના અનુસાર આર્યોના જાતિલક્ષણો આ પ્રકારે છે . લાંબુ માથું , સીધું અને પાતળું નાક, લાંબો ચહેરો, સશક્ત શરીર, સુગઠિત કદ. ૧

બીજો મત પ્રોફે. મેક્સમૂલરનો છે. તેમણે સાયન્સ ઓફ લેંગ્વજમાં આ શબ્દ ત્રણ ભિન્ન ભિન્ન અર્થમાં ઉપયોગ કર્યો છે. અને પોતાનાં વ્યાખ્યાનોમાં પ્રતિપાદિત કર્યા છે. 'અર' અને 'અરા' પ્રાચીન શબ્દ છે. જેનો અર્થ થાય છે 'ખેડેલી જમીન'. આ શબ્દો સંસ્કૃત ભાષામાંથી લુપ્ત થઈ ગયા છે. પણ ગ્રીક

૧ એજન ગ્રંથ ૧. પૃ. ૧૨૧.

ભાષામાં '(era)' 'એરા'ના રૂપમાં આજે પણ સુરક્ષિત છે. એટલે આર્યનો અર્થ જમીનનો ખેડનાર એવો થાય છે. જયારે વૈશ્ય શબ્દ વિશ આધારિત છે. એનો અર્થ થાય છે 'ગૃહસ્થ'. મનુની પુત્રી 'ઈદા' એક એવો શબ્દ છે. જેનો અર્થ પણ જમીનને ખેડનાર એવો થાય છે. કદાચ '(era)' એરા શબ્દનું એ સંશોધિત રુપ છે.

આર્યનો બીજો અર્થ છે ભૂમિને ખેડનાર. એવું લાગે છે કે, આર્યોએ પોતાના માટે આ નામ પસંદ કર્યું હશે! આ બાબતમાં પ્રોફે. મેક્સમૂલરે નીચે પ્રમાણેના નિરીક્ષણો કર્યા છે. ૧

અશ્વની જેમ ઝડપથી ફરનાર ભટકતી જાતિ તુરાનીયનોથી અલગ ઓળખાણ દાખવવા આ નામ આર્યોએ પસંદ કર્યું હશે. એવો પ્રોફે. મેક્સમૂલરનો અભિપ્રાય છે. કારણ કે આર્યો જમીન ખેડનાર અને તુરાનીયન ભટકતી જાતિ હતી. 'તુરા' ઘોડેશ્વારની ઝડપનો ગર્ભિત અર્થ સૂચવે છે.

ત્રીજા અર્થમાં આર્ય શબ્દ વૈશ્યોના સમૂહનો સંકેત કરવા પ્રયોજાયો છે. આ અર્થ તારવવા માટે પ્રોફે. મેકસમૂલર પાણિનિના ગ્રંથને આધારરૂપ (૩:૧-૧૦૩) ગણે છે.

આ સિવાય 'આર્ય' શબ્દનો એક ચોથો અર્થ પણ છે. જોકે એ પાછળના વર્ષોમાં પ્રચલનમાં આવ્યો હોય એવું લાગે છે. એનો અર્થ થાય છે "શ્રેષ્ઠ કુળમાં પેદા થયેલો ."

આર્ય જાતિ (race) અંગે પ્રોફે.મેકસમૂલરનો મત એવો છે કે, આર્ય કોઈ જાતિ નથી પણ એક ભાષા છે. અને તે જાતિને લાગું પાડી શકાય નહીં. આર્યનો અર્થ માત્ર ભાષા અને ભાષા સિવાય બીજું કંઈ જ થતું નથી. અને જો આપણે આર્ય વંશ (Aryan race) એવો શબ્દ વાપરતા હોઈએ તો એનો અર્થ એટલો જ થાય કે તે આર્ય બોલી બોલનારો છે.

૧ પ્રોફે. મેક્સ્મુલર 'બાયોગ્રાફી ઓફ વર્ડઝ' પૃ. ૮૯ અને ૧૨૦-૧૨૧.

***

"મેં વારંવાર ઘોષણા કરી છે કે જ્યારે હું આર્ય કહું છું. ત્યારે એનો અર્થ લોહી, કે હાડકાં, કે વાળ કે માથાની ખોપરી નહીં. પણ હું એટલું જ કહેવા માંગુ છું કે તે આર્ય ભાષા છે. આ હિંદુ, ગ્રીક , રોમન, કોલ્ટ અને સ્લાવને પણ લાગુ પડે છે. જ્યારે આ શબ્દો હું વાપરું છું ત્યારે વંશિય વાત નથી કરતો પણ ભાષાને સૂચવું છું, નીલી આંખોવાળા અને ભૂખરા વાળ વાળા સ્કેન્ડેવિયનો કદાચ વિજયી બન્યા હોય કે પરાજિત તેમણે તેમના વિજેતાઓની ભાષા અપનાવી હશે અથવા એનાથી વિપરીત પણ થયું હોય કે વિજેતાઓએ એમની ભાષા સ્વીકારી હોય. મારે ભાષાથી આગળ કોઈ સંકેત કરવાનો નથી. જયારે હું હિંદુ, ગ્રીક , રોમન, જર્મન, કેલ્ટ કે સ્લાવ શબ્દો વાપરું છું ત્યારે આ જ અર્થમાં વાપરું છું અને તે અર્થમાં અને માત્ર એ જ અર્થમાં જ હું કહું છે કે, કાળામાં કાળા હિંદુઓ પણ સૌથી સુંદર સ્કેન્ડીવિયનો કરતાં વધુ "આર્ય ભાષા" અને "વિચાર"ના કોઈ અગાઉના તબકકાનું પ્રતિનિધિત્વ કરે છે. આ ભાષા કદાચ સખ્ત જણાશે ; પરંતુ આવી મહત્વની બાબતોમાં આપણે આપણી ભાષામાં બહુ ચોક્કસ રહી શકીએ નહીં. મારા અભિપ્રાય મુજબ તો કોઈ માનવવિજ્ઞાનનો જાણકાર અભ્યાસી કે જે આર્ય જાતિ, આર્ય લોહી, આર્ય આંખો, અને વાળની વાત કરતો હોય તે કોઈ એવા ભાષાવિદ્ જેટલો જ મહાન પાપી છે, કે જે “ડેલિકો સેફાલિસ" શબ્દકોશ અથવા "બ્રેચી સેફાલિસ" વ્યાકરણની વાત કરતો હોય તે ભાષાઓના બેબીલોનિયન ગુંચવાડા કરતાંય બદ્દતર છે. - તે નિમ્ન કક્ષાની ચોરી છે. આપણે ભાષાના વર્ગીકરણ માટે આપણો પોતાનો પારિભાષિક શબ્દોનો સમૂહ બનાવ્યો છે.

માનવ વિજ્ઞાનીઓ ભલે ખોપડીઓ, વાળ અને લોહીના વર્ગીકરણ માટે પોતાનો શબ્દકોશ બનાવે."[૧]

આ રીતે આપણી સામે "આર્ય" શબ્દ અંગે બે પ્રકારના મત રજુ થાય છે,

૧.મેક્સમૂલર: બાયોગ્રાફી ઓફ વર્ડ્સ પૃ. ૮૯ અને ૧૨૦-૧૨૧.

જો કે બન્ને વચ્ચે એકરૂપતા નથી. એક છે "આર્ય" જાતિનું અસ્તિત્વ શરીર રચના ઉપર આધારિત છે એવો મત અને બીજો મત છે એક ભાષા ભાષી સમુદાયના રૂપમાં આર્ય જાતિનું અસ્તિત્વ હતું, એવું માનનારાઓનો મત.

બંને મતો વચ્ચેના વિરોધાભાસનો નિર્ણય કરવા વૈદિક સાહિત્યમાંથી કયા પ્રમાણો ઉપલબ્ધ થાય છે, એ જોવું જરૂરી છે.

ऋग्वेदમાં એક શબ્દ છે "અર્ય" (अर्य) અને બીજો શબ્દ છે "આર્ય" (आर्य) જેનો પ્રયોગ ऋग्वेदમાં જોવા મળે છે.[૧]

'અર્ય'નો પ્રયોગ ૮૮ વાર થયો છે અને તે પણ ચાર અર્થમાં થયો છે. (૧) શત્રુ, (૨) આદરણીય વ્યકિત, (૩) ભારત દેશનું નામ, (૪) સ્વામી, વૈશ્ય અથવા નાગરિક.[૨]

'આર્ય શબ્દનો પ્રયોગ ૩૧ વાર થયો છે.[3] પરંતુ જાતિના અર્થમાં એનો પ્રયોગ કરવામાં આવ્યો નથી. 'અર્ય' કે 'આર્ય'નો અર્થ કોઈ જાતિ વિશેષનું નામ કે સંબોધન નથી.

કોઈ અહીં એ પ્રશ્ન ઉઠાવી શકે કે, માનવ શરીર રચના શાસ્ત્ર (Anthropornetry) આ અંગે શું કહે છે? આર્યજાતિ (race)ની ઓળખ માટે કેવળ લાંબુ માથું હોવું જ પર્યાપ્ત નથી. પ્રો. રિપ્લેએ લાંબા માથાવાળી બે જાતિનો ઉલ્લેખ કર્યો છે. એટલે આ પ્રશ્ન હજુ અનુત્તરિત છે.

--- ૨ ---

આર્યો ભારત બહારથી આવ્યા હતા એમણે ભારત પર આક્રમણ કર્યું હતું. અને અહીંના મૂળ નિવાસીઓને જીતી લીધા હતા. આ પ્રશ્ન અંગે અલગ રીતે વિચાર કરીએ.

૧.(જુઓ પરિશિષ્ટ) ऋग्वेदમાં સંદર્ભોની યાદી જુઓ. પરિશિષ્ટ ૧.

૨.કયા સ્થળે શબ્દનો ઉપયોગ થયો છે અને કયા અર્થમાં થયો છે તે બતાવતા સંદર્ભો માટે જુઓ, પરિશિષ્ટ ૨.

૩.સંદર્ભોની યાદી માટે જુઓ પરીશિષ્ટ ૩.

આર્યો ભારતમાં ક્યાંથી આવ્યા તે અંગે જુદાં જુદાં વિદ્વાનોના તારણમાં મતભેદ છે. આ પ્રશ્ન અંગે બ્રેનફેનું (Benfey) કહેવું છે કે તે કાળા સમુદ્રની ઉત્તરમાં બાજુથી આવ્યા છે. આર્યોના મૂળ વતનનો નિર્ણય કરવા માટે સામાન્ય બોલીનો આધાર લઈ શકાય તેમ છે. એમના આ વિષય અંગેના વિચારોને પ્રોફે.ઇસાક ટેલરે ટૂંકમાં રજુ કર્યા છે. ૧

"સમગ્ર આર્ય જાતિની બોલીના આધારે આર્યોના મૂળ વતન અંગેનો નિર્ણય કરી શકાય તેમ છે કારણ કે બોલીમાંના કેટલાક પ્રચલિત શબ્દો જુદા પડે છે."

કેટલાક પ્રાણીઓ જેમ કે રીંછ અને વરુ અને કેટલાક વૃક્ષોના નામો જેમકે બીચ (Beech) અને બર્ચ (birch) વગેરેથી પ્રાથમિક આર્યો પરિચિત હતા. એના પરથી એવું પ્રતિપાદિત થઈ શકે કે આ પ્રાણીઓ અને વૃક્ષો એવી આબોહવામાં હોય છે. જે દક્ષિણ એશિયાના પ્રદેશોમાં જોવા મળે છે. સિંહ,વાઘ જેવા પ્રાણીઓ અને પામ વૃક્ષ જે ભારતીયો અને ઈરાની જાણકારીમાં હતા જે પ્રાથમિક આર્યોની ભાષામાં જોવા મળતા નથી. કારણ કે આ બે વિશિષ્ટ પ્રાણીઓના નામથી આર્યો પરિચિત નથી. વાઘ, સિંહ કે ભાર ઊંચકનાર ઊંટનો ઉલ્લેખ નથી એટલે પૂર્વના કાસ્પિયન વિસ્તારમાંથી આર્યોએ સ્થળાંતર કર્યું એમ માની શકાય તેમ નથી.૨

એક બીજો મત એવો છે કે આર્યોનું મૂળ વતન કોકેસિયન હોવું જોઈએ. કારણ કે કોકેસિયનની જેમ આર્યોનું સીધું ધારદાર નાક હતું અને એમના ચહેરા ખૂબસુરત હતા. આ અંગે પ્રોફે. રિપ્લેના૩ વિચારો ટાંકવા ઉપયોગી નીવડશે. પ્રોફે. રિપ્લેનું આ વિષયમાં કહેવું છે કે,

નીલી આંખો અને સુંદર માથાવાળા આર્યો પશ્ચિમ યુરોપનો વંશ હતા.એના અંગે કોકેસિયન શબ્દોનો પ્રયોગ ખોટા ઉદાહરણને લીધે કરવામાં આવે છે. આ અંગે બે પ્રશ્નો પેદા થાય છે, પહેલી વાત તો કોકેસિયનના

૧. પ્રોફે ઈસ્હાક ટેલર " ધી ઓરિજિન્સ ઓફ ધી આર્યન્સ" પૃ-૨૪-૨૬.

૨.ઈસ્હાક ટેલર " ધી ઓરિજિન્સ ઓફ ધી આર્યન્સ" પૃ-૨૪-૨૬.

૩.પ્રોફેસર-રિપ્લે. રેઇસ ઓફ યુરોપ પૃ.૪૩૬-૩૭.

માઇલના વિસ્તારમાં આ પ્રકારના લોકો જોવા મળતા નથી અને બીજી બાબત એ છે કે કોકેસિયનની સાંકળમાં સંકળાયેલા પ્રદેશની કોઈ જાતિ આર્યોની શુદ્ધ ભાષાનો કયાંય ઉપયોગ કરતા નથી.

ઓસેટિસ (Ossetes) લોકોની ભાષા ઉચ્ચારબદ્ધ છે. આમ છતાં તેમણે પોતે આર્ય હોવાનો પોતાનો દાવો હકારાત્મક રીતે સ્પષ્ટ કર્યો નથી અને ઓસેટિયન લોકો આર્ય હોય તો પણ એ લોકોને ઈરાનની દિશામાંથી આગંતુકો તરીકે અને સહેજ પણ મૂળ નિવાસી કોકેસિયન નહી ગણવા માટેનાં કારણો છે. દક્ષિણમાંની પર્વતીય હારમાળાની પેલા પારનો એક માત્ર ધોરી માર્ગ - ડેરિયલ - ઘાટમાંથી આવે છે. આ પ્રદેશના તેમના વ્યવસાયની લગોલગના તેમના મસ્તકનો આકાર એ કલ્પનાને સમર્થન પુરાં પાડે છે. બધી રીતે જોતાં ઓસેટિસ લોકો આર્ય હોય કે ન હોય, છતાં તેઓ તેમના વિશે અન્ય પ્રજાઓ વચ્ચે કોઈ મહત્વને પાત્ર નથી. આ પ્રદેશમાંથી સહજ રીતે લબ્ધ એવી શારીરિક સુંદરતા અને નિર્ભયતા બંન્નેનો અભાવ ઉડીને આંખે વળગે તેવો છે.

આ કોકેસિયન લોકોમાંના કેટલાકોમાં 'કંઇક વિશિષ્ટતા' ધરાવતા છે. એવું માનવું એમાં સત્યતા નથી. હકીકતમાં તો કોકેસિયનો કોઈ પણ બાબતોમાં ક્યારેય કોઈક વિશિષ્ટતા ધરાવતા હોય એવું નથી. આ નામ યુર - એશિયન ખંડના લગભગ દરેક શારીરિક પ્રકાર અને ભાષા પરિવારને આવરી લે છે. સિવાય કે બદામી, ઊંચા અને 'આર્યભાષી' લોકો કે જેમને માટે આ નામનો ખાસ ઉપયોગ કરાયો છે. આ બાબત બિલકુલ સ્વીકારપાત્ર નથી. કોકેસિયસ પ્રદેશ કોકેસસ એ લોકોનું, ભાષાઓનું, રીતરસમોનું અને શારીરિક પ્રકારોનું કોઈ પારણું નથી. તેના બદલે તે કબર છે. આપણે આ બાબતમાં શરૂઆતમાં જ સ્પષ્ટતા કરી લેવી જોઈએ. વિશ્વમાં અન્યત્ર ક્યાંય પણ લોકોનો, ભાષાઓનો અને ધર્મોનો આટલો મોટો વિરોધપૂર્ણ મેળાપ બીજે કયાંય થયો નથી. જેટલો કોકેસસ પર્વતોની હારમાળાના પ્રદેશમાં બન્યું છે.

શ્રી ટિળકે નિર્દેશ કર્યો છે કે આર્યજાતિનું મૂળ વતન ઉત્તર ધ્રુવીય પ્રદેશમાં હતું. તેમણે જે સિદ્ધાંત રજુ કર્યો છે એને એમના જ શબ્દોમાં ઉપસંહાર રૂપે મૂકી શકાય તેમ છે. તેમણે ઉત્તર ધ્રુવની આસપાસના પ્રદેશમાંની ખગોળશાસ્ત્રીય અને હવામાન લાક્ષણિકતાની નોંધ લઈને પોતાની વાતની માંડણી કરતાં લખ્યું છે કે,[૧]

"આ લાક્ષણિકતાઓ અને તફાવતના બે પ્રકારો છે : એક તો બરાબર પૃથ્વીના ઉત્તર ધ્રુવ પર મૂકવામાં આવેલ નિરીક્ષક માટેનો અને બીજો ધ્રુવ ફરતેના પ્રદેશો અથવા ઉત્તરધ્રુવ અને ધ્રુવીય વર્તુળ વચ્ચેના ભૂમિ માર્ગોમાં મુકવામાં આવેલા કોઈ નિરીક્ષણ માટેનો. શ્રી ટિળક આ બે તફાવતોને ધ્રુવીય (Polar and Circum Polar) અને ધ્રુવ ફરતેના પ્રદેશો તરીકે ગણાવે છે અને તેનું નીચે પ્રમાણે સમાપન કરે છે."

(૧) ધ્રુવીય લાક્ષણિકતાઓ

(૧) સૂર્ય દક્ષિણમાં ઉગે છે.

(૨) તારાઓ ઉગતા કે આથમતા નથી પરંતુ ક્ષિતિજના વિસ્તારોમાં ગોળગોળ ફર્યા કરે છે- અથવા ઘૂમ્યા કરે છે અને ૨૪ કલાકમાં એક વર્તુળ પૂરું કરે છે. આખા વર્ષ દરમિયાન ઉત્તરીય આકાશી અર્ધગોળ જ માત્ર માથા ઉપર હોય છે અને દેખાતો હોય છે અને દક્ષિણ અથવા નિમ્ન આકાશી વિશ્વ હંમેશાં અદ્રશ્ય હોય છે.

(૩) વરસ માત્ર દરેક છ મહિનાના લંબાણ દિવસ અને એક લંબાણ રાત્રીનું બનેલું હોય છે.

(૪) ત્યાં માત્ર એક સવાર અને એક સાંજ હોય છે. અથવા સૂર્ય વર્ષમાં માત્ર એક વાર ઉગે છે અને આથમે છે, પરંતુ સંધ્યાનો ઝાંખો પ્રકાશ સવારનો હોય કે સાંજનો હોય - નિરંતર લગભગ બે મહિના માટે ચાલુ રહે છે. સવારનો રાતો

૧. બી.જી. ટિળક:ધી આર્કટીક- હોમ ઇન ધી વેદાસ પૃ. ૫૮-૬૦.

પ્રકાશ અથવા સાંજના ઝાંખા પ્રકાશ આપણને જોવા મળે છે. તેમ (પૂર્વીય અથવા પશ્ચિમી) ક્ષિતિજના કોઈક ખાસ ભાગ પૂરતાં મર્યાદિત હોતો નથી, પરંતુ દરેક ૨૪ કલાકમાં એક વર્તુળ પૂરું કરતા કોઈક કુંભારના ચાકડા જેમ ઘૂમ્યા કરે છે.

પ્રભાતના પ્રકાશના આ ફેરાઓ સૂર્ય વર્તુળાકાર ક્ષિતિજ પર ન આવે ત્યાં સુધી ફરવાનું ચાલુ રહે છે. એટલે દરેક ૨૪ કલાકે એક ફેરો પૂરો કરતાં નિરીક્ષકની ફરતે અસ્ત થયા વિના જ ફુદડી ફરતો રહે છે.

(૨) ધ્રુવ વર્તુળની લાક્ષણિકતાઓ

(૧) સૂર્ય હંમેશાં નિરીક્ષણ કરનારના મધ્યાંતરની દક્ષિણે જ રહેશે; પરંતુ આ સમશિતોષ્ણ વિસ્તાર રખાયેલા નિરીક્ષકના કેસમાં પણ બને છે. ત્યારે તેને કોઈ ખાસ લાક્ષણિકતા તરીકે ગણી શકાય નહીં.

(૨) મોટી સંખ્યામાં તારાઓ ધ્રુવીય વર્તુળાકારે હોય છે. એટલે કે તેઓ તેમની પરિક્રમાના સમગ્ર ગાળા દરમિયાન ક્ષિતિજ પર હોય છે તેથી હંમેશાં જોઈ શકાય છે. બાકીના તારાઓ સમશિતોષ્ણ વિસ્તાર જેમ ઉગે છે અને આથમે છે. પરંતુ વધારે ઢળતા વર્તુળમાં ફર્યા કરે છે.

(૩) અહીં વર્ષ ત્રણ ભાગોનું બનેલું હોય છે : (૧) અયનાંત સમયે રાત્રી સતત લંબાણવાળી હોય છે. શિયાળામાં આ સ્થિતિ થાય છે અને સ્થળના અક્ષાંશ અનુસાર ૨૪ કલાકથી વધુ અને છ મહિનાથી ઓછા સમય માટે ચાલુ રહે છે. (૨) બરાબર એટલો જ લંબાણવાળો સતત રહેતો દિવસ ઉનાળાના અયનાંતના સમયે થાય છે અને (૩) બાકીના વર્ષ દરમ્યાન વારાફરતી સામાન્ય દિવસો અને રાત્રીઓ અથવા કોઈ દિવસ સૌ પ્રથમ રાત્રી કરતાં ટૂંકો હોય છે. પરંતુ તે લંબાણ દિવસમાં વિકસે નહિ ત્યાં સુધી તે વધતો જ જાય છે. લંબાણ દિવસના અંતે રાત્રી, સૌ પ્રથમ દિવસ કરતાં ટૂંકી, પરંતુ તેના વાર પ્રમાણે તે

લંબાણ સતત રાત્રીની શરૂઆત ન થાય ત્યાં સુધી દિવસ પર પ્રભુત્વ મેળવવા માંડે છે કે જેની સાથે વર્ષ પૂરું થાય છે.

(૪) લંબાણ સતત રાત્રીના અંતે ઉષા કેટલાક દિવસ માટે ટકી રહે છે. પરંતુ તેનો ગાળો અને ભવ્યતા સ્થળના અક્ષાંશ પ્રમાણે ઉત્તર ધ્રુવ કરતાં પ્રમાણસર રીતે ઓછાં હોય છે. ઉત્તર ધ્રુવના થોડા અંશોની અંદરના સ્થળો માટે ફરતા સવારના પ્રકાશની લાક્ષણિકતા ઉષાના ગાળાના સમયમાં મોટા ભાગમાં દેખાતો રહે છે.

અન્ય ઉષાઓ જેવી કે સામાન્ય દિવસો અને રાત્રીઓ વચ્ચેની ઉષાઓ સમશિતોષ્ણ ઝોનની ઉષાઓની જેમ માત્ર થોડા કલાક જ ચાલશે. સૂર્ય જ્યારે તે સતત દિવસ દરમ્યાન ક્ષિતિજ પર હોય ત્યારે ધ્રુવ પરની જેમ નિરીક્ષકની ફરતે આથમ્યા વિના ફરતો જોવાશે. પરંતુ ત્રાંસમાં અને નહિ કે; ક્ષિતિજ વર્તુળમાં જોવાશે અને લંબાણ રાત્રી દરમ્યાન તે સંપૂર્ણપણે ક્ષિતિજથી નીચે રહેશે: જ્યારે બાકીના વર્ષ દરમિયાન તે ઉગશે અને આથમશે અને ક્રાંતિવૃત્તમાં

સૂર્યની સ્થિતિ અનુસાર વિવિધતાથી ૨૪ કલાકના ભાગ માટે ક્ષિતિજ ઉપર રહેશે .

લોકમાન્ય ટીળકે પોતાની માંડણીનું અને પૃથ્થકરણ કરીને પોતાની સ્થિતિનો ઉપસંહાર કરતાં જણાવ્યું છે કે;

"આમ આપણી પાસે અહીં ધ્રુવીય અને ધ્રુવ ફરતેના પ્રદેશો (Polar and Circum - Polar regions)ના તફાવતો અથવા ખાસ લાક્ષણિકતાઓના બે સેટ ઉપલબ્ધ છે - જે પૃથ્વીના ગોળાની સપાટી પર અન્યત્ર ક્યાંય પણ જોવા મળતા નથી. આ ઉપરાંત, પૃથ્વીના ધૃવો તેઓ લાખો વર્ષ પહેલાં હતા તેવા જ આજે પણ છે. ત્યારે ઉપરોક્ત ખગોળકીય લાક્ષણિકતાઓ બધા સમય માટે બરાબર રહેશે; જો કે ધ્રુવીય વાતાવરણમાં

પ્લાસ્ટોસિન કાળમાં (Pleistocene Period) મોટા ફેરફારો તો કદાચ થયા હશે."

ઉત્તરધ્રુવીય પ્રદેશમાંની લાક્ષણિકતાઓની નોંધ લીધા બાદ શ્રી ટિળક પોતાની દલીલ કરતા જણાવે છે કે;

"જો કોઈ વૈદિક વર્ણન અથવા પ્રણાલિ ઉપરોકત લાક્ષણિકતાઓમાંની કોઈ પણ લાક્ષણિકતાને ખુલ્લી કરતી હોય તો આપણે સલામતીપૂર્વક એવું અનુમાન કરી શકીએ કે, તે પ્રણાલીનું મૂળ ધ્રુવીય પ્રદેશ અથવા ધ્રુવ ફરતેના પ્રદેશમાં છે અને આ લાક્ષણિકતા કવિ દ્વારા જાતોજાત જો જોવામાં આવી ન હોય, તો પણ પેઢી દર પેઢીની વિશ્વસનીય પરંપરામાં તે ઉતરી આવી હોય. એવી પ્રણાલિ દ્વારા ઓછામાં ઓછી એની સ્મૃતિમાં આવી હોય. સદનસીબે વૈદિક સાહિત્યમાં આવા ઘણા ફકરા અને સંદર્ભો છે અને સમજવા માટેની અનુકુળતા ખાતર આપણે તેને બે ભાગોમાં વિભાજિત કરી શકીએ.

પ્રથમ ભાગ એવા ફકરાઓનો બનેલો છે કે જે લંબાણ રાત્રી અથવા લંબાણ ઉષાના પ્રત્યક્ષ વર્ણન કે ઉલ્લેખ કરીને કરે છે અને બીજો ભાગ કાલ્પનિક વાતો અને દંતકથાઓનો બનેલો છે કે જે પ્રથમને પૂરક બને છે અને પરોક્ષ રીતે સમર્થન પુરું પાડે છે."

શ્રી ટિળકને સંતોષ થયો છે કે; કુદરતી લાક્ષણિકતાનું વર્ણન અને વેદોમાં આવેલી દંતકથાઓ અને પૌરાણિક વાર્તાઓ ઉત્તરધ્રુવ નજીક અસ્તિત્વ ધરાવતી હોય તેવી કુદરતી લાક્ષણિકતાઓ સાથે મેળ ધરાવે છે અને તેઓ તારણ કાઢે છે કે; વૈદિક કવિઓ એટલે કે વૈદિક આર્યોનું મૂળ વતન ઉત્તર ધ્રુવીય પ્રદેશ જ હશે.

અલબત્ત આ ઘણો મૂળમાં પહોંચતો સિદ્ધાંત છે. માત્ર એક જ મુદ્દો એવો છે કે જેના અંગે વિશેષ ધયાન આપવામાં આવ્યું નથી. અને તે મુદ્દો

નજર બહાર રહી ગયો છે. વૈદિક આર્યોના જીવનમાં અને ધાર્મિક કૃત્યોમાં 'અશ્વ'નું એક વિશિષ્ઠ સ્થાન રહ્યું છે. રાણીઓ 'અશ્વમેધ યજ્ઞ'માં **૧** અશ્વ સાથે સંભોગ કરવા માટે એકબીજા સાથે નજર કરતી હતી તે બતાવે છે કે; વૈદિક આર્યોના જીવનમાં અશ્વે કેવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સવાલ એ છે કે ઉત્તર ધ્રુવીય પ્રદેશમાં શું અશ્વ જોવા મળતા હતા?

આ એક ખરેખર મૌલિક મત છે. પરંતુ એમાં એક તથ્ય અંગે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું નથી. એ તથ્ય એ છે કે, વૈદિક આર્યોના જીવનમાં અને ધાર્મિક કૃત્યોમાં 'અશ્વ'નું એક વિશિષ્ટ સ્થાન રહ્યું છે. પ્રશ્ન એટલો જ ઉદ્ભવે છે કે શું આર્ટિક ક્ષેત્રમાં 'અશ્વ' જોવા મળતા હતા? એનો ઉત્તર તો નકારમાં જ મળે એટલે આર્યોનો દેશ આર્ટિક હતો એ વાત કંઈ તર્કસંગત લાગતી નથી.

-- 3 --

જ્યાં સુધી આર્ય જાતિ બહારથી આવી છે અને અહીંના મૂળ નિવાસીઓ પર આક્રમણ કરીને આર્યોએ એમને હરાવ્યા એ વાતનો આપણી પાસે કયો પુરાવો છે? આર્યોએ બહારથી આવીને ભારત પર આક્રમણ કર્યું; એના અંગેની નાની સરખી ઘટનાનો ઉલ્લેખ પણ ઋગ્વેદમાં જોવા મળતો નથી. જેનાથી આર્યોએ ભારત પર આક્રમણ કર્યું એ વાતને પુષ્ટિ મળે.

શ્રી પી. ટી. શ્રીનિવાસન આયંગરે**૨** આ મુદ્દા અંગે લખ્યું છે કે;

મંત્રોની સાવચેતીપૂર્વકની પરીક્ષા કરવાથી એવું લાગે છે કે, આર્ય, દાસ, દસ્યુ જેવા શબ્દો જ્યાં વપરાયા છે. તે (race) જાતિનો ઉલ્લેખ કરતા નથી. પણ શાખા (cult) નો ઉલ્લેખ કરે છે. આ શબ્દો મહદઅંશે ઋગ્વેદ સંહિતામાં જોવા મળે છે. જયાં આર્ય શબ્દ ૩૩ વાર મંત્રોમાં વપરાયો છે. જેના કુલ શબ્દો ૧,૫૩,૯૭૨ છે. ખૂબ જ ઓછા પ્રમાણમાં વપરાયેલો 'આર્ય'શબ્દ જ એનો પુરાવો છે કે, જેને આર્ય જાતિ (Tribes) કહેવામાં આવે છે તે આક્રમણખોરો

૧ જુઓ માધવાચાર્યના ભાખ્ય સાથેનો યજુર્વેદ

૨ પી. ટી. શ્રીનિવાસન; લાઇફ એન્શિયન્ટ ઇન્ડિયા ઇન ધી એઈજ ઓફ મંત્રા સ, પૃ. ૧૧ -૧ ૨ .

ન હતા અને જો તેમણે દેશ પર વિજય મેળવ્યો હોત અને સ્થાનિક લોકોનો મૂલોચ્છેદ કર્યો હોત તો વિજેતાઓ વારંવાર પોતાની ઉપલબ્ધી અંગે આપવડાઈ કરવાનું ચૂકે નહીં.

જે પ્રકારના પુરાવાઓ આપણી પાસે ઉપલબ્ધ છે એ જોતા તો આર્યોનું વતન ભારત બહાર હતું, એ થિયરીથી વિપરીત પુરવાર થાય છે. ઋગ્વેદમાં જે સાત નદીઓનો ઉલ્લેખ છે. (૧૦ : ૭૫ -૫) તે ખૂબ જ અર્થસૂચક છે. જેનો ઉલ્લેખ પ્રોફે. ડી. એસ. ત્રિવેદી કર્યો છે.[૧] એમનું કહેવું છે કે, નદીઓનાં સંબોધન "મારી ગંગા, મારી જમના અને મારી સરસ્વતી" કહીને કરવામાં આવ્યો છે. કોઈ પણ વિદેશી આવું સંબોધન શા માટે કરે? આવું સંબોધન તો તે જ કરી શકે જેને ભાવનાત્મક નિકટતાનો સંબંધ હોય.

વિજય પરાજય પ્રશ્નનો ઉલ્લેખ વેદોમાં સુલભ છે. દાસ અને દસ્યુ આર્યોના શત્રુના રૂપમાં દર્શાવવામાં આવ્યા છે. એમનો વધ અને ઉચ્છેદનું અનેક વાર આર્ય-વેદોમાં વૈદિક ઋષિઓ દ્વારા આહ્વાન કરવામાં આવ્યું છે.

પરંતુ આર્યોના વિજય અંગે કોઈ નિર્ણય કરતાં પહેલાં નીચેની વાતો પર વિચાર કરવો આવશ્યક છે.

(૧)ઋગ્વેદમાં આર્યો અને દાસ તથા દસ્તુઓમાં યુધ્ધના પ્રસંગોની કોઈ વિશેષ કથા મળતી નથી. એક તરફ આર્યો અને બીજી તરફ દાસ અને દસ્યુ છે. ૩૩ જગ્યાઓમાંથી માત્ર ૮ જગ્યાએ જ ઋગ્વેદમાં આર્યોને દાસના વિરોધી ગણાવવામાં આવ્યા છે અને ૭ સ્થળે દસ્યુના વિરોધમાં વપરાયા છે. આ વાત પરથી લાગે છે કે બન્ને પ્રજા વચ્ચે રમખાણો થતાં હતા. પણ એનો અર્થ એવો તો નથી જ કે આ જય પરાજયની કથા નથી.

(૨) બીજો મુદ્દો એ છે કે દાસો અને દસ્યુઓ તથા આર્યોમાં ભલે સંઘર્ષની સ્થિતિ રહી હોય, આમ છતાં બંને વચ્ચે સન્માનજનક સમજૂતીઓ પણ થઈ

૧ ડી. એસ. ત્રિવેદી;ધી ઓરિજિનલ હોમ ઓફ ધી આર્યન્સ :એનાલ્ઝ ઓફ ભાંડારકર ઓરિએન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટયુટ, વો. ૨૦, પૃ. ૬૨.

છે. એક એવો ઉલ્લેખ ઋગ્વેદમાં ઉપલબ્ધ છે કે આર્યો અને દાસો બન્ને સામાન્ય શત્રુ સાથે સામૂહિક રીતે ઉભા રહ્યા હતા. ઋગ્વેદના નીચેના શ્લોકો જુઓ.

ઋગ્વેદ: (vi)૩૩-૩ (vii)૮૩- ૧ (viii)૫૧-૯ (x)૧૦૨-૩

આ મંત્રોમાં સ્પષ્ટ રીતે કહ્યું છે કે, આર્ય, દાસ અને દસ્યુઓએ સંયુક્ત રૂપે શત્રુ સાથે યુદ્ધ કર્યું.

(૩) ત્રીજો મુદો જે નોંધપાત્ર છે તે એ છે કે દાસ દસ્યુઓ અને આર્યો વચ્ચે સંઘર્ષ ગમે તે માત્રામાં રહ્યો હોય; પણ તે જાતિગત સંઘર્ષ તો નહોતો જ. આ સંઘર્ષનું મૂળ ધાર્મિક માન્યતા અંગેનો ભેદભાવને પરિણામે હતું. એ જાતિગત સંઘર્ષ નહોતો. ઋગ્વેદમાં દસ્યુઓ અંગેનું કથન છે.

૧:૫૧-૮-૯, ૨:૧૩૨-૪, ૩:૪૧-૨સ, ૪:૧૪-૩ અનુસાર અવ્રત ૫:૪૨-૨ અપવ્રત, ૮:૫૯-૧૧ અને ૯:૨૨-૮માં અન્યવ્રત ૫:૧૮૯-૩માં અનાનિવ્રત, ૧:૧૩૧-૪૪, ૧:૩૩-૪ અને ૫:૫૯-૧૧માં અયાજ્ય ૪:૧૫-૯ અને ૧૦:૧૦૫-૮માં બ્રાહ્મણ પુરોહિત વિહીન ૫:૪૨-૯માં બ્રાહ્મણ દ્વેષી, ૧:૧૩૩-૧ ૫:૨-૩, ૭:૧૮-૬ ૧૦:૨૭-૬ અને ૧૦:૪૮-૭માં અનેન્દ્ર(ઈન્દ્રને ધિકકારનારા) કહેવામાં આવ્યા છે.

ઋગ્વેદના મંત્ર ૧૦:૨૨-૮ પ્રત્યે પણ ધ્યાન આપવા જેવું છે. એમાં કહ્યું છે કે, “અમે દસ્યુઓની વચ્ચે રહીએ છીએ. આ જાતિ ન તો યજ્ઞ કરે છે કે ન તો કોઈની ભક્તિ. એમના સંસ્કાર, અનુષ્ઠાન પણ અલગ પ્રકારના છે. એટલે તે મનુષ્ય કહેવડાવવાને લાયક નથી. હે શત્રુ વિનાશક દાસોનો ઉચ્છેદ કરો."

આ વિધાનથી અને વિવરણથી આર્યો બહારથી આવ્યા અને એમણે અહીંના મૂળ નિવાસી, દાસ, દસ્યુ જાતિઓને જીતી લીધી એ થિયરી ટકી શકતી નથી.

-----૪----

આર્યો બહારથી આવ્યા અને દાસ તથા દસ્યુ ઉપર વિજય મેળવ્યો. એ બાબતમાં આટલું વિવરણ પુરતું છે. અત્યાર સુધી આપણે જે વિવરણ કર્યું તે આર્યોના આયામથી કર્યું છે. હવે આપણે દાસ-દસ્યના દ્રષ્ટિકોણથી થોડું વિચારી લઈએ. દાસ અને દસ્યુ શબ્દ કયા અર્થમાં વપરાતો હતો? શું તે જાતિસૂચક રીતે વાપરવામાં આવતો હતો?

જે લોકો દાસ-દસ્યુને જાતિ સૂચક ગણે છે. તે આ અંગે જે પ્રમાણો આપે છે તે નીચે મુજબ છે.

(૧) ઋગ્વેદમાં પ્રયુક્ત 'મૂધાર્વક' અને 'અનાસ' શબ્દો નોંધપાત્ર છે. તેમાં દસ્યુઓના લક્ષણો ગુણ ગણવામાં આવ્યા છે.

ઋગ્વેદમાં દાસને શ્યામલાંગ (કાળા લોકો) કહેવામાં આવ્યા છે. ઋગ્વેદમાં "મૂધાર્વક" શબ્દ નીચેના શ્લોકોમાં આવ્યો છે.

(૧) ઋગ્વેદ ૧ : ૧૭૪-૨

(૨) ઋગ્વેદ. ૫ : ૩૨ -૮

(૩) ઋગ્વેદ ૭ : ૬- ૩

(૪) ઋગ્વેદ ૭ : ૧૮-૩

'મૂધાવર્ક' નો અર્થ શું થાય છે? મૂધાવર્કનો અર્થ થાય છે જે ગમાર જેવી ભાષા-અપરિષ્કૃત ભાષા બોલે છે. શું ગમાર જેવી અને અપરિષ્કૃત ભાષા હોવી એને જાતિભિન્નતાનું પ્રમાણ માની શકાય? ના. એને પ્રમાણ માનવું એમાં તો નર્યું ગાંડપણ જ ગણાશે.

ઋગ્વેદના ૫ : ૨૯-૧૦માં 'અનાસ' શબ્દ વપરાયો છે. 'અનાસ' નો અર્થ શું થાય છે? અનાસ શબ્દના બે અર્થો કે વ્યાખ્યાઓ જોવા મળે છે. પ્રોફેસર મેક્સમૂલર અનુસાર 'અનાસ' નો અર્થ થાય છે 'નાક વગરનો' અથવા 'ચપટા નાક વાળો'. સાયણાચાર્યે એનો અર્થ મોં વગરનો એટલે કે 'અમૃદુભાષી' એવો બતાવ્યો છે.

જે લોકો 'ચપટા નાક વાળો' શબ્દ ગ્રહણ કરે છે. એમણે એવું તારણ કાઢયું છે કે આ આર્યો કરતાં ભિન્ન વંશ હતો.

પણ સાયણાચાર્યનો પાઠ સત્ય પ્રતીત થાય છે. એના અંગે બે વાતો મહત્ત્વની છે. એક તો એ બાબત છે કે એમાં શબ્દના અર્થનો અનર્થ કરવામાં આવ્યો નથી અને બીજી બાબત એ છે કે દસ્યુઓને ક્યાંય નાક વગરના બતાવવામાં આવ્યા નથી. તો પછી શબ્દનો એવો અર્થ શા માટે તારવવો જોઈએ જેમાંથી તદ્દન ભિન્ન પ્રકારનો અર્થ નીકળતો હોય? આ શબ્દ તો 'મૃર્ધાવક' નો સમાનઅર્થી શબ્દ છે. એટલે દસ્યુ એક નિમ્ન જાતિ હતી એવો એક પણ પુરાવો કે પ્રમાણ સુલભ નથી.

હવે 'દાસ' અંગે વાત કરી લઈએ. ઋગ્વેદના ૬ : ૪૭-૨૧માં દાસને 'કૃષ્ણયોનિ' કહેવામાં આવ્યો છે. એ વાત તો સાચી છે. પણ આ મતનો સ્વીકાર કરતાં પહેલાં નીચેની બાબતો અંગે વિચાર કરવો આવશ્યક બની જાય છે. ઋગ્વેદમાં માત્ર એક જ સ્થળે દાસોને કૃષ્ણયોનિ ગણવામાં આવ્યા છે. એ મુદો પ્રથમ યાદ રાખવાનો છે અને બીજો મુદ્દો એ છે કે, આ શબ્દ અલંકારિક ભાષામાં વાપરવામાં આવ્યો છે કે, તે આકૃતિનો સૂચક છે. ત્રીજી બાબત એ છે કે, આપણે કહી શકતા નથી કે આ શબ્દ વાસ્તવિકતાનો ઉલ્લેખ કરે છે કે ઘૃણાનું પ્રદર્શન કરે છે.

આ પ્રશ્નોના જવાબો મળે ત્યાં સુધી 'દાસો'ને શ્યામળી જાતિ માની શકાય નહીં.

આ અંગે ઋગ્વેદની નીચેની પંક્તિઓ તરફ ધ્યાન આપવું જોઈએ.

(૧) ઋગ્વેદ ૬:૨૨-૧૦ માં કહ્યું છે. હે ! વજ્ , તમે દાસોને આર્ય બનાવ્યા છે. પોતાની શક્તિથી બુરાઓને સારા બનાવ્યા છે. અમને પણ એવી શક્તિ આપો જેના દ્વારા અમે શત્રુ પર વિજય મેળવી શકીએ.

(૨) ઋગ્વેદ-૧૦:૪૯-૩ માં (ઇંદ્ર કહે છે) મેં દસ્યુઓને 'આર્ય' સંબોધનથી વંચિત કરી દીધા છે

(૩)ઋગ્વેદ ૧:૧૫૮-૮ માં કહેવાયું છે કે, હે ઇંદ્ર, એની તપાસ કરો કે આર્ય કોણ છે; અને દસ્યુ કોણ છે? એમને અલગ પાડો.

આ મંત્ર કઈ બાબત સૂચવે છે? આ મંત્ર પરથી તો એવું સાબિત થાય છે કે એક બાજુ આર્ય અને બીજી બાજુ દાસ-દાસ્ય વચ્ચે શારીરિક રંગના આધારે કોઈ પણ પ્રકારનો જાતિભેદ (racial distinction) પ્રવર્તતા નહોતો અને એ પણ સાચું છે કે દાસ અને દસ્યુ આર્ય બની શકતા હતા. અને એટલા માટે જે ઇંદ્રને દાસ અને દસ્યુઓને અલગ તારવી આપવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

--- ૫---

આમ પાશ્ચાત્ય વિદ્વાનોએ આર્ય જાતિના સંબંધમાં જે મત પ્રદર્શિત કર્યો છે. તે ધરાશાયી બની જાય છે. ટકી શકતો નથી. કારણ કે એમાંથી કોઈ તર્કસંગત તથ્ય પ્રગટ થતું નથી. એનાથી વિપરીત આ પહેલા પ્રતિપાદિત કરવામાં આવેલા મતોને સિધ્ધ કરવા માટે વૈદિક સાહિત્યમાંથી અસંગત તથ્યોનું સંકલન કરીને એ ને સિધ્ધ કરવા માટેનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો છે. મને નવાઈ એ વાતની લાગે છે કે પશ્ચિમના વિદ્વાનો કોઈ પણ પ્રશ્ન અંગે ઊંડાણથી સંશોધન અને પૃથ્થકરણ કરવા અંગે સાવચેતી પૂર્વક કાર્ય કરનાર ગણાય છે. તો આ બાબતમાં એમણે ભૂલ (થાપ) શા માટે ખાધી છે?

જો કોઈ વિદ્વાન આ પ્રશ્નની સાવચેતીપૂર્વક ચકાસણી કરશે. એને લાગ્યા વિના નહીં રહે કે આ પ્રશ્નમાં પશ્ચિમી વિદ્વાનોએ બેવડાં ધોરણો અપનાવ્યાં છે. પહેલી બાબત તો એ છે કે પાશ્ચાત્ય વિદ્વાનોની થિયરી કલ્પના આધારિત છે અને તેથી કલ્પનાના આધારે તારવેલા તારણોનો કોઈ આધાર નથી. બીજી વાત એ છે કે, પશ્ચિમી વિદ્વાનોની થિયરી વૈજ્ઞાનિક સંશોધનનો અભાવ દર્શાવે છે. આ થિયરી તથ્યો આધારિત નથી. હકીકતમાં તો આ થિયરીમાં એક ધારણા કરવામાં આવી છે અને તેને સાબિત કરવા માટે જરૂરી એવાં તથ્યોનું સંકલન કરવામાં આવ્યું છે.

'આર્ય જાતિ' અંગેની કથા એક મનગઢંત કથા છે. એનાથી વિશેષ બીજું કશું જ નથી. એનો આધાર ડૉ.બૉપ્પ (Dr.Bopp)ના યુગ પ્રવર્તક પુસ્તક કંપેરેટિવ ગ્રામર છે. જે ભાષાશાસ્ત્રીય ખ્યાલ પર આધારિત છે.

આ પુસ્તકમાં એવું સિધ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે, યુરોપિયન અને એશિયાઈ ભાષાઓનો જન્મ એક જ ભાષામાંથી થયો છે અને આ ભાષા ભાષી લોકો 'ઈંડો-જર્મન' અથવા 'આર્ય' છે. આ ધારણાંએ મોટું તર્કશાસ્ત્ર છે. જેના પર આર્યજાતિની સિદ્ધાંત આધારિત છે.

આ મતને સ્વીકારવાને કારણે બે નિષ્કર્ષો તારવવામાં આવ્યા. એક તો એ કે જાતિ એક હતી અને બીજું એ કે તે જાતિ આર્ય હતી. કારણ કે વૈદિક ભાષામાં આર્યોનો ઉલ્લેખ છે. આ લોકો ઇંડો-જર્મન પરિવારના જ સભ્યો છે. આ તર્કને આધારે એવું પણ કહેવામાં આવ્યું કે આર્ય ભાષા ભાષી લોકો આર્ય હતા અને એમનું નિવાસસ્થાન પણ એક જ હતું.

આર્યોના આક્રમણ અંગેની કથા તો એક નવી જ શોધ છે. આ કથાની શોધની આવશ્યકતા પશ્ચિમી વિદ્વાનોને એટલા માટે પડી કે એમને એ તથ્ય સિધ્ધ કરવું હતું કે આજના 'ઈંડો-જર્મન' લોક જ આર્યોના મૂળ શુધ્ધ રક્તના છે. તેનું પ્રથમ વતન યુરોપમાં ક્યાંક હોવાની ધારણા છે. એટલે એમની સામે

પ્રશ્ન એ હતો કે આર્ય ભાષા ભારતમાં કેવી રીતે આવી? આ પ્રશ્નોનો ઉત્તર શોધવા માટે પ્રથમ તો આર્યો બહારથી આવ્યા એ જ તારણ કાઢવું પડ્યું અને બીજું આર્યો યુરોપમાંથી આવ્યા એવી થિયરી પ્રચલિત કરવી પડી. કારણ કે વર્તમાન યુરોપિયન જાતિ સર્વશ્રેષ્ઠ છે અને એશિયાવાસીઓ કરતાં તે ઉત્તમ છે. આ તથ્ય સ્વીકાર્યા પછી સર્વશ્રેષ્ઠતા પુરવાર કરવાનો આધાર શોધવાની જરૂરિયાત પેદા થઈ અને એટલે જ આ કથા એમને સહાયરૂપ પુરવાર થઈ.

ચોથો તર્ક એ છે કે ગૌરાંગ **૧** હોવાને કારણે યુરોપિય જાતિઓ એશિયાઈ જાતિઓથી ઘૃણા કરતી હતી કારણ કે એશિયન પ્રજા શ્યામરંગી છે.

આર્યોને યુરોપિયન માની લેવાથી એમની રંગભેદની નીતિમાં વિશ્વાસ હોવો આવશ્યક બની ગયેલો અને એનું પ્રમાણ ચાર્તુવર્ણ વ્યવસ્થા રંગભેદનો પર્યાય છે એવું તારવ્યું છે. વર્ણને એમણે 'રંગ'ના અર્થમાં જ લીધો છે. આમાંના કોઈ પણ તારણો હકીકતો અને તથ્યો આધારિત નથી.

આર્યોના મૂળ વતન અંગેના મુદ્દાની જ ચર્ચા કરીએ. આર્ય જાતિની શારીરિક બનાવટની દ્રષ્ટિએ એક વાત છે અને 'આર્ય ભાષા'ની દ્રષ્ટિએ તદ્દન જુદી જ વાત છે. શારીરિક બનાવટ અને એક ભાષા હોવાની વાત કંઈ ગળે ઉતરે એવી નથી. આર્યો 'ગૌરાંગ' હતા એ વાત તો એથીય વિશેષ અટપટી અને ગૂંચવાડાભરી લાગે છે.

આર્યો બહારથી આવ્યા છે અને દાસ-દસ્યુઓ ભારતના **૨** મુળવાસીઓ છે. એ વાત પણ સત્ય લાગતી નથી. જો આપણે રંગભેદને ચાર્તુવર્ણ વ્યવસ્થાનો આધાર માનીએ તો વર્ણો તો ચાર જ છે અને તેમાં કઈ કઈ જાતિઓ આવેલી હતી. એનું કોઈ સ્પષ્ટીકરણ જોવા મળતું નથી અને ચાર રંગ ક્યા ક્યા હતા એ પણ સ્પષ્ટ થતું નથી. શરૂઆત આર્ય અને દસ્યુ થી થયેલી. આર્ય ગૌરવર્ણ દસ્યુ શ્યામવર્ણના હતા. એટલી જ વાત હતી. આર્ય જાતિના ઉદ્ભવનો સિધ્ધાંત પ્રતિપાદિત કરવાના મતના સમર્થકોએ એવો જે

૧.દાસ અને દસ્યુ કોણ હતા? એના વિવરણ માટે પ્રકરણ ૬ જુઓ.

૨ યુરોપીય વંશો (race) મૂળભુત રીતે જ ગૌરવર્ણી હતી કે શ્યામવર્ણી એના અંગેના પ્રોફે. રિપ્લેનાં તારણો જુઓ. P. 76

પ્રયાસ કર્યો છે. કે એમણે ધીરજ પણ ગુમાવી દીધી છે એમને એનાં કારણે કેવી ગુંચવણો પેદા થશે એનોય વિચાર કર્યો નથી. એમનું ધ્યેય હતું એક થિયરીને સાબિત કરવાનું અને એટલે જે સાબિત કરવાનું હતું એના માટે જે જોઈતા હતા એવા જ પુરાવાઓ એમણે ઉઠાવ્યા અને રજૂ કર્યા. વેદોમાંથી એમણે એવા જ પુરાવાઓ ઉઠાવ્યા છે; જે એમને સહાયરૂપ પુરવાર થાય.

પ્રોફે. માઈકલ ફોસ્ટેરે ક્યાંક એવું વિધાન કર્યું છે કે, પરિકલ્પના તો વિજ્ઞાનનું લુણ છે. પરિકલ્પના વિના ઉપયોગી તપાસની સંભાવના જ નથી. પણ જ્યારે અમુક વસ્તુને સાબિત કરવાના આશયથી જ અમુક જાતની કલ્પનાનો સહારો લેવામાં આવે ત્યારે એવી કલ્પના ઝેર સમાન બની જાય છે.

'આર્ય જાતિ' અંગે પશ્ચિમના વિદ્વાનોએ જે કલ્પના કરી એ એનો નાદાર નમૂનો છે. જયાં કલ્પનાએ ઝેરની ગરજ સારી છે.

'આર્ય જાતિ'ની ઉત્પત્તિનો સિધ્ધાંત તો ભ્રામક છે. એનો અંત તો ઘણાં સમય પહેલાં જ આવી જવાની જરૂરિયાત હતી અને છતાંય જન સામાન્ય પર એનો પ્રભાવ દ્રઢ થતો ગયો છે. એના બે વિવરણો આપવામાં આવે છે કે આર્યન થિયરીને ભારતના બ્રાહ્મણોએ શા માટે ઈન્કારી દીધી નહીં.

બ્રાહ્મણ વિદ્વાનોએ હિંદુ હોવાને નાતે પાશ્ચાત્ય વિદ્વાનોના આ મતને અમાન્ય કરવો જોઈતો હતો પણ યુરોપિયન જાતિ હોવાને કારણે એશિયાઈ જાતિઓથી ઉત્તમ છે. એવું માનીને તેઓ એનું સમર્થન કરવા માંડયા. એનું એક વિચિત્ર કારણ એ છે કે, બ્રાહ્મણ બે રાષ્ટ્રના સિધ્ધાંતમાં વિશ્વાસ કરે છે. પોતે જાતે આર્યોના પ્રતિનિધિ છે. એવી માન્યતા ધરાવે છે અને બાકીના શેષ લોકો અનાર્ય જાતિના વંશજો છે; એવું એમનું માનવું છે. આ સિધ્ધાંતનો સ્વીકાર કરવાથી એમને ઉત્તમતાની મહોર વાગે છે અને એમના અહમની પૂર્તિ થાય છે.

કારણ કે આ સિદ્ધાંત તેને યુરોપિયન જાતિઓ સાથે તેના રક્ત સંબંધ - કબિલા સંબંધ પ્રસ્થાપિત કરવામાં સહાયરૂપ બને છે અને વિદેશી આર્યોની ઉત્તમતાના વારસદારી સહજ રીતે બની જાય છે. આર્યો બહારથી આવ્યા અને એમણે અનાર્ય જાતિઓને પરાજિત કરી. એ સિધ્ધાંતનું સમર્થન એટલા માટે પણ કરે છે કે એનાથી અબ્રાહ્મણો પર પોતાનું પ્રભુત્વ બનાવી રાખવામાં અને એનું ઔચિત્ય સિધ્ધ કરવામાં આ સિદ્ધાંત ઉપયોગી બને છે.

આર્ય થિયરીનો અંત કેમ ન આવ્યો. એનો ખુલાસો એ છે કે, પાશ્ચાત્ય વિદ્વાનોએ વર્ણનો અર્થ 'રંગ' કર્યો હતો અને એના ઉપર જોર આપ્યું હતું. જેનો અધિકતર બ્રાહ્મણ વિદ્વાનોએ સ્વીકાર કરી લીધો હતો. વાસ્તવમાં આર્ય સિધ્ધાંતનો મૂળ આધાર આ જ છે. જયાં સુધી 'વર્ણ' ની આ વ્યાખ્યા માનવામાં આવશે ત્યાં સુધી 'આર્ય સિદ્ધાંત' જીવિત રહેવાનો છે. એટલે 'આર્ય સિદ્ધાંત' મહત્ત્વનો છે અને એના અંગે વિશેષ વિવરણની આવશ્યકતા છે. આ સિદ્ધાંતને ત્રણ દષ્ટિકોણથી આપણે ચકાસવો જોઈએ.

(અ) યુરોપિયન જાતિઓ ગૌરાંગ હતી કે શ્યામાંગ?

(બ) શું ભારતીય આર્યો ગૌરાંગ હતા?

(ક) વર્ણનો વાસ્તવિક અર્થ શું થાય છે?

પ્રાચિન યુરોપિયનોના રંગ વિશે પ્રોફે. રિપ્લેનુ કહેવું છે કે, "અત્યાર સુધીના સંશોધનોથી અમારા એ મતની પુષ્ટી થઈ છે કે, યુરોપિયનો કેવળ લાંબા માથાવાળા જ નહોતા પણ તે કાળા રંગના હતા. અમે દક્ષિણ ફ્રાંસની પ્રાગૈતિહાસિક જાતિ ક્રોમાગરોન (CroMagron)નું અસ્તિત્વ સંશોધનો દ્વારા સિધ્ધ કર્યું છે. જેમના વાળ કાળા હતા અને આંખો આકર્ષક હતી. એટલું જ નહીં પણ બ્રિટિશ ટાપુઓમાં વેલ્સ આયર્લેન્ડ અને સ્કોટલેંડ જ્યાં ઉત્તરી ઈટાલિની પ્રાચીન લિગૂરિયન (Ligurian) જાતિના વંશજો જોવા મળે છે. જે

સામાન્યતઃ કૃષ્ણાંગી છે. એટલે સામાન્ય સિધ્ધાંતો અને સ્થાનીય વિવરણોથી એવું સ્પષ્ટ થાય છે કે યુરોપની પૂર્વવર્તી જાતિઓ નિશ્ચયાત્મક રીતે કૃષ્ણાંગી હતી. એ ન તો મેડિટેરિયન (Mediterranean) હતી કે ન તો સ્કેન્ડેવિયન (Scandinavian) ૧ હતી."

હવે આપણે વેદો તરફ નજર નાખી લઈએ કે સંભવતઃ એવું કોઇ ઉદાહરણ ઉપલબ્ધ છે કે, આર્યોની રંગભેદની નીતિ અંગેની માન્યતા પ્રત્યે સંકેત કરતું હોય! ઋગ્વેદના નીચેના શ્લોકો ઉપલબ્ધ છે.

ઋગ્વેદમાં ૧૧૭-૧, આશ્વિનના લગ્નની ઘટનાનો ઉલ્લેખ છે. જેમાં આશ્વિને શ્યાવ્ય અને રુસાતિ સાથે વિવાહ કર્યો. શ્યાવ્ય કૃષ્ણાંગી હતી. જ્યારે રુસાતિ ગૌરવર્ણી હતી.

ઋગ્વેદના (૧ : ૧૧૭-૫;) આશ્વિનની સ્તુતિ કરવામાં આવી છે. આ સ્તુતિ સોનેરી રંગી વંદનાના ઉધ્ધાર માટે કરવામાં આવી છે.

ઋગ્વેદ (૨ : ૩-૯માં) આર્યને ઘઉંવર્ણી - ગુણિયલ સ્ત્રીને પુત્ર પ્રાપ્ત થાય એ માટે દેવતાઓની આરાધના કરવામાં આવી છે.

આ ઉદાહરણોથી સિધ્ધ થાય છે કે, આર્યો રંગભેદના પક્ષધર નહોતા. એમની અનેક જાતિઓ હતી. જેમનો શારીરિક રંગ અલગઅલગ હતો. જેમકે તામ્રવર્ણી, સફેદવર્ણી, શ્યામવર્ણી ઈત્યાદિ દશરથના પુત્ર રામ અને યદુવંશજ કૃષ્ણને શ્યામવર્ણી બતાવવામાં આવ્યા છે. ઋગ્વેદના અનેક મંત્રોના રચિયતા-સૃષ્ટા ઋષિ દીર્ઘાત્તમાં શ્યામ રંગના હતા. ઋગ્વેદના મંત્ર (૧૦ : ૩૧-૧૧ અનુસાર) મહાન ઋષિ કણ્વ પણ શ્યામ રંગના જ હતા.

હવે આપણે 'વર્ણ' શબ્દના અર્થ અંગે વિચાર કરીએ.૨ આ ત્રીજા અને અંતિમ મુદ્દા વિશે વિશે વિચાર કરતા 'વર્ણ' શબ્દનો ઋગ્વેદમાં કયા અર્થમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે? 'વર્ણ' શબ્દનો ઉપયોગ#૨ ઋગ્વેદમાં ૨૨

૧ પ્રોફ. રિપ્લે : રેસીસ ઓફ યુરોપ પૃ. ૪૬.

૨ મહારાષ્ટ્ર જ્ઞાનકોશ Vol III P. P. ૩૯-૪૨ વિશેષ વિગત માટે જુઓ.

જગ્યાએ કરવામાં આવ્યો છે. આનો પ્રયોગ ઉષા, અગ્નિ, સોમ વગેરે વગેરે અરાધ્યોને માટે પ્રયોજવામાં આવ્યો છે. રૂપ-સ્વરૂપ કે રંગના અર્થમાં ૧૭ વાપરવામાં આવ્યો છે. 'દેવ' અરાધ્યોને માટે પ્રયોજવામાં આવેલ 'વર્ણ' શબ્દનો અર્થ પ્રાણીઓ માટે પ્રયોજિત 'વર્ણ' એવો અર્થ લેવો ઉચિત નહિ થાય. ઋગ્વેદમાં ચાર-પાંચ વાર એનો પ્રયોગ માનવ પ્રાણી માટે કરવામાં આવ્યો છે. જુઓ:-

(૧) i ૧૦૪-૨

(૨) i ૧૭૯-૬

(૩) iii ૧૨-૪

(૪) iii ૩૪-૫

(૫) ix ૭૧-૨

આનાથી એવું તો સાબિત થતું નથી કે શારીરિક રંગ માટે ઋગ્વેદમાં 'વર્ણ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

ઋગ્વેદનો મંત્ર (૩ : ૩૪-૫) શંકા ઉતપન્ન કરે છે. એમાં શુક્લ વર્ણની વૃધ્ધિનો એમાં ઉલ્લેખ છે. જેની વ્યાખ્યા કરવા જતાં બે પ્રકારના અર્થઘટનો થઈ શકે તેમ છે. એક અર્થ તો એવો થઈ શકે કે ઇંદ્રે ઉષાને પોતાના પ્રકાશથી શુક્લ વર્ણની વૃધ્ધિ અર્થાત પ્રકાશની વૃધ્ધિ માટે આદેશ આપ્યો છે અને બીજો અર્થ એવો થઈ શકે કે શુકલાંગોની સંખ્યામાં વૃધ્ધિ થઈ. મંત્ર સૃષ્ટા શુક્લવર્ણનો હોવાથી એના લોકોની વૃધ્ધિ થઈ એવો અર્થ પણ નીકળે છે.

ઋગ્વેદના મંત્ર (૧૦ : ૭૧-૨)ની વ્યાખ્યા પણ 'અસુરવર્ણને છોડીને' એનો અર્થ સ્પષ્ટ થતો નથી. સૂક્ત સોમ પાવમનાથી સંબંધિત છે. અહીં વર્ણનો અર્થ

૧ અનુસૂચિ IV પૃ. ૨૪૮ જુઓ

રૂપ થાય છે. પદનો બીજો ભાગ એવું કહે છે કે, એણે એનું શ્યામ અથવા કાળું આવરણ ઉતારીને ફેંકી દીધું અને આકર્ષક આવરણ ધારણ કર્યું. અહીં વર્ણનો અર્થ કાળાપણું થાય છે.

ઋગ્વેદનો (૧ : ૧૭૯-૬) આ વિષય અંગે ખૂબ જ સહાયક સિદ્ધ થાય તેમ છે. એના અનુસાર ઋષિ અગત્સ્યે પ્રજા, સંતતિ અને બળ પ્રાપ્ત કરવા માટે લોપામુદ્રા સાથે સહવાસ કર્યો અને એનાથી બે વર્ણ પેદા થઈ. જો કે આ પદથી એ વાત સ્પષ્ટ થતી નથી કે, એ બે વર્ણ કઈ હતી? છતાંય એટલું તો કહી જ શકાય છે કે, બે વર્ણોનો અર્થ આર્યો અને દાસોનો સૂચક છે. જો આવું માની લેવામાં આવે તો નિ:સંદેહ વર્ણનો અર્થ વર્ગ થાય છે નહીં કે શારીરિક રંગ.

ઋગ્વેદના મંત્ર (૧ : ૧૦૪-૨ અને ૨ : ૧૨-૪)માં દાસોને માટે વર્ણ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. શું એનો અર્થ એવો માની લેવો કે, દાસ શ્યામરંગી હતા? અથવા એમના અલગઅલગ વર્ગો હતા?બન્નેમાંથી કયો અર્થ સાચો છે? એ આપણે નક્કી કરી શકતા નથી. એટલે એના ઉપરથી તારણ કાઢવું મુશ્કેલ છે.

ઋગ્વેદના પ્રમાણો 'વર્ણ' અંગે સ્પષ્ટ સંકેત કરતા નથી. આ સંબંધમાં ભારતીય ઈરાની સાહિત્યમાં 'વર્ણ' શબ્દની જે ચર્ચા છે તે ઉપયોગી સાબિત થાય તેમ છે.[૧] સદભાગ્યે જિંદા અવેસ્તામાં તે 'વર્ણા' અથવા 'વરેણા'ના રૂપમાં ઉપલબ્ધ છે. એનો સૂચક અર્થ 'મત, ધાર્મિક વિશ્વાસ કે આસ્થા' છે. આ શબ્દની ઉત્પત્તિ 'વર'માંથી થયેલી છે અને 'વર' સામાન્ય અર્થ ધાર્મિક આસ્થા, વિશ્વાસ કે મત એવો થાય છે. 'વર' અથવા 'વરે' શબ્દનો પ્રયોગ ગાથાઓના આ અર્થમાં છ વાર કરવામાં આવ્યો છે. અહીં તેનો ઉપયોગ વિશ્વાસ, સિદ્ધાંત, ધર્મ અથવા માન્યતાના અર્થમાં થયો છે.

ગાથા અહનાવૈતી (યાસના હા ૩૦ પદ, યાસના હા ૩૧, પદ ૧૧) ગાથા ઉષ્ટાવૈતિ (યાસના હા ૪૫ પદ ૨) ગાથા સ્પૈટમેન્યુ (યાસના હા ૪૮ પદ ૪

૧. ભારત - ઈરાનીયન સાહિત્યમાં 'વર્ણ' શબ્દના અર્થ અંગેની માહિતિ માટે હું મારા મિત્ર દસ્તૂર બેંડેનો ઋણી છું. જેઓ બાબતમાં માન્યતા પ્રાપ્ત વિદ્વાન છે.

યાસના હા ૪૯ પદ ૩)માં વરણા અથવા વરેણા શબ્દનો પ્રયોગ, સ્પષ્ટ રીતે 'ધર્મ'ને માટે કરવામાં આવ્યો છે. જેનો અનુવાદ કરવામાં આવે ત્યારે નીચે પ્રમાણેની રજૂઆત થઈ હોય તેવુ સમજાય છે.

"હું જાહેર કરુ છું કે તમે ધ્યાન દઈને કાનથી સાંભળો. અને સર્વોચ્ચ સત્યનો સ્વીકાર કરો. તમારા ઉજ્જવળ અંતરથી આંતરખોજ કરો. પ્રત્યેક મનુષ્યે વિશ્વાસપૂર્વક પોતાનો ધર્મ (અવરેણાવ) નક્કી કરવુ જોઈએ. અમો ઉપદેશીએ છીએ કે; મહાન ઘડી પેહલા દરેકમાં વ્યક્તિગત રીતે સત્ય ભલે જાગૃત બનો."

આ ગાથાઓમાંના સૌથી વિખ્યાત ઉપદેશોમાંનો એક છે જેમાં જરથુસ્ટ્ર દરેક સ્ત્રીપુરુષને ધર્મની પસંદગીની સ્વતંત્રતાનો ઉપયોગ કરવા માટે અનુરોધ કરે છે. અત્રે પ્રયોજવામાં આવેલા (Avarenao) અવરેણાવનો અર્થ વિશ્વાસ, માન્યતા થાય છે. જયારે (Vichithahya) વિચિથાહ્યાનો અર્થ - 'ભેદ પાડવાનો' , 'પસંદગી કરવાનો' - 'નક્કી કરવાનો' થાય છે.

તે ગાથા અહુનાબૈતી - યાસ્ના હા ૩૧ કડી ૧૧ માં પ્રયોજેલી છે. પ્રયોજવામાં આવેલ શબ્દ વરેણંગ - વરેણનું આક્ષેપાત્મક બહુવચન છે. તેનો અર્થ વિશ્વાસ - માન્યતા થાય છે. આ કડીમાં જરથુસ્ટ્ર માનવની ઉત્પતિના સિદ્ધાંતની ચર્ચા કરે છે. માનવનું સર્જન પૂર્ણ થયું હોવાની બાબત અંગે છેલ્લી અર્ધ લીટીમાં જરથુસ્ટ્ર કહે છે કે, "સ્વૈચ્છિક માન્યતાઓ (માનવીને) આપવામાં આવેલી છે."

તે ગાથા ઉષ્તવૈતી (Ushtavaiti - Yasna Ha ૪-૫) ૪૫ પદ ૧ માં વરેણના રૂપમાં પ્રયોજાયેલ છે. આ શ્લોકની છેલ્લી લીટીમાં જરથુસ્ટ્ર કહે છે કે, પાળી માન્યતા (અથવા અનિષ્ટ વિશ્વાસ)ને લઈને દુર્જન અનિષ્ટ વાણીવાળો (અથવા વ્યંગાત્મક વાણીમાં) હોય છે.

તે ગાથા ઉષ્ટાવૈતી - યાસના હા ૪૫ પદ ૨ માં વિશ્વાસ, ધર્મ, માન્યતા

વગેરેના સ્પષ્ટ પ્રયોજવામાં આવેલો છે. આ કડીમાં જરથુસ્ટ્રે તેની ભલા અને બૂરાના તત્વજ્ઞાનની ચર્ચા કરેલી છે અને માનવમનમાં બેવડાં પાસાંની વાત કરે છે.

આ કડીમાં સદ્દવૃત્તિ અને બદ્દવૃત્તિ પરસ્પર સંવાદ કરતાં કહે છે કે, “આપણે વિચાર, શબ્દ, બુદ્ધિચાતુર્ય, વિશ્વાસ (ધર્મ કે પંથ) વાણી, કાર્ય અંતર તેમ જ આત્મા એમ એકેય વાતમાં સંમતિ આપતા નથી."

તે ગાથા સ્પેન્ટા મૈન્યુ (Spenta Mainyu Yasna Ha. ૪૮) યાસ્ના હા ૪૮ પદ ચારમાં વરેણાના રૂપમાં પ્રયોજાયો છે. તેનો અર્થ (મૂળ વેરે પર્શિયન ગર્વિદાન = માં વિશ્વાસ હોવો) થાય છે. આ કડીમાં જરથુસ્ટ્રનું કથન છે કે, “જે કોઈ પણ તેના મનને વધારે શુદ્ધ અને પવિત્ર બનાવશે અને આ રીતે કર્મ અને વાણીથી તેના અંતરને શુદ્ધ રાખશે; આવા મનુષ્યની ઈચ્છા તેના વિશ્વાસ (ધર્મ,માન્યતા)ને અનુરુપ રહેશે.'

તે ગાથા સ્પેન્ટા મેન્યુ. - યાસ્ના હા. ૪/- પદ - ૩માં 'ધર્મ'ના અર્થમાં પાંચમી વિભક્તિમાં (વરેણૈ) તરીકે પ્રયોજવામાં આવ્યો છે. એ જ કડીમાં તકેશાઈ (Tkaesha) શબ્દનો પહેલવીમાં કીશ તરીકે અનુવાદ કરવામાં આવ્યો છે, કે જેનો અર્થ ધર્મ થાય છે.

વેન્ડીદાદ (Vendidad) (અવેસ્તા ભાષામાં લખાયેલ જરથ્રુસ્ટ્રીયન આરોગ્યકાયદાના એક પુસ્તકમાં) આપણને 'આન્યો વરેણ' (Anyo Varena) કહેવામાં આવ્યા છે. આવી જ રીતે, આપણને વેન્ડીદાદમાં આન્યો - ત્કેશા (Anyo-Tkaesha) શબ્દ જોવા મળે છે અને તેનો અર્થ પણ 'કોઈ ભિન્ન ધર્મનો મનુષ્ય' થાય છે.

આપણને મૂળમાંથી ઉતરી આવેલ કેટલાક શબ્દો ગાથાઓમાં જોવા મળે છે. જેમ કે અહુનાવૈતી ગાથા યાસ્ના હા. ૩૧ પદ-૩માં અશો જરથુસ્ટ્ર ઘોષણા

કરે છે કે; "યા જવાન્તો વિસ્પેંગ વૌરય - અહીં ક્રિયાપદ 'વૌરય'નો અર્થ થાય છે." હું (સમગ્ર જીવંત પ્રાણી સૃષ્ટીમાં) માન્યતા, વિશ્વાસ, (ઈશ્વર પ્રત્યે) શ્રદ્ધા પ્રેરીશ. યાસ્ના હા ૨૮ પદ - ૫ માં આપણે વૌરાઈ મૈદી ક્રિયાપદ જોઈએ છીએ. - 'ને આપણે વિશ્વાસ આપી શકીએ.'

ગાથા વાહિસ્તીશ યાસ્ના હા. ૫૩, પદ -૯માં બીજું એક રસપ્રદ રુપ જોવા મળે છે. દુઝ - વરેણૈશ. તે સાધનાર્થ બહુવચન છે. પ્રથમ ભાગ દુઝનો અર્થ લુચ્ચો, જુઠ્ઠો થાય છે અને વરેણૈનો અર્થ વિશ્વાસુ - માનનાર થાય છે.

આ પ્રમાણે આ શબ્દના અર્થ થાય છે. - “કોઈ જૂઠા અથવા મલિન ધર્મનો મનુષ્ય - અથવા કોઈ જૂઠો અથવા મલિન માનનાર."

જરથુસ્ટ્રીયન વિશ્વાસ (ધર્મ)ના એકરારમાં કે યાસ્ના હા. ૧૨ માં ફ્રેવરણે (Fravarane) શબ્દ જોવા મળે છે જેનો અર્થ થાય છે “હું મારા વિશ્વાસ (ધર્મ) માન્યતાનો મઝદાયાસ્નો જરથુષ્ટ્રકીશ - જોરોસ્ટ્રીયન ધર્મની ઉપાસના કરતા 'મઝદા'માં એકરાર કરું છું. આ શબ્દ વાક્ય લગભગ બધી જરથોસ્ટ્રી પ્રાર્થનાઓમાં પ્રયોજાયેલું છે." વળી એક બીજુ રૂપ જરથુસ્ટ્રીયન યાસ્ના ૧૨ માં આવે છે. તે - 'યા-વરેણ' અહીં આ શબ્દ સંબંધક સર્વનામના રૂપે પ્રયોજાયો છે. તેનો અર્થ 'ક્યો' થાય છે અને 'વરેણ' - વિશ્વાસ - ધર્મ. આ પ્રમાણે આ શબ્દનો અર્થ 'ધર્મ કે જેનો' એવો થાય છે. આ 'યા વરેણ' રૂપનો યાસ્ના -૧૨ માં નવ વખત પ્રયોગ થયો છે અને તે વિશ્વાસ કે ધર્મના સ્પષ્ટ અર્થમાં પ્રયોજાયેલો છે. અહીં વરેણ શબ્દને તકેશા શબ્દની સાથે મૂકવામાં આવેલો છે જેનો અર્થ “ધર્મ' થાય છે.

યાસના હા ૧૬ માં એક દિલચસ્પ ઘટના છે. જેમાં અમે જરસ્થુસ્ટ્રના ધર્મની પૂજા કરીએ છીએ એવું કહેવામાં આવ્યું છે. જિંદા અવેસ્તાનું આ પ્રમાણ નિ:સંદેહ આ મતને સ્પષ્ટ કરે છે કે, પ્રાચીનકાળમાં એક વિશેષ ધર્મ 'અહૂરિયન' ધર્મ માનનારી એક જાતિ હતી અને એને એના રંગ કે આકૃતિ સાથે

કોઈ સંબંધ નથી.

પાશ્ચાત્ય વિદ્વાનોના સિધ્ધાંતો- મતોનું અધ્યયન કરતા આપણે નિમ્નાંકિત નિષ્કર્ષ સ્પષ્ટ તારવી શકીએ છીએ કે,

(૧) વેદોમાં 'આર્ય'ને જાતિ (rare) તરીકે ક્યાંય ગણવામાં આવી નથી.

(૨) વેદોમાં એવો કોઈ પ્રસંગ કે ઉલ્લેખ નથી જેનાથી એવું સાબિત થઈ શકે કે, આર્યોએ ભારત ઉપર આક્રમણ કરીને અહીંના મૂળવાસી દાસો અને દસ્તુઓની ઉપર વિજય મેળવ્યો.

(૩) આર્ય, દાસ અને દસ્યુ જાતિઓની અલગતાને સિધ્ધ કરવા માટે કોઈ સાક્ષી કે પ્રમાણ વેદમાં ઉપલબ્ધ નથી.

(૪) વેદોમાં એવા મતની પુષ્ટિ કરવામાં આવી નથી કે આર્યો દાસો અને દસ્યુઓ કરતા ભિન્ન રંગના હતા.

પ્રકરણ ૫

આર્યો વિરૂધ્ધ આર્યો

પાશ્ચાત્ય વિદ્વાનો દ્વારા આર્ય જાતિને અંગે જે સિધ્ધાંત પ્રચલિત થયો અને ભારતની બ્રાહ્મણ જાતિએ એ સિધ્ધાંતને સ્વીકારી લીધો. એના અંગે પૂરતું કહેવામાં આવ્યું છે. આ સિધ્ધાંત - મતનો લોકો ઉપર એટલો અધિક પ્રભાવ છે કે એના વિરોધમાં કંઈ પણ કહેવું તે અધિક લોકપ્રિય ન બની શકે. ઝેરીલા સિધ્ધાંતને ઝેરીલા નાગની જેમ જ મારી નાખવો જોઈએ. એ ન્યાયે આ સિધ્ધાંતની નિરર્થકતાને સાંગોપાંગ પૂરવાર કરવી આવશ્યક છે અને એટલે એમાં થોડુંક વિશેષ અન્વેષણ જરૂરી બની જાય છે.

આર્યો બહારથી આવ્યા અને દાસ તથા દસ્યુ જાતિઓને તેમણે પરાજિત કરી આ સિદ્ધાંતનું સમર્થન કરનારા લોકોએ ઋગ્વેદના નીચેના મંત્રો તરફ ધ્યાન આપ્યું નથી એવું લાગે છે. આ મંત્રો અતિ ઉપયોગી છે. મારા માનસમાં જે મંત્રો અત્યારે યાદ આવે છે એને પુન: એકવાર રજુ કરું છું.

(૧) ઋગ્વેદ (૬ : ૩૩-૩) હે ઇંદ્ર! તેં અમારા બન્ને વિરોધીઓ દાસો અને આર્યોને મારી નાખ્યા.

(૨) ઋગ્વેદ (૬ : ૬૦-૩) ધર્મ અને ન્યાયના રક્ષક ઇંદ્ર અને અગ્નિ અમને દુ:ખ પહોંચાડનાર દાસો અને દસ્યુઓનું દમન કરો.

(૩) ઋગ્વેદ (૮ : ૨૪-૨૭) હે ઇંદ્ર! તેં રાક્ષસો અને સિંધુના તટવર્તી ક્ષેત્રોમાં રહેતા આર્યોથી અમારી રક્ષા કરી છે. હવે તમે દાસોને પણ શસ્ત્રહીન બનાવો.

(૪) ઋગ્વેદ (૬ : ૮૧ -૧) ઇંદ્ર અને વરુણે દાસો અને આર્યોનો સંહાર કરી સુદાસની રક્ષા કરી.

(૫) ઋગ્વેદ (૧૦ : ૩૮ -૩) હે આદરણીય ઇંદ્ર, દાસ અને આર્ય વિધર્મી છે. અમારા શત્રુઓ છે. એમને દબાવવા માટે અમને આપના આશિર્વાદ આપો. તમારી સહાયતાથી અમે તેમને મારી નાખીશું.

(૬) હે મામેયું, આપના આરાધકોને શક્તિ આપો. તમારી સહાયતાથી અમે અમારા શત્રુ આર્યો અને દાસોનો વિનાશ કરીશું.

આ મંત્રોમાં જે પ્રમાણો સમાયેલા છે તે પાશ્ચાત્ય પરિકલ્પનાને મિથ્યા સાબિત કરે છે. સાથે સાથે એ વાત પણ સ્પષ્ટ કરે છે કે આર્યોની બે જનશ્રેણીઓ હતી જે ભિન્નભિન્ન હતી અને એક બીજા પ્રત્યે વેરભાવ રાખતી હતી. બે આર્ય જાતિઓની વાત કેવળ કલ્પના નથી, એ વાસ્તવિકતા છે. એના પક્ષમાં પર્યાપ્ત સાક્ષીઓ અને પ્રમાણો પણ ઉપલબ્ધ છે.

-- ૨ --

પહેલો પુરાવો તો એ છે, અને જેના પ્રત્યે ધ્યાન આપવું જરૂરી બની જાય છે, તે છે જુદા જુદા વેદોની અલગ-અલગ માન્યતા. વેદના અભ્યાસુ વિદ્યાર્થીઓ એ બાબત સ્પષ્ટ રીતે જાણે છે કે, વાસ્તવમાં વેદ બે જ છે. (૧) ઋગ્વેદ અને (૨) અથર્વવેદ. સામવેદ અને યજુર્વેદ તો ઋગ્વેદનું ભિન્ન સ્વરૂપ છે. વેદના વિદ્યાર્થીઓ એ વાત તો સારી રીતે જાણે છે કે અથર્વવેદને બ્રાહ્મણોએ લાંબા સમય સુધી પવિત્ર વેદ તરીકે માન્યતા આપી જ નહોતી. આવો ભેદભાવ શા માટે આચરવામાં આવ્યો? ઋગ્વેદને પવિત્ર અને અથર્વવેદને અપવિત્ર શા માટે કહેવામાં આવ્યા? એનો ઉત્તર એટલો જ છે કે, વેદ આર્યોની બે ભિન્નભિન્ન જાતિઓ દ્વારા રચવામાં આવ્યા હતા. સમયાંતરે જ્યારે બન્ને જાતિઓ એક થઈ ગઈ ત્યારે અથર્વવેદને ઋગ્વેદની સમાન પવિત્ર માની લેવામાં આવ્યો. આ સિવાય પણ પૂરતા પુરાવાઓ ઉપલબ્ધ છે. બ્રાહ્મણી સાહિત્યમાં ભિન્નભિન્ન વિચારધારાની બે ભિન્ન આર્ય જાતિઓનું અસ્તિત્વ હતું. જેના અંગે પર્યાપ્ત પ્રમાણો વિખરાયેલાં પડ્યાં છે. સૃષ્ટિ સર્જન અંગે જે

ભિન્નતા જોવા મળે છે તે બે ભિન્ન વર્ગો કે જાતિઓ પ્રત્યેનું સૂચન કરે છે. એમાંના એકનું વર્ણન અધ્યાય બેમાં કરવામાં આવ્યું છે. કેવળ બીજી વિચારધારાનું વર્ણન કરવાનું બાકી છે. એના માટે આપણે વેદોથી શરૂઆત કરીએ.

-- 3 --

તૈત્તરીય સંહિતામાં નિમ્નલિખિત વર્ણન જોવા મળે છે.

તૈત્તરિય સંહિતા **૧** (૬ : ૫-૬-૧) પુત્રોની કામના માટે અદિતિએ દેવો અને સાધ્યોને માટે બ્રહ્મોદન તૈયાર કર્યું. એણે એનો શેષભાગ એને આપ્યો જે એણે ખાધો. એનાથી એને ગર્ભાધાન થયું અને ચાર આદિત્યો પેદા થયા. એણે બીજું બ્રહ્મોદન તૈયાર કર્યું અને વિચાર્યું કે જો એઠું ખાવાને લીધે મારે ચાર પુત્રો પેદા થયા છે પણ જો હું દેવો અને સાધ્યોને ચઢાવ્યા વિના જ જો બ્રહ્મોદન ખાઉં તો મને અત્યંત પ્રભાવશાળી વિદ્વાન પુત્ર પેદા થશે. એવું વિચારીને એણે નૈવેધ પહેલાં જ આરોગી લીધું. એને ગર્ભાધાન થયું અને એનાથી અવિકિસત ઈંડાનો જન્મ થયો. એણે આદિત્યો માટે ત્રીજું નૈવેદ્ય તૈયાર કર્યું જેથી આદિત્ય વૈવસ્તનો પ્રાર્દુભાવ થયો. (તૈત્તરીય સંહિતા ૬ : ૫ : ૬ : ૧) આ તેનો વંશ છે, જેવો કે મનુષ્યો છે. તેઓમાં તે એકલો જ છે, જે બલિદાન આપે છે. તે સમૃદ્ધ છે અને દેવો માટે પ્રમોદનું કારણ બને છે.

-- ૪ --

હવે શતપથ બ્રાહ્મણની સર્જન કથાઓ જોઈએ :

(1) શતપથ બ્રાહ્મણ **૨** ૮:૧:૧.

સવારના પહોરમાં મનુ માટે હાથ ધોવા તેઓ પાણી લાવ્યા. કારણ કે મનુષ્યોને હાથ ધોવા માટે આ પ્રકારે પાણી લાવવાની આદત હતી. જયારે તે હાથ ધોઈ રહ્યા હતા ત્યારે એક માછલી એમના હાથમાં આવી. મનુને તેણે કહ્યું,

૧. મ્યોર ગ્રંથ ૧. પૃ. ૨૬.

૨. મ્યોર વો. ૧. પૃ. ૧૮૧-૧૮૪.

"મારું રક્ષણ કરો હું તારું રક્ષણ કરીશ." (મનુએ ચકાસણી કરવા પૂછ્યું) તું મને કઈ રીતે બચાવીશ? (માછલીએ જવાબ આપ્યો) જળપ્રલયમાં બધી જ જીવસૃષ્ટિ તણાઈ જશે. એમાંથી હું તારો બચાવ કરીશ. (મનુએ પૂછયું) તારો બચાવ હું કેવી રીતે કરું? માછલી બોલી : જ્યાં સુધી હું લઘુ સ્વરૂપમાં છું ત્યાં સુધી જ મુશ્કેલીમાં છું. પહેલાં મને બરણીમાં સાચવી રાખ! અને જયારે હું બૃહદ્ આકાર ધારણ કરું ત્યારે તું મને સાગરમાં લઈ જજે. ત્યારે હું મુશ્કેલીને પાર કરી જઈશ. મને કોઈ ખતરો રહેશે નહીં. અને તરત જ માછલી બૃહદ્ આકારની બની ગઈ. તેણે કહ્યું : અમુક વર્ષોમાં પ્રલયપુર આવવાનું છે. તું વહાણમાં ચઢી બેસજે. જયારે પુર ચઢી આવે ત્યારે હું તારો બચાવ કરીશ. આ રીતે મનુએ માછલીને સાચવી અને સમુદ્રમાં પહોંચાડી અને માછલીએ જે વર્ષ ભાખ્યું હતું તે વર્ષમાં મનુએ વહાણ બનાવ્યું. અને જયારે પ્રલયપુર પેદા થયું ત્યારે મનુ એમાં ચઢી બેઠો. બૃહદ માછલી એની સામે આવી. મનુએ માછલીના શિંગડા પર વહાણનો રસ્સો બાંધી દીધો. આ રીતે એણે ઉત્તરી પહાડ વટાવી દીધો. માછલીએ "મેં તારું રક્ષણ કર્યું છે હવે વહાણને ઝાડ સાથે બાંધી દે ! અને જ્યાં સુધી પાણી ઉતરે નહીં ત્યાં સુધી તું વહાણમાંથી ઉતરતો નહીં." તેણે તે પ્રમાણે કર્યું. જલ પ્રવાહ તમામ જીવોને તાણી ગયો હતો અને એકલો 'મનુ' જ બચી ગયો હતો. એણે સંતતિની કામના કરી અને યજ્ઞ પ્રારંભ કર્યો. એ માટે એ ઘી, દુધ, દહીંને પાણીમાં નાખતો ગયો. આમ એક વર્ષે એક સ્ત્રી પેદા થઈ. તે બેઠી થઈ. એના પગલામાં ઘી નાખવામાં આવ્યું. મિત્રા અને વરુણ એને મળ્યા. તેમણે તે સ્ત્રીને કહ્યું,

'તું કોણ છે?'

તેણે જવાબ આપ્યો 'મનુની પુત્રી'.

'તું અમારી છે એમ કહે' તેઓએ કહ્યું. 'ના !' તેણીએ કહ્યું. હું એની છું જેણે મને પેદા કરી !

તેઓ તેણી સાથે સહવાસ ઈચ્છતા હતા. સ્ત્રીએ વચન કહ્યું કે 'હું આવું વચન આપતી નથી.' એમ કહીને તે આગળ વધી. તે મનુ પાસે આવી. મનુએ તેને પૂછ્યું 'તું કોણ છે?' 'હું તમારી પુત્રી છું' સ્ત્રીએ જવાબ આપ્યો.

'હે ! મારી પુત્રી તું કેટલી ગૌરવવાન છે. તેં મને ઉપકૃત કર્યો.' તેણીએ કહ્યું 'તમે જળમાં જે ભોગ આપતા હતા દુધ, દહીં, માખણ અને ઘી એમાંથી હું ઉત્પન્ન થઈ છું. મારો ભોગમાં ઉપયોગ કર તો તારી ઈચ્છા પ્રમાણેનું ફળ હું આપીશ. તું મારી પાસે જે માગીશ તે હું આપીશ. મનુએ એની પાસે જે કંઈ માગ્યું તે આપવામાં આવ્યું. આ પ્રમાણે જે કોઈ ઈડા પાસે વિધિસર જે પ્રમાણે મનુએ કર્યું એ પ્રમાણે ભોગ આપશે તો એને ઈચ્છિત ફળ પ્રાપ્ત થશે...'

(૨) શતપથ બ્રાહ્મણ (૬:૧:૨-૧૧.) **૧** ત્યાર પછી તેઓ કહે છે. "પ્રજાપતિ એ જે દુનિયાઓનું સર્જન કર્યું. જેને પૃથ્વીએ ટેકો કર્યો. એને માટે આ (herbs) ખોરાક તરીકે રાંધવામાં આવ્યું. તે ખોરાક તેણે ખાધો. તેથી તે ગર્ભવતી બની. ઉપરના વાયુઓથી એણે દેવતાઓ અને નીચેના વાયુઓથી પ્રાણીઓને પેદા કર્યા. પ્રજાપતિએ જેવી ઈચ્છા કરી એવી એની સમસ્ત રચના થઈ પ્રજાપતિએ સમગ્ર અસ્તિત્વની રચના કરી."

(૩) શતપથ બ્રાહ્મણ (૭:૫:૨:૬) **૨**

પ્રારંભમાં પ્રજાપતિ એકલા જ હતા. એમણે ઈચ્છા વ્યક્ત કરી કે ખોરાક ઉત્પન્ન કરું અને તેમણે તે પ્રમાણે કર્યું. એણે પોતાના શ્વાસમાંથી પ્રાણીઓ પેદા કર્યા. એના આત્મામાંથી મનુષ્યો પેદા થયા. એણે આંખમાંથી અશ્વ પેદા કર્યો. એના શ્વાસમાંથી બળદ અને કાનમાંથી ઘેટું પેદા કર્યું. એના અવાજમાંથી બકરું ઉત્પન્ન થયું. આમ એણે શ્વાસમાંથી પ્રાણીઓ ઉત્પન્ન કર્યા એટલે મનુષ્યો કહે છે કે પ્રાણીઓ શ્વાસ છે. શ્વાસમાં પ્રથમ પ્રાણ છે. આમ એના શ્વાસમાંથી પ્રથમ મનુષ્ય પેદા થયો. એટલે એણે કહ્યું કે માનવી સૌથી પ્રથમ પ્રાણી છે અને બળવાન છે. આત્મા શ્વાસ છે. એણે એના શ્વાસમાંથી પુરુષ પેદા કર્યો એટલે

૧. મ્યોર ગ્રંથ ૧ પૃ. ૩૦.

૨.એજન પૃ. ૨૪.

તેઓ કહે છે કે માણસમાં સમસ્ત પ્રાણીઓ છે; અને તે સૌ માટે મનુષ્ય છે.

(૪) શતપથ બ્રાહ્મણ **૧** (૧૦ : ૧ : ૩ : ૧) પ્રજાપતિએ જીવસૃષ્ટિનું સર્જન કર્યું. પોતાના શરીરના ઉર્ધ્વ વાયુથી દેવગણ અને નિમ્નાંગ વાયુથી પ્રાણીઓની રચના કરી. ત્યાર બાદ તેણે 'મૃત્યુ' નું સર્જન કર્યું.

(૫) શતપથ બ્રાહ્મણ (૧૪ : ૪ : ૨ : ૧) **૨**

પ્રારંભમાં પુરુષના રૂપમાં આત્મા નિતાંત એકલો હતો. નજીકથી જોતાં તે પોતાને જ જોઈ શકતો. ત્યારે તેણે કહ્યું, “આ હું છું." ત્યારે તે 'હું' સાથે એકાકાર બની ગયો. એટલે તો આજે પણ જ્યારે માણસ પહેલાં બોલે છે ત્યારે તે કહે છે કે 'આ હું છું' અને ત્યાર પછી જ અન્ય નામ બોલે છે. પૂર્વે જ્યારે તેણે આવી ઘોષણા કરી ત્યારે તેના તમામ પાપ બળી ગયા હતા. તે પુરુષ કહેવાયો એને એકલપણાનો ડર લાગ્યો એટલે એણે કહ્યું હું કોનાથી ડરું છું? અહીં મારા સિવાય તો અન્ય કોઈ છે જ નહીં. એટલે એનો ડર ખતમ થઈ ગયો. તે શા માટે ડર્યો હતો? બીજા પુરુષને કારણે જ ડર લાગે છે, તેથી તે સુખ ભોગવી શકતો નથી. તેવી જ રીતે એકલો મનુષ્ય પણ આનંદ ભોગવી શકતો નથી, એણે બીજાની કામના કરી. એણે એના પોતાના જ શરીરના બે ભાગ કર્યા. આથી પતિ અને પત્નિ પેદા થયાં એટલે યાજ્ઞવલ્કય કહે છે કે, 'આ એક' બીજા અડધા ભાગનો જ ભાગ છે. બન્નેના સહવાસથી માણસો પેદા થયા. ત્યારે તેણીએ પ્રતિક્રિયા વ્યક્ત કરી કે તેણે મને એનામાંથી ઉત્પન્ન કરી. એણે મારી સાથે સહવાસ કેવી રીતે કર્યો? ઓહ ! લાવ મને અદૃશ્ય થઈ જવા દે ! તે સ્ત્રી ગાય બની ગઈ અને પુરુષ બળદ બની ગયો અને સહરમણ કરીને ગાયોને જન્મ આપ્યો. પેલી સ્ત્રી ઘોડી બની અને પુરુષ ઘોડો બની ગયો. સ્ત્રી ગધેડી અને પુરુષ ગધેડો બન્યો. એમના સહવાસથી ફાટેલી ખરીઓ વાળા પ્રાણીઓ પેદા થયા. ત્યાર પછી સ્ત્રી બકરી બની અને પુરુષ બકરો બન્યો. સ્ત્રી ઘેટી બની તો પુરુષ ઘેટો બની ગયો. આમ કીડીથી માંડીને તમામ પ્રકારમાં નર અને નારી

૧.મ્યોર ગ્રંથ ૧. પૃ. ૩૧.

૨.એજન પૃ. ૨૫.

પેદા થયા.

--૫--

(૧) 'તૈત્તરિય બ્રાહ્મણમાં નીચેની કથા જોવા મળે છે.[૧]

તૈત્તરિય બ્રાહ્મણ (૨ : ૨ : ૯ : ૧) અનુસાર પ્રારંભમાં કશું જ નહોતું. ન તો આકાશ કે ન તો પૃથ્વી કે ન તો વાયુ. બ્રહ્માએ ઉત્પત્તિની ઈચ્છા વ્યક્ત કરી. અન-અસ્તિત્વમાંથી એણે અસ્તિત્વમાં આવવાનો વિચાર કર્યો. એની પ્રાર્દુભાવની ઈચ્છામાંથી એક શક્તિનો જન્મ થયો. એ શક્તિમાંથી ધુમાડો પેદા થયો. તે પુન:શક્તિ બની. તેમાંથી પ્રકાશ (અગ્નિ) ઉત્પન્ન થયો. તે પુન:શક્તિ બની. એમાંથી પ્રકાશ પેદા થયો. એમાંથી કિરણો પેદા થયાં. તે પુન: ઉત્સાહિત બન્યો અને એમાંથી વાયુ પેદા થયો. તે ફરીથી પ્રદીપ્ત થયો. તેમાંથી વાદળો ઉત્પન્ન થયા અને એમાંથી સાગરનો પ્રાર્દુભાવ થયો. માણસ સાગરનું (પાણી) પી શકતો નહોતો. આથી પ્રજાપતિ દાસ હોતૃનો પ્રાર્દુભાવ થયો. પ્રજાપતિએ વિચાર કર્યો કે તે શા માટે પેદા થયો? અને તે રોવા માંડયો. એના આંસુઓનો જે ભાગ પાણીમાં પડયો તે પૃથ્વી બની ગઈ. અને જે ભાગ ઉડી ગયો એમાંથી વાયુ અને આકાશ બન્યું. પ્રજાપતિએ તપસ્યા કરી અને પોતાના ઉદરમાંથી અસુરોને જન્મ આપ્યો. એનાથી સર્વત્ર અંધકાર ફેલાઈ ગયો. એને પુન: સર્જનની ઈચ્છા થઈ. એટલે યોનિમાંથી એણે પ્રજા ઉત્પન્ન કરી. તેમની અસંખ્ય સંખ્યા હતી કારણ કે તેણે પોતાના અંગોમાંથી જીવોને ઉત્પન્ન કર્યા હતા. એણે લાકડાના વાસણમાં એમને માટે દુધ કાઢયું અને પોતાના શરીરને વિસર્જિત કર્યું. એમાંથી ચાંદની પેદા થઈ. એણે ઉત્પત્તિની ઈચ્છા કરી એટલે તે ગર્ભવતી બની. એમાંથી ઋતુઓનો જન્મ થયો. એણે ચાંદીના પાત્રમાં એમને દુધ પાન કરાવ્યું અને શરીરને વિસર્જિત કર્યું. એનાથી રાત અને દિવસનો જન્મ થયો. એણે પુન: પ્રગટ થવાની તીવ્ર ઈચ્છા વ્યક્ત કરી. તેથી તે ગર્ભવતી બની. એણે મોંમાંથી દેવોને જન્મ આપ્યો. એણે સુવર્ણ પાત્રમાં એમને સોમરસનું પાન

૧.મ્યોર વો. ૧ પૃ. ૨૮-૨૯

કરાવ્યું. પછી એ શરીર વિસર્જિત કર્યું. તેમાંથી દિવસ પેદા થયો. તે પ્રજાપતિના સંતાનો છે. જેને આ સાલ છે તે દુધપાન કરાવે છે કે દિવસ (diva) અમારી પાસે આવેલો છે. શૂન્યમાંથી આત્મા (મસ્તિષ્ક કે માનસ)નો જન્મ થયો. જે કંઈ અસ્તિત્વ ધરાવે છે તેનો આધાર માનસ છે. આમ માનસથી પ્રજાપતિની અને પ્રજાપતિથી માનસની ઉત્પત્તિ થઈ. જે આ પ્રમાણે જાણે છે એને માટે ઉષા વધારેને વધારે પ્રજ્વલિત બને છે. તે સમૃધ્ધ બને છે અને ઘણાં પશુઓ પ્રાપ્ત કરે છે અને પરમેશ્વરની કક્ષાને પામે છે.

(૨) તૈત્તરિય બ્રાહ્મણ (૨:૩:૮:૧)[૧]

પ્રજાપતિએ સૃષ્ટિ સર્જનની ઈચ્છાથી તપસ્યા કરી. એથી તે ગર્ભવતી બની. તે પીળા બદામી રંગની બની જે સ્ત્રી ગર્ભવતી હોય છે તે પીળા બદામી રંગની બને છે. ગર્ભવતી હોવાને લીધે તે કંતાઈ ગઈ અને થાકી ગઈ. થાકને લીધે તે શ્યામ બની ગઈ. થાકેલો માણસ કાળા બદામી રંગનો બની જાય છે. તેનો શ્વાસ જીવંત બન્યો. એ શ્વાસમાંથી અસુરો પેદા થયા. એમનામાં આસુરી પ્રકૃતિ હતી. જે આ વાત જાણે છે તે અસુરોની આસુરી પ્રકૃતિથી પરિચિત બને છે અને શ્વાસ એને છોડી શકતો નથી. અસુરોને ઉત્પન્ન કરીને તે અસુરોનો પિતા કહેવાયો. આમ જે પિતૃત્વને જાણે છે તે પોતાનો જ પિતા બને છે. પિતા બન્યા પછી તેણે માણસો ઉત્પન્ન કર્યા. એમાં મનુષ્યનું માનવત્વ હતું. જે માણસનું માનવત્વ જાણે છે તે બુદ્ધિમાન થાય છે. માનસ એને છોડીને ભાગી શકતો નથી. જયારે તે માણસનું સર્જન કરી રહ્યો હતો ત્યારે સ્વર્ગમાં દિવસ પેદા થયો. ત્યાર પછી તેણે દેવોનું સર્જન કર્યું. એમાં દેવોનું મસ્તિષ્ક હતું. આમ શ્વાસના જીવંત થવાને લીધે અસુરો, પિતૃઓ, માનવો અને દેવગણ પેદા થયા. આ ચારેમાં જળવાયુ સમાન છે.

(૩) તૈત્તરિય બ્રાહ્મણ (૩:૨,૩,૯)[૨]

૧ મ્યોર ગ્રંથ ૧. પૃ. ૨૩.

૨ મ્યોર ગ્રંથ ૧ પૃ. ૨૧.

આ શૂદ્રો શૂન્યમાંથી પેદા થયા.[૧]

તૈત્તરિય આરણ્યકમાં (૧: ૧૨ : ૩૧) નીચે પ્રમાણેનું વિવરણ સર્જન અંગે કર્યું છે.

સર્વત્ર પાણી જ પાણી હતું. કમળ ઉપર પ્રજાપતિની ઉત્પત્તિ થઈ. પ્રજાપતિના મનમાં સર્જનની ઈચ્છા જાગી. 'મને આનું સર્જન કરવા દો' એટલે માણસ જ હેતુ અંગે વિચાર કરે - ભાષાથી ઘોષણા કરે તે આચરણથી પૂર્ણ કરે. એટલે આ મંત્રો સ્ફુર્યા. પ્રજાપતિએ તપસ્યા કરી અને તપશ્ચર્યાથી શરીર ધારણ કર્યું. એના શરીરના માંસમાંથી અરુણ, કેતુ અને વાતરસન ઋષિઓનો જન્મ થયો. નખમાંથી વૈખાનસ અને વાળમાંથી બલખિલ્ય પેદા થયા. રક્તના જળની વચ્ચે વિચરણ કરતાં કાચબાનું સ્વરૂપ ધારણ કર્યું. પ્રજાપતિએ કાચબાને કહ્યું, 'ના હું તો પહેલાં પણ હતો. ત્યારે સહસ્ર મુખ, સહસ્ર નેત્ર અને સહસ્ર પગ વાળો પુરુષ પેદા થયો. પ્રજાપતિએ કહ્યું, “આપ મારા પહેલાં પેદા થયા છો એટલે આપ જ સૃષ્ટિની રચના કરો.” પુરુષે અંજલિમાં જળ ભરીને પૂર્વની તરફ ફેક્યું અને કહ્યું, “તમે સૂર્ય બની જાવ !” એ દિશામાંથી સૂર્ય પેદા થયો અને તે પૂર્વ દિશા કહેવાઈ. ત્યાર પછી અરુણ-કેતુએ જળની મધ્યમાં રહીને પુષાનને જન્મ આપ્યો. અરુણ -કેતુએ દક્ષિણ દિશામાં જળ ફેંકીને દક્ષિણ દિશાની બાજુ અગ્નિ પેદા કર્યો. જળ ઉપર રાખીને એણે દેવ, માનવ, પિતૃઓ, ગંધર્વ અને અપ્સરાઓની રચના કરી. ઉપરથી નીચે પડેલી બુંદોથી અસુર, રાક્ષસ અને પિશાચ પેદા થયા. ટૂંકમાં જળથી સ્વયંભૂ બ્રહ્મ પ્રજાપતિ અને પ્રજાપતિથી સમસ્ત સૃષ્ટિની ઉત્પત્તિ થઈ.

- - ૬ - -

સુષ્ટિ સર્જન અંગે મહાભારતે પોતાની રીતે આ વિષયમાં યોગદાન આપ્યું છે. મહાભારતના વનપર્વમાં સૃષ્ટિનું મૂળ મનુને બતાવેલ છે. વનપર્વમાં કહ્યું કે [૨]

૧.એજન પૃ. ૩૨.

૨.મ્યોર ગ્રંથ ૧, પૃ. ૧૯૯-૨૦૦.

વૈવસ્ત મનુના પુત્ર મનુ પ્રજાપતિની જેમ જ સમાન તેજસ્વી ઋષિ હતો. એમણે જળની મધ્યમાં ઊભા રહીને એક પગે સ્થિર થઈ, ઉપર હાથ ઉઠાવી માથું નમાવી નિરંતર દસ હજાર વર્ષ સુધી તપસ્યા કરી. ચિરણી નદીના તટ ઉપર. એક માછલી એમની નજીક આવી અને બોલી. હે પ્રભુ ! મોટી માછલીઓથી મારું રક્ષણ કરો. હું એમનો પ્રતિકાર કરીશ. કરુણાવાન મનુએ માછલીને પાણીથી બહાર કાઢી એક પાત્રમાં મૂકી દીધી. માછલીનો આકાર વધતો ગયો એમ તેને ક્રમશ: પોખર અને ગંગામાં લઈ ગયા. પણ માછલીનો આકાર વધતો જ ગયો. મનુએ એને સાગરના જળમાં મૂકી. સમુદ્રના પાણીનો સ્પર્શ થતાં જ માછલીએ માનવની ભાષામાં મનુને કહ્યું : તમે મારી તમામ પ્રકારે રક્ષા કરી છે. એટલે હું આપને બતાવવા ઈચ્છું છું કે, સમગ્ર સૃષ્ટિ પર સંકટના વાદળો છવાઈ રહ્યાં છે. નિકટ ભવિષ્યમાં તમામ ચલ અચલ જીવ પદાર્થોનો અંત થવાનો છે. તમે તાત્કાલિક એક મજબૂત નાવ બનાવી. સપ્તર્ષિઓની સાથે તમામ પ્રકારનું બિયારણ લઈ સાગર તટે આવીને મારી પ્રતીક્ષા કરો. તમે મને મારા શિંગડાથી ઓળખી જશો. જાવ અને જલ્દી કરો. એટલું કહીને માછલી જળમાં વિલીન થઈ ગઈ. મનુ પરત આવ્યા અને એમણે એક મજબૂત વહાણ બનાવ્યું. જેમાં સપ્તર્ષિઓ અને સમસ્ત પ્રકારના બિયારણ અને પદાર્થોને લઈ સાગરને કિનારે પહોંચ્યા. માછલી એમની પ્રતીક્ષા કરી રહી હતી. મનુએ શીઘ્રતાથી વહાણની રસ્સી માછલીના શિંગડાની સાથે બાંધી દીધી. મસ્ત્યે તીવ્ર ગતિથી ગર્જના કરતી અને લહેરો ઉછાળતા સમુદ્રમાંથી ખેંચવાનું ચાલુ રાખ્યું. વાયુ અને આકાશ સિવાય બધે પાણી જ પાણી હતું. અને એ પાણીમાં સપ્તર્ષિઓ સહિત મનુ અને માછલી હતી. અનેક વર્ષોના અથાક પ્રયત્નો પછી માછલી એમને હિમવત્ પર્વતના ઉંચામાં ઉંચા શિખરે લઈ ગઈ અને ઋષિઓને વહાણને શિખરની સાથે બાંધવાનું કહ્યું.

વહાણ રોકાયા પછી મિત્ર સમાન માછલીએ કહ્યું, “હું બ્રહ્મ પ્રજાપતિ છું અને જળ પ્રલયમાંથી તમને બચાવીને લાવ્યો છું. હવે મનુ તમામ જીવો, પદાર્થો,

દેવજનો, અસુરો, માણસો, ચર -અચર પદાર્થોની રચના કરશે." આમ કહીને મત્સ્ય અંર્તધ્યાન થઈ ગયો. મનુએ તપોબળથી અંતર્દષ્ટિ પ્રાપ્ત કરી અને સર્જનનું કાર્ય શરૂ કર્યું.

મહાભારતના આદિપર્વમાં સર્જનની કથા એકદમ ભિન્ન છે.[૧] વૈશમ્પાયને કહ્યું. "હું સ્વયંભૂ પ્રજાપતિ દ્વારા દેવતાઓ અને અન્ય જીવ પદાર્થોના સર્જન અને વિનાશની કથા સંભળાવું છું. બ્રહ્માના મારિચ, અત્રિ, અંગિરસ, પુલત્સ્ય, પુલહ અને ક્રતુ એમ છ પુત્રો થયા. મારિચિના પુત્ર કશ્યપથી તમામ જીવો પેદા થયા. દક્ષ પ્રજાપતિની અદિતિ, દિતિ, દુન, કલા, દનયુ, સિમુક, ક્રોધા, પ્રધા, નિશ્ચા, વિનિતા, કપિલા, મુનિ અને કદ્રુ એમ તેર કન્યાઓ થઈ. એના અસંખ્ય પુત્રો અને પૌત્રો થયા."

બ્રહ્માના સીધા હાથના અંગુઠાથી મહર્ષિ દક્ષ પેદા થયા હતા. તે સંયમી અને મહાન તપસ્વી હતા. અને જમણા અંગુઠાથી એમની પત્ની પેદા થઈ. મહર્ષિથી એમના પત્નિને પચાસ કન્યારત્નો પ્રાપ્ત થયાં. એમાં દસ ધર્મને, સત્યાવીસ ઇંદ્ર (સોમ)ને અને તેર કશ્યપને પ્રાપ્ત થઈ. પિતામહ પ્રજાપતિના ઉત્તરાધિકારી મનુ એ કોનો (એ સ્પષ્ટ નથી કર્યું કે તે કોનો પુત્ર હતો) પુત્ર હતો. મનુના પુત્ર આઠ વસુઓ હતા. બ્રહ્માએ દક્ષિણ વક્ષથી ધર્મનો જન્મ ગ્રહણ કર્યો. ધર્મને ત્રણ પુત્રો થયા. સામ, કામ અને હર્ષ. ભૃગુપુત્ર રથવનની પત્નિ મનુની પુત્રી આરુશિ હતી. બ્રહ્માના અન્ય બે પુત્રો ધાતૃ અને વિધાતૃ - ભૃગુના સાથીદારો હતા. કમલવાસિની અને પરમસુંદરી લક્ષ્મી એની બહેન હતી. ભૂખમાં જીવો દ્વારા એક બીજાને આહાર બનાવવાને કારણે અધર્મ પેદા થયો. નિતિએ ત્રણ દુષ્કર્મી પુત્રો, ભય મહાભય અને મૃત્યુને જન્મ આપ્યો. મૃત્યુને પત્નિ કે પુત્ર નહોતો કારણ કે તે જાતે જ સૌ કોઈનો અંત કરનાર હતો.

પ્રચેતસના દસ ઋષિ પુત્રો દ્વારા દક્ષ પ્રચેતસનો જન્મ થયો અને દક્ષથી તમામ જીવસૃષ્ટિ વિરણી સાથેના સહવાસ કરવાથી દક્ષે પોતાના જેવા એક

૧.મ્યોર ગ્રંથ ૧ પૃ. ૧૨૨-૧૨૬.

હજાર પુત્રો પેદા કર્યા. દેવર્ષિ નારદે એમને સાંખ્ય અને મુક્તિનો ઉપદેશ આપ્યો.

સંતતિ ઈચ્છુક દક્ષ પ્રજાપતિએ પચાસ કન્યાઓને જન્મ આપ્યો. એમાંથી દસ ધર્મને, તેર કશ્યપને અને સત્તાવીસ ઇંદ્ર સોમને મળી. મરિચીપુત્ર કશ્યપે પોતાની તેર પત્નિઓમાંથી દક્ષયાનિથી ઇંદ્ર, આદિત્ય અને વૈવસ્તને ઉત્પન્ન કર્યા. વૈવસ્તના પુત્ર યમ વૈવસ્ત થયા. માર્તંડ (સૂર્ય વૈવસ્ત) મનુ દ્વારા બ્રાહ્મણ અને ક્ષત્રિયો ઉત્પન્ન થયા. બ્રાહ્મણો વેદ અને વેદાંગોના જ્ઞાતા બન્યા. મનુના દસ પુત્રો વેણ, વૃષણ નારિશ્યાન, નાભાગ, ઈશ્વાકુ, કુરુષ, શર્યાતિ, ઈલા, પ્રાશાધ, અને નાભાગારિષ્ઠ થયા. મનુના અન્ય પચાસ પુત્રો પણ હતા જે હંમેશાં પરસ્પર લડતા-ઝઘડતા રહેતા. ત્યારબાદ ઈલાનો પુત્ર પુરુરવા થયો. કે "જે (ઈલા) તેની માતા અને પિતા બન્ને હતો, એવું અમે સાંભળ્યું છે."

- - ૭ - -

સૃષ્ટિ સર્જન અંગે રામાયણમાં પણ વિવરણ કરવામાં આવ્યું છે. રામાયણના દ્વિતીયકાંડમાં સૃષ્ટિ રચનાનું વર્ણન આ પ્રકારે આપવામાં આવ્યું છે.[૧]

વશિષ્ટ રામને આત્મસ્થિત થવાનું સમજાવતા કહ્યું," વિશ્વના વિનાશની અને પુર્નરચનાની મૂળ કથા જાબાલી પણ જાણતી હતી. છતાંય વિશ્વોત્પત્તિ અંગે તમે મારી પાસેથી સાંભળો. પ્રારંભમાં સર્વત્ર પાણી જ પાણી હતું. જળથી પૃથ્વી બની. તે પછીથી આરાધ્યોની સાથે સ્વયંભૂ બ્રહ્મા પેદા થયા. એણે પૃથ્વીને ઉપર ઊઠાવી અને પોતાના સાત પુત્રો સાથે વિશ્વરચના કરી. બ્રહ્માથી મારિચી અને મારિચીથી કશ્યપનો જન્મ થયો. કશ્યપના પુત્ર વૈવસ્તથી મનુનો જન્મ થયો. મનુના પુત્ર ઈશ્વાકુ થયો અને ઈશ્વાકુ અયોધ્યાનો પહેલો રાજા હતો.

વિશ્વ સર્જનની એક અન્ય કથા રામાયણના વીસમા કાંડમાં પણ આવેલી છે.[૨]

૧.મ્યોર પ્રોફે. ગ્રંથ ૧ પૃ. ૧૧૫.

૨.મ્યોર ગ્રંથ પૃ. ૧૧૬,

"રામનો શબ્દ સાંભળીને જટાયુએ પોતાની જાતિની અને સમસ્ત જીવ પદાર્થોની ઉત્પત્તિ સંભળાવી." સાંભળ, હું પ્રજાપતિઓના આર્વિભાવનું વૃતાંત સંભળાવું છું. કર્દમ પ્રથમ પ્રજાપતિ હતા. એના પછી નિકૃત, શેષ, સમસ્રાય, બાહુપુત્ર, સ્થાણુ, મારિચી, અત્રિ, કૃતુ, પુલત્સ્ય, અંગિરા, પ્રાચેતલ, પુલહુ, દક્ષ વૈવસ્ત અને અરિષ્ઠનેચી થયા. અંતિમ પ્રજાપતિ યશસ્વી કશ્યપ થયા. દક્ષ પ્રજાપતિની સાઈઠ પુત્રીઓ હતી. કશ્યપે અદિતિ, દિતિ, દાનુ, કલકા, તામ્ર, ક્રોધવાસા, મનુ અને અનલા નામની આઠ કન્યાઓ સાથે વિવાહ કર્યો અને ત્રિભુવનની વૃધ્ધિને માટે પોતાના સમાન પુત્રોને જન્મ આપવા માટેની યાચના કરી. આદિતિ, દિતિ, દાનુ અને કલકા સિવાય સૌએ અસહમતિ પ્રકટ કરી, અદિતિએ તૈત્રીસ દેવતા આદિત્ય, વસુ, રુદ્ર અને બે અશ્વીનીકુમાર પેદા કર્યા. કશ્યપની પત્નિ મનુએ પોતાના મુખમાંથી બ્રાહ્મણ, છાતીમાંથી ક્ષત્રિય, જાંગોમાંથી વૈશ્ય અને પગમાંથી શૂદ્રોને જન્મ આપ્યો. એવું વેદમાં (ઋગ્વેદ) જણાવવામાં આવ્યું છે. 'અનલાએ વનસ્પતિ અને ફળો પેદા કર્યા.

- - ૮ - -

હવે પુરાણો અંગે જોઈએ. પુરાણોમાં લખ્યું છે. તેમાંથી વિષ્ણુ પુરાણમાંથી હું નીચેનો ફકરો રજૂ કરું છું.

આદિમા હિરણ્યગર્ભ બ્રહ્મ હતા. જે બ્રહ્માનું સ્વરૂપ અને આત્મા હતો, જે દિવ્ય વિષ્ણુનો બનેલો હતો. જે ફરી ઋગ, યજુ: સામ અને અથર્વવેદોના જેવો જ હતો. એના (બ્રહ્માના) જમણા અંગુઠામાંથી દક્ષ પ્રજાપતિનો જન્મ થયો. દક્ષની એક પુત્રી હતી અદિતિ. અદિતિએ વૈવસ્તને જન્મ આપ્યો. વૈવસ્તને મનુ થયો. મનુનો પુત્ર ઈશ્વાકુ નૃગ, થીષ્ટ, શર્યાતિ, નરિશ્યાન્ત, પ્રાંશુ, નાભામાને દિષ્ટ અને પ્રશાદ્ર પેદા થયા. પુત્રોત્પત્તિની કામનાથી મનુએ મૈત્રેય અને વરુણના નિમિત્તે યજ્ઞ કર્યો પણ યજ્ઞ પુરોહિતની ભૂલને કારણે ઈલા

નામની પુત્રી પેદા થઈ. મૈત્રય અને વરુણની કૃપાથી ઈલા મનુના પુત્ર સુદ્યુમ્નના રૂપમાં આવી.

કાલાંતરમાં તે ઈશ્વર (મહાદેવ)ના કોપથી પુન:સ્ત્રી બની ગયો અને સોમપુત્ર બુધના આશ્રમ નજીક ફરવા માંડી. બુધ એના પ્રત્યે આસક્ત થયો અને એની સાથે સહવાસ કરીને પુરુરવાને જન્મ આપ્યો. ઋષિઓના અનુરોધ પર યજ્ઞ દેવતાએ ઈલાને ફરીથી સુદ્યુમ્ન નામનો પુત્ર બનાવ્યો હતો.

ત્યાર પછી વિષ્ણુ પુરાણ મનુના પુત્રોનું નીચે પ્રમાણેનું વિવરણ આપે છે.

(૧) ગુરુની ગાયના વધને કારણે પૃશાધ શૂદ્ર બની ગયો.

(૨) કરુષમાંથી કુરષાઓ (Karusha)થી મહાન શક્તિઓવાળા ક્ષત્રિયો પેદા થયા.

(૩) નાભાગનો પુત્ર નેદિષ્ટ વૈશ્ય થયા.

ઉપર કહેલી કથા સૂર્યવંશની છે. વિષ્ણુ પુરાણમાં આ પ્રકારની સમાંનાન્તર કથા પણ છે. તેના આધારે ચંદ્રવંશની ઉત્પત્તિ અત્રિથી બતાવવામાં આવી છે.

"અત્રિ બ્રહ્માનો પુત્ર અને સોમનો પિતા હતો. બ્રહ્માએ સોમ (ચંદ્રમા)ને વનસ્પતિ, બ્રાહ્મણ અને તારાગણનું સામ્રાજય આપ્યું. યજ્ઞ કર્યા પછી સોમ અભિમાની બની ગયો. તેણે દેવ, પુરોહિત અને બૃહસ્પતિ પત્નિ તારાનું હરણ કર્યું. બ્રહ્મા, ઋષિગત અને દેવતાઓની સમજાવટ છતાંય એણે તે સ્ત્રીઓ પાછી આપવાનો ઈન્કાર કર્યો." ઉસનસે સોમનો પક્ષ લીધો અને અંગિરાના શિષ્ય રુદ્રે બૃહસ્પતિનો પક્ષ લીધો. દેવો અને દૈત્યોની સહાયતાથી બન્ને વચ્ચે ભીષણ યુધ્ધ થયું. બ્રહ્માએ મધ્યસ્થતા કરી અને બૃહસ્પતિ પત્ની તારાને સોમ પાછી આપે એવો ઉકેલ કર્યો. તારાને પાછી આપવામાં આવી પણ આ ગાળામાં તારા ગર્ભવતી બની હતી. એણે બુધને જન્મ આપ્યો. પુછપરછ કરતાં

એણે સોમ બુધનો પિતા હોવાનું કબુલ કર્યું. મનુની પુત્રી ઈલાને આ બુધથી જ પુરુરવા નામની પુત્રીની પ્રાપ્તિ થઈ. પુરુરવાના છ પુત્રો **૧** થયા. જેમાં આયુષ જયેષ્ઠ હતો. આયુષને પાંચ પુત્ર થયા. નહુષ, ક્ષાત્રવૃધ્ધ, રંભા, રાજી અને અનેનસ. ક્ષાત્રવૃધ્ધને સમાહોતૃ નામનો પુત્ર થયો. સમાહોતૃનો કાસ, લેસ અને ગ્રાત્સમદ એમ ત્રણ પુત્રો થયા. છેલ્લા ગ્રાત્સમદના પુત્ર ચાર્તુવર્ણનો શિલ્પી શૌનક થયો. કાસનો પુત્ર કાશીરાજ થયો. એના પુત્રો દીર્ઘત્તમા અને દીર્ઘતમાનો પુત્ર ધન્વંતરી થયો. વિશ્વોત્પત્તિની આ કથાઓની તુલના દ્વિતીય અધ્યાયમાં ચર્ચિત - વર્ણન અને વિવરણ કરતાં નીચે પ્રમાણેના મત સ્પષ્ટ રીતે તારવી શકાય છે.

(૧) એક વિવરણ સાંસારિક છે. જયારે બીજું વિવરણ નૈસર્ગિક છે.

(૨) એક કહે છે કે મનુ મનુષ્ય હતા અને એમણે જ તમામ પ્રાણીઓ પેદા કર્યા. જ્યારે બીજો બ્રહ્મ કે પ્રજાપતિ દ્વારા સૃષ્ટિની રચના માને છે.

(૩) એક તેની ધારાવાહિકતામાં ઐતિહાસિક સત્ય લાગે છે અને બીજું દૈવિક (Supernatural) છે.

(૪) એક પ્રલયનું વર્ણન કરે છે. બીજો આ વિષયમાં સંપૂર્ણ મૌન ધરે છે.

(૫) એકનું લક્ષ્ય ચાર્તુવર્ણનું વર્ણન કરવાનું છે તથા બીજાનું લક્ષ્ય સમાજ વગેરેની વ્યાખ્યા કરવાનું છે.

આ આધારભૂત ભિન્નતાઓ છે અને બુનિયાદી તફાવતો છે. વિશેષ કરીને ચાર્તુવર્ણ અંગેની ભિન્નતા તો જોવા મળે જ છે.

સાંસારિક મત ચાર્તુવર્ણને દૈવી સિદ્ધાંત માને છે. જયારે નૈસર્ગિક મત એનાથી પ્રતિકૂળ છે. - વિપરીત છે. સત્ય બાબત તો એ છે કે, રામાયણ અને પુરાણોમાં બે ભિન્ન વિચારધારા ઓને મિલાવીને એવું સિધ્ધ કરવાનો પ્રયાસ

૧.પુરુરવા અને અપ્સરા ઉર્વશી વચ્ચેના પ્રેમસંબંધો શતપથ બ્રાહ્મણમાં ૧૧ : ૫-૧-૧૧; વિષ્ણુપુરાણમાં-૬ : ૬-૧૯-૧૧, ભાગવત પુરાણમાં ૯ : ૧૪ અને હરિવંશ વિભાગ ૨૬ માં જોડવામાં આવ્યા છે. મહાભારત, આદિથ વિભાગ : ૭૫, પુરુરવા બ્રાહ્મણો સાથે કોઈ સ્પર્ધામાં સંડોવાયો હોવા તરીકે આછેરો ઉલ્લેખ કરે છે. આ ફકરો હવે પછી ટાંકામાં આવશે.

કરવામાં આવ્યો છે કે મનુ જ ચાર્તુવર્ણીય વ્યવસ્થાનો જન્મદાતા છે. આ પ્રયાસ જાણી બુઝીને કરવામાં આવ્યો છે અને આ પહેલાં પ્રસ્તુત કરેલા મત ઉપર આધારિત છે. આ પ્રયાસ ઉપરાંત પણ બે મત અલગ-અલગ પડે છે અને કેવી રીતે આકાર પામી તે રામાયણ અને પુરાણોમાં બતાવવામાં આવ્યું છે અને તેની સ્પષ્ટતા કરીને બેઉને જોડી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

(૧) પુરુષકૃત દૈવી ચાર્તુવર્ણ

(૨) મનુના પુત્રોમાં વિક્સિત છે. તે કુદરતી ચાર્તુવર્ણ વ્યવસ્થા છે. જે સ્પષ્ટ થાય છે.

દુ:ખનો વિષય એ છે કે બ્રાહ્મણી સાહિત્યમાં વર્ણવેલા આ બે પરસ્પર વિરોધી વિચાર-મતો પર સંશોધન કરનાર વિદ્વાનોએ ધ્યાન જ આપ્યું નથી અને છતાંય આ બન્ને વિચાર - મતોની ભિન્નતાના અસ્તિત્વ અને વાસ્તવિકતાના મહત્ત્વની અવગણના કરી શકાય તેમ નથી. આ બે વિરોધી વિચારમતોની ભિન્નતાનો અર્થ છે કે, આર્યોની બે જન શ્રેણીઓ હતી. એક ચાર્તુવર્ણને માનતી હતી જ્યારે બીજી એનાથી વિરોધી હતી. સમય જતાં બન્ને મળી ગઈ અને એક બની ગઈ.

જો આ તક સુદ્રઢ બુનિયાદવાળો હોય તો, પછી બ્રાહ્મણ સાહિત્ય દ્વારા બહાર પાડવામાં આવેલો વિચારસરણીઓમાંનો આ તફાવત નવા સિદ્ધાંતના સમર્થનમાં એક વધુ પુરાવો પૂરો પાડે છે એમ કહી શકાય.

-- ૯ --

ત્રીજું પ્રમાણ સર હરબર્ટ રિસ્લે દ્વારા ૧૯૦૧ માં કરવામાં આવેલા સેફાલિક ઈન્ડેક્સ સર્વેક્ષણ દ્વારા જાણવા મળે છે. એમના અનુસાર ભારતીય આર્ય દ્રવિડ, મંગોલ અને સિથિયન નામની ચાર જાતિઓનુ મિશ્રણ છે. ડૉ. ગુહાએ એનું પરીક્ષણ ઈ.સ. ૧૯૩૬માં કર્યું હતું. ડૉ. ગુહાનું તારણ એવું છે [૧] કે,

૧ જુઓ પરિશિષ્ટ ૫. પૃ.૨૫૪

ભારતીયો લાંબા માથાવાળા અને નાના માથાવાળા એમ બે જાતિઓના મિશ્રણવાળી પ્રજા છે. લાંબા માથાવાળી અને નાના માથાવાળી બે જાતિઓ અલગ-અલગ નિવાસ કરતી હતી. લાંબા માથાવાળી જાતિ દેશના મધ્યવર્તી ભાગમાં અને નાના માથાવાળી જાતિ સીમાવર્તી ક્ષેત્રોમાં નિવાસ કરતી હતી. આ અભિપ્રાયનું સમર્થન ભારતના જુદા-જુદા ભાગોમાંથી પ્રાપ્ત થયેલી ખોપરીઓ પરથી જાણવા મળે છે. ડૉ.ગુહાનું કહેવું છે,

ચાર કરોડ વર્ષ પહેલાં ભારતના ઉત્તર પશ્ચિમ ભાગમાં લાંબા માથા અને લાંબા નાક વાળી જાતિનો અધિકાર હતો. એના જ લંબોતરો ચહેરો અને પહોળું નાક ધરાવતી અન્ય શક્તિશાળી જાતિનું અસ્તિત્વ હતું એવું પણ જોવા મળે છે "

હડપ્પામાં મળેલી માનવ ખોપરીઓથી પહોળા માથાવાળી એક ત્રીજી માનવ જાતિ હોવાનું પ્રમાણ પણ મળે છે.

ટૂંકમાં ભારતીયો બે જાતિના લોકોમાંથી બનેલા છે. એક છે લાંબા માથાવાળા મેડિટેરેનિયન અને બીજા છે નાના માથાવાળી જાતિ 'અલ્પાઈન'ના વંશજો છે.

મેડિટેરેનિયન જાતિ અંગે એવું કહેવામાં આવે છે કે, તે યુરોપમાંથી ભારતમાં આવી હતી અને આર્ય ભાષા બોલનારી જાતી હતી. એના સ્થાનીયકરણથી એવુ સ્પષ્ટ થાય છે કે તે નિ:શંકપણે અલ્પાઇન જાતિ પછી ભારતમાં આવી હશે.

'અલ્પાઇન' જાતિ અંગેની વિગતો હજુ એકત્રિત કરવાની બાકી છે. પ્રથમ બાબત તો એ છે કે, અલ્પાઈન જાતિનું મૂળ નિવાસસ્થાન ક્યાં હતું? અને બીજી બાબત એ છે કે, તે કઈ ભાષાનો ઉપયોગ કરતા હતા? પ્રોફે. રિપ્લે અનુસાર આ સ્થાન એશિયામાં હિમાલયની આજુબાજુ ક્યાંક આવેલો હતો.[૧]

૧ પ્રોફે. રિપ્લે : રેસિસ ઓફ યુરોપ પૃ. ૪૭૩-૪૭૪.

"જ્યારે આપણે લાંબા માથાવાળી જાતિના ઉદ્ભવ સ્થળની શોધમાં આગળ વધી એ છીએ ત્યારે આપણી દ્રષ્ટિ અચાનક જ પૂર્વની તરફ દોરાય જાય છે. પરિસ્થિતિ પ્રમાણો આપણને ભારતીય સ્ત્રોતનો જ સંકેત આ દિશામાં કરે છે. પશ્ચિમની બાજુ નહીં. એનું કારણ એટલું જ છે કે, એટલાન્ટિક તટીય ક્ષેત્રો સુધી પહોંચતા પહોંચતા લાંબા માથા વાળી જાતિના ચિહ્નો પણ મટી જાય છે. અને અલ્પાઈન જાતિના માથાના જેવી બનાવટ વાળા, એવા રંગ વાળા અને એવા જ શારીરિક બંધારણવાળાના રૂપમાં એટલાન્ટિક ક્ષેત્રમાં વિપુલતાથી ઉપલબ્ધ થાય છે. કેવળ આફ્રિકી નીગ્રો જાતિના રૂપમાં લાંબા માથાવાળી જાતિ આપણને જોવા મળે છે. આ તથ્યોને આધારે અલ્પાઇન જાતિનું મૂળ સ્થાન પૂર્વમાં અને મેડિટેરિયન જાતિનું મૂળસ્થાન દક્ષિણમાં હતું એવું સાબિત થાય છે."

સામાન્ય રીતે આ અંગેના મતમાં એકતા જોવા મળતી નથી કે યુરોપમાં આર્યભાષાનું **૧** પ્રચલન નૌર્ડીક્સ (ઈન્ડો- જર્મન) અથવા અલ્પાઈન જાતિ દ્વારા કરવામાં આવ્યું. પરંતુ અલ્પાઇન લોકોની ભાષા સંસ્કૃત હતી અને અલ્પાઈનો આર્યો હતા. એ બે બાબતમાં તમામ વિદ્વાનોમાં મતૈક્ય છે અને એનો સ્વીકાર કરવામાં આવે છે.

-- ૧૦ --

ઉપરોક્ત તથ્ય ઋગ્વેદની એ જ હકીકતનું સમર્થન કરે છે કે, ભારતમાં આર્યોની બે જનશ્રેણીઓ હતી એક નહીં. ઋગ્વેદના પ્રમાણો અને સાક્ષીરૂપ ઘટનાઓનો પશ્ચિમના મતો અને અભિપ્રાયો સાથે વિરોધાભાસ છે. એ તથ્યોનો ઈનકાર કરી શકાય તેમ નથી. કારણ કે પશ્ચિમનો સિધ્ધાંત "એક આર્યજાતિ" નો સિધ્ધાંત પ્રતિપાદિત કરે છે. જયારે ઋગ્વેદ બે ભિન્ન આર્યજાતિઓનું પ્રતિપાદન કરે છે. ઋગ્વેદ આ વિષય અંગે સર્વોત્તમ પ્રમાણ છે.

1. Madisoh Grant " The Passing of the great - Race (૧૯૨૨) PP 238-239

એના વિરોધમાં કોઈ પણ મતનો સ્વીકાર કરી શકાય તેમ નથી.

ભારત ઉપર આર્યોએ આક્રમણ કર્યું હતું અને અહીંના મૂળ નિવાસી ઉપર વિજય મેળવ્યો હતો, એ સિધ્ધાંત પણ મતભેદ પેદા કરે છે. આપણે એ નથી જાણતા કે આર્યોની કઈ જાતિનું ભારતમાં પ્રથમ આગમન થયું. પરંતુ જો હિમાલય પાસેના ક્ષેત્રોમાં નિવાસ કરતી અલ્પાઇન જાતિ પહેલાં આવી હતી એવું સ્વીકારીએ તો બહારથી આવીને આક્રમણ કર્યું. એ સિદ્ધાંત જ મિથ્યા સાબિત થાય છે અને ભારતના મૂળ નિવાસીઓને પરાજીત કર્યા. એ પ્રશ્નનો ઉત્તર આપવો પણ સહેલો નથી. ભલેને પછી પાશ્ચાત્ય વિદ્વાનો એવું માનીને બેઠા હોય ! લગભગ તો એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે કે, દાસ અને દસ્યુ ભારતના મુળનીવાસીઓ હતા અને આર્યોથી ભિન્ન એવી જાતિના સભ્યો હતા. આર્યોએ એમને પરાજીત કર્યા. આ વાત તો કલ્પનાનું ઉડ્ડયન જ માત્ર છે. એ વાતની પણ સંભાવના તો છે જ કે, આર્યોએ આર્યોને જ પરાજિત કર્યા. એટલે જ આ સંદર્ભમાં કઈ આર્ય જાતિએ દાસ અથવા દસ્યુ જાતિને પરાજિત કરી એના અંગે વિવેચન કરવું જરૂરી બની જાય છે.

પાશ્ચાત્ય થિયરી વિશે એટલું જ કહી શકાય કે, એમાં તથ્યોનું પુરેપુરું અન્વેષણ કરવામાં આવ્યું નથી અને જે નિષ્કર્ષો તારવવામાં આવ્યા છે તે ઉતાવળે તારવ્યાં છે. પ્રાચીન આર્યો અંગે અનુમાનિત માન્યતાઓનો અને ધારણાઓમાં સમાનતા અને એકરૂપતા અંગે પૂર્વ સ્થાપિત સિદ્ધાંતને આધારે એ સત્યને માની લેવામાં આવ્યું છે. આ સિધ્ધાંત-મત કેવળ કેટલાક સાંભળેલાં તથ્યોને અંતિમ પ્રમાણ માની લઈને સ્થાપિત કરવામાં આવ્યો છે.

વિચિત્ર અને અસાધારણ વાત તો એ છે કે ગંભીર ચિંતકો અને સંશોધનકર્તાઓને માટે અસુરક્ષિત કહી શકાય એવા આધારોને લઈને પ્રતિપાદિત કરવામાં આવેલો પાશ્ચાત્ય વિદ્વાનોનો સિધ્ધાંત લાંબા ગાળા સુધી લોકોએ સ્વીકારી લીધો છે. આ પ્રકરણમાં જે પ્રમાણો અને અવતરણો રજૂ

કરવામાં આવ્યા છે. જેની વિસ્તૃત વિવેચના કરવામાં આવી છે. તે સંદર્ભમાં નવીન તથ્યો પ્રમાણોની સામે તો પાશ્ચાત્ય સિદ્ધાંત ટકી શકતો જ નથી. એટલે પશ્ચિમનો સિધ્ધાંત સ્વીકાર્ય નથી.

પ્રકરણ-૬

શૂદ્રો અને દાસો

- - ૧ - -

પ્રાશ્ચાત્ય સિદ્ધાંત કેટલો અસ્થિર અને બિનટકાઉ છે. એના અંગે થોડુંક વિશેષ વિચારી શકાય તેમ છે. આ અંગે હવે એક જ પ્રશ્ન બાકી રહી જાય છે. જેની સ્પષ્ટતા થવી જરૂરી લાગે છે અને તે પ્રશ્ન છે. 'શૂદ્રો કોણ હતા?' શ્રી એ. સી. દાસનું કથન છે[૧] કે,

"દાસ અને દશ્યુ વનવાસી લોકો હતા અથવા તો અવૈદિક આર્ય જનજાતિ હતી જે યુધ્ધમા કેદ પકડાઈ અને એને દાસ બનાવીને શૂદ્ર જાતિનું નિર્માણ કરવામાં આવ્યું."

એક અન્ય વેદજ્ઞ અને પાશ્ચાત્ય સિદ્ધાંતોના સમર્થક શ્રી કાણેના વિચારો આ પ્રમાણે છે. [૨]

"દાસનો અર્થ ખેતીના કાર્યમાં પરોવાયેલા ગુલામો અથવા કેવળ ગુલામ મજુર થાય છે". આનો અભિપ્રાય એટલો જ છે કે, ઋગ્વેદના વર્ણન અનુસાર દાસ લોકોએ આર્યોનો વિરોધ કર્યો. તેઓ યુધ્ધમાં પરાજિત થયા અને વિજેતા આર્યોની સેવા કરવા માટે મજબૂર કરવામાં આવ્યા. મનુસ્મૃતિ (૮ : ૪૧૩)માં ઉલ્લેખ છે કે શૂદ્રોને બ્રહ્માએ બ્રાહ્મણોની સેવા કરવા માટે જ બનાવ્યા છે. તૈતરિય સંહિતા, તૈતરિય બ્રાહ્મણ અને અન્ય બ્રાહ્મણ ગ્રંથોમાં શૂદ્રોની સ્થિતિ એ જ બતાવી છે જે મનુસ્મૃતિમાં છે. એટલે એવું માનવું પડે કે, દાસ અને દસ્ય આર્યો દ્વારા પરાજિત થયા અને ધીરે ધીરે શૂદ્ર જાતિમાં પરિવર્તિત થઈ ગયા. (ધર્મશાસ્ત્રનો_ઈતિહાસ ખંડ ૧ પૃ. ૩૩)"

આ દષ્ટિએ દાસ અને દસ્યુ જ શૂદ્ર છે અને સાથોસાથ શૂદ્રો અનાર્ય

૧. ઋગ્વેદિક કલ્ચર પૃ. ૧૩૩.

૨. ધર્મસૂત્ર ૨ સીઆઈ પૃ. ૩૩.

હતા અને તે ભારતની પ્રાચીન સભ્યતાના મૂળ આદિવાસી હતા. એ વિચાર અંગે આપણે હવે ચકાસણી કરીશું.

પ્રથમ વાત પણ બે પ્રકારની છે. એક વિચાર તો એવો છે કે, દાસ અને દસ્યુ એક જ છે અને બીજો વિચાર એ છે કે, દાસ અને દસ્યુ જ શૂદ્રો છે.

દાસ અને દસ્યુ એક જ છે એ વિચાર સંદેહાસ્પદ પ્રતીત થાય છે. ઋગ્વેદમાં એમના અંગે મળતા વૃત્તાંત નિર્ણાયક થાય તેમ નથી. કેટલીક જગ્યાએ દાસો અને દસ્યુઓ અંગે કરવામાં આવેલા વર્ણનોથી એવું લાગે છે કે, એમનામાં કોઈ અંતર છે જ નહીં. શમ્બર, સુખણા, વૃત્ર અને પિપ્રુ દાસ અને દસ્યુ બન્ને ઇંદ્ર અને અન્ય દેવોને અને વિશેષ કરીને અશ્વીનીકુમારોના શત્રુઓ માનવામાં આવ્યા છે. ઇંદ્ર અને દેવોએ આ બન્નેના નગરોને ધ્વસ્ત કરી દીધા હતા. એવા વર્ણન પણ જોવા મળે છે. દાસ અને દસ્યુઓના પરાજયથી સમાન પ્રભાવ પડ્યો એટલે કે પ્રકાશનો ઉદય થયો અને જળબંધીથી મુક્તિ. દભિતિની મુક્તિનું વર્ણન કરતી વખતે દાસ અને દસ્યુ બન્નેનું વર્ણન એક સાથે કરવામાં આવ્યું છે. એક સ્થળે કહેવામાં આવ્યું છે કે દભિતિને દાસોથી મુક્ત કરવામાં આવ્યો અને બીજા સ્થાને એવું કહેવામાં આવ્યું છે કે, દભિતિને દસ્યુઓથી મુક્ત કરવામાં આવ્યો.

ઉપરોક્ત વર્ણનોથી એવું જાણી શકાય છે કે, દાસ અને દસ્તુઓ એક જ હતા. જ્યારે અન્ય સ્થળે બન્નેને અલગ-અલગ વર્ણવામાં આવ્યા છે. ઋગ્વેદમાં દાસ શબ્દ ૫૪ વાર આવ્યો છે. જયારે દસ્યુ શબ્દ ૭૮ વાર આવ્યો છે અને અલગ-અલગ રીતે આવ્યો છે. આના પરથી એટલું સ્પષ્ટ થાય છે કે બન્ને અલગ જાતિઓ હતી અને જો અલગ ન હોય તો પછી એમના અંગેના વર્ણનોમાં ભિન્નતા કેમ જોવા મળે છે? સંભાવના તો એવી જ છે કે બન્ને અલગ -અલગ જાતિ (race) હતી.

જયાં સુધી શૂદ્રો અંગેની વાતને સંબંધ છે - તે પણ દાસો અને દસ્યુઓની નસલના (race) લોકો હતા એવું કહેવું નિરાધાર છે. શુદ્ધ શબ્દ અંગેની વ્યાખ્યા કરતાં શુક (શોક) અને દ્રુ (પરાજિત - ઉપર ઉઠેલો) એમ બે શબ્દોના મેળથી બનેલો છે. એવો અર્થ કેટલાક તારવે છે એનો અર્થ એવો થાય કે, જે લોકો શોકથી પરાજિત થયા છે. આ અંગે વેદાંત સૂત્ર (૧:૩:૩૪૭)ની જનશ્રુતિની કથા છે.

એમાં રાજહંસો દ્વારા એમના અંગે ઘૃણાસ્પદ વર્ણન કરવાને લીધે તેઓ શોકગ્રસ્ત થઈ ગયા હતા એવો ઉલ્લેખ છે. વિષ્ણુ પુરાણમાં **૧** પણ આવા જ પ્રકારની કથા છે.

ઉપરોક્ત અર્થ તારવવાનો આધાર શું છે? શૂદ્ર શબ્દ મૂળ શબ્દ નથી પણ વ્યુત્પત્તિથી બનેલો શબ્દ છે. એવું ગણાવવું એમાં નરી મૂર્ખતા છે. બ્રાહ્મણવાદી લેખકો શબ્દોની વ્યુત્પત્તિમાં પ્રવિણ છે. એવો એક પણ શબ્દ નથી જેની વ્યુત્પત્તિ કરીને તદ્દન અલગ પ્રકારનો અર્થ તારવીને પ્રસ્તુત ન કરી શકાય. પ્રોફે. મેક્સમૂલરે બ્રાહ્મણવાદી લેખકો દ્વારા ઉપનિષદ્ શબ્દની અલગ-અલગ પ્રકારની વ્યુત્પત્તિના સંબંધમાં કહ્યું છે.

'ઉપનિષદ્ શબ્દની વ્યુત્પત્તિ એવી ચાલાકીપૂર્વક કરવામાં આવી છે કે અને એવો અર્થ તારવવામાં આવ્યો છે જે કોઈ પણ દેશી વિધાર્થીની સમજમાં જ આવે નહીં. વ્યુત્પત્તિનો આધાર તો ત્યારે જ લેવો જોઈએ જયારે કોઈ પણ શબ્દ અર્ધશિક્ષિત વ્યક્તિની સમજમાં પણ ઉતરી જાય. આરણ્યક શબ્દની વ્યુત્પત્તિ કરવાની જરૂર નથી. એનો સંબંધ ઉપનિષદ્ શબ્દ સાથે નથી અને છતાં એનો સામાન્ય અર્થમાં બંધ બેસતો આવી જાય છે. **૨** (ઉપનિષદ ઈન્ટ્રોડકશન પૃ. ૭૯-૮૧).

એની જ રીતે વેદાંત સૂત્ર અને વાયુ પુરાણ અંગે શૂદ્ર શબ્દની બાબતમાં પ્રત્યક્ષ થાય છે. જેમાં શૂદ્રનો અર્થ શોકગ્રસ્ત લોકો એવો કરવામાં આવ્યો છે.

૧. મ્યોર ગ્રંથ ૧ પૃ. ૯૭

૨. ઉપનિષદસ ઇંટ્રોડકશન પૃ. ૧ ૨૯-૧૩૧.

એટલે આ અર્થને આપણે નિરર્થક ભાવરહિત માનીને અસ્વીકૃત કરી દેવો જોઈએ. આપણી પાસે સ્પષ્ટ સાક્ષી પ્રમાણ છે કે શૂદ્રોને એક કબીલા કે પરિવારના લોકોના અર્થમાં પ્રયોજ્યો છે, એ કોઈ પણ પ્રકારની વ્યુત્પત્તિ સાથે સંબંધિત નથી. સિકંદરે ભારત પર આક્રમણ કર્યું એ સમયે તેને અનેક નાના-નાના ગણરાજ્યોનો સામનો કરવો પડ્યો હતો. એવી ઐતિહાસિક સાક્ષી ઉપલબ્ધ છે. આ કબીલાઓ વિવિધ નામો ધરાવતા હતા. આ કબીલાઓમાં એક પ્રમુખ કબીલાનું નામ હતું 'સોદરી'. 'સોદરી' સિકંદર દ્વારા પરાજિત થયા. પણ ઈતિહાસમાં અમર થઈ ગયા. બાસેને એમને જ પ્રાચીન 'શૂદ્ર' કહ્યા છે.

પાતંજલિ મહાભાષ્ય (૧ : ૨ : ૩)માં શૂદ્રોને આભીરો સાથે સંયુક્ત કરવામાં આવ્યા છે. મહાભારતના સભાપર્વમાં (અધ્યાય ૩૨) શૂદ્ર ગણરાજયનો ઉલ્લેખ છે. વિષ્ણુ પુરાણ અને માર્કન્ડેય પુરાણ તથા બ્રહ્મપુરાણમાં શૂદ્રોને વિંધ્યપ્રદેશના ઉત્તર ભાગમાં રહેનારા અન્ય કબીલાઓથી ભિન્ન કબીલો ગણવામાં આવ્યો છે.

- - ૨ - -

હવે બીજી રીતે વિચાર કરીએ. પ્રથમ પ્રશ્ન એ વિચારી લઈએ કે, દાસ અને દસ્યુ શબ્દ ભિન્ન નસલની અનાર્ય જાતિનું પ્રતીક છે? બીજો પ્રશ્નએ છે કે, જો એવું માની લેવામાં આવે કે તેઓ અનાર્ય હતા તો પછી એ બાબતની સ્થાપના કઈ રીતે કરી શકાય કે તેઓ ભારતના મૂળ નિવાસી લોકો હતા? અને જ્યાં સુધી ઉપરોક્ત બન્ને પ્રશ્નોનો સમુચિત ઉત્તર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દાસ અને દસ્યુ શબ્દથી શૂદ્ર શબ્દનું સામંજસ્ય સ્થાપિત કરવું અસંભવ છે.

દસ્યુઓને લાગે વળગે છે ત્યાં સુધી અનાર્યોથી અલગ જાતિ હોય એવું સિધ્ધ થતું નથી. દસ્યુઓ આર્યોથી ભિન્ન મતાવલંબી હતા. એનાં સ્પષ્ટ પ્રમાણો ઉપલબ્ધ છે.

મહાભારતના શાંતિપર્વ અધ્યાય ૬૫નો શ્લોક ૨૩માં આ બાબત અંગે ખાસ જેવો જોઈએ.

दुष्यन्ते मानुष लोके सर्ववर्णेषु दस्यव: ।

लिंगान्तरे वर्तमाना आश्रमेषुतुलपि ॥

તમામ વર્ણો અને આશ્રમોમાં દસ્યુઓ વિદ્યમાન છે એવું આ શ્લોક કહે છે.

એટલે જ દસ્યુ શબ્દનું મૂળ ક્યાં છે? ૧ એ કહેવું મુશ્કેલ છે. પરંતુ એક એવો વિચાર પ્રચલિત છે કે ભારતીય આર્યો દ્વારા ભારતીય ઈરાનીઓને (Indo- Iranians) માટે આ પ્રકારનો અપશબ્દ તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો.

આ બાબત અસ્વાભાવિક પણ નથી કે અપ્રાસંગિક પણ નથી. કારણ કે ઈતિહાસમાં બન્નેની વચ્ચે થયેલા સંઘર્ષોનું વર્ણન જોવા મળે છે, એટલા માટે ભારતીય આર્યોએ અપશબ્દના રૂપમાં આ શબ્દ પોતાના શત્રુઓ માટે પ્રયોગ કર્યો હશે ! અને તે યથાર્થ છે એટલે દસ્યુઓ ભારતીય મૂળવંશીઓ હોય એમ કહી શકાય તેમ નથી.

'દાસ' શબ્દ અંગે એ પ્રશ્ન ઉઠે છે કે 'જિંદા અવેસ્તા' માં ઉલ્લેખિત 'અજીદહાકા'નું તાત્પર્ય શું છે? આ શબ્દના બે ભાગ છે. 'અજી' નો અર્થ થાય છે સાપ અને દહાકાનું મૂળ ડાહ છે. જેનો અર્થ ડંખ મારવો થાય છે. ભારતીય આર્યોમાં 'જોહક' એક પ્રચલિત શબ્દ છે. જે 'યશ્ત' સાહિત્યમાં અધિકાંશ રૂપે પ્રયોગ કરવામાં આવ્યો છે. કહેવાય છે કે, 'જોહકે' બેબિલોનમાં સુંદર મહેલ અને વેધશાળાનું નિર્માણ કરાવ્યું હતું. શક્તિશાળી શેતાન 'આજીદહાકા' ને શેતાનના પ્રધાન અંગરા મૈન્યુએ વિશ્વની પવિત્રતા નષ્ટ કરવાને માટે ઉત્પન્ન કર્યો હતો અને આ 'આજીદહાકા'ને ભારતીય ઈરાનીઓના સમ્રાટ થિમને યુદ્ધમાં પરાસ્ત કરીને મારી નાખવામાં આવેલો.

૧. હું દિલગીર છું કે આ અંગેનો ઉલ્લેખ/સંદર્ભ વિસરી ગયો છું.

'યિમા'ને અવેસ્તામાં ક્ષેતા કહે છે. જેનો અર્થ 'પ્રકાશમાન' અથવા 'શાસક' થાય છે. એનું મૂળ 'ક્ષિ' (Kshi)ના બે અર્થ થાય છે. (૧) પ્રકાશિત રહેવું. (૨) શાસન કરવું. 'યિમા' ને 'હવાંથવાં (Havanthwa) પણ કહે છે. જેનો અર્થ છે 'મોટા સમુદાયનો અધિકારી'. આ અવેસ્તાનો યિમા ક્ષેતા ફારસીભાષામાં 'જમશેદ' થઈ ગયો. વિવાઘુવન્તનો પુત્ર જમશેદ ઈરાની ઈતિહાસમાં પારસી સભ્યતાના વિકાસમાં મહાનપાત્ર છે. તે પેરિદયાઘન વંશનો સમ્રાટ હતો. યસના ૯ અને ૫ (કોયભા યશી)માં કહેવામાં આવ્યું છે કે 'વિવશ' પ્રથમ પુરુષ હતો જેણે હશમા (સસમા)ને ભૌતિક જગતમાં લાવી ઘેરો ઘાલી 'દિવા' અને 'વરદાન' પ્રાપ્ત કર્યું. એનાથી 'યિમાં' પુત્રની એને પ્રાપ્તિ થઈ જે મનુષ્યોમાં સૂર્ય સાથે જ પ્રકાશમાન હતો અને એની સાથે અમરત્વ પ્રાપ્ત કર્યું. પશુ, પક્ષી, પાણી અને સદાબહાર વૃક્ષો ઉત્પન્ન થયા. યિમાંનું વ્યક્તિત્વ દૈવી હતું. ક્યારેય કરમાઈ જાય નહીં અને સદૈવ તાજગીપૂર્ણ રહે એવું એ વ્યક્તિત્વ હતું.

એના રાજ્યમાં ન તો અધિક ઠંડી પડતી હતી કે ન તો અધિક ગરમી પડતી હતી કે ન તો વૃધ્ધાવસ્થા, બિમારી અને અસ્વસ્થતા કોઈને સતાવતી હતી.

શું 'જીંદાવસ્તા' નો 'દહાકા' જ ઋગ્વેદનો 'દાસ' છે? જો નામોની સમાનતાને માનવામાં આવે તો નિશ્ચિતરૂપે 'દાસ' અને 'દહાકા' એક જ છે. સંસ્કૃતનો 'દાસ' શબ્દ અવેસ્તાના 'દાહા' હોય એ સ્વાભાવિક છે. ફારસીભાષામાં સંસ્કૃતનો 'સા' શબ્દ 'હા' બની જાય છે.ઋગ્વેદનો 'દાસ' અને જીંદાવસ્તાનો 'દાહક' શબ્દો વચ્ચેની સમાનતાને જ જો પ્રમાણ માની લેવામાં આવે તો એને માત્ર એક અટકળ જ માની લેવાઈ છે એવું ગણાશે. યસ્ના હા ૯ (હાર્ન યાશેની જેમ) આજીદાહાકાના ત્રણ મોં, ત્રણ માથા અને છ આંખો હોવાનું વર્ણન છે. ઋગ્વેદ (૧૦ -૯૯ : ૬)માં દાસના પણ ત્રણ માથા અને છ

આંખો બતાવવામાં આવી છે.[૧]

આ રીતે જો ઉપરોકત વિવરણ અનુસાર 'દાસ' અને 'દાહક'ને એક માની લેવામાં આવે તો 'દાસ' ભારતના મુળનીવાસી પ્રાચીન આદિવાસી હતા. એવું સિદ્ધ થઈ શકતું નથી.

- - 3 - -

તો શું તેઓ અસભ્ય વનવાસીઓ હતા? દાસ અને દસ્યું પ્રારંભિક સ્તરના માણસ નહોતા. વાસ્તવમાં તો તેઓ ભારતીય આર્યોની અપેક્ષાએ અધિક સભ્ય અને શક્તિશાળી હતા. ઋગ્વેદમાંથી એનાં પ્રમાણો પણ મળે છે. આ અંગે શ્રી આયંગરે લખ્યું છે કે,

'દસ્યુઓ નગરમાં રહેતા હતા.' (ઋગ્વેદ ૧ : ૫૩ : ૮)

એમના પોતાના જ સમ્રાટો હતા. જેના ઉલ્લેખો જોવા મળે છે. એમની પાસે વિપુલ પ્રમાણમાં દ્રવ્ય હતું. (૮ : ૪૭ : ૬)

ગાયો, ઘોડાઓ અને રથો હતા. (૨ : ૧૫ : ૪)

એક સો દરવાજાવાળા નગરો હતા. (૧૦ : ૯૯ : ૮)

ઇંદ્રે એમની સમસ્ત સંપત્તિનું હરણ કરીને પોતાના ભક્તો આર્યોને આપી દીધી હતી. (૧:૧૭૬:૪)

દસ્યુ ધનવાનો હતા. (૧:૩૩:૪)

મેદાનો અને પર્વત શિખરો ઉપર એમની નિજી સંપત્તિ હતી. (૧:૩૩:૮)

તેઓ અનેક દુર્ગોના સ્વામીઓ હતા. (૧:૩૩:૧૩) (૮:૧૭:૧૮)

દસ્યુ, અસુર અને આર્ય દેવગણ સમાનરૂપે સુવર્ણ, ચાંદી અને લોખંડના કીલ્લામાં રહેતા હતા. (સ. સ. ૬:૨૩ ઋગ્વેદ ૫:૨૮:૯ - ૨:૨૦:૮)

૧. મહારાષ્ટ્ર જ્ઞાનકોશ પુસ્તક 3 પૃ. 53 જુઓ - 'દાસો'ના દહાકા સાથેના તાદાત્મ્ય માટે હું જ્ઞાનકોશનો આભારી છું.

ઇંદ્રે પોતાના પુજારી દિવોદાસની પ્રાર્થનાને અવગણીને દસ્યુઓના સો પત્થરના દુર્ગોનો નાશ કર્યો. (૪:૩૦:૨૦)

આર્યોની ઉપાસનાથી સંતુષ્ટ થઈને અગ્નિએ દસ્યુઓના કીલ્લાઓને સળગાવી દઈ એનો નાશ કર્યો. (૭:૫:૩)

આર્યોના પશુઓ જે સ્થળે બંદી હતા એ પત્થરોના કારાગૃહને બૃહસ્પતિએ તોડી નાખ્યા. (૪:૬૭:૩)

દસ્યુઓની પાસે આર્યો જેવા જ રથ હતા જેના ઉપર આરુઢ થઈને એમણે યુધ્ધ કર્યું. ૮:૨૪:૨૭ / ૩:૩૦:૫૨ / ૨:૧૫:૪.

'દાસ' અને 'દસ્યું' શૂદ્રો જેવા જ હતા. એ સિધ્ધાંત અનુમાન પર આધારિત છે એવું લાગે છે. આ માત્ર આધારહીન કલ્પના છે. આ માન્યતાને એટલા માટે જ સ્વીકારી લેવામાં આવી છે કારણ કે જેમણે આવી કલ્પના કરી તે બધા સન્માનીય વિદ્વાનો હતા. જયાં પ્રમાણનો પ્રશ્ન છે ત્યાં સુધી આ સિધ્ધાંતના કોઈ પણ ભાગને પ્રમાણો દ્વારા સાબિત કરી શકાય તેમ નથી. આગળ જણાવ્યું છે તે પ્રમાણે વેદમાં 'દાસ' શબ્દ ૫૪ વખત અને 'દસ્યુ' શબ્દ ૭૮ વખત વાપરવામાં આવ્યો છે, અને મોટેભાગે દાસ અને દસ્યુ શબ્દ સાથોસાથ વપરાયો છે. 'શૂદ્ર' માત્ર કેવળ એક જ વાર પ્રયુક્ત થયો છે અને તે પણ 'દાસ' અને 'દસ્યુ' ના અર્થમાં પ્રયુક્ત થયો નથી.

ઉપરોક્ત તથ્યોને તપાસતા દાસ અને દસ્યુઓનો સંબંધ શૂદ્રો સાથે હતો એવું સાબિત કરવું કોઈ પણ વ્યક્તિ માટે દુષ્કર છે. બીજું તથ્ય એ વિચારવાનું છે કે, 'દાસ' અને 'દસ્યુ' અન્ય વૈદિક સાહિત્યમાં લુપ્ત થઈ ગયા છે. એના ઉપરથી એવો અભિપ્રાય બાંધી શકાય કે વૈદિક આર્યો દ્વારા આ લોકોને સમાવી લેવામાં આવ્યા. જ્યારે શૂદ્રોની બાબતમાં આવું થઈ શક્યુ નહીં એટલું

જ નહીં પાછળના વૈદિક સાહિત્યમાં તો આ અંગે વિપુલ લખાણ છે. એના ઉપરથી પણ એવું તારણ કાઢી શકાય તેમ છે કે, શૂદ્રો દાસ અને દસ્યુ કરતાં ભિન્ન હતા.

----૪----

શું શૂદ્રો અનાર્ય હતા? કાણેનું કથન આ પ્રમાણે છે.

બ્રહ્માણી સાહિત્ય અને ધર્મશાસ્ત્રોમાં પણ શૂદ્રો અને આર્યો વચ્ચે સ્પષ્ટ વિભાજન કરનારી રેખા ખેંચવામાં આવેલી જોવા મળે છે. તાણ્ડય બ્રાહ્મણમાં શૂદ્રો અને આર્યો વચ્ચે બનાવટી યુદ્ધનું વર્ણન જોવા મળે છે. એમાં એવી રીતે પ્રદર્શિત કરવામાં આવતું કે જેમાં આર્યોનો જ વિજય થાય. આપસ્તંબ ધર્મસૂત્ર (૧૧:૩:૪૦:૪૧)માં વર્ણન છે કે, બ્રહ્મચારી ભિક્ષા માંગીને લાવે તો તમામ ખાદ્ય સામગ્રી જો પોતે ન ખાઈ શકે તો બાકીની ખાદ્ય સામગ્રી કોઈ આર્યની પાસે (ખાવા માટે) મૂકી દે અથવા પોતાના ગુરૂના સેવક કોઈ શૂદ્રને આપી દે. આ રીતે ગૌત્તમ (૧૦:૬૯)માં શૂદ્રને માટે અનાર્ય શબ્દ પ્રયુક્ત કરવામાં આવ્યો છે. ૧

શૂદ્ર અને આર્યની વચ્ચે સીમા રેખા ખેંચવાના પ્રશ્ન પર સાવધાનીપૂર્વક નિરીક્ષણ કરવું પડશે. શૂદ્ર અનાર્ય હતાં એ તર્કને શક્તિ પ્રદાન કરે એવું નીચેનું કથન ધ્યાન આપવા પાત્ર છે.

(૧) અથર્વવેદ (૪:૨૦:૪) સહસ્ર આંખોવાળા દેવ આ છોડને મારા જમણા હાથ ઉપર મૂકો. હું આ દ્વારા શૂદ્રો અને આર્યો પ્રત્યેકને જોઉં છું.

(૨) કત્થક સંહિતા (૩૫:૫) શૂદ્ર અને આર્ય ચામડા માટે ઝધડે છે.

દેવ અને અસુર સૂર્યને માટે લડ્યા. દેવોએ (સૂર્યને) જીતીને પ્રાપ્ત કર્યો.(લડાઈના કૃત્યથી) આર્યોની આર્યવર્ણનો વિજય થયો. આર્ય વેદી (પુજા સ્થળ)ના અંદર પ્રવેશ કરી ગયા અને બહાર આવ્યા. સૂર્યની જેમ આર્યોની

૧. કાણે ધર્મશાસ્ત્ર ૨ (૧) પૂ. ૩૫.

ચામડી શ્વેત વર્ણની થઈ ગઈ.

(૩) વાજસનેયી સંહિતા (૨૩:૩૦:૩૦) ખેતરમાં એક હરણ જયારે અનાજ ખાય છે. ત્યારે (ખેતરનો માલિક) હરણ પૌષ્ટિક પદાર્થ ખાય છે તેથી પ્રસન્ન નથી થતો. તેમ શૂદ્ર સ્ત્રીનો આર્ય પ્રેમી હોય તો પ્રસન્નતાની અનુભૂતિ નથી કરતો.

આ ઋચાઓ જેમાં શૂદ્ર અને આર્યને અલગઅલગ બતાવવામાં આવ્યા છે અને શૂદ્રોને અનાર્ય કહેવા અંગેના વિચારોનો વિરોધ દર્શાવવામાં આવ્યો છે. આટલા માત્રથી એવું પરિણામ તારવવું કે શૂદ્રો અનાર્ય હતા. તો તેમાં માત્ર ઉતાવળાપણું જ ગણાય. આને માટે બે વિચાર મસ્તિષ્કમાં ધારણ કરવા પડશે. એક તો એ કે આગળ કહ્યું તેમ આર્યમાં બે શ્રેણીઓ હતી. એક વૈદિક અને બીજી અવૈદિક. આ બન્ને શ્રેણીઓને શ્રેણી વિશેષના આર્યો ગણવા પડશે. જો કે બંન્ને એક બીજાથી વિપરીત હતા. આ પ્રકારના વર્ણનોથી શૂદ્રો આર્યોના વિરોધી હતા એવું તાત્પર્ય નીકળતું નથી કે શૂદ્રો આર્યો નહોતા. એવું પણ તાત્પર્ય નીકળતું નથી. વાસ્તવમાં તો શૂદ્રો પણ ભિન્ન વર્ગ કે સમુહના આર્યો હતા.

હિંદુઓના પવિત્ર ગ્રંથો દ્વારા એવું જ પ્રમાણિત થાય છે, જે નીચેના વિધાનો પરથી જોવા મળે છે.

(૧) અથર્વવેદ (૧૯:૩૨:૮) હે દુર્વા (ઘાસ) મને બ્રાહ્મણો, રાજન્યો (ક્ષત્રિયો) શૂદ્રો અને આર્યો તથા એવા લોકો જેમને અમે પ્રેમ કરીએ છીએ અને એવી પ્રત્યેક બાબત જે અમે જોઈ શકીએ છીએ. તે અમને પ્રિય બનાવી દો.

(૨) અથર્વવેદ (૧૯:૨:૧) મને દેવોમાં પ્રિયપાત્ર બનાવ, રાજપુરુષોમાં પ્રિયપાત્ર બનાવ અને તે બધું જે જોઈ શકાય છે. શૂદ્રો અને આર્યોને પ્રિય બનાવી દો.

(૩) વાજસનેયી સંહિતા (૧૮:૪૮) હે અગ્નિ ! મને બ્રાહ્મણો, રાજાઓ, વૈશ્યો અને શૂદ્રોમાં પ્રતિષ્ઠા અને તેજ આપો. મને તેજ ઉપર તેજ આપો.

(૪) વાજસનેયી સંહિતા (૨૦:૧૭) જે પાપ અમે ગામમાં, જંગલમાં,સભામાં, અમારી જાણકારીમાં શૂદ્રો અથવા આર્યો સાથે કર્યું હોય. જે કોઈ પાપ અમે (બન્ને - યજ્ઞ કરાવનાર અને તેની પત્નિ) સાથે પોતાનું કર્તવ્ય (બીજાઓ પ્રત્યે) કર્યું હોય તો એને નષ્ટ કરી દો.

(૫) વાજસનેયી સંહિતા (૧૮:૪૮) હું જનતાના લોકો, બ્રાહ્મણો, રાજાઓ, શૂદ્રો, આર્યો, પોતાના અંગત દુશ્મનોને આશીર્વાદ આપું છું. દેવો દક્ષિણ આપનારા આ લોકોમાં પ્રિય બનું મારી એવી અભિલાષા સ્વીકૃત થાવ. મારા શત્રુઓ મારા આધીન રહે.

ઉપરોક્ત કથનોથી કઈ બાબત સ્પષ્ટ થાય છે? પ્રથમ બાબત તો એ સ્પષ્ટ થાય છે કે આર્યો અને બ્રાહ્મણો વચ્ચેનું અંતર સ્પષ્ટ થાય છે. તો પણ એવું કહી શકાય ખરું કે બ્રાહ્મણ આર્ય નહોતા? બીજ સ્થળે શૂદ્રો માટે પ્રેમ અને સદભાવનાની કામના કરવામાં આવી છે. જો શૂદ્ર મૂળવંશિય અનાર્ય હતા તો શું આ પ્રકારની કામના અને પ્રાર્થના કરવી ઉચિત લાગે છે? આ વિધાનોથી એવું તો નથી લાગતું કે શૂદ્રો અનાર્ય હતા.

ધર્મસૂત્રો શૂદ્રોને અનાર્ય ગણાવે છે. અને વાજસનેયી સંહિતા શૂદ્ર સ્ત્રીઓ પર ગંદકી ઉછાળે છે. ધર્મસૂત્રોની વ્યાખ્યા અંગે બે દ્રષ્ટિકોણ છે. પહેલી વાત તો એ છે કે ધર્મસુત્રો શૂદ્રો વિરોધી લોકોની રચના છે. એટલે એમણે આપેલા પ્રમાણો ગાહ્ય ગણી શકાય નહીં. બીજી બાબત એ છે કે, આ ગ્રંથોમાં આપેલા વિવરણ તથ્યહીન અને અન્ય ગ્રંથોમાં આપવામાં આવેલા તથ્યો કરતા વિપરીત અને વિરોધી છે.

ધર્મસૂત્રો અનુસાર શૂદ્રને ઉત્પન્ન સંસ્કારના અધિકારી માનવામાં આવ્યા નથી.

૧. મેક્સમૂલર : એન્શિયયેન્ટ સંસ્કૃત લિટરેચર (૧૮૬૦) પૂ. ૨૦૭. પૂ. ૫૮.

પરંતુ ગણપતિ સંસ્કાર અનુસાર શૂદ્રો એના અધિકારી છે. (મેક્સમૂલરનો પ્રાચીન સંસ્કૃત સાહિત્ય સંકરણ)

શૂદ્રો વેદાધ્યયનના અધિકારી નથી એવુ ધર્મસૂત્રનું કહેવું છે. પરંતુ છાંદોગ્ય ઉપનિષદ (૪:૧:૨)ની કથા છે કે જનશ્રુતિ શૂદ્રને રૈવાકે વેદાધ્યયન કરાવ્યું. એનાથી પણ વિશેષ વાત એ છે કે, કવશ એલુષ ઋષી શૂદ્ર હતા અને ઋગ્વેદના દસમા ભાગમાં એમના દ્વારા રચવામાં આવેલા અનેક મંત્રો છે! ૧

ધર્મસૂત્ર કહે છે કે શૂદ્ર વૈદિક સમારોહ અને યજ્ઞના અધિકારી નથી. પુર્વમીમાંસાના રચયિતા જૈમિનીએ બાદરી નામના એક અધ્યાપક અંગે લખ્યું છે કે, તે અંતિમ મીમાંસા શાસ્ત્રી છે. (અધ્યાય ૬ પદ ૧ સુત્ર ૨૭) બાદરી અનુસાર શૂદ્રો વૈદિક યજ્ઞ કરી શકે છે. ભારદ્વાજ શ્રોતસૂત્ર (૫:૨૮) અનુસાર શૂદ્ર યજ્ઞમાં ત્રણ અગ્નિ પ્રજ્વલિત કરી શકે છે.

આ પ્રકારે કાત્યાયન શ્રોતસૂત્ર (૧:૪:૧૬)ની ટીકા અનુસાર શૂદ્ર વૈદિક સંસ્કારોનો અધિકારી છે.

ધર્મસૂત્ર પવિત્ર સોમરસનું પાન કરવાથી શૂદ્રને વર્જિત કરે છે. જ્યારે અશ્વીનીકુમારોની કથા અનુસાર શૂદ્ર દૈવી સોમરસ પાનના અધિકારી માનવામાં આવ્યા છે. અશ્વીનીકુમારોની કથા અનુસાર “અશ્વીનીકુમારોએ સુકન્યા નામની યુવતીને સ્નાન કરતી વખતે નગ્નાવસ્થામાં જોઈ અને એના સૌંદર્ય ઉપર મોહિત થઈ ગયા. એમણે કહ્યું આમારામાંથી કોઈ એકને તું તારા પતિ તરીકે પસંદ કરી લે અને તારું સૌંદર્ય આ પ્રમાણે બરબાદ ન કર. સુકન્યાએ પોતાની પતિભક્તિનું પ્રદર્શન કરીને એમનો પ્રસ્તાવ અસ્વીકૃત કરી દીધો. અશ્વિનીકુમારોએ ફરીથી એને ફોસલાવીને અનુરોધ કર્યો કે, અમે દેવતાઓના ચિકિત્સકો છીએ. અને એના પતિને યુવાન અને સુંદર બનાવી શકીએ છીએ. એટલે કોઈ એકની તું પ્રેયસી બની જા! સુકન્યા પોતાના પતિ પાસે ગઈ અને અશ્વિનીકુમારની શરતો જણાવીને એની સંમતિ માગી. ચ્યવને એને સંમતિ

૧. ઍજન પૂ. ૫૮

આપી. પરિણામે ચ્યવનને યુવાવસ્થા અને સૌંદર્ય પ્રાપ્ત થયું અને અશ્વીનીકુમારોએ સુકન્યાના રૂપનું રસપાન કર્યું. ચ્યવને પ્રસન્ન થઈને ઇંદ્ર પાસેથી અશ્વિનીકુમારોને સોમરસ આપવાનો આગ્રહ કર્યો. અશ્વિનીકુમારો જો કે શૂદ્ર હતા એટલે ઇંદ્રે સોમરસ આપવા માટે આનાકાની કરી પરંતુ ચ્યવને ઇંદ્રને સમજાવીને સોમરસ અપાવ્યો.

પ્રશ્ન એટલો જ પેદા થાય છે કે, શૂદ્રો કેવી રીતે સોમરસના અધિકારી બન્યા?[૧]

ધર્મસુત્રોએ શૂદ્રોને અનાર્ય ઘોષિત કર્યા છે. આ કથનને સ્વીકારી શકાય એમ નથી. એનું બીજું પણ એક કારણ છે અને તેનો ઉલ્લેખ મનુએ કર્યો છે. શૂદ્રો આર્યો હતા કે અનાર્યો હતા. એ અંગેનો નિર્ણય કરતી વખતે મનુએ લખેલા વિધાનોનો સાવધાની પૂર્વક વિચાર કરવો જોઈએ.

(૧) બ્રાહ્મણ દ્વારા શૂદ્ર સ્ત્રીમાં ઉત્તપન્ન કરેલ કન્યાને જો બ્રાહ્મણ સાથે પરણાવવામાં આવે અને આગળ એજ પ્રકારનો ક્રમ જારી રાખવામાં આવે તો તે સાતમી પેઢીએ નીચ યોનિથી ઉદ્ધાર પામીને બ્રાહ્મણ થઈ જાય છે.(૧૦:૧૬૫)

(૨) જે પ્રમાણે શૂદ્ર બ્રાહ્મણત્વને પ્રાપ્ત કરે છે અને બ્રાહ્મણ શૂદ્રતાને પ્રાપ્ત કરે છે એવી જ રીતે ક્ષત્રિય અને વૈશ્યથી ઉત્તપન્ન શૂદ્ર પણ ક્ષત્રિયત્વ અને વૈશ્યત્વને પ્રાપ્ત થાય છે. (૧૦: ૧૬૫)

(૩) બ્રાહ્મણ દ્વારા પોતાની ઈચ્છાથી (કુંવારી શૂદ્ર કન્યામાં શૂદ્ર અને બ્રાહ્મણ કન્યામાં) ઉત્તપન્ન પુત્ર આ બન્નેમાં શ્રેષ્ઠ કોણ એવો પ્રશ્ન પેદા થાય તો ...(૧૦:૬૬)

(૪) બ્રાહ્મણ દ્વારા શૂદ્ર કન્યામાં ઉતપન્ન થયેલો શૂદ્ર પાકાદી યજ્ઞ ગુણોથી યુક્ત હોવાને કારણે શ્રેષ્ઠ છે. શૂદ્ર દ્વારા બ્રાહ્મણ કન્યામાં ઉતપન્ન પુત્ર પ્રતિલોજમને કારણે અમર્યાદિત છે એવું માનવું. એટલે આર્યથી વિપરીત છે.[૨]

૧. વી. ફૌસબોલ; ઇન્ડિયન માયથોલોજી પૃ. ૧૨૮-૧૩૪

૨. મનુસ્મૃતિ અધ્યાય : ૧૦ શ્લોક ૬૪-૬૭.

ઉપરોક્ત શ્લોક ૬૪ જેવું જ સૂત્ર (૧૦:૬૭) ગૌતમ ધર્મસૂત્ર (૨૨) પણ મળે છે. આ શ્લોકનો ઉચિત અર્થ વિવાદાસ્પદ છે. આ વિવાદ અંગે બુહલરનું કથન છે કે,

મેધ (Medh), ગોવ (Gov), કુલ (kull) અને રંધ(rangh) જેવા પાશ્ચાત્ય વિદ્વાનો અનુસાર શ્લોકનો અર્થ છે :

"જો કોઈ બ્રાહ્મણની કન્યા શૂદ્ર અને એના ઉત્તરાધિકારી બધા જ કોઈ બ્રાહ્મણ સાથે વિવાહ કરે તો છઠ્ઠી પેઢીએ તે દંપતિને બ્રાહ્મણ માની લેવામાં આવે છે." જો કે આ જાતનું સ્પષ્ટીકરણ હરદત્તની ટીકાને મળતું આવે છે. પરંતુ નાર (Nar) અને નાન (Nan) આ શ્લોકનો જુદો જ અર્થ તારવે છે. એમના અનુસાર પારશવ (શૂદ્ર માતા અને બ્રાહ્મણ પિતાનું સંતાન) પુત્ર અન્ય (શ્રેષ્ઠ, ગુણવાન અને સાચા ચરિત્રવાળો) પરાશદ કન્યાથી વિવાહ કરે તો અને એના ઉત્તરાધિકારીઓ પણ એવું જ કરે તો છઠ્ઠી પેઢીએ બ્રાહ્મણ ગણી લેવામાં આવે. નંદને પણ આ સ્પષ્ટીકરણને સ્વીકાર્યું છે. બૌધ્ધાયન (૧:૧૬:૧૩:૧૪) અનુસાર નિષાદથી નિષાદીમાં ઉત્પન્ન સંતાન પાંચ પેઢી પછી શૂદ્રત્વથી મુક્ત થઈ જાય છે અથવા કોઈક છઠ્ઠી પેઢી સુધી લઈ જાય છે.

મદ્રાસના એક વિદ્વાને બૌધ્ધાયનના અર્થઘટન અંગે લખ્યું છે કે, બૌધ્ધાયને બ્રાહ્મણ પુરુષ અને શૂદ્ર સ્ત્રીથી ઉત્પન્ન સંતાનોને આર્યોની શ્રેણીમાં પહોંચાડવાની આજ્ઞા આપી છે. મનુસ્મૃતિના શ્લોકનો અર્થ પણ એવો જ થાય છે. જો બ્રાહ્મણ પુરુષ અને શૂદ્ર સ્ત્રીથી સંતાન ઉત્પન્ન થાય તો તે શ્રેષ્ઠ (બ્રાહ્મણપુરુષ અને પારશવ સ્ત્રી) નિમ્ન જાતિની સાતમી પેઢીમાં ઉચ્ચજાતિમાં સ્થાન પ્રાપ્ત કરે છે. આ અંગેની જુદીજુદી વ્યાખ્યાઓ ભલેને ગમે તેવી હોય, પણ એક બાબત તો સ્પષ્ટ છે કે, સાતમી પેઢીમાં શૂદ્ર પરિસ્થિતિ વિશેષમાં બ્રાહ્મણ બની શકતો હતો. શૂદ્રો જો આર્યો ન હોત તો આ પ્રકારની પરિસ્થિતિની કલ્પના જ કરી શકાય તેમ નથી. ચાણક્યના

અર્થશાસ્ત્રના અભ્યાસુઓ અનુસાર 'શૂદ્રો' અનાર્યો હતા. એ સિધ્ધાંત આ વાતથી વિપરીત છે એવું સ્પષ્ટ કરી શકાય તેમ છે. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર આ અંગે મહત્ત્વપૂર્ણ છે.દાસપ્રથાનું ઉન્મૂલન કરીને કૌટિલ્યે કહ્યું છે કે, [૧]

"જો કોઈ સંબંધી કોઈ શૂદ્રને વેચી દે અથવા ગિરવે મૂકે, જે જન્મજાત ગુલામ ન હોય અને પુખ્તવયનો થયો ન હોય અને જન્મથી આર્ય હોય તો વેચનાર સબંધીએ બાર પણ દંડ આપવો પડશે. કોઈ દાસ સાથે આર્થીક કપટબાજી કરવી અથવા આર્ય (આર્યાભવ) રૂપમાં અધિકાર ન આપવા માટે અડધો આર્થિક દંડ (કોઈ આર્યને ગુલામ બનાવવા પર)ની અપેક્ષા રહેશે."

ઉપરોક્ત રકમ મેળવ્યા પછી જો કોઈ દાસને મુક્ત ન કરે તો એને બાર 'પણ' આર્થિક દંડ આપવો પડશે. અકારણ કોઈને કેદ રાખવા પર (સમ્રોધાસ્ચક્રાંત) પણ એજ દંડ આપવો પડશે.

જો કોઈએ પોતાના દાસના રૂપમાં વેચી દીધો હોય તો એના સંતાનને આર્ય માનવામાં આવશે. દાસ જે કંઈ પોતાના સ્વામીના કાર્યમાં સહયોગી બનીને આપે તે પણ બધું જ ઉત્તરાધિકારીના રૂપમાં અર્જિત પોતાના માતાપિતાનું ધન પણ આપવામાં આવે.

આ રીતે કૌટીલ્યે પોતાના અર્થશાસ્ત્રમાં શૂદ્રોને સ્પષ્ટ રૂપે આર્ય ઘોષિત કર્યા છે.

-- ૫ --

આર્યોએ જેમને 'દાસ' બનાવ્યા એ લોકોનું જ નામકરણ શૂદ્ર કરવામાં આવ્યું એવું કહેવું એ નરદમ બકવાસ છે, અસત્ય છે. આ અંગે બે તર્ક ઉપસ્થિત કરવામાં આવે છે. પ્રથમ બાબત એ છે કે ऋग्वेदમાં દાસોને ગુલામ, દસ્યું ગણવામાં આવ્યા છે અને બીજી બાબત એ છે કે દાસ અને શૂદ્ર એક જ છે.

૧. કોઈ વ્યક્તિએ તેની ખાનદાની પ્રસ્થાપિત કરવા માટે માત્ર મુક્ત જન્મનું નહીં પરંતુ પૂર્ણજન્મના નિષ્કલંકિત વારસાની છ અવિરત કક્ષાઓ શોધવા શક્તિમાન થવું એવી ફરજ પાડતો નિયમ પુરાણા કાળમાં કોઈ સાર્વત્રિક નિયમ હોય તોય તેમ જણાય છે. જુઓ ડબલ્યુ ઈ. હર્ન: ધી આર્યન હાઉસ હોલ્ડ પ્રકરણ ૮.

ઋગ્વેદમાં શૂદ્ર દસ્યું (ગુલામ) અથવા સેવકના અર્થમાં પ્રયુક્ત થયો છે. પરંતુ આ શબ્દ આ અર્થમાં માત્ર પાંચ જ વાર પ્રયોગમાં આવ્યો છે. એનાથી વધારે નહીં. સાથો સાથ આ શબ્દ પાંચ જ વાર કે તેથી વધારે પ્રયુક્ત થયો હોય તો પણ શું એનાથી એવું સિધ્ધ કરી શકાય તેમ છે કે બન્ને (શૂદ્રો અને દાસ) એકજ હતા. ત્યાં સુધી એવો નિર્ણય કરવો કે શૂદ્રોને દાસ ગણવામાં આવ્યા તે મુર્ખતા ગણાશે. આ ઉપલબ્ધ તથ્યોથી વિપરીત પણ ગણાશે.

શૂદ્રો ક્ષત્રિય રાજાઓના રાજતિલક સમારોહમાં સામેલ થતાં હતા. ઉત્તરકાલિન વૈદિક અથવા બ્રાહ્મણકાળમાં રાજતિલક સમારોહમાં જનતા સમ્રાટને રાજમુકુટ ધારણ કરાવતી હતી. જે વાસ્તવિકતામાં તો રાજાને પ્રભુતા પ્રદાન કરવા જેવું જ હતું. પ્રજાના પ્રતિનિધિઓને રત્નો કહેવામાં આવતા હતા. કારણ કે એમની પાસે રત્નો (Jewel) રહેતા. રાજાને જયારે પ્રભુત્વ પ્રાપ્તિ થઈ જતી ત્યારે-ત્યારે એ પ્રભુત્વના પ્રતિક રત્નો પણ પ્રાપ્ત થઈ જતાં. એ પછી રાજા પ્રત્યેક રત્નીના નિવાસસ્થાન પર જઈને ઉપહાર આપતો હતો. ઉલ્લેખનીય બાબત એ છે કે, આ રત્નીઓમાં અનિવાર્યપણે શૂદ્રો રહેતા. ૧

નીતિ મયુખના રચયિતા નીલકંઠે રાજતિલક સમારોહનું વર્ણન કર્યું છે. એમના અનુસાર ચારવર્ણના મંત્રીઓ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર) રાજમુકુટ ધારણ કરાવતા હતા. ત્યાર પછી તમામ વર્ણો અને જાતિઓના લોકો રાજાની ઉપર પવિત્ર પાણીનો છંટકાવ કરતા હતા અને દ્વિજ જય જયકાર કરતા હતા.૨

યુધિષ્ઠિરના રાજતિલક વખતે બ્રાહ્મણોની સાથે શૂદ્રોને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા.3

પ્રાચીનકાળમાં 'જનપદ અને 'પૌર' નામની બે પરિષદ રાજયમાં રહેતી.

૧.આ વિષય અંગે વિશેષ વિગતો માટે જુઓ જયસ્વાલનું પુસ્તક હિંદુ પોલિટિ (૧૯૪૩) પૃ.૨૦૦-૨૦૧

૨.એજન પૃ-૨૨૩

૩.મહાભારત સભાપર્વ પ્રકરણ ૩૩ શ્લોક ૪૧-૪૨

એમાં શૂદ્ર પ્રતિનિધિઓને બ્રાહ્મણો પણ વિશેષ સન્માન આપતા હતા.[૧]

આવો જ ઉલ્લેખ મનુસ્મૃતિમાં પણ છે. (૬ : ૬૧) અને વિષ્ણુસ્મૃતિ (૯: ૬૪)ની પણ એવી જ આજ્ઞા હતી કે બ્રાહ્મણો શૂદ્ર શાસિત રાજયમાં ન રહે. આ કથનથી એટલો તો નિર્ણય કરી જ શકાય કે, એ જમાનામાં શૂદ્રો પણ રાજા બનતા હતા. (અધ્યાય :[૨])

મહાભારતના શાંતિપર્વમાં જે પ્રત્યેક જાતિ અને વર્ણનો પ્રતિનિધિત્વમાં વિશ્વાસ કરતા હતા તે ભીષ્મે યુધિષ્ઠિરને રાજનૈતિક ઉપદેશ આપતા કહ્યું છે.

"આમ છતાં તારે કેવા પ્રધાનોની નિમણૂંક કરવી એના અંગે હું તને કહીશ. ચાર સ્નાતક બ્રાહ્મણો - જે વેદના જ્ઞાનમાં પારંગત હોય, અને જેમનામાં ગૌરવ હોય, અને શુધ્ધ વર્તન હોય તથા શારીરિક શક્તિ ધરાવતા, શસ્ત્રો વાપરવામાં નિપુણ એવા આઠ ક્ષત્રિયો તથા ધનધાન્યથી સંપન્ન એવા એકવીસ વૈશ્યો, પવિત્ર આચરણ કરનાર વિનયશીલ ત્રણ શૂદ્રો, પૌરાણિક જ્ઞાન સંપન્ન આઠ ગુણોથી યુક્ત એક સૂત એ તમામને મંત્રી મંડળ રચતી વખતે એકઠા રાખવા જોઈએ."

આ ઉપરથી સિદ્ધ થાય છે કે, શૂદ્રો મંત્રીઓ બનતા હતા અને તેઓ બ્રાહ્મણની સમકક્ષ ગણાતા હતા.[3] અને તેમનું પ્રતિનિધિત્વ લગભગ બ્રાહ્મણ જેટલું જ રહેતું. આ વિગતને મૈત્રિયતાની સંહિતા (Iv ૨:૭:૧૦)નું સમર્થન પ્રાપ્ત છે. એટલું જ નહીં પંચવિશ બ્રાહ્મણ(૬ : ૧ : ૧૧) અનુસાર શૂદ્રો નીચ કે દરિદ્ર નહોતા તે ધનવાનો પણ હતા.[૪]

આ પ્રશ્નોની અન્ય બે બાજુઓ છે. જો એવું માની લેવામાં આવે કે શૂદ્રોને દાસ બનાવવામાં આવ્યા તો પછી પ્રશ્ન એ પેદા થાય છે કે શૂદ્રોને દાસ બનાવવાનો અર્થ શું છે? જો આર્યોને પૂર્વકાળમાં 'દાસ' બનાવવા અંગેનું જ્ઞાન

૧.જયસ્વાલ: હિંદુ પોલિટી પૃ-૨૪૮

૨.રૉયનું ભાષાંતર, ગ્રંથ ૨,૫,૧૯૭.

૩.ભીષ્મ કોમી પ્રતિનિધિત્વ જાળવવાની માન્યતા ધરાવતા હતા.

૪.વૈદિક ઇંડેક્સ ગ્રંથ ૨ પૃ. ૩૯૦માં આ સંદર્ભ છે.

નહોતું તો તે આર્યને દાસ બનાવવા તૈયાર કેમ થયા? એવું સ્વીકારીએ તો જ એમનો અભિપ્રાય સાર્થક બને. પરંતુ તથ્ય તો એ છે કે આર્યોને દાસ બનાવવા અંગેનું જ્ઞાન તો પહેલેથી જ હતું. એટલે તો એમણે આર્યોને પણ દાસ બનાવ્યા છે. ऋग्वेદના (૭:૮૬:૭/૮:૧૯:૩૬) અને (૮:૫૬:૩)માં આ અંગેનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે કે આર્યોએ પોતાના જ લોકોને દાસ બનાવ્યા હતા. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે એમણે શૂદ્રોને વિશેષ રૂપે દાસ શા માટે બનાવ્યા? એનાથી પણ વિશેષ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે શૂદ્ર દાસોને માટે એમણે વિભિન્ન કાયદા કાનૂનની રચના શા માટે કરી?

ટૂંકમાં કહીએ તો પાશ્ચાત્ય વિદ્વાનોના વિચાર આપણા પ્રશ્નોના ઉત્તર આપવામાં સહાયતા કરતા નથી કે, શૂદ્રો કોણ હતા અને તેમને ભારતીય આર્યોના સમાજમાં ચતુર્થવર્ણમાં કેવી રીતે ગણવામાં કે મૂકવામાં આવ્યા?

ꕥ પ્રકરણ-૭ ꕥ

N શૂદ્રો ક્ષત્રિય હતા? N

હવે આપણી સમક્ષ જે પ્રશ્ન છે તે એ કે, શૂદ્રો જો મૂળવંશી અનાર્યો ન હતા તો પછી શૂદ્રો છે કોણ? હું જે થિયરી પ્રસ્તુત કરવા માગું છું એનો ઉત્તર મારા મત અનુસાર નીચે પ્રમાણેનો છે.

૧. શૂદ્રો આર્ય છે.

૨. શૂદ્રો ક્ષત્રિય વર્ગના છે.

૩. શૂદ્ર ક્ષત્રિયોનો મહત્ત્વનો વર્ગ છે.

પ્રાચીન આર્યોના સમાજમાં અનેક તેજસ્વી અને બળવાન શૂદ્ર રાજાઓ થયા હતા. શૂદ્રોની ઉત્પત્તિ અંગે મેં જે થિયરી પ્રસ્તુત કરી છે તે ક્રાંતિકારી નથી, તો પણ રોમાંચક તો અવશ્ય છે જ. એના સમર્થનમાં અનેક પ્રમાણો હોવા છતાં અને આ નવી થિયરી રોમાંચક છે છતાં અનેક લોકો એનો સ્વીકાર કરશે નહીં. ખેર ! મારી જવાબદારી છે કે આ થિયરીના સમર્થનમાં પૂરતા પ્રમાણો પ્રસ્તુત કરું અને એનો નિર્ણય સુજ્ઞ પાઠકોના વિવેક પર છોડું.

આ સંશોધન ગ્રંથનું પ્રથમ પ્રમાણ મહાભારતના શાંતિપર્વનું (અધ્યાય ૬૦ શ્લોક ૩૮ - ૦૦) છે. એમાં કહ્યું છે કે, "અમે સાંભળ્યું છે કે પ્રાચીન કાળમાં પૈજવન નામનો શૂદ્ર રાજા હતો. એણે પોતાના યજ્ઞમાં એન્દ્રાગ્નિ વિધાન અનુસાર એક શત સહસ્ત્ર પૂર્ણ પાત્ર દક્ષિણા આપી હતી."

આ વિધાનમાં ત્રણ મહત્વના મુદ્દાઓ છે જેના અંગે ધ્યાન આપવું જોઈએ.

૧. પૈજવન શૂદ્ર હતો.

૨. શૂદ્ર પૈજવને યજ્ઞ કર્યો હતો.

૩. બ્રાહ્મણોએ પૈજવન પાસેથી યજ્ઞ નિમિત્તે દક્ષિણા પ્રાપ્ત કરી હતી.

ઉપરોક્ત પરિચ્છેદ શ્રી રોયની આવૃત્તિમાંથી લેવામાં આવ્યો છે. જેમણે મહાભારત પર કાર્ય કર્યું છે, સૌથી પ્રથમ બાબત એ છે કે આ આવૃત્તિ અધિકૃત છે કે અન્ય આવૃત્તિ કરતાં એમાં ભેદ છે? જ્યાં સુધી રોયની આવૃત્તિની વિશ્વસનીયતાને લાગે વળગે છે ત્યાં સુધી રોયના જ શબ્દો ઉધ્ધૃત કરુ છું.[૧]

મારી આવૃત્તિ આજથી ૪૫ વર્ષ પહેલા પ્રકાશિત થયેલી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ બંગાળની પ્રકાશન ઉપર આધારિત છે, જેને બંગાળના કેટલાંક પ્રસિદ્ધ વિદ્વાનોની સહાયતા અને નિરીક્ષણ પ્રાપ્ત થયું હતું. હું માનું છું કે સમગ્ર ભારતમાંથી પ્રાપ્ત થયેલી પાંડુલિપિઓને એકઠી કરવામાં આવી હતી.અને તેનું સાવધાની પૂર્વક વાંચન કરવામાં આવ્યું હતું. જોકે સાવધાની પૂર્વક એનું સંકલન કરવામાં આવ્યું હતું છતાં મેં મહારાજા બર્દવાનની જે આવૃત્તિ મળેલી તેની સાથે તુલના કરીને લખ્યું છે. કારણ કે મહારાજા બર્દવાનની ટેક્ષ્ટ ખૂબ જ સાવચેતી અને સાવધાની પૂર્વક કરવામાં આવી હતી. સમગ્ર દેશમાંથી લગભગ ૧૮ પાંડુલિપિ એકઠી કરવામાં આવી હતી. અને બર્દવાનના પંડિતોએ એની ચકાસણી કરી હતી. અને પ્રત્યેક શ્લોકની વિશ્વસનીયતાની ચકાસણી કરવામાં આવી હતી.

મહાભારતની સમીક્ષાત્મક આવૃત્તિનું સંપાદન કરનાર બહુશ્રુત વિદ્વાન પ્રોફે.સુકથાંકરે અનેક પાંડુલિપિઓનો સાવચેતીપૂર્વક અભ્યાસ કરીને તારણ કાઢવું છે. એમનું કહેવું છે કે[૨]

ધી એડિટો પ્રિન્સેપ્સ (The editio Prince ps-Calcutta ૧૮૫૬) વુલ્ગેટની આવૃત્તિ એક સદી પસાર થવા છતાંય ઉત્તમ સાબિત થઈ છે.

૧.સુકંથાકાર મેમોરિયલ એડિસન ગ્રંથ ૧ પૃ -૪૩ -૪૪માં ટાંકવામાં આવ્યું છે

૨.એજન પૃ.૧૩૧

જો કે શ્રી રોય મહાભારતની આવૃત્તિ અંગે શંકા ઉઠાવી શકાય તેમ નથી. છતાં પણ સમીક્ષકો એ જાણવા માગે છે કે અન્ય કઈ આવૃત્તિઓ આ તથ્યનું સમર્થન કરે છે તો તે અનુસુચિત નહીં ગણાય કારણ કે, નવી થિયરીનો શૂદ્રોની ઉત્પતી અંગેનો આધાર એને ગણવામાં આવ્યો છે.

આ જાતની ચકાસણી કરતાં પહેલાં બે મુદ્દાઓ અંગે ખાસ ધ્યાન આપવું જરૂરી છે.

પ્રથમ મુદ્દો એ છેકે૧ અઢારે પર્વો એકજ ગ્રંથમાં એકજ સાથે ઉપલબ્ધ હોય એવી પાંડુ લિપિ તો ઉપલબ્ધ છે જ નહીં.

પર્વોની અલગ અલગ પાંડુ લિપિ મળે છે. અને તેથી અલગ અલગ પાંડુ લિપિમાં દરેક પર્વ અલગ અલગ રીતે રજુઆત કરે છે. એટલે એમાં વિરોધાભાસ જોવા મળે છે. પરિણામે ઉપલબ્ધ (મેન્યુસ્ક્રિપ્ટ) પાંડુલિપિમાંથી કોને આધારભૂત તરીકે ગણવી અને સાચી માનવી એ પ્રશ્ન છે કારણ કે દરેકમાં અલગ અલગ રજુઆત છે.

બીજી બાબત એ છે કે૨ મહાભારતની આવૃત્તિ બે પ્રકારની છે. એક ઉત્તર ભારતની છે તો બીજી દક્ષિણ ભારતની છે. આર્યવર્ત (ઉત્તર) અને દક્ષિણપથ (દક્ષિણ ભારત)ના મહાભારતો પણ ભિન્ન છે.૩

ઉત્તર ભારત અને દક્ષિણ ભારતમાંથી મહાભારતની ઉપલબ્ધ થયેલી પાંડુલિપિઓની તુલના કરીને જે તારણ કાઢવાનું છે એના અંગે ઉચિત વિચારણા થવી જોઈએ. મહાભારતના શાંતિપર્વના અધ્યાય ૬૦ના શ્લોક નંબર ૩૮ની નવ વિવિધ પાંડુલિપિઓ ઉપલબ્ધ છે. તેમાં પાઠાંતર છે એ આ પ્રમાણે છે.૪

૧. શૂદ્ર: પૈજવનો નામ (K)s.

૧. સુકથાનંકર ઓપ સીટ પૃ. ૧૪
૨. સુકથાનંકાર મેમોરિયલ એડિસન ગ્રંથ ૧. પૃ.૧૪માં ટાંકવામાં આવ્યું છે.
૩. એજન પૃ. ૪૨
૪.તુલના પત્રક ઉપયોગ કરવાની છૂટ આપવા બદલ આભારી છું. કૌંસમાંના અક્ષરો હસ્તપ્રતને સંસ્થા દ્વારા આપવામાં આવેલા ક્રમ નંબરનો નિર્દેશ કરે છે. N અથવા S હસ્તપ્રતો ઉત્તરમાંથી (north) આવે છે કે દક્ષિણમાંથી (south) તે નિર્દેશ કરે છે કે શબ્દ કુંભકોણમ માટે પ્રયોજાયો છે.

૨. શૂદ્ર: પૈજવનો નામ (M/1 :M/2)s.

૩. શૂદ્ર: પૈજવનો નામ (M/૩ :M/૪)s.

૪. શૂદ્ર: યૈજનનો નામ (F)

૫. શૂદ્રોપી : યૈજને નામ (L)

૬. શૂદ્ર: પૌંજલંક નામ (TC)s

૭. શૂદ્ર વૈભવનો નામ (G)N

૮. પુરા વૈજવનો નામ (A D/૨)

૯. પુરા વૈજવનો નામ (M)N[૧]

ઉપરોક્ત નવ પાંડુલિપિની તુલના છે જુદી જુદી પાંડુલિપિમાં જે પાઠાન્તર છે તે જોતા નવ પાંડુલિપિઓના આધારે સામાન્ય નિર્ણય કરવામાં અનૌચિત્ય તો નથી જ. જોકે એક વાત સાચી છે કે મહાભારતની પાંડુલિપિઓ ૧૦ છે. જેમાંથી એક સંકલન તૈયાર કરવામાં આવ્યું છે. એટલે નવની એ સંખ્યા ઓછી તો નથી જ. આ નવ પાંડુલિપિના બે ભૌગોલિક વિભાજનો છે. ઉત્તર ભારતની અને દક્ષિણ ભારતની પાંડુલિપિઓ. આ નવ પાંડુલિપિઓમાં સંખ્યા ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ દક્ષિણ ભારતિય છે. અને સંખ્યા ૭, ૮, અને ૯ ઉત્તર ભારતની છે. આ નવનો અભ્યાસ કરવાથી નીચે પ્રમાણેના તારણો તારવી શકાય છે.

૧. પૈજવનના વર્ણનમાં વિરોધાભાસ છે.

૨. પૈજવનના નામ અને વર્ણમાં પણ ભિન્નતા છે.

૩. આ નવ પાંડુલિપિઓમાંથી છ તેને શૂદ્ર કહે છે એક શુદ્ધ કહે છે. અને બેમાં જાતિનો ઉલ્લેખ કર્યો નથી. પણ એના સમયનું વર્ણન કરતા પુરા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૧. યેજન પૃ. ૯ : ૪૨

૪. કોઈપણ બે પાંડુલિપિઓ નામના સંબંધમાં એક મત નથી. પ્રશ્ન એટલો જ ઉભો થાય છે કે વાસ્તવિક નામ શું છે? સાચું નામ પૈજવન છે. એનું સમર્થન ઉત્તર અને દક્ષિણની ભારતિય પાંડુલિપિઓમાં ઉલ્લેખિત પૈજવન, પૈલવન, યલવન, યજનન, વૈભવન, વૈજવન અને વૈજનન શબ્દોથી થાય છે. પાઠાંતર કેવલ લેખકની મૂળ કૃતિને સાચી રીતે ન વાંચી શકવાને લીધે અને પોતાની ઈચ્છાનુસાર મનપસંદ ઢંગથી લખવાને કારણે થયેલ છે.

પૈજવનના વર્ણન સબંધે જો કહેવું હોય તો, એટલું જ કહી શકાય કે એના નામમાં 'શૂદ્ર' થી માંડીને 'પુરા' સુધીનું પરિવર્તન માત્ર સંયોગ નથી એવું લાગે છે. પણ જાણી જોઈને કરવામાં આવેલું પરિવર્તન લાગે છે.

એની પૃષ્ઠભૂમિનું કારણ શું છે? એ કહેવું મુશ્કેલ છે. છતાં પણ બે વાત તો સાફ સમજી શકાય કે:

(૧) કાં તો આ પરિવર્તન સ્વાભાવિક જેવું જ છે અને

(૨) આ શૂદ્ર પૈજવનની વાતથી વિરોધમાં જતું નથી.

ઉપરોક્ત નિષ્કર્ષ શ્લોક ૩૮-૪૦ ના સંદર્ભ પર આધારિત છે અને તેનો સંદર્ભ જોતા તેની સ્પષ્ટતા થઈ જાય છે. નીચેના શ્લોકો જોઈએ.

"માલિક ગમે તેવા સંકટમાં કે વિપતમાં હોય, શૂદ્રએ એનો સાથ છોડવો જોઈએ નહીં. સ્વામી જો નિર્ધન થઈ જાય તો શૂદ્રએ એની સેવા પહેલાં કરતાં પણ વધારે લગનથી કરવી જોઈએ."

શૂદ્રની પોતાની કોઈ સંપત્તિ હોતી નથી તેની પાસે જે કંઈ હોય છે તે તેના સ્વામીનું છે.

"યજ્ઞ ત્રણ કર્મો માટે નિર્ધારિત છે. હે ભારત શૂદ્ર પણ યજ્ઞ કરી શકે છે પણ તે સ્વાહા, સ્વધા અથવા અન્ય મંત્રોનું ઉચ્ચારણ કરવાથી વંચિત છે, તે

પાકયજ્ઞથી દેવપૂજા કરી શકે છે. એવા યજ્ઞની દક્ષિણા પૂર્ણપાત્ર છે"

આગળ જણાવેલા શ્લોકોના સંદર્ભમાં શ્લોક ૩૮-૪૦ નું અધ્યયન કરવાથી એ વાતની ખબર પડે છે કે, આખો પ્રસંગ શૂદ્રોના વિષયમાં છે. પૈજવનની કથા તો માત્ર દ્રષ્ટાંત છે એટલે પૈજવનના નામ પહેલાં શૂદ્ર શબ્દનો ઉલ્લેખ પ્રયોગ અનાવશ્યક છે. આ ઘટનાથી ખબર પડી જાય છે કે, લેખકે 'શૂદ્ર' શબ્દનો ઉલ્લેખ કર્યો નહીં હોય. અને એ પ્રાચીનકાળની વાત હોવાને કારણે 'પુરા' શબ્દ લખ્યો હશે તે વિશેષ સ્વાભાવિક પણ છે.

ઉપરોક્ત વિવેચનથી એ સ્પષ્ટ થાય છે કે મહાભારતના શાંતિપર્વમાં ચર્ચિત વ્યક્તિ પૈજવન હતો અને તે શૂદ્ર હતો.

-- ૨ --

હવે બીજો પ્રશ્ન વિચારવાનો છે કે પૈજવન કોણ હતો? યજ્ઞ નિરુક્તના કથનમાંથી આપણે સંકેત પ્રાપ્ત કરી શકીએ છીએ. નિરુક્ત (૨ : ૨૪) માં યક્ષ કહે છે :[૧]

"સૌના મિત્ર વિશ્વામિત્ર પૈજવનના પુત્ર સુદાસના પુરોહિત હતા. સુદાસ મહાદાની હતો. પીંજવનની ગતિ પ્રશંસનીય હતી એની ચાલમાં અનોખાપણું હતું."

યક્ષ નિરુક્ત દ્વારા આપણને બે અગત્યની બાબતો જાણવા મળે છે.

(૧) પૈજવન પિજવનનો પુત્ર હતો.

(૨) સુદાસ પૈજવનનો પુત્ર હતો.

યક્ષની સહાયતા આપણે સ્પષ્ટ રીતે કહી શકીએ છીએ કે મહાભારતના (શાંતિપર્વ)માં ચર્ચાયેલ પૈજવન-સુદાસનું બીજું નામ જ છે. એટલે પૈજવન કોણ હતો એ પ્રશ્નનો જવાબ આપણે મેળવી શકીએ છીએ.

૧. લક્ષ્મણ સ્વરૂપ - ધી નિઘંટુ અને નિરુકતા પૃષ્ઠ. ૩૫ : ૩૬

બીજો પ્રશ્ન એ છે કે આ સુદાસ કોણ છે? અને એના અંગે આપણે શું જાણીએ છીએ? બ્રાહ્મણ સાહિત્યમાં સુદાસ નામની ત્રણ વ્યક્તિઓની માહિતી આપણી પાસે ઉપલબ્ધ છે.[૧]

એક 'સુદાસ'ના પરિવાર અંગેનું વિવરણ ઋગ્વેદમાં આ પ્રમાણે છે.

(૧) પરાશર-હજારો (રાક્ષસોનો) સંહાર કરનાર અને વશિષ્ઠ - જેઓ તેમની ભક્તિ કરે છે તે તમામ સ્થળે ગૌરવ પ્રાપ્ત કરે છે. એની મિત્રતાને અવગણીશ નહીં. કારણકે તે ઉપયોગી થાય છે અને પવિત્ર માણસોને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ઋગ્વેદ (૭:૧૮:૨૧)

(૨) હે અગ્નિ! ગાયોનું દાન કરનાર અને પૈજવનનો પુત્ર સુદાસ જેને બે રથ અને બે પત્નીઓ છે એનું યશગાન કરતાં કરતાં મુખ્ય પુરોહિતના રુપમાં તમારી પ્રદક્ષિણા કરું છું. (ઋગ્વેદ ૭:૧૮:૨૩)

(૩)સ્વર્ગના જિનથી સૂસજ્જિત-દુર્ગમ માર્ગો પર તીવ્રતાથી ગતિ કરનાર ઉત્તમ નસલના ચાર અશ્વ મને પૈજવનના પુત્ર સુદાસે ભેટમાં આપ્યા. મને સંતતિ અને ભોજન લાભ આપ્યો. (ઋગ્વેદ ૭:૧૮:૨૩)

(૪) સાતેય લોક સુદાસની ઇંદ્ર સમાન સ્તુતિ કરે છે એનો યશ પૃથ્વીથી માંડીને સ્વર્ગ સુધી ગુંજી ઉઠ્યો છે. વિપુલ દાની સુદાસને માટે વહેતી નદીઓએ યુધ્ધમાદિનો વિનાશ કરી દીધો. (ઋગ્વેદ : ૭ : ૧૮ : ૨૪).

(૫) હે મરુતગણ ! જે રીતે આપે સુદાસના પિતા દિવોદાસ પર કૃપા કરી છે એવી જ રીતે યુવરાજ સુદાસ પર પણ (કૃપા) કરો. પૈજવનના પુત્રની સ્તુતિથી પ્રસન્ન થાવ અને એના બળ અને શૌર્યને અખંડિત રાખો. (ઋગ્વેદ ૭ : ૧૮:૨૫)

'સુદાસ'નામની બે વ્યક્તિઓનું વિવરણ વિષ્ણુ પુરાણમાં મળે છે. વિષ્ણુપુરાણના ચોથા અધ્યાયમાં એક સુદાસનું વિવરણ રાજા સાગરના વંશજોના રૂપમાં મળે છે.

૧.વિલ્સન-ઋગ્વેદ ગ્રંથ ૪ (પુના પુનઃ આવૃત્તિ) પૃ. ૧૪૬.

"રાજા સાગરની બે પત્નીઓ - કશ્યપની પુત્રી સુમતિ તથા વિદર્ભ રાજાની પુત્રી કેશીની હતી. સંતતિહીન રહેવાથી રાજાએ ઋષિ ઔર્વની સહાયતા માંગી. ઋષિએ વરદાન આપ્યું કે એક પત્ની તેમની જાતિને જાળવી રાખનાર એક પુત્રને જન્મ આપશે. અને બીજી સાઈઠ હજાર પુત્રોને. નિર્ણય રાજાની પત્નીઓ ઉપર છોડવામાં આવ્યો. કેશીનીએ એક પુત્રની ઈચ્છા પ્રગટ કરી અને સુમતિએ અનેકની. કેશીનીએ અસમંજશ નામના પુત્રને જન્મ આપ્યો. અસમંજસથી જ સાગરવંશ ચાલ્યો. વિનિતાની પુત્રી સુમતિએ સાઈઠ હજાર પુત્રોને જન્મ આપ્યો. અસમંજશનો પુત્ર અશુંમત અને અશુંમતનો પુત્ર દિલીપ થયો. દિલીપના પુત્રનું નામ ભાગીરથ હતું. તે ગંગાને સ્વર્ગમાંથી ધરતી પર લાવ્યો. એટલે એના નામ પરથી ગંગા ભાગીરથી કહેવાઈ.

ભાગીરથનો પુત્ર સ્રુત, એનો પુત્ર નાભાગ, એનો પુત્ર અંબરિષ અને અંબરિષનો પુત્ર સિંધુદ્વિપ થયો. સિંધુદ્વિપનો પુત્ર આયુત્શવ આયુત્શવનો પુત્ર પ્રસિદ્ધ જુગારી નળનો મિત્ર ઋતુપર્ણ- ઋતુપર્ણનો સર્વકામ, સર્વકામનો પુત્ર સુદાસ, સુદાસનો પુત્ર સૌદાસ થયો. સૌદાસનો મિત્રશાહ પણ કહેવામાં આવે છે.[૧]

વિષ્ણુપુરાણના ૧૯માં અધ્યાયમાં પુરુના વંશજોમાં એક અન્ય સુદાસ અંગેનું વિવરણ જોવા મળે છે જે આ પ્રકારે છે.

પુરુનો પુત્ર જનમેજય હતો. જનમેજયનો પુત્ર પ્રાચિન્વત, એનો પુત્ર પ્રવીર,એનો પુત્ર મનસ્ય. મનસ્યનો પુત્ર ભયદ, તેનો પુત્ર સુદ્યુમ્ન, એનો વાહુગવ,વાહુગવનો પુત્ર શમ્યતિ, એનો પુત્ર અહમ્યાતિ થયો. અહમ્યાતિનો પુત્ર રુદ્રાશ્વનો રિતેષુ, કાક્ષેયુનો,સ્થાનદિલેયુ, ધ્રનેયુ,જલેયુ,સ્થલેયુ,શાંતતેયુ, ધનેયુ, વનેયુ અને દાસપુત્ર થયા.

રિતેયુનો પુત્ર રતિનાર -એને ત્રણ પુત્ર તનસુ,અપ્રતીર્થ અને ધ્રુવ થયા. કાક્ષેયુનો પુત્ર કહ્વાએનો કહ્વાયન બ્રાહ્મણ થયો. તનસુનો પુત્ર અનિલ - એના ચાર પુત્રોમાં

૧.વિલ્સન્સ ઋગ્વેદ શ્રેણી-૪ (પુના પુર્નઆવૃત્તિ) પૃ.૧૪૬

દુષ્યંત જેષ્ઠ હતો. દુષ્યંતનો પુત્ર ભરત ચક્રવર્તી રાજા થયો.

ભરતની પત્નિઓએ ૯ પુત્રોને જન્મ આપ્યો. પણ ભરતે કહ્યું કે બધા તેના અંશથી ઉત્પન્ન થયા નથી. ત્યારે તમામે તમામ રાણીઓએ પોતાના પુત્રોને મારી નાખ્યા. કાલાંતરે ભરતે મરુતગણની સ્તુતિ કરી મરુતગણે પ્રસન્ન થઈને ઉતાથ્યની પત્નિ મમતાના ગર્ભથી બૃહસ્પતિ દ્વારા ઉત્પન્ન પુત્ર ભારદ્વાજને આપી દીધો.

ભારદ્વાજનું બીજું નામ વિતથ પડયું. વિતથનો પુત્ર ભવનમન્યુ, એના અનેક પુત્રો થયા. જેમાં બ્રહવ્ક્ષાત્ર મહાવીર્ય, નાર અને મર્મ પ્રમુખ છે. નારનો પુત્ર સંસ્કૃતિ-સેના રુચિરાધિ અને રન્તિદેવ પેદા થયા. તે ક્ષત્રિયો હોવા છતાંય બ્રાહ્મણ બની ગયા. મહાવીર્યનો પુત્ર ઉરક્ષયના ત્રણ પુત્રો ત્ર્યાચૂર્ણ. પુષ્કરણ અને કપિ હતા. કપિ બ્રાહ્મણ બન્યો. બ્રહ્મશાસ્ત્રનો પુત્ર સુહાતૃ હતો.અને સુહાતૃનો પુત્ર હાસ્તિન - એણે હસ્તીનાપુર વસાવ્યું. હસ્તિનનો અશ્વમેધ,દ્વિમેધ અને પુરુમેધ પુત્ર થયા. અશ્વમેધનો પુત્ર કણ્વ હતો. કણ્વનો પુત્ર મેધામેધ એનો પુત્ર બ્રહદાદિદુ, એને પુત્ર બ્રહદાશ્વ, એનો પુત્ર બૃહત્કર્મા એનો જયદ્રથ, જયદ્રથનો પુત્ર વિશ્વજીત એનો પુત્ર સેનજિત અને સેનજિતનો રુચિરાશ્વ, એનો પુત્ર કાશ્ય,ધ્રધાનુષ અને વસાહનું ઉત્પન્ન થયા. રુચિરાશ્વનો પુત્ર પૃષુસેનને પાર અને એનો પુત્ર નિપ નામે થયો. નિપને સો પુત્ર થયા જેમાં કામ્પિલ્યનો શાસક સમર મુખ્ય હતો. સમરને ત્રણ પુત્ર થયા. પાર, સંપાર અને સદાશ્વ. પારનો પુત્ર પૃથુ એનો પુત્ર સુકીર્તિ, એનો પુત્ર વિભ્રાતૃ અને વિભ્રાતૃનો પુત્ર અનુહ થયો. અનુહને વ્યાસ-પુત્ર શુક્રની પુત્રી કૃત્વી સાથે વિવાહ કર્યો. એનાથી બ્રહ્મદત્ત પેદા થયો. બ્રહ્મદત્તનો પુત્ર વિશ્વકસેન થયો. એનો પુત્ર ઉદકસેન. ઉદકસેનનો પુત્ર ભલ્લાટ થયો.

દ્વિમિઘાનો પુત્ર યુવિન્દ્ર હતો. એને પુત્ર ધ્રતિમાત હતો. એનો પુત્ર સત્યાવૃતિ - એનો પુત્ર ધ્રીધાનેમી - એનો પુત્ર શાર્પાશાવ. એનો પુત્ર સુમાતિ હતો. એનો

પુત્ર સુનાતિમત્ત હતો એનો પુત્ર હિતા, જેને હિરણ્યાભે યોગનું તત્વજ્ઞાન શીખવ્યું હતું અને એણે ચોવીસ સંહિતાઓનું સંપાદન કર્યું હતું. અને પૂર્વના બ્રાહ્મણો જે સામવેદનો અભ્યાસ કરતા હતા એના માટે સંહિતા રચી હતી. ક્રિતાનો પુત્ર ઉગ્રાયુર્વ હતો. જેના બળને કારણે નિપાવંશના ક્ષત્રિયોનો નાશ થયો હતો. એનો પુત્ર સુવિરા હતો. એનો પુત્ર નૃપાંજય, એનો પુત્ર બૃહદ્રથ. આ બધાને પૂર્વાઓ કહેવામાં આવે છે.

અજામિઘાને નલિની નામે એક પત્ની હતી અને એના દ્વારા નીલા નામનો પુત્ર પેદા થયો હતો. એનો પુત્ર શાંતિ હતો તેનો સુશાંતિ થયો. સુશાંતિનો પુરુજનું એને ચક્ષુ. ચક્ષુનો પુત્ર હર્યાશ્વ. એને પાંચ પુત્રો હતા. મુદ્દગલા, શ્રીજય, બૃહદાશ્રૃ, પ્રવિરા અને કામ્પિલ્ય. એના પિતાએ કહ્યું, આ મારા પાંચ દેશનું રક્ષણ કરવા શક્તિમાન છે. એટલે એમને પાંચાલ કહેવા. મુદ્દગલાનો મૌદગાલ્ય બ્રાહ્મણ થયો એને એક પુત્ર હતો જેનું નામ ભવશવ હતું એને બે બાળકો હતા જે જોડિયા હતા. એક પુત્ર અને એક પુત્રી. એમના નામ દિવોદાસ અને અહલ્યા.

દિવોદાસનો પુત્ર મિત્રાયુ હતો. એનો પુત્ર ચ્યવન હતો. એનો પુત્ર સુદાસ હતો. એનો પુત્ર સૌદાસ હતો. એને સહદેવ નામે પણ ઓળખવામાં આવતો. સહદેવનો પુત્ર સોમકા હતો. એને સો પુત્ર હતા. જેમાં જાન્તુ સૌથી મોટો હતો અને પ્રિશાતા સૌથી નાનો હતો. પ્રિશાતાનો પુત્ર દ્રુપદ હતો એનો પુત્ર ધૃષ્ટધ્રુમ્ન હતો. એનો પુત્ર દ્રિશતહેતુ હતો.

અજામેઘને અન્ય પુત્ર પણ હતો. જેનું નામ રિક્ષ હતું. રિક્ષનો પુત્ર સમવરણ એનો પુત્ર કુરુ થયો. કુરુના નામ પરથી કુરુક્ષેત્ર બન્યું. એને સુધાંશુ, પરીક્ષિત અને અનેક પુત્ર થયા. સુધાંશુનો પુત્ર સુહોતૃ એનો પુત્ર ચ્યવન એનો ક્રિતક અને ક્રિતકનો ઉપરિચર થયો. ઉપરિચર (વસૂ)નો બ્રહ્મદ્રથ, પ્રત્યાગ, કુશંમ્ભ, માલ્વેશ, મત્સ્ય વગેરે સાત પુત્રો થયા. બૃહદ્રથનો કુશાગ્ર, કુશાગ્રનો

ઋષભ એનો સુધન્વા અને એનો જાન્તુ થયો. સુધન્વાને એક અન્ય પુત્ર પણ હતો જે જરાસિંધુના નામે પ્રખ્યાત થયો. જરાસિંધુનો સહદેવ, સહદેવનો સોમપાય અને સોમપાયનો સ્ત્રુતશ્રવા થયો. આ મગધના રાજાઓ હતા. ટૂંકમાં ત્રણેય સુદાસોની વંશાવળી નીચે પ્રમાણે છે.

ઋગ્વેદમાં સુદાસ			વિષ્ણુપુરાણમાં સુદાસ	
(૭:૧૮:૨૨) અનુસાર	(૭:૧૮:૨૩) અનુસાર	(૮:૧૮:૨૫) અનુસાર	સાગરવંશમાં	પૂરુંવંશમાં
દેવવત |	પિજવન |	દિવોદાસ |	અતુવર્ણ |	બાહવાશ્વ |
પિજવન |	સુદાસ |	પિજવન |	સર્વકામ |	દિવોદાસ |
સુદાસ		સુદાસ	સુદાસ |	મિત્રાયુ |
			સૌદાસ |	ચ્યવન |
			મિત્રસાહ |	સુદાસ |
				સૌદાસ |
				સોમક

ઉપરોક્ત કોષ્ટક પરથી બે બાબતો સ્પષ્ટ થાય છે. એક વાત તો એ છે કે, વિષ્ણુપુરાણના સુદાસનો ઋગ્વેદનો સુદાસ સાથે કોઈ જ સંબંધ નથી અને બીજી બાબત એ છે કે મહાભારતમાં ચર્ચિત પૈજવનનું સામ્ય ઋગ્વેદના સુદાસ

સાથે છે. પિજવનનો પુત્ર હોવાને કારણે સુદાસને પૈજવન પણ કહેવામાં આવ્યો છે. પિજવનનું બીજું નામ દિવોદાસ !૧ બતાવવામાં આવ્યું છે.

મહાભારતના શાંતિપર્વના પ્રાસંગિક શ્લોકો અંગે ટિપ્પણી કરતી વખતે પ્રોફે. વેબરે કહ્યું છે કે, ૨

"આ પૈજવનની મહત્ત્વપૂર્ણ કથાનું વર્ણન છે. યજ્ઞને માટે પ્રસિદ્ધ પૈજવન અથવા સુદાસ ઋગ્વેદમાં વિશ્વામિત્રનો સંરક્ષક અને વશિષ્ટનો શત્રુ બતાવવામાં આવ્યો છે તે શૂદ્ર હતો."

કમનસીબે પ્રો. વેબરને આ ફકરાનો ગર્ભિતાર્થ પકડાયો નથી. જો કે એ બીજી વાત છે પણ મારા હેતુ માટે મારે તો એટલું જ પૂરતું છે કે એમનું માનવું પણ મારા જેવું જ છે કે, પૈજવન 'શૂદ્ધ' હતો અને મહાભારતનો પૈજવન અને ઋગ્વેદનો સુદાસ અલગઅલગ વ્યક્તિ નથી પણ એક જ છે.

---3---

પૈજવન કે સુદાસ અંગે આપણે શું જાણીએ છીએ? નીચેની વિગતો એના બાબતે ઉપલબ્ધ છે.

(૧)સુદાસ ન તો દાસ હતો કે ન તો આર્ય હતો. દાસ અને આર્ય એના શત્રુઓ હતા. ૩ એનો અર્થ એટલો જ થયો કે તે વૈદિક આર્ય હતો.

(૨) સુદાસનો પિતા દિવોદાસ હતો. તેને બહયાશ્વ રાજાએ દત્તકપુત્ર તરીકે લીધો હતો.૪

૧. મ્યોર પ્રોફે. ગ્રંથ ૧, પૃ. ૩૬૬.
૨.પ્રોફે. વેબર ઋગ્વેદ ગ્રંથ ૭,પૃ. ૮૩.૧
૩. એજન પૃ.૬૧.૧
૪. ઋગ્વેદમાં ઉલ્લેખિત સુદાસની વંશાવળી બાબતે કેટલીક અડચણો અનુભવાય છે કે જે દેવવતને દિવોદાસ સાથે એકરૂપ બનાવવાથી ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ મુશ્કેલી#૧ મહદ્અંશે શ્લોકો ૨૨-૨૩ અને ૨૫નાં ભિન્ન ભિન્ન પાઠોના કારણે ઉભી થયેલી છે.અને તેને ઉચિત રીતે એકત્રીત કરીને વાંચવાનો પ્રયાસ કોઈએ કર્યો નથી અને આ પ્રકારની દરકાર કોઈએ કરી નથી. ચિત્રીવ શાસ્ત્રીની ઋગ્વેદની આવૃત્તિમાં સમગ્ર રીતે 'પિજવન' છે. વિલ્સને ૨૨ અને ૨૩માં 'પૈજવન' અને ૨૫માં 'પિજવન' બતાવ્યું છે. વિલ્સનનો પાઠ ચોક્કસ હોવાનું જણાય છે. કારણ કે,યસ્કે પણ તેના નિરુક્તમાં પૈજવન નામના અસ્તિત્વની નોંધ લીધી છે કે જેની તેણે સ્પષ્ટતા કરવા પ્રયાસ કર્યો છે. જો ૨૫માંના વિલ્સનના પાઠને સાચા તરીકે લેવામાં આવે તો કોઈ પણ મુશ્કેલી ઉભી થઈ શકે નહીં. ત્યારે પિજવન દિવોદાસનું અન્ય કોઈ નામ જણાશે અને પૈજવન એ સુદાસનું અન્ય કોઈ નામ બની રહેશે. (લેખક)

રાજા દિવોદાસે તુર્વસ[૧] અને યદુ શંબર[૨] પરવ[૩] , કરંજ[૪] અને ગંગુ[૫] સાથે અનેક યુધ્ધો કર્યા હતા. દિવોદાસ અને તૂર્યવન સાથે યુધ્ધ થયું અને તૂર્યવન[૬] વિજયી થયો.

એવું લાગે છે કે યુધ્ધના સમયે ઇંદ્ર દિવોદાસની વિરુદ્ધમાં હતો. સુદાસે પોતાના પુરોહિત ભારદ્વાજને અનેક ભેટ-સોગાદો આપી હતી. (ઋગ્વેદ ૧:૧૧૬:૧૮૬:૧૬:૫) ભારદ્વાજે કપટ કર્યું અને તે દિવોદાસના શત્રુ તૂર્યવન સાથે મળી ગયો અને દ્રોહી પુરવાર થયો.

સુદાસની માતા વિશે કોઈ માહિતી મળતી નથી. પણ અશ્વિનીકુમારોની કૃપાથી પ્રાપ્ત એની પત્નીનું નામ સુદેવી હતું. (ઋગ્વેદ ૧:૨૧૨:૧૯).

(૩) સુદાસ રાજા હતો અને એનો રાજયાભિષેક બ્રહ્મર્ષિ વશિષ્ઠે કર્યો હતો.

રાજાઓના મહાભિષેક ઉત્સવોને સંપન્ન કરાવનારા પુરોહિતનું વર્ણન ઐત્તરેય બ્રાહ્મણમાં આ પ્રકારે મળે છે.

"ભૃગુ પુત્ર ચ્યવને મનુના પુત્ર શર્યાતિનો રાજ્યાભિષેક મહોત્સવ યોજીને કર્યો. શર્યાતિ પૃથ્વીને જીતતો જ ગયો અને તેણે અશ્વમેધ યજ્ઞ કર્યો. દેવો દ્વારા યોજાયેલ યજ્ઞસભામાં પણ સભાપતિ બન્યો હતો.

વાજરત્નના પુત્ર સામસુષમનો અભિષેક સત્રજિતના પુત્ર શાન્તનિકે કરાવ્યો હતો. એણે પૃથ્વીના અંતિમ છેડા સુધી વિજય પ્રાપ્ત કર્યો અને અશ્વમેધ યજ્ઞ કર્યો.

પાર્વત અને નારદે અંબાષ્કયનો અભિષેક કર્યો. અંબાષ્કયે સમગ્ર પૃથ્વી પર વિજય મેળવ્યો અને અશ્વમેધ યજ્ઞ કર્યો.

૧. ઋગ્વેદ ૬:૬૧ -૧,૭:૧૯-૮.
૨. એજન ૧:૧૩૦-૭;
૩. એજન ૧:૫૩ -૬૦,
૪. એજન ૯:૬:૫૩:૧૦.
૫. એજન ૯:૫૮.
૬. ઋગ્વેદ ૧:૫૩:૮,૭:૧૮:૧૩.

પાર્વત અને નારદે ઉગ્રસેનના પુત્ર યુધામ સ્ત્રોષ્ટિનો રાજ્યાભિષેક કરાવ્યો. જેણે સમસ્ત પૃથ્વીને જીતીને અશ્વમેધ યજ્ઞ કર્યો.

કષ્યપે ભુવનના પુત્ર વિશ્વકર્માનો અભિષેક કર્યો. વિશ્વકર્માએ સમગ્ર પૃથ્વી જીતી લઈને અશ્વમેધ યજ્ઞ કર્યો.

વશિષ્ટે પિજવનના પુત્ર સુદાસનો રાજયાભિષેક કર્યો હતો. સુદાસે સંપૂર્ણ પૃથ્વી જીતી લીધી હતી અને અશ્વમેધ યજ્ઞ કર્યો હતો.

અંગિરાના પુત્ર સંવતે મારુતનો અભિષેક કર્યો હતો. મારુતે સમસ્ત ભૂમંડળ પર વિજય મેળવી અશ્વમેધ યજ્ઞ કર્યો.

ઉપરોક્ત વિધાનો પરથી વશિષ્ઠ દ્વારા સુદાસના અભિષેક થયો હતો. એનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે.

'સુદાસ પ્રસિદ્ધ દાસરાજ્ઞ યુદ્ધનો નાયક હતો. આ યુધ્ધનું વર્ણન ઋગ્વેદ સાતમા મંડળમાં અનેક સૂક્તોમાં મળે છે. સૂક્ત ૮૩માં કહેવામાં આવ્યું છે કે,

(૪) હે ઇંદ્ર અને વરુણ તમે તમારા ઘાતક શસ્ત્રો ભેદથી સુદાસની રક્ષા કરી છે. યુધ્ધના અવસર પર ત્રિત્સુઓની પ્રાર્થના સાંભળો. જેથી મારી સેવા ફળદાયી પુરવાર થાય.

(૬) હે ઇંદ્ર અને વરુણ સુદાસ અને ત્રિત્સુ યુધ્ધ દ્વારા દ્રવ્યની પ્રાપ્તિ માટે તમારે શરણે આવેલા છે. જ્યારે દસ રાજાઓએ એમની ઉપર આક્રમણ કર્યું ત્યારે તમે એમની રક્ષા કરી.

(૭) હે ઇંદ્ર અને વરુણ - સંગઠિત હોવા છતાંય દસેય અધાર્મિક રાજાઓ-રાજા સુદાસની સામે ટકી શક્યા નહીં.

(૯) હે ઇંદ્ર અને વરુણ ! તમારામાંથી એક શત્રુઓનો સંહાર કરે છે અને બીજો ધાર્મિક અનુષ્ઠાનોનું રક્ષણ કરે છે. અમે સ્તુતિના માધ્યમથી તમારું આહ્વાન

કરીએ છીએ. અમારી ઉપર કૃપા કરો.

સૂક્ત ૩૩ અનુસાર

(૨)"પાશ્દ્યુમ્નનો પરાભવ થયો એટલે સુદાસે મદિરાનો ચઢાવો કર્યો. એને ગ્રહણ કરીને ઇંદ્રને આહુતી આપી એટલે ઇંદ્રે ત્વરિત ગતિથી વાયતના પુત્ર પાશ્દયુમ્નના ભાગનો સોમરસ વશિષ્ટોના પાત્રમાં રેડી દીધો."

(૩) ત્વરિત ગતિએ સુદાસે સિંધુ નદીને પાર કરીને પોતાના શત્રુઓનું દમન કર્યું. વશિષ્ટોએ પોતાની સ્તુતિથી ઇંદ્રના દસ રાજાના આક્રમણથી સુદાસના રક્ષણ કરવા માટે રાજી કરી દીધો.

તરસથી વ્યાકુળ થયેલા, વરસાદ પડે તે પ્રાર્થના કરતા ૧૦ રાજાઓ સાથે ચાલી રહેલા યુદ્ધમાં ત્રિત્સુઓની મદદ લેનાર જે વશિષ્ટ લોકો હતા તેમણે ઇંદ્રને સૂર્યની જેમ પ્રકાશમાન કર્યો. વસિષ્ઠે કરેલી હૃદયપૂર્વકની સ્તુતિને સાંભળીને ઇંદ્રે ત્રિત્સુઓની વિશાળ પ્રદેશ બક્ષિસ આપ્યો.

સૂક્ત ૧૯માં બતાવવામાં આવ્યું છે કે,

(૩) હે ઇંદ્ર તમને તમામ પ્રકારના નૈવેદ્યો અર્પિત કરનાર સુદાસની રક્ષા કરી છે. તમે પેરુકુત્સના પુત્ર ત્રિસદસ્યુ અને પુરુને પૃથ્વી પર આધિપત્ય સ્થાપિત કરવા માટે યુદ્ધમાં શત્રુઓથી બચાવ્યો.

(૬) હે ઇંદ્ર, દાની સુદાસ પર તમારી અનંત કૃપાઓ છે. હું તમારા શક્તિશાળી અશ્વથી જમીન ખેડુ છું. અમારી સ્તુતિ આરાધ્યો સુધી પહોંચતી કરો.

સાતમાં મંડલના સૂક્ત ૧૮ માં કહેવામાં આવ્યું છે કે,

(૫) પૂજનીય ઇંદ્રે (પારુઢણીનાં) જાણીતાં ઊંડા જળને સુદાસ માટે પાર કરી શકાય તેવા છીછરાં બનાવ્યા અને યજ્ઞ કરનાર મનમાં આરાધનામયી જે ભાવના જાગૃત થઈ હતી તેનું રૂપાંતર ઇંદ્રે નદીના ઊંડા જળના વમળોમાં કર્યું.

(૬) યજ્ઞવિધિ કરવામાં તત્પર એવો આગેવાની કરનાર તુર્વશા દ્રવ્ય માગવા માટે સુદાસને ત્યાં ગયો. પરંતુ મત્સ્ય જે પ્રમાણે જળ પ્રવાહની શક્તિને જોઈ સ્થગિત થઈ જાય છે તે પ્રમાણે ભૃગુ અને દ્રુહ્યુએ તેને રોકી રાખ્યો. સુદાસ અને ઈંદ્ર બન્ને મિત્રો બધે જ એકબીજા સાથે જાય છે. ઇંદ્રે સુદાસને સંકટમાંથી ઉગારી લીધો.

(૭) જેઓ દ્રવ્ય પ્રાર્થના વ્યવસ્થિતપણે ટકાવી રાખે છે, જેઓ તપ કરવાથી પરાવૃત થાય છે, જેઓ હાથમાં શૃંગ ધારણ કરે છે, જેઓ યજ્ઞ કરીને વિશ્વમાં સ્વપ્ન સુખ પ્રસરાવે છે; જે લૂંટારાઓ આર્યોનાં પશુઓ ઉઠાવી ગયા હતા તે તેમની પાસેથી ઈંદ્ર પાછા લાવ્યો અને જે ઇંદ્રે યુદ્ધમાં શત્રુનો નાશ કર્યો તે ઈંદ્રની સ્તુતિ કરી તેની મહત્તામાં વધારો કરો.

(૮) સુદાસની હીન મનોવૃત્તિના અને મૂર્ખ એવા શત્રુની હિત પારુષ્ણી નદી ઓળંગી તેનાં તીર નષ્ટ કર્યા. પરંતુ પોતાના ગૌરવે તે આ પૃથ્વી પર સંચાર કરે છે. અને બલિદાન આપેલા પશુની જેમ નીચે પડી રહે છે; તે પ્રમાણે ચયમાનનો પુત્ર કવિ મૃત્યુના ખોળે સૂએ છે.

(૯) જળ પોતાનાં માર્ગમાં સરળ રીતે વહીને પારુષ્ણી નદીને મળ્યાં. તે આમ તે વહી જઈ બીજે ક્યાંય ગયા નહીં. સુદાસ રાજા જુદી જુદી જગ્યાએ સરળ રીતે હલ્લો કરતો આવ્યો અને સુદાસની વિરુદ્ધ બડબડ કરનારા શત્રુઓ અને તેમના અસંખ્ય કુટુંબીઓને ઈંદ્રે જીતીને સુદાસના પ્રજાજનો બનાવ્યાં.

(૧૦) વિવિધરંગી પશુઓ રાખનારાં પૃષ્ણીએ મોકલાવેલા અને પોતાના મિત્ર ઇંદ્રને ભેટયાંનું યાદ આવતા તે ગોપાલક ન હોવા છતાં જેમ પશુ ચરામાંથી ઘેર પાછું આવે તે પ્રમાણે તે આવ્યો. તેમણે નિયુક્ત અશ્વ ઝડપથી લાવીને શત્રુ પર છોડયો.

(૧૧) નાયક ઇંદ્રે કીર્તિની મહત્વાકાંક્ષા ધરાવતા મરુતો રાજાની સહાય માટે

ઉત્પન્ન કર્યા. જેમ પુરોહિત પવિત્રદાસને યજ્ઞકુંડમાં હોમે છે તેમ ૨૧ માણસોનો (પારુષ્ણીના) બે કિનારાઓ પર વધ કર્યો.

(૧૨) હે ! મેઘગર્જનાને ધારણ કરનારા ઈંદ્ર, તેં તારી ભક્તિ કરનારા, તારી કીર્તિ ગાનારા અને તારી દોસ્તી ઈચ્છનારા લોકોને માટે કળશ, વૃદ્ધ અને પાછળથી દ્રુહ્યુ જળમાં ડુબાડી દીધા હતા. તેનો આનંદ માણ.

(૧૩) ઈંદ્રે તેની સર્વશક્તિથી તેમના બધા જ મજબૂત કિલ્લાઓ અને તેમનાં સાતેય (પ્રકારનાં) નગરો તોડી પાડ્યા અને તેને નષ્ટ કર્યા. તેણે અનુનું રહેઠાણ ત્રિત્સુને આપ્યું છે; આપણે (ઇંદ્રની પ્રાર્થના - યશોગાન ગાઈને) યુદ્ધમાં તે અનિષ્ટભાષી મનુષ્યને પરાસ્ત કરીએ.

(૧૪) પશુઓ (ઉઠાવી જવાનો) ઈરાદો ધરાવતા પવિત્ર (સુદાસ) પ્રત્યે યુદ્ધખોર અનુઓ અને દ્રુહ્યુઓના લડવૈયાઓ ૬૬૬૬૦ની સંખ્યા સામે નાશ પામ્યા. ઈંદ્રના આવા બધા પરાક્રમી કૃત્યો છે.

(૧૫) આ યુદ્ધખોર ત્રિત્સુઓ અજ્ઞાનપણે ઈંદ્ર સાથે લડતા રહ્યા અને નીચે વાસના માર્ગે જેમ નદીઓ વહે છે તે પ્રમાણે ભાગતા ગયા અને પરાસ્ત થતાં ગયા. અને બેશુદ્ધ થઈ જતાં તેના બધા અધિકારો સુદાસના સોંખ દઈને નાસી છુટયા.

(૧૬) ઇંદ્રે ઇંદ્રના વડીલ સાથી (અને) યજ્ઞ કરનાર વીરનાયક (સુદાસ)ના યુદ્ધખોર હરિફોને પૃથ્વી પર વેરણછેરણ કરી દીધાં છે; ઈંદ્રે રોષ પૂર્ણ શત્રુઓના રોષને નષ્ટ કરીને (સુદામ સામે) આગળ વધતા શત્રુને પણ મિટાવી દીધો છે. (અને) લડાઈના માર્ગે આગળ વધ્યો છે.

(૧૭) ઈંદ્રે અસંખ્ય શત્રુઓને શરણાગતિમાં લાવી પરાધીન બનાવી દીધા છે; કોઈક વાર અથવા અન્ય સમયે ઝનુની ભેદને શરણે લાવી સેવક બનાવ્યો છે કે, જે ઇંદ્ર દુશ્મનના માણસોને દુષ્ટ ગુનેગાર તરીકે પકડીને તારી પ્રસંશા અને સ્તુતિ

કરતા કર્યા છે; હે ઇંદ્ર, તારો વજ્રઘાત એની ઉપર કર,

(૧૮) ઇંદ્રે કોઈ દરિદ્ર-કંગાળ દ્વારા કોઈ મૂલ્યવાન (દાન) કરાવ્યું છે; તેણે એક બકરા દ્વારા સિંહની કતલ કરાવી છે : તેણે સોયથી યજ્ઞ પીઠના ખૂણાઓ કાપી નાખ્યા છે; તેણે (દુશ્મનના) બધા અનિષ્ટો સુદાસના શરણે કરી દીધાં

(૧૯) યમુના તટના નિવાસીઓ, ત્રિસ્તુઓએ યુધ્ધમાં ભેદનો વધ કરવા બદલ ઇંદ્રની અભ્યર્થના કરી. અજ, શિગ્રુ અને યક્ષ લોકોએ ઇંદ્રના માનમાં યજ્ઞ કર્યો અને અશ્વોના માથાઓનો બલી ચઢાવ્યો.

(૨૦) હે ઈંદ્ર પ્રભાતની જેમ તારા ઉપકારો અને અસંખ્ય દાન-દક્ષિણાની જૂનાં કે નવાની ગણતરી કરી શકાય તેમ નથી. તેં માન્યમાનના પુત્ર દેવાકનો વધ કર્યો હતો અને તારી પોતાની ઈચ્છાથી શંબરને વિશાળ (પર્વત) પરથી નીચે ધકેલી દીધો છે.

આ યુદ્ધમાં સુદાસની વિરુધ્ધ લડનારા રાજાઓ આ પ્રકારે છે.[૧]

(૧) શિન્યુ (૨) તુર્વસુ (૩) દ્રુહ્યુ (૪) કવષ (૫) પુરુ (૬) અનુ (૭) ભેદ (૮) શમ્બર (૯) વૈકર્ણ (૧૦) વૈકર્ણબીજો (૧૧) યદુ (૧૨) મત્સ્ય (૧૩) પકથ (૧૪) ભાલનાસ (૧૫) અલીન (૧૬) વિંશાનન (૧૭) અજ (૧૮) સિનિ (૧૯) શિગ્રુ (૨૦) યાક્ષુ (૨૧) યુધ્યામધિ (૨૨) યદ્વર (૨૩) દેવકમન્ય માન્ય (૨૪) ચ્યમન કવિ (૨૫) સુતુક (૨૬) ઉવથ (૨૭) શ્રૂત (૨૮) વિદર્ભ (૨૯) મન્યુ (૩૦) પૃથ.

આ યુધ્ધ ખરેખર તો એના નામ કરતાંય મોટું હોવાની સંભાવના છે. ભારતીય આર્યોના ઈતિહાસની ઘટના જરૂર હતી. આ યુધ્ધનો વિજેતા સુદાસ પોતાના સમયનો અનન્યતમ નાયક કહેવાતો હતો. એમાં શંકાને માટે સ્થાન નથી. યુદ્ધનું કારણ શું હતું? એની તો ખબર પડતી નથી.

ઋગ્વેદ #(VII ૮૩ : ૭)માં સુદાસના વિરોધી રાજાઓને અધર્મી કહેવામાં આવ્યા છે. સંભાવના તો એવી છે કે આ ધર્મયુદ્ધ હતું.

૧. આ યાદી ચિત્રવ શાસ્ત્રોના પ્રાચીન ચરિત્રકોષ પૃ. ૬૨.૪માંથી લેવામાં આવી છે. બધા નામો રાજાઓના છે કે કેમ તે અંગે કોઈ સર્વસંમતિ નથી. સાયણાચાર્ય કહે છે કે; ૧૩-૧૬. એ પુરોહીતોના નામ છે. ૨૭-૨૯ બાબતમાં પણ શંકા છે.

(૪) સાયણાચાર્ય અને પરંપરાગત લોકોકિત અનુસાર ઋગ્વેદમાં નીચે લખેલા મંત્રોના રચનારાઓ નીચે પ્રમાણેના રાજાઓ હતા.

(૧) વિતહવ્ય (ભારદ્વાજ) ૧૦ : ૯.

(૨) અમ્બીય (ત્વષ્ટ્રિનો પુત્ર ત્રિસરસનો પુત્ર સિંધુ દ્વિપ) ૧૦:૭૫

(૩) પ્રિયમેઘનો પુત્ર સિંધુક્ષિત.

(૪) પિજવનનો પુત્ર સુદાસ.૧૦ : ૧૩૩

(૫) યુવનાશ્વનો પુત્ર મોંઘાંત્રી ૧૦ : ૧૭૯

(૬) ઉશિનરનો પુત્ર શિબિ; કાશીના રાજા દિવોદાસનો પુત્ર પ્રર્તાદન, રોહિદાશ્વનો પુત્ર વસુમાનસ મંત્ર ૧૦ : ૧૪૮ નો રચિયતા પૃથિવૈન્યને ગણવામાં આવે છે. ઉપરોક્ત કોઠામાં સુદાસનું નામ વૈદિકમંત્રોના સૃષ્ટા તરીકે જોવા મળે છે.

(૫) ઋગ્વેદના મંત્ર (૩ : ૫૩) અનુસાર સુદાસે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો.

(૯) મહામુનિ, દેવજનો ઉતપન્ન કરનાર વિશ્વામિત્રે સુદાસનો અશ્વમેધ યજ્ઞ કરાવ્યો હતો. જ્યારે યજ્ઞ સંપન્ન થયો ત્યારે નદીઓનો પ્રવાહ પણ થંભી ગયો હતો અને ઇંદ્રની સાથે કૌશિકો પ્રસન્ન થયા હતા.

(૧૧) હે કુશિક ! તમે આગળ વધીને સુદાસને તુરંગોનું ઉત્સાહવર્ધન કરો અને રાજાઓનું ધન જીતી લેવા માટે પ્રવૃત કરો. દેવરાજ ઇંદ્રે વૃતનો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં વિનાશ કરી દીધો છે. એટલે પૃથ્વીના પવિત્ર સ્થળો પર સુદાસ ઇંદ્રની પૂજા કરે.

(૬) પોતાની દાનવૃત્તિ માટે પ્રસિધ્ધ સુદાસ અતિથિમ્બના નામથી ઓળખવામાં આવતો હતો. બ્રાહ્મણો એનું યશોગાન ગાતા હતા. ઋગ્વેદમાં આ અંગેનો

ઉલ્લેખ છે જે જોઈએ !

ઋગ્વેદમાં એનો ઉલ્લેખ જોઈએ.

ઋગ્વેદ (૧:૪૭:૬) હે આવેશપૂર્ણ આશ્વિન, સુદાસને પોતાના રથમાં ભરીને ધન આપો. સમુદ્ર અથવા આકાશમાંથી જે મહામૂલી તે સંપત્તિ અમને મોકલી આપો. જેથી અમોને અપાર દક્ષિણા મળે.

૧:૬૩:૭: "પૂરુકુત્સના સાત નગરોના વિધ્વંસક -સુદાસની વિપતિ - નિવારક ઇંદ્ર, હવે પુરુ ઉપર દ્રવ્ય વર્ષા કરો." ૧:૧૧૨:૧૯: હે આશ્વિન, સુદાસને તેજ અને બળ પ્રદાન કરનારી શક્તિની સાથે પધારો.

૭:૧૯:૧૩: હે ઇંદ્ર, સુદાસે સ્તુતિ કરી તેથી તમે તમામ પ્રકારે સહાયતા પ્રદાન કરીને એનું રક્ષણ કર્યું. તમે પુરુકુત્સના પુત્ર ત્રિદસ્યુને બચાવ્યો. પુરુએ પોતાના શત્રુઓનો વધ કર્યો એમાં તમે પુષ્કળ મદદ કરી."

૭:૨૦:૨ વૃત સંહારક ઇંદ્ર પોતાના ભક્તોનું રક્ષણ કરે છે. સુદાસને સ્થાન (સન્માન) આપે છે અને પોતાના ભક્તોને ધન આપે છે.

૭:૨૫:૩ સુદાસની સો વાર સહાયતા કરો. એક સહસ્ત્ર મનોવાંછિત ઉપહાર આપો. સમૃદ્ધિ પ્રદાન કરો. અમને યશ અને દાન આપો.

૭:૩૨:૧૦ ઇંદ્ર અને મરુતગણથી રક્ષિત સુદાસના રથને રોકવાની શક્તિ કોઈનામાં નથી. તે પશુઓથી ભરેલા ઘાસના જંગલોમાં નિર્દ્વન્દ્વ વિચરણ કરે છે.

૭:૫૩:૩ હે આકાશ અને વસુંધરા, સુદાસનું રક્ષણ કરો. હે આરાધ્ય દેવગણ અમે દેવતાઓ પ્રત્યે કોઈ અપરાધ ન કરીએ. હે આર્યમાણ, અમને અમારા શત્રુઓથી મુક્તિ આપાવો. હે બળવાન દેવજનો, સુદાસને વિસ્તૃત પ્રસાર પ્રદાન કરો.

૭:૬૦:૮ અદિતિ, મિત્ર અને વરુણ સુદાસ (અથવા ઉદાર વ્યક્તિ) ને

સલામત રક્ષણ પૂરું પાડે છે અને તેને સંપત્તિના વરદાન આપે છે ત્યારે હે સર્વશક્તિમાન દેવતાઓ, અમે દેવો સામે કંઈ પણ અપરાધ કરીશું નહિ.

ઉપરોક્ત પ્રસંગો ઋગ્વેદમાંથી સંકલિત અને મહાભારતના શાંતિપર્વમાં વર્ણિત પૈજવનના જીવનવૃતના કેટલાક પ્રસંગો છે.

ઋગ્વેદથી આપણને એ વાત ખબર પડે છે કે, એનું વાસ્તવિક નામ સુદાસ હતું. મહાભારતમાં એને 'શૂદ્ર' બનાવવામાં આવ્યો છે. જે એકદમ નવી જ વાત છે. શૂદ્રનું આર્ય હોવું, શૂદ્રનું ક્ષત્રિય હોવું અને શૂદ્રનું રાજા હોવું, એનાથી અધિક વિસ્મયજનક બીજું શું હોય શકે? આત્મચરિત્રના આ મુખ્ય મુદ્દાઓની શોધ સમાપ્ત કરતા પહેલા આપણે ત્રણ મહત્વનાપ્રશ્નોનો વિચાર કરવો પડશે.

(૧) શું સુદાસ આર્ય હતો?

(૨) જો સુદાસ આર્ય હતો તો પણ એની જાતિ (tribe) કઈ હતી?

(૩) જો સુદાસ શૂદ્ર હતો તો શૂદ્રનો સૂચિતાર્થ શું થાય છે?

આપણે બીજા પ્રશ્નથી જ શરૂઆત કરીએ. ઋગ્વેદમાં ત્રિત્સુ, ભરત, તુર્વષ, દ્રત્યુ, યદુ, પુરુ અને અનુ વગેરે અનેક જાતિઓનું વર્ણન છે. ઋગ્વેદની જ સાક્ષી અનુસાર સુદાસનો સંબંધ પુરુ, ત્રિત્સુ અને ભરત જાતિઓથી હતો. એટલે આપણી ચર્ચા અને શોધ આ ત્રણ જ જાતિઓ પૂરતી સીમિત રાખવી ઉચિત અને ઉપયોગી બની રહેશે.

ઋગ્વેદમાં 'સુદાસ' અને ત્રિત્સુઓનો સંબંધ આ પ્રકારે બતાવવામાં આવ્યો છે.

(૧) મંત્ર ૧:૬૩:૭માં દિવોદાસને પુરુઓનો રાજા કહેવામાં આવ્યો છે.

(૨) મંત્ર ૧:૧૩૦:૭માં દિવોદાસને 'પૌરવ' કહેવામાં આવ્યો છે. એટલે તે પુરુ જાતિનો છે એવું કહેવામાં આવ્યું છે.

(૩) મંત્ર ૭:૧૮:૧૫ અનુસાર ત્રિત્સુઓના સ્થાનો પર આક્રમણો કર્યા એટલે ત્રિત્સુઓ ભાગી ગયા અને એમની સંપત્તિ સુદાસના હાથમાં આવી.

(૪) મંત્ર ૭:૮૩:૬ અનુસાર સુદાસ અને ત્રિત્સુ દાસરાજ્ઞ યુધ્ધમાં એક પક્ષે હતા પણ એમને અલગ અલગ બતાવવામાં આવ્યા છે.

(૫) મંત્ર ૭:૩૫:૫માં "સુદાસ ત્રિત્સુઓનો રાજા થયો" એવું દર્શાવવામાં આવ્યું છે.

(૬) મંત્ર ૭:૩૩:૬માં ત્રિત્સુ અને ભરતને એક ગણવામાં આવ્યા છે.

(૭) ૬:૧૬:૪:૬:૧૧માં સુદાસના પિતાને 'ભરત' જાતિનો કહ્યો છે.

ઉપરોક્ત બાબતોથી એવું જાણી શકાય છે કે, પુરુ, ત્રિત્સુ અને ભરત કાં તો એક જાતિની શાખાઓ હતી અથવા ભિન્ન જાતિઓ હતી? ત્યારે સ્વાભાવિક રૂપે જ એવો પ્રશ્ન પેદા થાય છે કે સુદાસની જાતિ (tribe) કઈ હતી? અને એવું માનીને ચાલીએ કે સમય પસાર થવાની સાથે એક થઈ ગઈ. તો પણ આ પ્રશ્ન તો ઉભો જ રહે છે. સુદાસની જાતિ કઈ હતી? એનો નિર્ણય કરીએ તો પુરુઓ અને ભરતોના સંબંધોને જોતા બેમાંથી તે કઈ જાતિનો હતો એ કહેવું મુશ્કેલ છે.

છતાંય 'દિવોદાસ'ને ભરત કહેવામાં આવ્યો છે એટલે સુદાસ પણ ભરત હતો એવું કહી શકાય.

હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે 'ભરત' લોકો કોણ હતા? જેમના નામથી આ દેશનું નામ ભારત ભૂમિ પડ્યું એ લોકો હતા? આ પ્રશ્ન મહત્વનો છે. કારણ કે; અધિકાંશ લોકોને સત્ય હકીકતોની ખબર જ નથી. હિંદુઓ જ્યારે ભારતવર્ષની ચર્ચા કરે છે ત્યારે એમના માનસમાં દુષ્યંત અને શંકુતલાનો પુત્ર ભરત રહેતો હોય છે. તેઓ અન્ય કોઈ ભરતને તો જાણતા જ નથી. એટલે એવું જ માને છે કે દુષ્યંતપુત્ર 'ભરત' ના નામ પર દેશનું નામ 'ભારત' પડ્યું છે.

બે ભરત જાતિઓ એકબીજાથી તદ્દન ભિન્ન હતી. એક દૈષ્યન્તિ ભરત છે જેનું વર્ણન મહાભારતમાં આવે છે. અને બીજી ઋગ્વેદમાં વર્ણિત ભરત જાતિ છે, જેના વંશજોમાં મનુ ભરત વગેરે આવે છે. જેમાં સુદાસ પણ છે. આ દેશનું નામ 'ભરતો'ના નામ ઉપરથી જ 'ભારત' પડ્યું છે. દૌષ્યંતિ ભરતના નામે નહિ, એ સ્પષ્ટતા થઈ જવી જોઈએ. ભાગવત પુરાણમાં એનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે જે નીચેના શ્લોકોને આધારે પુરવાર કરી શકાય તેમ છે.[૧]

પ્રિયંવદો નામ સૂતો નમો: સ્વાયં ભુવસ્ય હ. |

તસ્યાગની ધ્રસ્તતો નાભિઋષભશ્ચ સુતસ્તત: ||

અવતીર્ણ પુત્રશતં તસ્યાસીદ્રભા પારગમ્ |

તેશાં વૈ ભરતો જ્યેષ્ઠો નારાયણપરાયણ: ||

વિખ્યાતં વર્ષમેતાદ્યાન્નાન્મા ભારતમૃત્તપ્રમ ||

(સ્વયંભૂના પુત્ર મનુને એક પુત્ર પ્રિયંવદ હતો, એનો પુત્ર અગ્નિધ્ર થયો. અગ્નિધ્રનો પુત્ર નાભિ અને નાભિનો પુત્ર ઋષભ થયો. ઋષભને સો પુત્રો થયા. તેઓ વેદજ્ઞાતા હતા જેમાં નારાયણનો પરમભક્ત ભરત જ્યેષ્ઠ હતો. એના નામ પરથી આ દેશનું નામ "ભારત" પડ્યું.)

ઉપરોક્ત શ્લોકથી ખબર પડે છે કે; સુદાસ ક્યા પ્રતાપી રાજાઓનો વંશજ હતો.

હવે આપણેએ વાતની તપાસ કરવાની રહે છે કે સુદાસ આર્ય હતો કે નહિ. 'ભરત' આર્યો હતા એટલે સુદાસ પણ આર્ય હોવો જોઈએ.

ઋગ્વેદના મંત્ર ૭:૧૮:૭ જોઈએ તો સુદાસ આર્ય હતો એના અંગે શંકા પેદા થાય છે. કારણ કે એના ઉપરથી એવું પ્રતિત થાય છે કે, ત્રિત્સુ આર્યો નહોતા. આ શ્લોક અનુસાર ઇંદ્રે ત્રિત્સુઓને મારીને આર્યોનું રક્ષણ કર્યું. ત્રિત્સુઓને

૧.જો વૈદ્ય દ્વારા ઉલ્લેખિત મહાભારત ઉપસંહાર પૃ. ૨૦૦ જુઓ.

'અનાર્ય' કહેવામાં આવ્યા એટલે તો ગ્રિફિથ પણ મૂંઝવણમાં મુકાઈ ગયા હતા. આવું થવાનું કારણ એ છે કે, ઉપરોક્ત મંત્રનો શાબ્દિક અર્થ લેવામાં આવ્યો છે. કારણ કે તેઓ એ વાત ભૂલી ગયા છે કે; ઋગ્વેદમાં ધર્મ અને જાતિના આધારે બે ભિન્ન પ્રકારના આર્યો હતા. અને બે જાતિઓનું વર્ણન જોવા મળે છે. જે હકીકતો ઉપલબ્ધ છે એના આધારે તો એવું લાગે છે કે, આ મંત્રની રચનાના સમયે ત્રિત્સુ અને આર્ય - ધર્મના આધારે એક થઈ શક્યા નહોતા. અને છતાંય એનો અર્થ એવો તો કદાપિ છે જ નહીં કે, તેઓ આર્ય નહોતા. તેઓ 'આર્ય' હતા જ. એ વાત પણ નિર્વિવાદ છે કે; સુદાસ ભરત હશે અથવા ત્રિત્સુ આર્ય હશે !

અંતિમ પ્રશ્ન એ છે કે 'શૂદ્ર'નો અર્થ શું છે? એ શું સૂચવે છે? સુદાસને શૂદ્ર સિદ્ધ કરતા જ શબ્દનો અર્થ જ બદલાઈ જાય છે. પૂર્વેના શોધકર્તાઓને માટે આ નવી શોધ ખરેખર આશ્ચર્યજનક છે. કારણ કે, તેઓ એવું માનીને આગળ વધ્યા હતા કે તેઓ "અસભ્ય અને જંગલી આદિમ જાતિઓ જ શૂદ્ર હતી" એનું કારણ એટલું જ છે કે, વૈદિક આર્યોની સામાજિક સંરચનાઓ પૂરેપૂરી રીતે અધ્યયન પૃથ્થકરણ અને શોધ કરવામાં આવી નથી.

પ્રાચીન સમયમાં જાતિ-ઉપજાતિ, કુલ અને ગોત્રના આધારે અનેક નાનાં-નાનાં સમૂહો હતા અને તે વિભાજીત હતા. એટલે એ કહેવું મુશ્કેલ છે કે; શૂદ્ર કોઈ જાતિ, કુળ કે વંશનું નામ હતું.

મારા પોતાના વિશે કહું તો; મારી સ્થિતિ પણ આ અનિર્ણાયક સ્થિતિથી ભિન્ન નથી. કારણ એ છે કે, વૈદિક આર્યોની સામાજિક વ્યવસ્થાનો અભ્યાસ હજુ કરવાનો બાકી છે. પ્રાથમિક આદિમ સમાજોના અભ્યાસ પરથી આપણે જાણીએ છીએ કે, તેઓ જૂથોના સંગઠિત છે અને તેઓ જૂથો તરીકે વર્તે છે.

તે જૂથ વિવિધ પ્રકારના છે. કુળ - વંશ - કબીલા સમૂહ (Phratries) - ભાવના આધારિત સમૂહો, ટોળી સમૂહોને જાતિ હોય છે. કેટલાક કિસ્સાઓમાં

જાતિ એ પ્રાથમિક એકમ હોય છે અને બીજાઓમાં ધર્મ કે ભાવનાયુક્ત સમૂહો હોય છે. કેટલાક કિસ્સાઓમાં જાતિઓને કબીલા સમૂહોમાં પેટાવિભાજિત કરવામાં આવે છે. બીજા કિસ્સાઓમાં કોઈ વંશ - કબીલા સમૂહો હોતા નથી. તે કોઈ ગોત્રવિહિન જાતિ હોય છે.

કોઈ એક પૂર્વજના વંશ-વારસાને કુળ-વંશ-કબીલા સમૂહ આવરી લે છે. તે સામાન્ય વંશની ભાવનાથી એકત્રિત રહે છે. કબીલા સમૂહો ઘણીવાર સામાન્ય સામાજિક અને ઉત્સવજન્ય હિતો મારફતે સંકળાઈને મોટાં એકમો બને છે. આવા મોટા એકમો કબીલા સમૂહના બંધુ સમાજ બને છે. બંધુ સમાજની અંદરનું બંધન પ્રમાણમાં નરમ હોઈ શકે છે. એમાં જૂથ સમૂહોમાં દરેક કબીલા સમૂહને એક યા બીજા મોટાં એકમોના ભાગ તરીકે માન્ય કરવામાં આવે છે. પરંતુ જૂથસમૂહો કોઈ પણ પેટા-વિભાજન વિના પણ થાય છે. એટલે કે સમગ્ર કબીલા સમૂહના બે વંશ સમૂહો હોઈ શકે છે. આ બધી સંસ્થાઓ તે કબીલા સમૂહો, ભાતૃભાવ સમૂહો, ટોળીઓ કે જાતિઓ ગમે તે હોય, પરંતુ તે બધા જ લોહીના સંબંધ પર આધારિત હોય છે.

વૈદિક આર્યો, નિ:શંકપણે સામાજિક સંસ્થાઓના આવા જ કોઈ પ્રકારો ધરાવતા હતા. તે નીચે પ્રમાણે નામસૂચિ પરથી સ્પષ્ટ થાય છે.

પ્રોફે. સેનાર્ત દ્વારા આ બાબતમાં સૂચિત કરાયું છે કે;

"વેદની ઋચાઓ બાહ્ય અને સામાજિક જીવનની વિગતોની બાબતમાં ઘણી જ અનિર્ણાયક - અચોક્કસ છે. તેમનામાંથી આપણને ઓછામાં ઓછું એટલું જોવા મળે છે કે, આર્યપ્રજા સંખ્યાબંધ જાતિઓ અથવા નાનકડા પ્રજાસમૂહો (ગણો)માં વિભાજીત હતી. તે સમૂહો લોહીની સગાઈના બંધનથી એકત્રિત કબીલા સમૂહો (વીશ)માં પેટા વિભાજીત પણ થતા. કે જે વારા પ્રમાણે કુટુંબોમાં પણ વિભાજિત થઈ જતા હતા. ઋગ્વેદની વ્યુત્પતિ આ બાબતમાં કંઈક અનિર્ણાયક છે; પરંતુ સામાન્ય હકીકત સ્પષ્ટ છે. [૧] દા.ત. 'સજાત'નો

૧. એમિલી સેનાર્ત, કાસ્ટ ઇન ઈંડિયા પૃ. ૧૯૨

અર્થ જાતિ'માં લોહીની સગાઈ ધરાવતો અથવા સાથીદાર થાય છે. જ્યારે અર્થર્વવેદમાં તેનો અર્થ વંશસમૂહ (વીસ) માં માંથી સૂચિત કરે છે.

'જન (ગણ) કે જે વ્યાપક અર્થ ગ્રહણ કરે છે તે 'અવેસ્તાના' કલાન 'ઝન્તુ' અને 'જાતિ' અથવા 'જ્ઞાતિ'ની યાદ આપે છે. વ્ર(Vra), વૃજન(Vrljana), વ્રજ(Vraja) , વ્રત(Vrata) જેવા શ્રેણીબદ્ધ શબ્દો વંશસમૂહોના અથવા જાતિઓના કાં તો સમાનાર્થી અથવા પેટાવિભાજનો જણાય છે. આર્યપ્રજા એ સમયગાળામાં પ્રણાલીઓ અથવા જાતિઓ અને નિમ્મતર અથવા સમાન જૂથોનો પ્રભાવયુકત સંસ્થા સંગઠ્ઠન વ્યવસ્થાના શાસન હેઠળ રહેતી હતી. જેનો ઉલ્લેખ ઋચાઓમાં જોવા મળે છે. નામોની વિવિધતા જાતે જ એવો નિર્દેશ કરે છે કે ; આ વ્યવસ્થા કંઈક વણઉકેલ રહી હતી.

તેમ છતાં; આમાંની કઈ કબીલાસમૂહને લાગુ પડે છે, કઈ બંધુસમુહને અને કઈ જાતિને લાગું પડે છે તે નકકી કરવા માટે આપણી પાસે કોઈ પણ માહિતી નથી.[૧]

પરિસ્થિતિ તે પ્રમાણેની હોઈને, શૂદ્ર એ કોઈ વંશસમૂહ, કોઈ ટોળી, અથવા કોઈ જાતિનું નામ હતું કે કેમ તે કહેવું મુશ્કેલ છે. તેમ છતાં પ્રોફે. વેબરના તેઓ શતપથ બ્રાહ્મણ (૧ : ૧ - ૪ - ૧૨)માંથી ફકરા પર ટીકા કરે છે. ત્યારના દષ્ટિબિંદુનો ઉલ્લેખ કરવો તે રસપ્રદ છે; જેમાં તે કહે છે કે, યજ્ઞકર્તાને યજ્ઞકાર્યમાં આગળ વધવા માટે નિમંત્રણ આપતા-બોલાવતા. સંબોધનની જુદી જુદી રીતો અપનાવવી જોઈએ; કોઈ બ્રાહ્મણ હોય તો તેને 'આઓ-પધારો' એમ કહેવું. જો તે કોઈ ક્ષત્રિય હોય તો તેને "ઝડપથી આવી પહોંચો" એમ કહેવું. જો કોઈ વૈશ્ય હોય તો તેને "ઝડપથી આઓ". એમ કહેવું અને જો કોઈ શૂદ્ર હોય તો તેને ચાલ, દોડ કે દોડી આવ ! એમ સંબોધન કરવું જોઈએ.

પ્રો.વેબર કહે છે કે,[૨] "આર્યોના વંશોમાં શૂદ્રોને આમંત્રિત કરવામાં

૧.જે આર્યજાતિઓ કહેવાય છે તે તેમના ફેરફાર થતા જોડાણની દ્રષ્ટિએ કોઈ ટોળી હોય તેમ જણાય છે.

૨.મ્યોર પ્રોફે. ગ્રંથ ૧,પૃ, ૩૬૬

આવતાં હતા. કે તેઓ આર્ય- ભાષા બોલી શકતા નહોતા. પરંતુ સમજતા જરૂર હતા. મારો સ્પષ્ટ મત છે કે શૂદ્ર આર્ય જાતિના હતા જે બીજા (વૈદિક) આર્યો પહેલાં ભારતમાં આવ્યા હતા અને અહીં સ્થાયી થઈને વસી ગયા હતા."

પ્રોફે. વેબરનો ઉપરોક્ત અભિપ્રાય મસ્તકને હચમચાવી નાખનારો છે. એના પરથી એવું સિદ્ધ થાય છે કે શૂદ્રો આર્ય હતા એટલું જ નહીં તેઓ ક્ષત્રિયો હતા.

◆પ્રકરણ - ૮◆

વર્ણો ત્રણ કે ચાર?

તમામ હિન્દુઓ અને પશ્ચિમના વિદ્વાનોએ સાર્વત્રિક રીતે સ્વીકાર્યું છે કે શરૂઆતથી જ ચારવર્ણો અસ્તિત્વમાં હતી. આપણે એ વાત સિદ્ધ કરી છે કે શૂદ્રો ક્ષત્રિય હતા અને જો આ વાતને સ્વીકારીએ તો પછી વર્ણો ત્રણ જ રહેવા જોઈએ. એટલે એક નવો પ્રશ્ન ઉદભવ્યો છે કે વર્ણો ત્રણ હતા કે ચાર? શૂદ્રો ક્ષત્રિય નહોતા એવું તો કહેવું અસંભવ છે એટલે શરૂઆતમાં કેવળ ત્રણ જ વર્ણો હતા એવું માનવું પડે. સૌભાગ્યથી આપણી પાસે એવા પ્રમાણો ઉપલબ્ધ છે કે આર્યોમાં શરુઆતમાં ત્રણ જ વર્ણો હતા. મારી આ માંડણીના સંદર્ભમાં સુસંગત પુરાવાઓ મેળવવામાં હું સદ્ભાગી બન્યો છું.

પહેલું પ્રમાણ ઋગ્વેદનું છે. કેટલાક વિદ્વાનોનુ એવું માનવું છે કે ઋગ્વેદના સમયમાં વર્ણવ્યવસ્થા જ નહોતી. એમનો મત છે કે, પુરુષસૂક્ત ઘણાં સમય પછી ઋગ્વેદમાં જોડી દેવામાં આવ્યું છે. જો એવું માની લઈએ કે પુરુષસૂક્ત પાછળના વર્ષોમાં ઋગ્વેદ સાથે જોડી દેવામાં આવ્યું હતું તો પણ એવું માની શકાય તેમ નથી કે ઋગ્વેદના કાળમાં વર્ણવ્યવસ્થા નહોતી.

પુરુષસૂક્ત સિવાય પણ અનેક સ્થાનો પર ઋગ્વેદમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનો ઉલ્લેખ થયો છે અને એનું વર્ણન કરવામાં આવ્યું છે. બ્રાહ્મણોનો એક વર્ણ તરીકે ઉલ્લેખ પંદરવાર આવ્યો છે અને ક્ષત્રિયોનો ઉલ્લેખ નવવાર આવ્યો છે. પણ 'શૂદ્ર'નો ઉલ્લેખ આ અર્થમાં ક્યાંય આવ્યો નથી કે શૂદ્રો એક વર્ણ છે. જો કોઈ વિશેષ વર્ણનુ નામ 'શૂદ્ર' હોત તો ઋગ્વેદમાં એના અંગેનો ઉલ્લેખ અવશ્ય આવ્યો હોત! એટલે આપણે કહી શકીએ છીએ કે 'શૂદ્ર' નામનનો કોઈ અલગ એવી ચોથો વર્ણ નહોતી.

બીજું પ્રમાણ બ્રાહ્મણગ્રંથોમાંથી ઉપલબ્ધ થાય છે. તૈત્તરિય અને

શતપથ બ્રાહ્મણમાં પ્રમાણ મળે છે. બન્ને ત્રણ વર્ણોની જ વાત કરે છે. શૂદ્ર નામના ચોથા વર્ણનો અલગ ઉલ્લેખ બ્રાહ્મણ ગ્રંથોમાં નથી.

શતપથ બ્રાહ્મણ ગ્રંથમાં કહેવાયું છે કે **૧** (૨ : ૧:૪:૧૧) 'ભૂ' કહીને પ્રજાપતિએ પૃથ્વીનું નિર્માણ કર્યું.

ભુવ: કહીને વાયુનું અને સ્વ: કહીને આકાશનું નિર્માણ કર્યું. આ ત્રણ શબ્દો અને બ્રહ્માંડ એક સાથે બન્યાં. ત્રણેયની સાથે અગ્નિને બનાવ્યો. ભુ: ઉચ્ચારણ કરીને બ્રાહ્મણને બનાવ્યો. ભૂવઃ કહીને ક્ષત્રિય બનાવ્યો અને સ્વ: કહીને વૈશ્યનું નિર્માણ કર્યું. સૌની સાથે અગ્નિ બનાવ્યો. ભૂ કહીને પ્રજાપતિએ પોતાનુ નિર્માણ કર્યું. ભૂવ: કહીને પ્રાણીઓ બનાવ્યા અને સ્વઃ કહીને પશુઓ બનાવ્યા. દુનિયા-પ્રજાપતિ પ્રાણીઓ અને પશુઓની છે અને અગ્નિ ત્રણેય માટે છે.

તૈત્તરિય બ્રાહ્મણ ! ૧ (૩: ૧૨: ૯ :૨) કહે છે કે,

"સમગ્ર સૃષ્ટિ બ્રહ્મથી પેદા થઈ છે. ઋગ્વેદથી વૈશ્ય બન્યા. યર્જુવેદથી ક્ષત્રિયો અને સામવેદથી બ્રાહ્મણો ઉત્પન્ન થયા . એવું પ્રાચીનો દ્વારા પ્રાચીન સમયથી કહેવામાં આવ્યું છે. "

મેં આ પ્રમાણો ટાંક્યા છે. તે તારણો ઋગ્વેદ અને બે બ્રાહ્મણ ગ્રંથોના વિધાનોમાંથી ઉધૃત કરવામાં આવ્યા છે અને એમની અધિકૃતતા વેદો જેવી જ છે. વેદ અને શ્રુતિ બન્ને સ્પષ્ટપણે જણાવે છે કે; વર્ણો માત્ર ત્રણ જ હતા અને બન્ને એ વાતમાં સહમતી દાખવે છે કે શૂદ્રોનો ચોથો વર્ણ નહોતી. એટલે વર્ણો માત્ર ત્રણ જ હતા. એવા મારા તારણને સમર્થન મળે છે. એટલું જ નહીં શૂદ્રો ચોથો વર્ણ હતા એવો ક્યાંય ઉલ્લેખ નથી. શૂદ્રો (ક્ષત્રિય) બીજી વર્ણનો જ એક ભાગ હતા. એ વાતને સમર્થન પ્રાપ્ત થાય છે.

૧. મ્યોર ગ્રંથ ૧, પૃ. ૧૭.

- - ૨ - -

મારા આ પ્રમાણો વિરુદ્ધ પુરુષસૂક્તનું કથન છે. જેમાં ચાર વર્ણોનું વર્ણન જોવા મળે છે. મીમાંસાના સિદ્ધાંતો અનુસાર તો બન્નેને ગાહ્ય રાખવા જોઈએ. હવે આ બન્ને પ્રમાણોમાં કોનો સત્ય તરીકે સ્વીકાર કરવો? એ પ્રશ્ન પેદા થાય છે.

આ પ્રશ્નનો ઉકેલ કેવી રીતે શોધવો? મીમાંસાનો સિધ્ધાંત લાગું પાડીને તો એનો ઉત્તર મેળવી શકાશે નહીં. કારણ કે આ સિદ્ધાંત આપણે સ્વીકારીએ તો એવું સ્વીકારવું પડે કે પુરુષસૂક્ત ચાર વર્ણોનો સિધ્ધાંત રજુ કરે છે અને ઉપનિષદ અને બ્રાહ્મણગ્રંથો ત્રણ વર્ણનો સિદ્ધાંત રજૂ કરે છે.

#૧. મ્યોર દ્વારા ટાંકવામા આવ્યુ છે. ગ્રંથ ૧. પૃ. ૧૭.

આવું સ્વીકારવું એ તો અનિર્ણયાત્મક સ્થિતિ પેદા કરનાર બાબત છે. આ પ્રશ્નને આપણે કેનોન દ્વારા પ્રસ્થાપિત સિધ્ધાંતોથી જ ઉકેલી શકીએ. આપણે ઋગ્વેદ અને પુરૂષસૂક્તના નિર્માણનો સમય નક્કી કરવો પડે. આ બન્નેમાં પ્રથમ સર્જન કોનું થયું? શું પુરુષસૂક્ત અસલી ઋગ્વેદ પછી રચાયું? આને માટે પુરૂષસૂક્તની ભાષા અને શેષ ઋગ્વેદની ભાષાની તુલના કરવી પડશે. બધા જ વિદ્વાનોનુ માનવું છે કે પુરુષસૂક્ત પાછળના સમયમાં રચાયું છે. કોલબ્રુક'[૧] (Colebrooke)નું કહેવું છે કે,

"આ મંત્ર અર્થાત્ પુરુષસૂક્ત ભાષા છંદ અને શૈલીમાં શેષ ઋગ્વેદ કરતાં તદ્દન ભિન્ન છે. પુરુષસૂક્ત વધારે અર્વાચીન લાગે છે. આ એવા સમયે બન્યું હશે જ્યારે સંસ્કૃતભાષા અને વ્યાકરણમાં સુધારો અને શુદ્ધિ આવી હતી. એની ભાષાથી તો એવી જ ખબર પડે છે. અધિકાંશ મંત્રો પારિવારિક ભાષામાં લખવામાં આવ્યા છે અને વેદનું વર્તમાન સ્વરૂપ એવા સમયનું છે જ્યારે છંદનો પ્રયોગ થવા માંડ્યો હતો. અને સુરબધ્ધ ભાષા - જેમાં પુરાણો અને કાવ્યો

૧. મ્યોર ગ્રંથ ૧, પૃ. ૧૩.

લખેલા છે એમાં લખવામાં આવ્યું છે.

પ્રોફે. મેક્સમૂલરનું કથન છે કે,[૧]

એમાં કોઈ શંકાને સ્થાન નથી કે દસમા મંડળનો ૯૦મો મંત્ર ભાષા તથા સ્વરૂપની અને અભિવ્યક્તિની દષ્ટિએ અર્વાચીન છે. એમાં યજ્ઞની રીતિઓનું વર્ણન જોવા મળે છે. તે તાત્વિક શબ્દોનો પ્રયોગ કરે છે અને ઋતુઓનું વર્ણન ક્રમબધ્ધ રીતે કરવામાં આવ્યું છે . જેમાં વસંત, ગ્રીષ્મ અને શરદ તથા પાનખર વગેરે. અહીં જ એક મંત્ર છે જેમાં ચાર વર્ણોનો ઉલ્લેખ છે. એની ભાષા પણ એવું જ સૂચવે છે કે પુરુષસૂક્ત પાછળથી બનેલું છે.

આ રચનાનો આધુનિક સમય માટેનો ભાષાનો પુરાવો પણ એટલો જ મજબૂત છે. ઉદાહરણ તરીકે, ગરમ ઋતુ માટે ઉનાળો, ઋગ્વેદની અન્ય કોઈ પણ ઋચામાં આવતો નથી; અને વર્ષાનું નામ ચોમાસું પણ વૈદિક કવિઓના પ્રાથમિક શબ્દકોષમાં છે નહીં તે ફરી એકવાર ઋગ્વેદ (૧૦:૧૬૧:૪) માંના એક ફકરામાં આવે છે, કે જ્યાં ત્રણ ઋતુઓ શરદ, પાનખર, હેમંત, શિયાળો અને વસંત વગેરેનો બારના ક્રમમાં ઉલ્લેખવામાં આવી છે.

પ્રોફે. બેવરનું નિરીક્ષણ આ પ્રમાણે છે.[૨]

પુરુષસૂક્ત ઋગ્વેદના મંત્રોમાં સૌથી પાછળથી ઉમેરાયો હોય એવું પ્રતીત થાય છે. એ વાત એ હકીકતના આધારે પણ સ્પષ્ટ થાય છે કે, સામસંહિતામાં આમાંથી એક પણ મંત્રને લેવામાં આવ્યો નથી, એ વાત તદ્દન સ્પષ્ટ છે અને એનાથી જ આ વાતનું મહત્વ વધી જાય છે." (મારા યુનિવર્સિટીના વ્યાખ્યાનોમાં મેં જે ટકોર કરી છે એની તુલના કરો.) ખરેખર, નાઈગેય વિચારધારા (Naigeya School) પ્રમાણે (જો કે તે પણ સંભવત: ચોક્કસ નથી) પ્રથમ અર્ચિકાના સાતમા પ્રપથકમાંના પ્રથમ પાંચ શ્લોકો લીધા હોય તેમ જણાય છે. જે બાબત વિચિત્ર અને વિલક્ષણ કહી શકાય.

૧. મ્યોર ગ્રંથ ૧, પૃ. ૧૪.

૨. મ્યોર ગ્રંથ ૧. પૃ. ૧૪.

- - 3 - -

દલીલનો ઉપરોક્ત એક મુદ્દો તો છે જ. એક બીજો પણ મુદ્દો છે જેના દ્વારા એ નિર્ણય કરી શકાય કે પુરુષસૂક્ત એ અર્વાચીન છે અને એની રચના પાછળના વર્ષોમાં કરવામાં આવી હતી. આ બાબતો નિર્ણય કરવા માટે એ જાણવું જરૂરી છે કે, કેટલી સંહિતાઓમાં પુરુષસૂક્તનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે? પુરુષસૂક્તને કયાકયા રૂપમાં કયા કયા વેદે સ્વીકાર્યો છે. એ જાણવું પણ ઉપયોગી થશે.

સામવેદમાં માત્ર પાંચ જ સૂક્તોનો ઉલ્લેખ છે. વાજસનેયી સંહિતામાં પુરુષસૂક્તના શ્લોકોને સમાવ્યા છે પણ એના વચ્ચેનો તફાવત ઘણો મોટો છે. ઋગ્વેદમાં પુરુષસૂક્તના ૧૬ શ્લોકો છે. પણ વાજસનેયી સંહિતામાં ૨૨ શ્લોકો છે. કૃષ્ણ યર્જુવેદની અત્યારે ત્રણ સંહિતાઓ ઉપલબ્ધ છે. પણ એમાંની તૈત્તરિય કે મૈત્રિયાણીએ પુરુષસૂક્તને સ્થાન આપ્યું નથી. અથર્વવેદ જ એક એવો વેદ છે જેમાં ઋગ્વેદના પુરુષસૂક્તના શ્લોકોને વધતે ઓછે અંશે સ્થાન મળ્યું છે."

ભિન્નભિન્ન વેદોમાં પુરુષસૂક્તના મંત્રોની સંખ્યા, ક્રમ અને પાઠ એ ત્રણેયમાં ફેરફાર છે. વાજસનેયી સંહિતાના અંતિમ છ મંત્ર વધારાના છે, તે ઋગ્વેદ, સામવેદ અને અથર્વવેદમાં જોવા મળતા નથી. એ જ રીતે ઋગ્વેદના સૂક્તનો ૧૬ મો મંત્ર અન્ય વેદોમાં મળતો નથી. એવી જ રીતે અથર્વવેદમાં સૂક્તનો ૧૬ મો મંત્ર ઋગ્વેદમાં જોવા મળતો નથી કે યજુર્વેદમાં પણ નથી મળતો. જે પંદર મંત્રો જોવા મળે છે એ માત્ર ત્રણ વેદોમાં જ જોવા મળે છે. અને સમાન નથી કે ન તો એમનો ક્રમ સમાન છે. આ ભિન્નતા નિમ્નલિખિત કોષ્ટક ઉપરથી સ્પષ્ટ થાય છે.

આ સૂચીમાં '×'નું ચિહ્ન એ સૂચવે છે કે ; તેમાં મંત્ર નથી અને '*' ફુદડીવાળું ચિહ્ન એ બતાવે છે કે એમાં પાઠાંતર છે. જુઓ :

યજુર્વેદ	ઋગ્વેદ	સામવેદ	અથર્વવેદ
૧	૧	૩	૧
૨	૨	૫	૪
૩	૩	૬	૩
૪	૪	૪	૨
૫	૫	૭	૯
૬	૮	×	૧૦
૭	૯	×	૧૧
૮	૧૦	×	૧૪
૯	૭	×	૧૩
૧૦	૧૧	×	૧૨
૧૧	૧૨	×	૫
૧૨	૧૩	×	૬
૧૩	૧૪	×	૭
૧૪	૬	×	૮
૧૫	૧૫	×	૧૫
૧૬*	૧૬	×	૧૬*
૧૭	×	×	×

૧૮	×	×	×
૧૯	×	×	×
૨૦	×	×	×
૨૧	×	×	×
૨૨	×	×	×

જો પુરુષસૂક્ત પ્રાચીન હોત તો અન્ય વેદોમાં આ પ્રકારે સ્વતંત્રતાથી એમાં કાપકૂપ કરીને ટાંકવામાં આવ્યું ન હોત !

આ સિવાય પુરુષસૂક્ત ઋગ્વેદના મિશ્રિત ભાગમાં જ છે. જો તે પ્રાચીન હોત તો તે મુખ્યભાગમાં જોવા મળત.

આ બધી ગરબડોનો અર્થ તો એટલો જ નીકળે છે કે,

(૧) પુરુષસૂક્ત તૈતરિય, કઠ અને મૈત્રિણી સંહિતાઓમાં જોવા મળતો નથી એટલે એવું જ સાબિત થાય છે કે આ સૂકત આ સંહિતાઓ પછી જ ઋગ્વેદમાં જોડવામાં આવ્યું છે.

(૨) ઋગ્વેદ તથા યજુર્વેદના પરિશિષ્ટ ભાગમાં પુરુષસૂક્તનો ભાગ જોડવામાં આવ્યો છે. એથી પણ એવું જ સાબિત થાય છે કે, તે પાછળથી રચાયુ છે.

(૩) વેદોમાં સૂકતની કાપકૂપ મનમાની રીતે કરવામાં આવી છે અને એનો પાઠાંતર પણ કરવામાં આવ્યો છે. એટલે એટલું જ સિદ્ધ થાય છે કે, આ પ્રાચીનમંત્ર નથી કે ન તો એની એટલી પ્રતિષ્ઠા છે.

પ્રોફે. મેક્સમૂલર અને અન્ય વિદ્વાનોએ જે મંતવ્યો આ અંગે રજુ કર્યા છે એને આ વિગતો સમર્થન આપે છે. અને પુરૂષસુકત પાછળના વર્ષોમાં રચાયુ હતું એ વાત સિદ્ધ થાય છે.

- - ૪ - -

પુરુષસૂક્તની રચના શૈલીમાં પણ અંતર છે. તમામ મંત્રો વિધાન સ્વરૂપે એક સળંગસૂત્રતામાં છે પણ મંત્ર ૧૧ અને ૧૨ પ્રશ્નોત્તરીના રૂપમાં છે અને આ શ્લોકો જ ચાર વર્ણોની ઉત્પત્તિ અંગેનું સૂચન કરે છે. હવે પ્રશ્ન એ થાય છે કે વિધાન કરતી શૈલીને બદલે આ સૂત્રને પ્રશ્નોત્તરીના સ્વરૂપ શા માટે મૂકવામાં આવી? એનો એક જ ઉત્તર હોઈ શકે અને તે એ જ કે લેખક એને ભારપૂર્વક અને ધારદાર રીતે કહેવા ઈચ્છતો હશે ! એના પરથી તો એટલું જ તારણ કાઢી શકાય કે ઋગ્વેદમાં પુરુસૂક્ત ઘણાં પાછળના સમયમાં ઉમેરાયું હતું એટલું જ નહીં આ સૂક્ત વિશેષ પાછળથી જ ઉમેરવામાં આવ્યું છે.

કેટલાક સમીક્ષકોએ તો એટલે સુધી કહ્યું છે કે પુરુષસૂક્ત તો એક ષડયંત્ર છે અને બ્રાહ્મણોએ પોતાની સર્વોચ્ચતા સિદ્ધ કરવા માટે જે પુરુષસૂક્ત અને આ મંત્ર વિશેષ એમાં જોડી દીધો છે. આવી બનાવટો ઉભી કરવામાં બ્રાહ્મણોનો જોટો જડે તેમ નથી. અનેક સ્થળોએ બ્રાહ્મણોએ આવી બનાવટો આચરી બતાવી છે. પારસીના ઈતિહાસમાં કોન્ટેન્ટાઈન અને સ્પુડો આઈસોડોર ડેકેટલના દાન અંગેની બનાવટો જાણીતી છે. ભારતના બ્રાહ્મણો પણ આવી બનાવટો કરવાથી મુક્ત નહોતા. પ્રોફેસર મેકસમૂલર જેવા વિદ્વાને નોંધ્યું છે કે, ઋગ્વેદમાં ' અગ્રે ' ને બદલે 'અગ્નિ' બનાવી દઈને વિધવાઓને સળગાવી દેવાની પ્રથાનુ સમર્થન બ્રાહ્મણોએ કર્યું હતું. એ વાત તો સર્વવિદિત છે કે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સમયમા એક કેસ અંગે વાદીનો બચાવ કરવા માટે બ્રાહ્મણોએ એક આખી સ્મૃતિ રચી કાઢી હતી એટલે પુરુષસૂક્તમાં આવી બનાવટ બ્રાહ્મણોએ નહીં જ કરી હોય એવું માનવાને કોઈ કારણ નથી. આખા પુરુષસૂક્તની વાત ન કરીએ તો પણ સુકત ૧૧ અને ૧૨ પાછળથી આવી છે એ વાત નિર્વિવાદ છે.

જ્યારે વ્યવહારમાં ચાર્તુવર્ણ વ્યવસ્થા સ્થપાઈ ચૂકી હતી ત્યારે સૂક્ત ૧૧ અને ૧૨ એટલા માટે ઉમેરી દેવામાં આવી કે ચાર્તુવર્ણ વ્યવસ્થાને વેદોક્ત

માની લેવામાં આવે અને એને વેદોનું સમર્થન પ્રાપ્ત થાય.

- - ૫ - -

પુરુષસૂક્ત બ્રાહ્મણગ્રંથો પહેલાંના છે? જો પુરુષ સૂક્ત ઋગ્વેદનો ભાગ હોય તો આપણે સ્વીકારવું પડે કે પુરુષસૂક્ત બ્રાહ્મણગ્રંથો પહેલાંનું છે એટલે આ પ્રશ્નનો ઉકેલ શોધવા વિચારણા કરવી જોઈએ.

પ્રોફે. મેકસમૂલરે વૈદિક સાહિત્યના ઉદ્‌ભવનો ક્રમ આ પ્રકારે બતાવ્યો છે. પહેલા વેદની રચના થઈ પછી બ્રાહ્મણગ્રંથો અને પછી સૂત્રોની રચના થઈ. જો આ ક્રમને સ્વીકારીએ તો એ વાત પણ સ્વીકારવી પડે કે; બ્રાહ્મણગ્રંથો પહેલા વેદો રચાયા હતા. તો પછી પ્રશ્ન એ છે કે પ્રોફે. મેકસમૂલરના નિષ્કર્ષોને નિ:શંક રીતે સ્વીકારી લેવાય તેમ છે? અને જો એમને સ્વીકારી લઈએ તો આ ઉપરથી બે તારણો કાઢી શકાય.

(૧) ઋગ્વેદના સમયમાં ચાર વર્ણો હતા પરંતુ શતપથ બ્રાહ્મણના સમયમાં કેવળ ત્રણ જ વર્ણ હતા.

(૨) શતપથ બ્રાહ્મણમાં પૂરી વ્યાખ્યા છે નહીં. પહેલું પરિણામ તો પ્રત્યક્ષત: અસંભવ છે. બીજું પણ એટલા માટે જ અસ્વીકાર્ય છે. કારણ કે બન્ને બ્રાહ્મણગ્રંથોમાં વર્ણવ્યવસ્થા પૂર્ણ રૂપે વર્ણવેલી છે એટલે મેક્સમૂલરનું કથન છે કે ચારેય વૈદિક સંહિતાઓ બન્યા પછી બ્રાહ્મણગ્રંથો બન્યા. એ વાત પણ નિરાધાર છે અને માનવા યોગ્ય નથી. એનાથી વિપરીત પ્રોફે. બેલવેલકર અને રાનડેએ કહ્યું છે કે, કેટલોક અંશ વેદોનો પહેલા રચાયો અને કેટલોક પાછળથી રચાયો. બ્રાહ્મણગ્રંથોનો કેટલોક ભાગ વેદોની સમાપ્તિ પછી બન્યો હોય એ અસંભવ પણ નથી. એટલે વેદોમાં જે ત્રણ વર્ણોનું વર્ણન છે તે પુરુષસૂકત પહેલાં રચાયો હતો એ વિધાન સત્ય સાબિત થાય છે.

એટલે મને એવું તારણ કાઢવામાં કોઈ પણ મુશ્કેલી જણાતી નથી અને

વાસ્તવિક રીતે એવું સાબિત થાય છે કે, શરૂઆતમાં આર્યોમાં ત્રણ જ વર્ણો હતા. શૂદ્રો ક્ષત્રિય હતા અને ચોથો વર્ણ પાછળથી ગણાયો. ચાર્તુવર્ણનું સમર્થન કરતું પુરુષસૂક્ત પાછળથી બનાવીને ઋગ્વેદમાં જોડી દેવામાં આવ્યું. પુરુષસૂક્તમાં જે લખવામાં આવ્યુ છે એવી સ્થિતિ સદાસર્વદાથી નહોતી.

પ્રકરણ-૯

બ્રાહ્મણો વિરુધ્ધ શૂદ્રો

માંડણી (Thesis) એવી છે કે શૂદ્રો ક્ષત્રિયો હતા અને શૂદ્રોને ચોથા વર્ણમાં ગણવામાં આવ્યા કારણ કે એમણે પોતાનું સ્થાન ગુમાવી દીધું હતું એટલું કહેવા માત્રથી પ્રશ્ન હલ થઈ જતો નથી. એવું કહેવાથી એક નવો જ પ્રશ્ન ઉદભવે છે કે શૂદ્ર ક્ષત્રિયો પોતાના પદ પરથી નીચે કેવી રીતે ઉતરી આવ્યા?

આ એક નવો પ્રશ્ન છે આ પ્રશ્ન આ પહેલા રજૂ કરવામાં આવ્યો નથી. અને જે સાહિત્ય અત્યારે ઉપલબ્ધ છે એના દ્વારા આ પ્રશ્નનો ઉત્તર આપી શકાય તેમ નથી. મેં પ્રથમવાર જ આ પ્રશ્ન ઉભો કર્યો છે. કારણ કે મારી થિયરીનો આધારભૂત પ્રશ્ન જ આ છે; એટલે એનો સંતોષપ્રદ જવાબ આપવાની મારી જવાબદારી છે અને મને લાગે છે કે હું એનો સંતોષપ્રદ ઉત્તર આપી શકું તેમ છું. મારો જવાબ એટલો જ છે કે બ્રાહ્મણો અને શૂદ્રો વચ્ચે થયેલી હિંસક અથડામણોનું આ પરિણામ છે સદનસીબે આ બાબતના વિપુલ પ્રમાણો ઉપલબ્ધ છે.

-- ૧ --

આ અંગેનું સીધું પ્રમાણ એ છે કે શૂદ્ર રાજા સુદાસ અને બ્રાહ્મણ ઋષિ વશિષ્ટ વચ્ચે સંઘર્ષ થયો હતો. પરંતુ આ ઝઘડાનું કારણ ઠીક ઠીક કહી શકાય એવી રીતે મળતું નથી. જે મળે છે તે ગૂંચવાડા ભરી સ્થિતિમાં મળે છે. જે વૃતાંત મળે છે એને ટૂંકમાં અને સ્પષ્ટતાથી રજૂ કરવાનો મેં પ્રયાસ કર્યો છે. આ ઝઘડાને સમજવા માટે સૌથી પહેલાં તો વશિષ્ટ અને વિશ્વામિત્રનો સંબંધ જાણવો આવશ્યક છે.

વશિષ્ટ અને વિશ્વામિત્ર વચ્ચે કાયમી દુશ્મનાવટ રહી હતી; એવી એક

પણ ઘટના નથી જેમાં જો એક એક પક્ષે હોય તો બીજો સામે પક્ષે ન હોય! એમની વચ્ચેની દુશ્મનાવટના કેટલાક પ્રસંગો હું ટાંકવા ઈચ્છું છું. પહેલી ઘટના છે. સત્યવ્રતની જેનું બીજું નામ ત્રિશંકુ છે. હરિવંશમાં આ કિસ્સાનું વર્ણન આવે છે.[૧]

"આ સમય દરમિયાન વશિષ્ટ સત્યવ્રતના પિતાના ગુરુ હોવાને લીધે અયોધ્યાનું અને રાજમહેલનું કામ સંભાળતા રહ્યા. પરંતુ મૂર્ખતાવશ અથવા અભાગ્યવશ સત્યવ્રતનો ક્રોધ વશિષ્ટ પ્રત્યે વધતો ગયો. સત્યવ્રતે કહ્યું હતું કે "વિવાહ સપ્તપદીપૂર્ણ થતાં જ પૂરો થાય છે. જ્યારે મેં કન્યાનું અપહરણ કર્યું ત્યારે તો સાતમો ફેરો પૂરો થયો નહતો અને છતાંય તમામ ધર્મના જ્ઞાતા વશિષ્ટએ મારુ સમર્થન કર્યું ન હતું." આમ સત્યવ્રત વશિષ્ટ પર રોષે ભરાયેલો હતો. અને સત્યવ્રત એ વાત પણ સમજી શક્યો ન હતો કે એના ઉપર મૌનવ્રત શા માટે ઠોકી બેસાડવામાં આવ્યું હતું? આ મૌનવ્રતનો ઉદ્દેશ પણ એની સમજમાં ઉતર્યો નહોતો. રાજાએ આ કામ પોતાના વંશની મર્યાદા અને સન્માન રાખવા કર્યું હતું. આટલું કરવા છતાં વશિષ્ટ મહામુનિએ તેના પિતાને રોક્યા નહીં અને એના પુત્રને રાજા બનાવવાનો મનસૂબો કરી લીધો. સત્યવ્રતે બાર વર્ષ તપસ્યા કરી અને પ્રાયશ્ચિત પૂરું કર્યું અને જ્યારે એની પાસે માંસ ન રહ્યું તો ભૂખ, મૂર્ખતા અને ક્રોધવશ એણે વશિષ્ટની કામધેનું જે ઈચ્છીત તમામ પદાર્થો પૂરાં પાડનારી હતી એને મારી નાખી અને એનું માંસ ખાધું અને વિશ્વામિત્રના પુત્રને પણ ખવડાવ્યું. આથી ક્રોધિત થયેલા વશિષ્ટે એનું નામ ત્રિશંકુ રાખી દીધું કારણ કે એણે ત્રણ પાપ કર્યા હતા. જો કે ત્રિશંકુએ વિશ્વામિત્રની પત્નીને સહાયતા કરી હતી.[૨] એટલે એણે એને વરદાન માંગવા

૧. મ્યોર દ્વારા ટાંકવામાં આવ્યું છે. ગ્રંથ. ૧. પૃ ૩૭૭-૩૭૮

૨. હરિવંશમાં એમ જણાવવામાં આવ્યું કે; : આચરણમાં આવેલ બદમાસીના માઠા પરિણામ સ્વરૂપે ઇંદ્રે ૧૨ વર્ષ સુધી વરસાદ ન વરસાવ્યો તે સમયે વિશ્વામિત્રે તેની પત્ની અને બાળકોનો ત્યાગ કર્યો હતો અને સમુદ્ર કિનારે તપશ્ચર્યા કરવા ગયો હતો. અત્યંત જરૂરિયાતમંદ બનેલી તેની પત્ની, તેનાં અન્ય બાળકોના ભરણપોષણ માટે એક સો ગાયોના બદલામાં તેના બીજા પુત્રને વેચવાની તૈયારીમાં હતી. તે જ ક્ષણે સત્યવ્રતની દરમિયાનગીરીથી આ ગોઠવણ અટકાવી દેવાઈ હતી કે જેણે બાંધવામાં આવેલ પુત્રને મુક્ત કરાવ્યો હતો અને તેમને વન્ય પશુઓનું માંસ પૂરું પાડીને કુટુંબ જાળવી રાખ્યું હતું. તેના પિતાના આદેશ અનુસાર તેણે પોતે જ ૧૨ વર્ષ સુધી કોઈ મૌન પ્રાયશ્ચિત તપશ્ચર્યા કરવા માટે દિક્ષા ગ્રહણ કરી હતી.

હરિવંશમાં બીજી એક જગ્યાએ નોંધાયું છે કે ત્રિશંકુ કોઈ અપરાધને લીધે - નાગરિકોમાંથી કોઈની યુવાન પત્નીને ઉઠાવી જવાના ગુના માટે તેના પિતા દ્વારા તેને દેશનિકાલ અટકાવવા માટે દરમ્યાનગીરી કરી નહોતી. આ વિગત હકીકતનો ઉલ્લેખ કરે છે.

કહ્યુ.

ત્રિશંકુએ કહ્યું "હું આ શરીર સાથે જ સ્વર્ગમાં જવા ઈચ્છું છું. જ્યારે બાર વર્ષની અનાવૃષ્ટિનો અંત આવ્યો ત્યારે વિશ્વામિત્રે ત્રિશંકુને રાજગાદી ઉપર બેસાડ્યો અને યજ્ઞ કરાવ્યો અને દેવતાઓ તથા વશિષ્ટના વિરોધને અવગણીને એને સદેહે સ્વર્ગમાં પહોંચાડ્યો.

બીજો કિસ્સો ત્રિશંકુના પુત્ર હરિશ્ચંદ્રનો છે. આ ઘટના વિષ્ણુપુરાણ અને માર્કંડેય પુરાણમાં લખેલ છે. ઘટના આ પ્રમાણે છે.

"એક સમયે રાજા હરિશ્ચંદ્ર જ્યારે શિકાર કરી રહ્યા હતા. એમણે કેટલીક સ્ત્રીઓને રુદન કરતી સાંભળી. તે સ્ત્રીઓ વિશ્વામિત્રની તપસ્યાને કારણે વ્યાકુળ થઈને રોઈ રહી હતી. ક્ષાત્રધર્મ નિભાવવા માટે, નિઃસહાયની રક્ષા કરવા માટે અને આવેશને વશીભૂત થઈને રાજાએ ત્રાડ પાડી કે કોણ એવો પાપી છે કે, જે મારા જેવા પ્રતાપી રાજાની સામે આગને કપડામાં બાંધવાનો પ્રયાસ કરે છે? તે આજે મારા તીરોના આઘાતથી વિંધાઈને મૃત્યુને પ્રાપ્ત કરશે."

રાજાનું કથન સાંભળીને વિશ્વામિત્રને ક્રોધ આવ્યો અને તેની શસ્ત્ર શક્તિ નષ્ટ થઈ ગઈ. એમના ક્રોધથી ભયભીત થઈને રાજા પિપળના પાનની જેમ ધ્રુજવા માંડ્યો અને વિશ્વામિત્રની સન્મુખ ઉભો થયો અને એણે નિવેદન કર્યું, "હું બ્રાહ્મણોએ કહેલા આદેશ અનુસાર રાજધર્મનું પાલન કરી રહ્યો હતો એટલે કે નિઃસહાયોનું રક્ષણ કરવાની અને શત્રુઓનું દમન કરવાની અને યાચક જે માંગે એનું દાન કરવાના આદેશનું અનુસરણ કરી રહ્યો હતો. યાચક જે માંગે એ પછી સોનું હોય, પુત્ર હોય, સ્ત્રી હોય શરીર કે જીવન હોય, રાજ્ય કે સૌભાગ્ય હોય, એ દાન કરવું એ મારો ધર્મ છે. આ સાંભળી વિશ્વામિત્રે સંપૂર્ણ રાજ્ય માંગી લીધું. જેમાં રાજાનું શરીર, એમની સ્ત્રી અને એનો પુત્ર જ ન હતો. રાજાએ એ સહર્ષ આપવાનું સ્વીકાર્યું. મુનિએ કહ્યું; "તમામ આભૂષણો ઉતારી

દો અને વલ્કલના વસ્ત્રો ધારણ કરીને રાજ્યની બહાર નીકળી જાઓ". જયારે રાજા જવા માંડ્યો ત્યારે રાજા પાસે મુનિએ રાજસૂય યજ્ઞ કરવાની દક્ષિણા માંગી. રાજાએ કહ્યું કે "આ શરીર, સ્ત્રી અને પુત્ર સિવાય મારી પાસે કઈ છે નહીં." મુનિએ કહ્યું; "માંગેલું દાન ન આપવાથી સર્વનાશ થાય છે." આ સાંભળીને રાજાએ એક માસનો સમય માંગ્યો અને પ્રજાને વિલાપ કરતી મુકીને જતો રહ્યો.

વિશ્વામિત્રે પણ એક માસનો સમય પૂરો થાય એ પહેલાં ત્યાં પહોંચીને પોતાની દક્ષિણા રાજા પાસે માંગી. ત્યારે આ પ્રકારની અંતિમતાને જોતાં રાણી શૈવ્યાએ ડૂસકાં ભરતા અવાજમાં મુનિને કહ્યું; "મારો પતિ મને વેચે અને દક્ષિણા આપે." આ સાંભળતા જ રાજા હરિશ્ચંદ્ર બેભાન થઈ ગયો. એણે પુનઃ ભાન પ્રાપ્ત કર્યું. અત્યંત ગ્લાનિમાં એ પુનઃ બેભાન થઈ ગયો. એની સ્થિતિ જોઈને એની પત્ની પણ બેહોશ થઈ ગઈ. આવી બેભાન અવસ્થામાં જ્યારે દંપતિ હતા ત્યારે જ નાના બાળકે દુઃખભર્યા અવાજેકહ્યું: "બાપુ મને રોટલી આપો. માડી મને ખાવાનું આપ, મારી જીભ સુકાવા માંડી છે." વિશ્વામિત્ર પુનઃ ત્યાં આવ્યા અને બેહોશ રાજાના મુખ પર પાણી છાંટી એને હોશમાં લાવ્યા. મુનિએ કહ્યું; "સૂર્યાસ્ત પહેલા જો તું તારું વચન પૂર્ણ નહીં કરે તો હું તને શ્રાપ આપીશ. રાણીના દબાણવશ રાજા તેણીને વેચવા માટે તૈયાર થયો. રાજા પોતાને ધિક્કારતા પોતાની સ્ત્રીને વેચી દીધી. છોકરો પણ મા... મા... કહેતો પોતાની મા સાથે ચાલ્યો. રાણીના આગ્રહના કારણે બ્રાહ્મણે છોકરાને પણ ગુલામ તરીકે સ્વીકારી લીધો. રાજા વિશ્વામિત્રની પાસે આવ્યો અને રાણી અને પુત્રને વેચવાથી જે કઈ મળ્યું હતું તે ઋષિને આપી દીધું. વિશ્વામિત્ર આટલા ઓછા ધનથી સંતુષ્ટ થયા નહીં. એટલે રાજાએ પોતાની જાતને વેચવાનું કહ્યું. ત્યારે 'ધર્મ' ચાંડાલનું રૂપ ધારણ કરીને આવ્યા. રાજા ચાંડાલનું નીચ કાર્ય કરવા તૈયાર ન થયા અને વિશ્વામિત્રને કહ્યું; "તમે જ મને દાસ તરીકે ખરીદી કેમ લેતા નથી?" વિશ્વામિત્રે કહ્યું, "ઠીક છે હવે તું મારો દાસ છે અને હું તને આ ચાંડાલને

વેચી દઉં છું."

ચાંડાલે આદેશ આપ્યો, "તું સ્મશાનમાં જઈને મુડદાઓનું કફન એકઠું કર! જે કંઈ મૂલ્ય મળે એનો છઠ્ઠો ભાગ રાજાને, ત્રીજો ભાગ તારે માટે અને બાકીનો ભાગ માલિકને પહોંચાડજે. આ ભયંકર સ્થાનમાં એવું નીચ કાર્ય કરતા હરિશ્ચંદ્રનું એક વર્ષ વિતી ગયું. એક દિવસ એની સ્ત્રી પોતાના પુત્રનો દાહ સંસ્કાર કરવા આવી કારણ કે, પુત્રને સાપ કરડ્યો હતો, અને તે મરી ગયો હતો. દુઃખને કારણે બન્નેની મુખાકૃતિ બદલાઈ ગયેલી હતી જેથી તેઓ એકબીજાને ઓળખી શક્યા જ નહીં. થોડીવાર પછી રાજાએ અવાજને આધારે રાણીને ઓળખી અને એની સ્થિતી જોઇને બેભાન બની ગયો.

આ જોઈને શેવ્યાને પણ મૂર્છા આવી ગઈ. જ્યારે બંનેને હોંશ આવ્યા ત્યારે એકબીજાને વળગી પડ્યા. કર ચૂકવ્યા વિના તો દાહ સંસ્કાર થઈ જ શકે તેમ નહોતો એટલે નિરાશા અને નિ:સહાય રાજા પોતે જ મરવા માટે તૈયાર થયો. એની સાથે રાણી પણ તૈયાર થઈ. રાજાએ શ્રી હરિનારાયણનું સ્મરણ કર્યું એ જ સમયે તમામ દેવતાઓ, ધર્મ અને વિશ્વામિત્ર પણ ત્યાં આવ્યા. રાજા ને ચિતા પર ચઢતો ધર્મરાજાએ અટકાવ્યો. ઇંદ્રે કહ્યું, “શેવ્યા અને તેના પુત્રે ધર્મનું આચરણ કરીને સ્વર્ગને જીતી લીધું છે.” એ ત્રણેય પર આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થઈ. પુત્ર રોહિતાશ્વ પણ સજીવન થઈ ઉઠ્યો અને વિશ્વામિત્રે એને ગાદી પર બેસાડયો. જ્યારે આ સમગ્ર ઘટનાની જાણ વશિષ્ઠને થઈ ત્યારે તે અતિ કોધિત થયા એમણે કહ્યું, “જેટલું દુઃખ મારા સો પુત્રના મારવાથી ન થાય એનાથી પણ અધિક દુઃખ આ ધર્માત્મા રાજાની પરેશાનીઓથી થયું છે.” એમણે વિશ્વામિત્રને શાપ આપ્યો. “હે ! ક્રુર માનવી, તેં પ્રજાપ્રિય રાજાના બાર વર્ષોને ગંગાના પાણીમાં ડુબાવી દીધાં છે. એનું ભયંકર અપમાન કર્યું છે, જે રાજાનાં સદગુણો અને ભક્તિ વખાણવા યોગ્ય છે. એટલે હે ! બ્રાહ્મણોના દુશ્મન તું તારી બૌદ્ધિક પ્રતિભા ગુમાવી અને બગલો' બની જા. વિશ્વામિત્ર

સામે વશિષ્ઠને શ્રાપ આપ્યો અને એને 'અરિ પક્ષી બનાવી દીધો. આ નવા સ્વરૂપમાં બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. અરિનું કદ બે હજાર યોજન એટલે ૧૮૦૦૦ માઈલનું હતું અને બકનું ૩૦૯૦ યોજન હતું. પહેલાં બન્ને પાંખોથી લડયા. બન્નેની લડાઈ એટલે ભયાનક હતી કે પાંખોની હવાથી પહાડો ઉડવા માંડ્યા. પૃથ્વી ધ્રુજી ઉઠી અને તમામ પ્રાણી મારવા માંડ્યા. આ મહાપ્રલય ને જોઈને દેવતાઓ ત્યાં આવ્યા અને બન્ને ઋષિઓ યુદ્ધ બંધ કરવા કહ્યું. પણ જ્યારે આ બન્ને પક્ષીઓએ યુદ્ધ બંધ ન કર્યું ત્યારે બ્રહ્માએ એમને બન્નેને પુનઃ અસલી રૂપમાં ફેરવ્યા અને બન્નેના સમાધાન કરાવ્યું.

ત્રીજો કિસ્સો અયોધ્યાના રાજા અંબરીષ અંગેનો છે. જેમાં બંને જણા એક બીજાના વિરોધી બનેલા છે.[૧] અંબરિષ રાજા યજ્ઞ કરી રહ્યો હતો, ત્યારે ઇંદ્રે આવીને ભોગ ઉઠાવી લીધો અને ઇંદ્ર જતો રહ્યો. પુરોહિતે કહ્યું કે રાજાના કુશાસનને પરિણામે આવી દુર્ઘટના ઘટી છે અને એનું સ્પષ્ટિકરણ કરવું પડશે.

હવે ભોગની જગ્યાએ માણસનો ભોગ આપવો પડશે. લાંબી શોધખોળ કર્યા પછી રાજર્ષિ (અંબરીષ) રિચિકા - બ્રાહ્મણો ઋષિ પાસે આવ્યો અને યજ્ઞ ભોગની જગ્યાએ પોતાના પુત્રને વેચવાની ઈચ્છા પ્રદર્શિત કરી અને કિંમત ૧૦૦ હજાર ગાયો બરાબર નક્કી કરી. રિચિકાએ કહ્યું કે તે પોતાનો જેષ્ઠ પુત્ર વેચશે નહીં અને એની પત્નીએ કહ્યું કે તે પોતાના સૌથી નાના પુત્રને વેચશે નહીં. કારણ કે સૌથી નાનો માતાને વધારે વહાલો હોય છે. બીજો પુત્ર શુનશેપે કહ્યું કે હું વેચાવા તૈયાર છું અને રાજાને કહ્યું કે મને અલગ કરો. એક લાખ ગાયો દસ હજાર સોનામહોર અને ઢગલો ઝવેરાત આપવામાં આવ્યું અને શુનશેપને લઈ જવામાં આવ્યો. જ્યારે તેઓ પુષ્કર પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે શુનશેપ એનાં મામાને વિશ્વામિત્રને મળ્યો જે વિશ્વામિત્ર અન્ય ઋષિઓ સાથે યજ્ઞ કરી રહ્યો હતો. શુનશેપે પોતાનો નિરાધાર સ્થિતિમાં મદદ કરવાની વિનંતી કરી એટલે વિશ્વામિત્રે એને બદલે ભોગ માટે પોતાનો

૧.મ્યોર દ્વારા ટાંકવામાં આવ્યું છે ગ્રંથ ૧. પૃ.૪૦૫-૪૦૭

દીકરો આપવાની તત્પરતા દેખાડી અને તેને આશ્વાસન આપ્યું. અને પોતાના પુત્રને વાત કરી ત્યારે તેમણે કહ્યું અન્યને માટે પોતાના દીકરાને ભોગ આપવાનું તમે કેવી રીતે વિચારી શકો? અમે આ વાતને ઉચિત ગણતા નથી અને જાણે પોતે જ પોતાનું માંસ આરોગવા તૈયાર થયા હોય એવું આ તો છે. આ સાંભળીને વિશ્વામિત્ર ક્રોધે ભરાયા અને પોતાના આદેશનો અનાદર કરવા બદલ શ્રાપ આપ્યો કે વશિષ્ઠના પુત્રની જેમ હજાર વર્ષ સુધી નીચી જાતિ માં જન્મ લેશો અને કુતરાનું માંસ ખાશો. ત્યાર પછી વિશ્વામિત્ર તેને કહ્યું કે જ્યારે તને યજ્ઞ વેદી ઉપર દોરડાથી બાંધવામાં આવે, લાલ કપડા પહેરવામાં આવે, તારા શરીર ભસ્મ લગાડવામાં આવે ત્યારે હું જે બે દૈવી મંત્ર આપું છું. તેનું ગાન કરજે અને અગ્નિને યાદ કરજે ત્યારે તને મુક્તિ મળશે. એમ કહી બે ગાથાઓ આપી અને તેથી હજાર આંખોવાળી ઇંદ્ર અને તેનો નાનો ભાઈ વિષ્ણુ ગાથાઓ સાંભળીને ખુશ થયા. અને શૂનશેપને લાંબુ આયુષ્ય અર્પણ કર્યું."

બન્ને ઋષિઓને પરસ્પર વિરોધી છાવણીમાં મૂકતી અંતિમ ઘટના મહાભારતના આદિપર્વમાં રાજા કલ્માષપાદ સાથે સંકળાયેલી છે.[૧]

કલ્માષપાદ ઈશ્વાકુવંશનો એક રાજા હતો. વિશ્વામિત્ર એનો પુરોહિત થવા ઈચ્છતો હતો. પણ રાજાએ વશિષ્ઠને પોતાનો પુરોહિત બનાવ્યો. એક દિવસ રાજા શિકાર કરવા ગયો અને ભૂખ-તરસથી ખૂબ જ વ્યાકુળ બની ગયો. માર્ગમાં વશિષ્ઠનો જયેષ્ઠ પુત્ર શક્તિ રાજાને મળ્યો. રાજાએ તેને રસ્તો છોડવા કહ્યું ત્યારે શક્તિએ નમ્રતાપૂર્વક કહ્યું, “આ મારો રસ્તો છે. પ્રાચીન નિયમ તો એવો છે કે, રાજાએ બ્રાહ્મણને માટે રસ્તો છોડવો જોઈએ. બન્ને વચ્ચે આ બાબતમાં ઝઘડો થયો. રાજાએ મુનિને ચાબુકથી ફટકાર્યા. મુનિએ શાપ આપ્યો કે, તમે મનુષ્યને ખાનારા રાક્ષસ બની જાવ !

વિશ્વામિત્ર અને વશિષ્ઠ વચ્ચે શત્રુતા તો હતી જ. વિશ્વામિત્રે રાજાનો પીછો પકડયો. પણ શાક્તને જોઈને અંતર્ધ્યાન થઈ ગયા. રાજા શ્રાપ

૧. મ્યોર દ્વારા એમના ગ્રંથ ૧, પૃ. ૪૧૫-૪૧૭માંનું ટાંચણ.

સાંભળીને શાકતને પ્રાર્થના કરવા લાગ્યો. વિશ્વામિત્રે એક રાક્ષસને આજ્ઞા કરી કે તે રાજાના શરીરમાં પ્રવેશી જા જેથી રાજા અને શાક્ત વચ્ચે સમાધાન થઈ શકે નહીં. એવું કરીને વિશ્વામિત્ર ચાલ્યા ગયા. એ જ સમયે રાજાની પાસે એક ભૂખ્યો બ્રાહ્મણ આવ્યો. રાજા એ એને ખાવા માટે નરમાંસ મોકલ્યું. એટલે બ્રાહ્મણે ક્રોધિત થઈને રાજાને એવો જ શ્રાપ આપ્યો. આ બન્ને શ્રાપને કારણે રાજા શાકતને ખાઈ ગયો. વિશ્વામિત્રના આદેશથી રાજા વશિષ્ઠના અન્ય પુત્રોને પણ ખાઈ ગયો. જ્યારે વશિષ્ઠ આ વાત સાંભળી ત્યારે અત્યંત ધીરજથી આ દુ:ખ સહન કર્યું. વશિષ્ઠે પોતાનું શરીર છોડવા નો નિશ્ચય કર્યો. તે મેરુ પર્વત શિખર પરથી કૂદી પડ્યા પરંતુ પત્થર પર એવી રીતે પડ્યા કે, જાણે કે રૂની ગાદીમાં પડ્યા ન હોય ! જયારે આવી રીતે પ્રાણ ન નીકળ્યા તો જંગલની આગ માં ઘૂસી ગયા અગ્નિએ જંગલને તો સળગાવ્યું પણ વશિષ્ઠનો સ્પર્શ સુધ્ધાં કર્યો નહીં. ત્યારે વશિષ્ઠે ગળામાં પથ્થર બાંધીને સમુદ્રમાં કૂદી પડ્યા પણ સમુદ્રની લહેરોએ એમને કિનારે રેતી ઉપર ફેંકી દીધા. ત્યારે તે પોતાની કુટિરે પાછા ફર્યા પણ એને ખાલી જોઈને પુન:દુખથી વ્યથિત બની ગયા.

વર્ષાઋતુને કારણે વિપાશા નદી ખૂબ જ વધી હતી. એમણે હાથ પગ બાંધીને પોતાની જાતને નદીમાં ફેકી દીધી. ત્યાર પછી શતદ્રુ (સતલજ) નદીમાં જ્યાં અનેક મગરો હતા ત્યાં પોતાની જાતને ફેંકી. બ્રાહ્મણના તેજને જોઈને બધાજ મગરો ભાગી ગયા. જયારે વશિષ્ઠ જોયું કે, તે કોઈ પણ પ્રકારે મરતા નથી ત્યારે તે પોતાની કુટિરમાં પાછા ચાલ્યા આવ્યા.

વશિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચેના ઝઘડાના ઉદાહરણો છે. આ વિશેષ સંઘર્ષ ઉપરાંત પર કેટલાક અન્ય ઉદાહરણો પણ આ બન્ને વચ્ચેના તનાવ અંગેના જોવા મળે છે. બન્ને વચ્ચે સતત ઝઘડાઓ ચાલતા રહ્યા હતા. મહાભારતના શલ્ય પર્વથી[૧] એવું જાણવા મળે છે કે વિશ્વામિત્રે વશિષ્ઠને મારી

૧. મ્યોર રચિત ગ્રંથ ૧ પૃ. ૪૨૦-૪૨૨ પરનું ટાંચણ.

નાખવાની ચેષ્ઠા પણ કરી હતી . જેમ કે ;

" બ્રાહ્મણ ઋષિ વશિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચે મોટી શત્રુતા હતી . વશિષ્ઠનો વિશાળ આશ્રમ સ્થાન તીર્થમાં હતો. વિશ્વામિત્રનો આશ્રમ એની પૂર્વમાં હતો. બન્ને ઋષિઓએ ઘોર તપસ્યા કરી રહ્યા હતા. વિશ્વામિત્રે વશિષ્ઠની શક્તિને જોઈને વિચાર્યું કે સરસ્વતી નદી વશિષ્ઠને વહેણમાં ખેંચી લાવી મને સોંપી દે તો હું એને મારી નાખું. આવું ધ્યાન ધરીને અને ક્રોધથી નેત્ર લાલ - લાલ કરીને વિશ્વામિત્રે નદીઓની રાણી (સરસ્વતી) ને બોલાવી , ત્યારે સરસ્વતીએ હાથ જોડીને ડરતાં કાંપતા વિધવાવેશમાં વિશ્વામિત્ર પાસે આવી અને બોલી " આપની શું આજ્ઞા છે? " વિશ્વામિત્રે કહ્યું, " વશિષ્ઠને શીઘ્ર અહીં ઢસડી લાવ જેથી હું તેને મારી નાખું." કમલાક્ષી સરસ્વતી ડરીને ગભરાઈ ગઈ અને એક બાજુ ઉભી રહી ગઈ. મુનિએ ફરીથી એ જ આજ્ઞા આપી . સરસ્વતીએ વિચાર્યું આ સંકલ્પ કેટલો પાપમય છે? પરંતુ વિશ્વામિત્રના શાપના ડરથી તે વશિષ્ઠની પાસે ગઈ અને તેમને બધું જ જણાવી દીધું. વશિષ્ઠ એને ગભરાયેલી, પીળી પડી ગયેલી અને ડરેલી જોઈને કહ્યું, " મને ઋષિની પાસે લઈ ચાલ , ક્યાંક તે તને શાપ આપે નહીં. " ત્યારે તે વશિષ્ઠને લઈને ચાલી . વશિષ્ઠ જ્યારે તણાવા માંડયા ત્યારે એમણે સરસ્વતીની સ્તુતિ કરી. " હે સરસ્વતી તું બ્રહ્માના કમંડળમાંથી નીકળીને સંપૂર્ણ પૃથ્વી ઉપર વહે છે , સ્વર્ગમાં રહીને વાદળોને પાણી આપે છે. તું બળ, તેજ, યશ, બુદ્ધિ અને પ્રકાશ છે. તું સ્વાહા છે. આ સંસાર તારે આધીન છે. તું ચાર સ્વરૂપે તમામ પ્રાણીઓમાં નિવાસ કરે છે."

જયારે વિશ્વામિત્રે જોયું કે વશિષ્ઠ તણાઈને આવી રહ્યા છે તો એમનો વધ કરવા માટે અસ્ત્ર શોધવા માંડયા. બ્રહ્મ વધ બચાવવાના હેતુથી સરસ્વતી વશિષ્ઠને પૂર્વ તરફ વહાવીને લઈ ગઈ આ રીતે વિશ્વામિત્રની આજ્ઞાનું પાલન પણ થયું અને વશિષ્ઠ બચી પણ ગયા. આ જોઈને વિશ્વામિત્રે સરસ્વતીને

શ્રાપ આપ્યો કે તારામાં ખૂન વહે ! એટલે કે એક વર્ષ સુધી સરસ્વતીમાં પાણીની સાથે ખૂન પણ વહેતું રહ્યું. જ્યાં વશિષ્ઠનો આશ્રમ હતો ત્યાં અસુરો આવતા અને રક્તપાન કરી નૃત્ય કરવા માંડયા. ઋષિઓએ સરસ્વતીની આવી દશા જોઈને એને શ્રાપમાંથી મુક્ત કરી . વિશ્વામિત્ર અને વશિષ્ઠની શત્રુતા કેવળ બે પુરોહિતોની શત્રુતા નહોતી. એ શત્રુતા તો એક બ્રાહ્મણ પુરોહિત અને એક ક્ષત્રિય પુરોહિત વચ્ચેની શત્રુતા હતી. વશિષ્ઠ બ્રાહ્મણ હતા અને વિશ્વામિત્ર ક્ષત્રિય હતા. તે રાજવંશના ક્ષત્રિય હતા. ઋગ્વેદ (૩:૩૩:૧૧)માં વિશ્વામિત્રને કુશિકનો પુત્ર ગણાવ્યો છે. વિષ્ણુપુરાણમાં **૧** વિશ્વામિત્રનું અધિક વૃત્તાંત છે એમાં કહ્યું છે કે વિશ્વામિત્ર 'ગાધિ'ના પુત્ર હતા જે રાજા પુરુરવાના વંશજ હતા. હરિવંશમાં **૨**,પણ આ કથાનું વર્ણન છે. ઋગ્વેદ (૩:૧:૨૧) દ્વારા જાણવા મળે છે કે; વિશ્વામિત્રના વંશને પેઢી દર પેઢી યજ્ઞાગ્નિમાં બાળવામાં આવ્યા હતા. ઋગ્વેદ દ્વારા એ વાત પણ જાણવા મળે છે કે ઋગ્વેદની અનેક ઋચાઓની રચના કરી છે તેમને રાજર્ષિ માનવામાં આવે છે. એમણે ઋગ્વેદનો પરમ મંત્ર- 'ગાયત્રી' બનાવ્યો હતો. (૩:૬:૧૦) તે ક્ષત્રિયકુળ ભરતવંશના હતા . નીચેની બાબતો અંગે બ્રાહ્મણો અને ક્ષત્રિયો વચ્ચે ઝઘડા થતા **3** હતા એવું જાણવા મળે છે.

(૧) દાન લેવાનો અધિકાર : દાન-દક્ષિણાનો અર્થ કામ વિના કરવામાં આવતી ચૂકવણી. બ્રાહ્મણોનો દાવો હતો કે દાન લેવું એ કેવળ બ્રાહ્મણનો જ અધિકાર છે એટલે મનુએ કહ્યું કે, જો રાજા શૂદ્રને દાન આપવા ઈચ્છે તો કામ કરાવીને જ આપે. વેદ વાંચવાનો અધિકાર તો કેવળ બ્રાહ્મણોનો જ છે. તે બ્રાહ્મણનો વિશેષાધિકાર છે.

(૨) વેદનો અભ્યાસ કરાવવાનો અધિકાર :

૧. મોર રચિત ગ્રંથ ૧, પૃ. ૩૪૯નું ટાંચણ.

૨. એજન પૃ. ૩૫૩.

૩. એજન પૃ. ૩૫૪.

બ્રાહ્મણોનો દાવો હતો કે ક્ષત્રિય કેવળ વેદ ભણી શકે એને વેદ ભણાવવાનો અધિકાર નથી. વેદ ભણાવવાનો અધિકાર તો કેવળ બ્રાહ્મણને જ છે. તે બ્રાહ્મણનો વિશેષાધિકાર છે.

(૩) યજ્ઞ કરાવવાનો અધિકાર :

બ્રાહ્મણોનું એવું કહેવું હતું કે; ક્ષત્રિય કેવળ યજ્ઞ કરાવી શકે પણ યજ્ઞની વિધિ કરી શકે નહીં. યજ્ઞની વિધિ કરવાનો અધિકાર તો કેવળ બ્રાહ્મણોનો જ છે. યજ્ઞમાં આચર્યપદ સંભાળવાનો બ્રાહ્મણનો વિશેષાધિકાર છે.

આ ત્રણ બાબતોમાં વિશેષત: ત્રીજા મુદ્દા અંગે બન્ને વચ્ચે દુશ્મનાવટ હતી અને એક બીજા વિપક્ષમાં રહ્યા. એનું સમર્થન ત્રિશંકુની કથા દ્વારા થાય છે. આ કથા વાલ્મિકી રામાયણ **૧** દ્વારા આ પ્રમાણે કહેવામાં આવી છે.

ઈશ્વાકુવંશમાં રાજા ત્રિશંકુની ઈચ્છા થઈ કે એવો યજ્ઞ કરવામાં આવે જેથી સશરીર સ્વર્ગમાં જઈ શકાય. રાજા ત્રિશંકુએ બ્રાહ્મણ પુરોહિત વશિષ્ઠને બોલાવ્યા. વશિષ્ઠે કહ્યું કે આવું કરવું તો અસંભવ છે. ત્રિશંકુ દક્ષિણ દિશામાં ગયો જ્યાં વશિષ્ઠના સો પુત્રો તપસ્યા કરી રહ્યા હતા. રાજાએ એમને પણ આ વાત કરી. રાજા એ ખૂબ જ નમ્રતાથી પ્રાર્થના કરીને કહ્યું; અમે અમારા પુરોહિતોને સંકટના સમયે સહાયક માનીએ છીએ. વશિષ્ઠ પછી તમને જ અમે દેવતા ગણીએ છીએ. પેલા લોકોએ જવાબ આપ્યો, "મૂર્ખ, તારા ગુરુએ જે બતાવ્યું એ વાત જ સાચી છે. એની વાતોને અવગણીને તું બીજાઓની પાસે આવ્યો છે? તે ઈશ્વાકુ - કુળના સૌથી મોટા અને સ્વીકૃત ગુરુ છે. જ્યારે વશિષ્ઠે ઈન્કાર કરી દીધો તો પછી અમે એમની ઉપરવટ કેવી રીતે થઈ શકીએ? હે મૂર્ખ રાજા; તું તારી રાજધાનીમાં પાછો જા. વશિષ્ઠ તો ત્રણેય લોકના ગુરુ થવાને યોગ્ય છે. અમે એમનો અનાદર કરી શકીએ નહીં.

૧.મ્યોર રચિત ગ્રંથ ૧, પૃ. ૪૦૧ - ૪૦૪નું ટાંચણ.

રાજાએ કહ્યું, તમે અને વશિષ્ઠે મારી વિનંતીને માન્ય રાખી નથી એટલે હવે નવી જ તરકીબ કરવી પડશે. આવું રાજાનું વચન સાંભળીને તેઓએ રાજાને શ્રાપ આપ્યો કે તું 'ચાંડાલ ' થઈ જા. આ શ્રાપ સાંભળીને રાજાનો ચહેરો ચાંડાલ જેવો થઇ ગયો. ત્યારે પોતાના બદનસીબ પર પશ્ચાતાપ કરતો કરતો રાજા વિશ્વામિત્ર પાસે ગયો. વિશ્વામિત્રને એના પર દયા આવી. એમણે વાયદો કર્યો કે હું એક એવો યજ્ઞ કરાવીશ જેનાથી આ ચાંડાલના ચહેરા સાથે જ તું સ્વર્ગમાં જઈ શકીશ, કારણ કે તું કૌશિકની પાસે આવ્યો છે એટલે સ્વર્ગ તારા હાથમાં જ છે.

વિશ્વામિત્રે યજ્ઞની તૈયારી કરવા આદેશ આપ્યો અને કહ્યું કે, તમામ ઋષિઓને અને વશિષ્ઠના પુત્રોને પણ નિમંત્રણ આપજે. વિશ્વામિત્રના શિષ્યોએ આવીને સમાચાર આપ્યા કે વશિષ્ઠને છોડીને તમામ બ્રાહ્મણો એકઠા થઈ રહ્યા છે. વશિષ્ઠના પુત્રોએ કઠોર શબ્દો કહ્યા એને તમે સાંભળો. એમણે કહ્યું, “જે યજ્ઞ કરાવનારો ચાંડાલ હોય અને એની વિધિ કરાવનારો ક્ષત્રિય હોય, એમાં દેવતા અને ઋષિઓ કેવી રીતે સામેલ થઈ શકે?" આ સાંભળીને ક્રોધે ભરાયેલા વિશ્વામિત્રે શ્રાપ આપ્યો કે, વશિષ્ઠના તમામ પુત્રો ભસ્મ થઈ જાય અને સાત જન્મ સુધી 'મૃતક'ને ઘેર જન્મ લે. વશિષ્ઠને પણ એમણે શ્રાપ આપ્યો “નિષાદ બની જા.”જ્યારે શ્રાપ ફળીભૂત થયો ત્યારે તેમણે યજ્ઞ કરાવ્યો. અન્ય બ્રાહ્મણોએ પણ ઋષિના ભયથી યજ્ઞમાં ભાગ લીધો. યાજક વિશ્વામિત્ર હતા અને ઋત્વિજ અન્ય બ્રાહ્મણ હતા."

વિશ્વામિત્ર અને વશિષ્ઠની લડાઈમાં સુદાસે પણ ભાગ લીધો હતો. સુદાસના પુરોહિત પહેલાં વશિષ્ઠ હતા. વશિષ્ઠે જ સુદાસનો રાજ્યાભિષેક કરાવ્યો હતો. વશિષ્ઠે જ દાસરાજ્ઞ યુધ્ધમાં તેને વિજય પ્રાપ્ત કરાવવા સહાયતા કરી હતી. આમ છતાંય સુદાસે વશિષ્ઠને એમના પદથી હટાવીને

વિશ્વામિત્રને એ પદ પર નિયુક્ત ૧ કર્યા હતા. એના કારણે પણ વશિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચેની એક અન્ય ઘટના પણ ઘટેલી જેના કારણે આ બન્ને ઋષિઓ વચ્ચેની દુશ્મનાવટ પરાકાષ્ટાએ પહોંચી ગઈ. સુદાસે વશિષ્ઠના જયેષ્ઠ પુત્ર 'શક્તિ'ને અગ્નિમાં બાળી નાખ્યો હતો. આ કથા સત્યાયન બ્રાહ્મણમાં ૨ લખેલી છે. આવું કરવા પાછળનું કારણ જણાવ્યું નથી. પરંતુ 'સદ્દગુરુશિષ્ય'ની ઋગ્વેદની કાત્યાયન અનુક્રમણિકાની ટીકામાં આ અંગે થોડોક પ્રકાશ પાડવામાં આવ્યો છે. સદ્દગુરુ શિષ્યનું કહેવું છે કે, “સુદાસે એક યજ્ઞ કર્યો. અહીં વિશ્વામિત્ર અને શક્તિ વચ્ચે વિવાદ થઈ ગયો. વિશ્વામિત્ર વિવાદમાં પાછા પડયા. એવું લાગે છે કે, વિશ્વામિત્રે અપમાનનો બદલો લેવા માટે સુદાસ દ્વારા શક્તિને અગ્નિમાં નાખી દેવડાવ્યો. આ ઘટનાને કારણે વશિષ્ઠ અને સુદાસની શત્રુતા તો થવાની જ હતી પણ આ શત્રુતા સુદાસના પુત્રો અને વશિષ્ઠના પુત્રોમાં પણ ચાલી. તૈત્તરિય સંહિતામાં ૩ કહેવામાં આવ્યું છે કે, “ પુત્રના મૃત્યુ પછી વશિષ્ઠે સુદાસના પુત્રોથી બદલો લેવા માટે પુત્રોત્પત્તિની ઈચ્છા કરી એમણે યજ્ઞ કર્યો અને પુત્ર પ્રાપ્ત કર્યા પછી સુદાસની સામે બદલો લીધો.

આ વાત કૌશિક બ્રાહ્મણ ગ્રંથ દ્વારા પણ સિધ્ધ થાય છે.૪ (વશિષ્ઠની શત્રુતા સુદાસ સામે હતી કે સુદાસના પુત્રો સામે એ કોયડો છે. કારણ કે સત્યાયન અને કૌશિતાકી બ્રાહ્મણ ગ્રંથોમાં સુદાસો અંગેનો ઉલ્લેખ છે. એનાથી એવો સંકેત મળે છે કે વશિષ્ઠનો સંઘર્ષ સુદાસના પુત્રો સાથે હતો સુદાસ સાથે નહીં. જયારે મનુ તો સુદાસને જ અપરાધી ગણે છે. સદગુરુ શિષ્ય સુદાસની વાત કરે છે. સુદાસોની નહીં જ્યારે બૃહદવેત્તામાં સુદાસનો જ

૧.આ માટેનો કોઈ પ્રત્યક્ષ પુરાવો છે નહીં. પ્રણાલિ આને સત્ય તરીકે સ્વીકારે છે કે જે ઋગ્વેદ (૩:૫૩:૯) પર આધારિત હોવાનું જણાય છે. આનું યસ્ક દ્વારા તેના નિરુક્ત (૧૧:૨૪)માં સમર્થન કરવામાં આવ્યું છે કે જેમાં તે કહે છે કે, તેમણે ત્યાર પછી કોઈ કથા સાંકળી છે. ઋષિ વિશ્વમિત્ર એ પિજવનના પુત્ર સુદાસનો પુરોહિત હતો.

૨.આ વિગત આપણે એના સંપાદકીય ઋગ્વેદ VII ૩૨ માં અધિકૃત અનુક્રમણિકામાં નોંધી છે જેનો ઉલ્લેખ Muir Vol | P. ૩૨૮માં છે.

૩.મ્યોર દ્વારા ગ્રંથ ૧, પૃ. ૩૨૮માં જે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અનુક્રમણિકાના આધિપત્ય અંગે સાયણ દ્વારા તેના ઋગ્વેદના આમુખ ૭:૩૨માં આ બાબતનો ઉલ્લેખ છે.

૪. આનો ઉલ્લેખ સાયણ દ્વારા ઋગ્વેદના તૃતીય મંડળના સૂક્ત ૫૩ના શ્લોકો ૧૫ અને ૧૬ના તેના આમુખમાં કરવામાં આવેલ છે. જે મ્યોર દ્વારા ઉદ્ધત કરાયું છે. ગ્રંથ ૧, પૃ. ૩૪૩.

ઉલ્લેખ છે. આ સુદાસ પરિવાર સાથેનો સંઘર્ષ હતો એમ માનવાથી પ્રશ્ન ઉકલી જાય છે.)

- - - ૨ - - -

રાજાઓ અને બ્રાહ્મણો વચ્ચેના સંઘર્ષનું આ કેવળ એક જ ઉદાહરણ અર્થાત સુદાસ વશિષ્ઠનો ઝઘડો નથી. પુરાણોમાં રાજાઓ અને બ્રાહ્મણોના અન્ય ઝઘડાઓનું વર્ણન પણ મળી આવે છે. આ કથાઓ ઉલ્લેખ કરવો પણ ઉચિત લાગે છે. પહેલી કથા રાજા વેણની છે.[૧] હરિવંશમાં આ કથા આ પ્રકારે છે.

"એક અત્રિ જાતિનો અને શક્તિમાં બરોબરી કરે એવો અંગ નામનો પ્રજાપતિ હતો. એનો દીકરો પ્રજાપતિ વેણ હતો. તે કર્તવ્ય પરાયણ હતો. તે મૃત્યુની પુત્રી સુનીતિથી ઉત્પન્ન થયો હતો. આ પુત્ર અતિકામી અને વિલાસી હતો. તે વેદને માનતો નહોતો. એના રાજ્યમાં લોકો ધર્મપુસ્તક વાંચતા નહોતા. યજ્ઞો થતા નહોતા. એણે આજ્ઞા આપી હતી કે જો કોઈ યજ્ઞ કરે તો મારા નામથી અને મારા હેતુથી જ કરે. જ્યારે મરિચ વગેરે ઋષિઓએ એને એવું પાપ કરતાં રોક્યો અને કહ્યું કે તું અત્રિના વંશનો છે. તારે આવું નહીં કરવું જોઈએ એણે મૂર્ખતાવશ ઋષિની મશ્કરી કરીને કહ્યું “કર્તવ્ય બતાવનારો હું છું. હું કોની આજ્ઞા માનું? મારા જેવો તેજસ્વી અને ધર્માત્મા પૃથ્વી પર બીજો કોણ છે? તમે કે જે ભ્રમમાં પડેલા છો અને અક્કલહીન છો તેવા તમો એ વાત જાણતા નથી કે; હું જ બધા પ્રાણીઓ માનવો અને ફરજોનો સ્ત્રોત છું. એવું માનવામાં આનાકાની કે ખચકાટ અનુભવશો નહીં. જો હું ઈચ્છું તો પૃથ્વી બાળી શકું છું. જ્યારે તેના ભ્રમ અને ગર્વિષ્ઠતાને લીધે વેણ સાંભળવો અશક્ય બની ગયો. ત્યારે ઋષિઓ ક્રોધે ભરાયા. એમણે વેણને પકડ્યો અને એની ડાબી જાંઘનું મંથન કર્યું. એનાથી એક કાળા રંગનો ઠીંગણો માણસ પેદા થયો અને હાથ જોડીને ઉભો રહ્યો. એનાથી નિષાદવંશ પેદા થયો." વેણના

૧. મ્યોર ગ્રંથ ૧, પૃ. ૩૦૨,

દુરાચારમાંથી ઉત્પન્ન થયા હતા તે ધીવરો (માછીમાર) વંશનો સ્થાપક બન્યો.

બીજો રાજા હતો પુરુરવા જેને પણ બ્રાહ્મણો સાથે ઝઘડો થયો હતો. તે ઈલાનો પુત્ર અને વૈવસ્ત મનુનો પૌત્ર હતો. એનું વર્ણન મહાભારતના આદિપર્વમાં **૧** આ પ્રકારે થયું છે :

"પુરુરવા ઈલાનો પુત્ર હતો એનું રાજ્ય ૧૩ દ્વિપો પર હતું. પરંતુ રાજ્યના અભિમાનમાં એનો ઝઘડો બ્રાહ્મણો સાથે થયો. અને એણે બ્રાહ્મણોના આભૂષણો લૂંટી લીધા. સનત કુમારે એને સમજાવ્યો પણ તેણે માન્યું નહીં. ત્યારે ઋષિઓએ તેને શ્રાપ આપ્યો અને મારી નાખ્યો."

ત્રીજી કથા રાજા નહુષની છે. નહુષ પુરુરવાનો પૌત્ર હતો. નહુષની સાથે બ્રાહ્મણોનો ઝઘડો થયેલો તેનું વર્ણન મહાભારતમાં બે સ્થળે આવેલું છે. એક બાણ પર્વમાં અને એક ઉદ્યોગ પર્વમાં. ઉદ્યોગપર્વનું **૨** વર્ણન આ પ્રકારે છે.

વૃત્તાસુરને મારી નાખ્યા પછી ઈંદ્ર બ્રહ્મહત્યાના ડરથી પાણીમાં જઈને છુપાઈ ગયો. (વૃત્તાસુર બ્રાહ્મણ હતો) એનાથી હાહાકાર મચી ગયો. ગાદી ખાલી પડી હતી. વહીવટ કથળી ગયો હતો અને મોટો ગુંચવાડો ઉભો થઈ ગયો એટલે ઋષિઓ અને દેવતાઓએ નહુષને પ્રાર્થના કરી કે તમે થોડાક દિવસો માટે દેવતાઓના રાજા બની જાવ. પહેલાં તો નહુષે પોતાની અસમર્થતા પ્રગટ કરી પણ પછીથી રાજી થઈ ગયો. રાજા નહુષ મોટો ધર્માત્મા હતો પણ ઇંદ્ર બનતા તે ઘણો કામી બની ગયો અને ઇંદ્રની પત્નિ ઇંદ્રાણીની કામના કરવા માંડયો. ઇંદ્રાણી એ અંગિરા અને બૃહસ્પતિનું શરણ સ્વીકાર્યું. એમણે ઇંદ્રાણીને રક્ષણનું વચન આપ્યું. આને કારણે નહુષ અપ્રસન્ન થયો પરંતુ દેવતાઓએ એને સમજાવ્યું કે પરસ્ત્રી ગમન કરવું એ પાપ છે. પણ નહુષ કોઈની વાત સાંભળવા તૈયાર નહોતો. એણે કહ્યું, "ઇંદ્ર જ્યારે અહિલ્યા સાથે ભોગ કર્યો હતો ત્યારે તમે લોકોએ ઇંદ્રને શા માટે રોક્યો નહોતો? નહુષે જિદ કરી એટલે દેવતાગણ ઇંદ્રાણીને લેવા ગયા પણ બૃહસ્પતિએ ઇંદ્રાણીને આપી

૧. મ્યોર ગ્રંથ ૧, પૃ. ૩૦૭.

૨. મ્યોર ગ્રંથ ૧ પૃ. ૩૧૦ - ૩૧૩.

નહીં. ઇંદ્રાણીએ થોડોક સમય માગ્યો જેથી તે માહિતી મેળવી શકે કે ઇંદ્ર ક્યાં છે? શોધ કરતાં કરતાં ખબર પડી કે ઇંદ્ર હિમાલયની ઉત્તરમાં એક સરોવરમાં કમળોના ઝુંડની વચ્ચે પાણીમાં રહે છે. ઇંદ્રાણીએ ઉપાશ્રતિની મદદથી આ શોધ કરી હતી. ઇંદ્રાણીએ ઇંદ્રને મળીને નહુષની બુરી દાનત અંગે વાત કરી અને એને પ્રાર્થના કરી કે તે પોતાના રાજ્યમાં પરત આવે અને ઈંદ્રાણીની રક્ષા કરે. ઇંદ્ર નહુષની શક્તિથી ડરતો હતો. એણે ઈંદ્રાણીને એક ઉપાય બતાવ્યો કે જો નહુષ ઋષિઓના ખભા ઉપર પાલખી ઊંચકાવીને આવે તો ઇંદ્રાણી એની સાથે ભોગ કરવા રાજી થઈ જશે. ઇંદ્રાણી એવો જ સંદેશો નહુષને પહોંચાડ્યો નહુષે વિચાર્યું. “હું ચાહું તો બ્રહ્માંડ નષ્ટ થઇ જાય. તો પછી સપ્તર્ષિ અને અને બ્રાહ્મણોને મારી પાલખી ઉંચકવામાં ક્યાં વાંધો આવે? એટલે નહુષની આજ્ઞાથી તમામ ઋષિગણ એની પાલખી લઈ ને ચાલ્યા. રસ્તામાં વિવાદ થઈ ગયો. નહુષે ઋષિઓના માથા પર લાતો મારી. ઋષિઓએ ક્રોધે ભરાઈને નહુષને શ્રાપ આપ્યો. “તું દસ હજાર વર્ષ અજગર બની જા. નહુષ તુરંત જ અજગર બની ગયો." કાશ્યપે ઇંદ્રને સમાચાર આપ્યા “બ્રાહ્મણોના શ્રાપથી નહુષનું પતન થઈ ગયું છે. હવે તમે સ્વર્ગમાં આવી જાવ.” એમ કહીને ઇંદ્રની પ્રસંશા કરી.

બ્રાહ્મણ સાથે સંઘર્ષમાં ઉતરનાર રાજાની ચોથી કથા છે. રાજા નીમીની આ કથા વિષ્ણુ પુરાણમાં **૧** આ પ્રકારે આવેલી છે.

નીમીએ બ્રાહ્મણ ઋષિ વશિષ્ઠને એવું કહ્યું કે એવો યજ્ઞ શરૂ કરો જે એક હજાર વર્ષ સુધી ચાલે. વશિષ્ઠે કહ્યું કે ઇંદ્રનો યજ્ઞ પાંચસો વર્ષ સુધી કરવાનું કામ મેં પહેલા જ સ્વીકારી લીધું છે પણ પાંચ સો વર્ષ પછી આવીને હું યજ્ઞ કરી આપીશ. આ સાંભળતા રાજાએ તેનો સ્વીકાર કરી લીધો અને વશિષ્ઠ ચાલ્યા ગયા. જ્યારે વશિષ્ઠ પાછા ફર્યા ત્યારે તેમણે જોયું કે એમની સમકક્ષના ઋષિ ગૌતમ નીમીને ત્યાં યજ્ઞ કરી રહ્યા છે. આથી ક્રોધ ભરાયેલા

૧.મ્યોર ગ્રંથ ૧, પૃ. ૩૧૬.

વશિષ્ઠે પોતાનું અપમાન ગણીને નીમી રાજાને નિંદ્રાવસ્થામાં જ મનુષ્ય શરીર છોડી દે એવો શ્રાપ આપ્યો. જયારે નીમી રાજા જાગ્યો ત્યારે તેને ખબર પડી કે કોઈ પણ ચેતવણી વિના વશિષ્ઠે એને શ્રાપ આપ્યો છે ત્યારે વશિષ્ઠને પણ એવો જ શ્રાપ આપ્યો અને તે મરી ગયો. યજ્ઞથી દેવતાઓ પ્રસન્ન થયા અને દેવતાઓએ કહ્યું, "અમે પુન: નીમીને જીવન દાન દઈ શકીએ તેમ છીએ. રાજાએ તેનો સ્વીકાર કર્યો. ત્યારે દેવતાઓએ એને પાંપણ ઉપર રહેવાનું સ્થાન આપ્યું. એટલે પાંપણ બંધ થતાં જ સમય લાગે એને 'નિમેષ' કહેવામાં આવે છે. મનુ સ્મૃતિમાં કહ્યું છે કે, ગર્વનો ત્યાગ કરવાથી ઋષિઓને પણ રાજય પ્રાપ્ત થયું છે અને ગર્વને કારણે રાજાઓનો પણ નાશ થયો છે. જેમ કે વેણ, નહુષ, પિંજવનનો પુત્ર સુદાસ, સુમુખ અને નીમી.

આ બધી કથાઓથી એવું સાબિત થાય છે કે, શૂદ્રો અને બ્રાહ્મણો વચ્ચે સંઘર્ષ [૧] હતો અને ઝઘડા થતા રહેતા હતા. સુદાસ શૂદ્ર હતો અને બાકીના રાજાઓ સુદાસની જેમ જ ઈશ્વાકુ વંશના હતા એટલે તે બધા પણ શૂદ્રો જ હતા. મનુએ પણ આ બાબત ઉપર ધ્યાન આપ્યું નથી. એણે કહ્યું છે કે બ્રાહ્મણો અને ક્ષત્રિયો વચ્ચે ઝઘડો હતો અને આ વાત સાચી છે કારણકે શૂદ્રો પણ ક્ષત્રિયવંશની શાખાના લોકો જ હતા. એટલે જ આ અધ્યાયનું નામ પણ બ્રાહ્મણો અને શૂદ્રો વચ્ચેનો સંઘર્ષ કહ્યો છે.

શૂદ્રો અને બ્રાહ્મણો વચ્ચેના ઝઘડાને કારણે જ શૂદ્રોનું ચોથા વર્ણમાં પતન થયું એ હકીકતને સાબિત કરવાનો હવે પ્રયાસ કરવામાં આવશે.

૧. મેકસમૂલર સેક્રેડ બુકસ ઓફ ધી ઇસ્ટ, ગ્રંથ : ૨૫, પૃ ૨૨૨.

પ્રકરણ-૧૦

શૂદ્રોનું પતન

શૂદ્રો જે બીજી શ્રેણીના ક્ષત્રિયો હતા એમને અપદસ્થ કરીને ચોથા વર્ણમાં કેવી રીતે લાવી દેવામાં આવ્યા અને તેને માટેની કઈ કરામત બ્રાહ્મણોએ અપનાવી? આ બે પ્રશ્નોના ઉત્તર આપણે શોધવાના છે.

અત્યાર સુધી કરવામાં આવેલી ચર્ચા બે મુખ્ય સવાલોને કેન્દ્રસ્થાને રાખીને કરવામાં આવી છે. શૂદ્રો મૂળત: બીજી વર્ણના ક્ષત્રિયો હતા કે નહીં?

અને બ્રાહ્મણોને એમનાં ઉશ્કેરણીજનક કારણો મળ્યા હતા ખરા કે જેથી શૂદ્ર ક્ષત્રિયોને બીજી વર્ણમાંથી અપદસ્થ કરવા તેઓ પ્રેરાયા હતા?

હવે તાર્કીક રીતે જ ત્રીજો પ્રશ્ન ઉદ્દભવે છે કે શૂદ્રોનો પરાભવ કરવા બ્રાહ્મણોએ કઈ ટેકનીકનો ઉપયોગ કર્યો? આ અંગે મારો જવાબ એ છે કે બ્રાહ્મણોએ પોતાનો હેતુ સિધ્ધ કરવા માટે શૂદ્રોને ઉપનયન સંસ્કારથી વંચિત કરી દીધા. મને એ બાબતમાં જરા પણ શંકા નથી કે શૂદ્રોને સમાજની દ્રષ્ટિમાંથી ઉતારી પાડવા માટે અને પોતાના અપમાનોનો બદલો ચૂકવવા માટે આ પધ્ધતિનો બ્રાહ્મણોએ આસરો લીધો હતો.

ઉપનયન સંસ્કાર વિધિ શું છે? અને ભારતીય આર્યોના સમાજમાં એનું મહત્ત્વ શું છે એ જાણી લેવું કદાચ અતિ આવશ્યક બની જાય છે. એટલે ઉપનયન સંસ્કારવિધિનું વર્ણન કરવું જરૂરી છે.

પ્રારંભમાં ઉપનયન સંસ્કાર વિધિ એક ખૂબ જ સાદો સરળ સંસ્કાર હતો. બાળક હાથમાં સમિધા (એક પ્રકારનું ઘાસ) લઈને ગુરુની પાસે જતો હતો. બાળક વિદ્યાધ્યયન હેતુ માટે બ્રહ્મચારી બનવાની યાચના કરતો હતો. સમયની સાથે સાથે આ વિધિનો વિસ્તાર થતો ગયો. આશ્વાલયન ગુહ્ય સૂત્રમાં ઉપનયન

સંસ્કાર વિધિના વિસ્તારની માહિતી ઉપલબ્ધ થાય છે.[૧]

"બાળકનું માથું મુંડન કરાવેલું હોય, એણે નવીન વસ્ત્રો ધારણ કરેલા હોય, કે ચામડું ધારણ કર્યું હોય. જો બાળક બ્રાહ્મણ હોય તો મૃગચર્મ ક્ષત્રિય હોય તો વ્યાઘ્રચર્મ અને વૈશ્ય હોય તો બકરાનું ચર્મ ધારણ કરેલું હોય, જો વસ્ત્ર પહેર્યા હોય અને રંગીન હોય તો બ્રાહ્મણે કેસરિયા રંગના, ક્ષત્રિયોએ લાલ રંગના અને વૈશ્યોએ પીળા રંગના વસ્ત્રો ધારણ કરવા.

એણે મેખલા પહેરેલી અને છડી ધારણ કરેલી જોઈએ. બાળક ગુરુનો હાથ પકડે અને ગુરુ ઘીનું હવન કરે અને અગ્નિની સમક્ષ ઉત્તરમાં પૂર્વમુખે બેસે. બાળક ગુરુની સામે પશ્ચિમની બાજુ મુખ રાખીને બેસે. ગુરુ પોતાની અને બાળકની અંજલિમાં પાણી ભરીને ઋગ્વેદનો મંત્ર (૫:૮૨:૧)નો પાઠ કરે અને પોતાના હાથનું પાણી બાળકની અંજલિમાં રેડે. પછી સાવિત્રીની આજ્ઞાથી “અશ્વીનીકુમારોનો હાથથી,” અને 'પુષ્પાના હાથોથી' મંત્ર ભણીને બીજા બાળકનો હાથ પકડે. 'સાવિત્રીએ તારો હાથ પકડયો.' એમ મંત્ર ભણીને બીજા બાળકનો હાથ પકડે. "અગ્નિ તારો ગુરુ છે.” એમ કહી ત્રીજીવાર બાળકનો હાથ પકડે. ગુરુના સંકેત અનુસાર બાળક સૂર્યની સામે જુએ. ત્યારે ગુરુ "દેવી, સાવિત્રી આ તારો બ્રહ્મચારી છે એની રક્ષા કરો." એમ કહી મંત્રનો પાઠ કરે તદુપરાંત ગુરુ કહે “તું કોનો બ્રહ્મચારી છે? તું પ્રાણનો બ્રહ્મચારી છે. હું તને પ્રજાપતિને સોંપું છું." પછી ઋગ્વેદ (૩:૮:૪) મંત્રનો પાઠ કરતાં કરતાં બાળકને જમણી બાજુ ફેરવીને એના હૃદયનો સ્પર્શ કરે. ત્યારે બ્રહ્મચારી ચુપચાપ અગ્નિમાં લાકડું મૂકી દે. (શ્રૂતિ અનુસાર પ્રજાપતિનું કાર્ય મૌન રહીને કરવું જોઈએ.) કેટલાક લોકો અગ્નિનો મંત્ર ભણે છે. “અમે આ લાકડું એટલા માટે રાખીએ છીએ કે તમે આગળ વધો અને બ્રહ્મ દ્વારા અમે પણ વૃધ્ધિ પ્રાપ્ત કરીએ સ્વાહા.” લાકડું મૂકીને અગ્નિનો સ્પર્શ કરી બાળક ત્રણવાર કહે, “હું તેજથી અભિવ્યક્ત થાઉં છું. અગ્નિ મને બુધ્ધિ, વંશ અને બળ આપે. સૂર્ય મને

૧. કાણે. હિસ્ટ્રી ઓફ ધર્મશાસ્ત્ર ગ્રંથ ૨ (i) પૃ. ૨૮૧-૨૮૩.

બુદ્ધિ વંશ અને બળ આપે. હે અગ્નિ ! આપ તેજ છો. હું તેજસ્વી થાઉં. તમે શક્તિ છો હું શક્તિશાળી બનું. તમે દાહક છો હું ભસ્મ કરવાની શક્તિ પ્રાપ્ત કરું." આ ઉપરાંત શિષ્ય ગુરુના ચરણનો સ્પર્શ કરે અને કહે, "મને સાવિત્રી ભણાવો, ભણાવો, ભણાવો. ગુરુ બાળકનો સ્પર્શ કરે અને ધીરેધીરે ગાયત્રીમંત્ર ભણાવે અને કહે "હું તારું મન કર્તવ્યમાં લગાવું છું. તારું મસ્તિષ્ક મારા મસ્તિષ્ક જેવું જ બને. તમે એક ચિત્ત થઈને મારી આજ્ઞાનું અનુસરણ કરો.

બૃહસ્પતિ તમે મારી સેવામાં લગાવો." એના પછી બાળકની કટિમાં મેખલા બાંધી અને છડી પકડાવે. તદુપરાંત બ્રહ્મચારીનું કર્મ સમજાવે. "બ્રહ્મચારી બન, પાણી પી, સેવા કર, દિવસે શયન ન કર, ગુરુ પર વિશ્વાસ રાખ અને વેદનું અધ્યયન કર."

સવારે અને સાંજે/ ભિક્ષીન્ન /(ભિક્ષાન્ન)કરવું, યજ્ઞને માટે લાકડાં એકઠાં કરવા, /ભિક્ષાન્તમાં/ (ભિક્ષાન્નમાં) પ્રાપ્ત સામગ્રી ગુરુને આપવી અને દિવસે વિશ્રામ ન કરવો."

ઉપનયન સંસ્કારનું સમાપન ગુરુ દ્વારા બાળકને મંત્ર ભણાવવાની સાથે જ થાય છે. અહીં એ વાત કહેવી મુશ્કેલ છે કે, ઉપનયન પૂર્વે ગાયત્રી મંત્ર ભણાવવો એ આવશ્યક છે.

ઉપનયન સંસ્કારના ઉપરોક્ત વર્ણનથી બે વાતો સ્પષ્ટ થાય છે,

(૧) ઉપનયનનો અર્થ એક વ્યક્તિને આચાર્ય પાસે વેદાધ્યયન નિમિત્તે મોકલવાનો હતો અને વેદપાઠી ગાયત્રીના મંત્રથી અભ્યાસનો પ્રારંભ કર્યો હતો.

(૨) ઉપનયનને માટે વાસ (અધોવસ્ત્ર) ઉત્તરિય (શરીરના ઉપલા ભાગનું વસ્ત્ર,) છડી અને કટિ મેખલા અથવા કમરે બાંધવા માટે મૂંજની રસ્સી રાખવી પડતી.

જો આ વર્ણનને આજે જે પ્રકારે ઉપનયન સંસ્કાર કરવામાં આવે છે એની સાથે તુલના કરવામાં આવે તો આશ્ચર્ય થશે કે, પ્રાચીનકાળમાં ઉપનયન સંસ્કાર યજ્ઞોપવીત (જનોઈ)નો કોઈ ઉલ્લેખ જ નથી. આધુનિક ઉપનયનનો મુખ્ય આશય યજ્ઞોપવીત **૧** (જનોઈ) ધારણ કરવા પાત્ર જ રહી ગયો છે અને આ યજ્ઞોપવીતની ભૂમિકા એટલી પ્રબળ બની ચૂકી હતી કે એને સંપન્ન કરવા તથા પ્રયોગની વિસ્તૃત નિયમાવલી પણ તૈયાર કરવામાં આવેલી છે.

યજ્ઞોપવીત ત્રણ તારનો હોવો જોઈએ અને પ્રત્યેક તારમાં ત્રણ તંતુઓ સારી રીતે વણેલા હોવા જોઈએ. આમ નવતંતુઓ નવ દેવતાઓનો સંકેત કરે છે. પ્રત્યેક તંતુ એક દેવતા માટે છે.

દેવતા સ્મૃતિના જણાવ્યા પ્રમાણે નવ જતુઓના નવ દેવતાઓ ઓમકાર અગ્નિ, નાગ, સેમા, પિતૃઓ, પ્રજાપતિ, વાયુ, સૂર્ય વિશ્વદેવ છે. આ મંતવ્યમાં કંઇક પરિવર્તન આવ્યું હોય એવું જણાય છે.

કારણ કે મેધાતિથિ (જુઓ કાણે) કહે છે કે, ઈશિતિઓમાં પશુયજ્ઞો અને સોમયજ્ઞોમાં યજ્ઞોપવીતને ત્રણ તંતુઓનો માત્ર એક દોરો રહેતો હતો. પરંતુ તે અહીંના એક સત્રયજ્ઞોના ત્રણ વર્ગોમાં ત્રેવડી રહેતી હતી. કારણ કે, તે યજ્ઞોમાં ત્રણ યજ્ઞકુંડો જરૂરી હતા અને સાત સોમ સંસ્થાઓમાં સપ્તવડી રહેતી હતી. અને ત્રણ સાવનો અને બે સંધ્યાઓ સાથેના સંદર્ભમાં જોવામાં આવે ત્યારે પંચવડી રહેતી હતી.

બ્રહ્મચારીએ માત્ર એક યજ્ઞોપવીત પહેરવાની હોય છે. અને સંન્યાસીઓએ પણ. તેઓ યજ્ઞોપવીત કદાચ રાખતા હોય ત્યારે માત્ર એક જ પહેરતા હોય છે. સ્નાતક (એટલે કે બ્રહ્મચર્યાશ્રમ પછી ગુરુના ગૃહેથી પરત આવ્યો હોય તે) અને ઘર સંસારી વ્યક્તિએ બે પહેરવાની હોય છે. જ્યારે જે દીર્ઘાયુષ્ય ઈચ્છતો હોય તેણે એક કરતાં વધારે યજ્ઞોપવીતો જ પહેરવી

૧. યાજ્ઞવલ્ક્ય (૧ : ૧૬ અને ૧૩૩) એને બ્રહ્મસૂત્ર કહે છે.

જોઈએ. કોઈ ઘર સંસારી વ્યક્તિ દસ સુધી કોઈપણ સંખ્યામાં યજ્ઞોપવીત પહેરી શકે છે.

યજ્ઞોપવીત નાભિ કરતા ઉપર કે નાભિથી નીચે ૧ હોવું જોઈએ નહીં. તે છાતીની ઉપર પણ ન હોવું જોઈએ. વ્યક્તિ એક કરતાં વધારે યજ્ઞોપવીત ધારણ કરી શકે છે.

યજ્ઞોપવીત હંમેશા ધારણ કરેલું રાખવું જોઈએ. જનોઈ પહેર્યા વિના ભોજન ન કરવું અથવા જનોઈને જમણા કાન ઉપર વીંટીને જ મળમૂત્ર વિસર્જિત કરવું અને તેમ ના થાય તો સ્નાન કરવું, પ્રાર્થના કરવી, વ્રત કરવું, વગેરે પ્રકારે પ્રાયશ્ચિત કરવું પડે છે.

બીજી વ્યક્તિનું યજ્ઞોપવીત, જોડા, આભૂષણ, માળા અથવા કમંડળ વગેરે ધારણ કરવા અનિચ્છનીય છે. ૨

યજ્ઞોપવીત ત્રણ પ્રકારના છે. (૧) નિવીતા (૨) પ્રાચીન્વિત અને (૩)ઉપનવીત ધારણ કરવાનું પ્રાવધાન છે. જ્યારે સૂત્રને ગળા બંને ખભા અને છાતીની ઉપર લઈ જવામાં આવે અને બંને અંગૂઠાથી (બે હાથના) હૃદયપ્રદેશ કરતાં નીચે અને નાભિથી ઉપર સુધી પકડી રાખવામાં આવે ત્યારે તે નિવિતા પડખે લટકે ત્યારે તે ઉપવીત બને છે.

સૂત્રને જમણા ખભે એવી રીતે રાખીએ કે જેથી તે તેની ડાબી બાજુએ પડખે નીચે લટકે તો તે પ્રાશિનવીતા બને છે.

યજ્ઞોપવીતનો પ્રારંભ કેવી રીતે થયો? આ અંગેનું વિવરણ શ્રી તિલક આપે છે અને તે નોંધવાપાત્ર છે. શ્રી તિલકનું 3 કહેવું છે કે:

"વૈદિક ગ્રંથોમાં પ્રજાપતિને ઓરાઈન અર્થાત / મૃગશીર્ષ કહેવામાં આવેલ છે. ક્યાંક ક્યાંક યજ્ઞ પણ કહેવામાં આવેલ છે. એટલે કટિપ્રદેશમાં ધારણ

૧. કાણે ડી એસ. II (I) પૃ.૨૯૨

૨. કાણે: હિસ્ટ્રી ઓફ ધર્મશાસ્ત્ર ગ્રંથ ૨(i) પૃ.૨૯૩.

૩. ઓરિઅન પૃ.૧૪૪-૧૪૬.

કરવામાં આવનાર વસ્ત્રને પ્રજાપતિના નામ પર સ્વાભાવિક રૂપે જ યજ્ઞોપવીત કહેવામાં આવે છે. અત્યારે તે બ્રાહ્મણોની જનોઈ કહેવાય છે. અહીં એ પ્રશ્ન પેદા થાય છે કે, શું જનોઈ ઓરાઈનનો /(મૃગશીર્ષ)કમર બંધ (પટુકા)ના સ્વરૂપે છે. મને નીચેના આધારોને લીધે તે સત્ય હોય તેવું પ્રતીત થાય છે.

સ્થાનિક સંશોધકો અનુસાર યજ્ઞોપવીત શબ્દ યજ્ઞ અને ઉપવીત શબ્દોની સંધિથી બનેલો છે. પરંતુ આ વિષયમાં મતભેદ છે. સંયુક્ત શબ્દનો અર્થ થાય છે. યજ્ઞનું ઉપવીત અથવા 'યજ્ઞ માટેનું ઉપવીત' હોતૃઓએ એક સ્મૃતિ અનુસાર પરમાત્માને યજ્ઞ કહ્યો છે. આ એમનું ઉપવીત છે. એટલે એમને યજ્ઞોપવીત કહેવામાં આવેલ છે. યજ્ઞ કરતી વખતે " यज्ञोपवीतं परमं प्रजापतेर्यत्सहजं पुरस्तात्" મંત્ર ભણવામાં આવે છે. આ મંત્ર કોઈ પણ સંહિતામાં જોવા મળતો નથી. બોધાયને એને બ્રહ્મોપનિષદમાં લખ્યો છે. આ મંત્ર હાઓમાં (Haoma) યેસ્ટ (Yesta) સમાન છે. જેનો અર્થ છે કે યજ્ઞોપવીત ઉત્તમ અને પવિત્ર છે. તે બ્રહ્માની સાથે જ પેદા થયો છે. 'પુરસ્તાત' શબ્દ અવેસ્તાના શબ્દ 'પૌર્વાનિમ' તથા 'સહજ' (પ્રજાપતિના હોઠમાંથી ઉત્પન્ન) પણ 'મેન્યુતસ્તેય'નો સમાનાર્થી છે. આ સમાનતા સંયોગ માત્ર નથી મારા મત અનુસાર જનોઈને ઓરાઈનની પટુકા સાથે લેવામાં આવ્યા છે. એવું લાગે છે કે, કમરબંધ પટુકા સ્વરૂપે અધોવસ્ત્ર જ યજ્ઞોપવીતનું વાસ્તવિક સ્વરૂપ છે અને પ્રજાપતિના નામ સાથે સંકળાયેલું હોવાથી પવિત્ર છે એવું માનવામાં આવ્યું છે."

નિ:સંદેહ તિલક મહારાજનો મત રોચક છે. પરંતુ કેટલીક ઉત્પન્ન થતી મુશ્કેલીઓના સમાધાનમાં સહાયક સિધ્ધ નથી થતી. સાથો સાથ આ વિવરણ 'ઉત્તરીય' અને 'વાસથી' યજ્ઞોપવીત અંગેનો સંબંધ પણ સ્પષ્ટ નથી કરી શકતું. શું યજ્ઞોપવીત ઉપરોક્ત બે વસ્ત્રો સિવાયની કોઈ વસ્તુ હતી? જો એવું હોય તો ઉપનયન સંસ્કારના પ્રાચીન વર્ણનમાં એનો ઉલ્લેખ શા માટે કરવામાં આવ્યો

નથી? જો જનોઈ જ ઉપરોક્ત વસ્ત્રોનો જ વિકલ્પ હોય તો ઉપનયનમાં વસ્ત્ર ધારણ કરવાનો ઉલ્લેખ કેમ છે?

હવે હું એક બીજો સિદ્ધાંત પ્રસ્તુત કરું છું. યજ્ઞોપવીત સંસ્કાર ગોત્રાધિકારને માટે કરવામાં આવતો હતો. એનો હેતુ એક વ્યક્તિને વિશેષ ગોત્ર સાથે જોડવાનો થતો હતો. ઉપનયનની સાથે એનો કોઈ સંબંધ નથી. ઉપનયન તો વેદાધ્યનને નિમિત્તે કરવામાં આવતો હતો.

મોટાભાગના લોકો એવું નથી જાણતા કે, પ્રાચીન આર્ય કાનૂન અનુસાર પુત્ર જન્મથી જ પિતાના ગોત્રનો અધિકારી બનતો ન હતો. પોતાનું ગોત્ર પુત્રને આપવા માટે પિતાએ એક વિશેષ સંસ્કાર કરવો પડતો હતો. અને ત્યારે જ પુત્ર પોતાના પિતાના ગોત્રનો અધિકારી બનતો હતો. આ અંગે પ્રાચીન આર્યોના સમાજમાં બે નિયમો પ્રચલિત હતા એક શૌચનો નિયમ (The rull of impurities) અને બીજો નિયમ હતો ગોદમાં **૧** (adoption) લેવાનો. મૃત્યુ થાય ત્યારે અપવિત્રતાની અવધિ નિકટના સંબંધીઓ અને ઘરનાં સંબંધીઓ માટે અલગ અલગ રહેતી. જે નજીકના સગાસંબંધીઓ હોય એમને માટેની અવધિ દૂરના સગા સ્નેહીઓ કરતા વિશેષ લાંબી રહેતી. જો પુત્રનો યજ્ઞોપવીત ન થયો હોય તો અશૌચ (સૂતક) માત્ર થોડા દિવસો માટે જ રહેતું.**૨** (મનુસ્મૃતિ ૫:૬૬:૭૦) જ્યારે ગોદમાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ત્યારે એવી કોઈ વ્યક્તિને ગોદ લેવામાં આવતી નહીં જેનું યજ્ઞોપવીત થઈ ગયું હોય. (કાણે કૃત વ્યવહાર મયુખ પૃ.૧૧૪ પર ઉદ્દધૃત કાલિકા પુરાણ)

આ બંને નિયમોનું તાત્પર્ય શું છે? અશૌચની અવધિ પુત્રને માટે અલ્પ એટલા માટે હતી કે યજ્ઞોપવીત ન હોવાને કારણે તે ઔપચારિક રૂપે પોતાના પિતાના ગૌત્ર સાથે સંબંધિત થઈ ગયેલો ગણાતો નહોતો. ગોદ લેવાનો અર્થ

૧. કાણે દ્વારા સંપાદિત વ્યવહાર મયુખ દ્વારા ટાંકવામાં આવેલ છે. પૃ.૧૧૪ પક્ષકારો દ્વારા અદાલતોમાંના આ વિવિધ કેસોમાં આ દલીલ લેવામાં આવી છે કે જેના શ્રી કાણે ઉલ્લેખો કરી રહ્યા છે.

૨. જૈન સાહિત્ય ઔર ઈતિહાસ (હિન્દી) નામના પોતાના પુસ્તકમાં શ્રી નાથુરામ પ્રેમીએ આ વિધાન ટાંક્યુ છે.

એવો થતો કે તે પિતાના ગોત્ર (ગોદલેનારનું ગોત્ર) સાથે સંબંધિત થઈ જતો. યજ્ઞોપવીત થતાં પુત્ર પિતાના ગોત્રનો થઈ જતો.

ઉપરોક્ત બંને નિયમોથી એ બાબત સ્પષ્ટ થઈ જાય છે કે; યજ્ઞોપવીતનો સંબંધ ગોત્ર સાથે હતો ઉપનયન સંસ્કાર સાથે નહીં. આ વાતની પુષ્ટિ જૈન સાહિત્ય દ્વારા પણ થાય છે. આચાર્ય રવિસેન દ્વારા રચવામાં આવેલા 'પદ્મપુરાણ'ના ચતુર્થ પર્વનો શ્લોક ૮૭માં લખ્યું છે કે;

'ભગવાન આપે અમોને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રની ઉત્પત્તિ બતાવી દીધી છે. હવે અને એ લોકોની ઉત્પત્તિ જાણવા માંગીએ છીએ જેઓ યજ્ઞોપવીત ધારણ કરે છે.'

આ વાક્ય મહત્વપૂર્ણ છે. નિ:સંદેહ આ બ્રાહ્મણનું વર્ણન છે. એનાથી એટલું તો સ્પષ્ટ થઈ જ જાય છે કે; એક એવો સમય પણ હતો જ્યારે કેવળ બ્રાહ્મણો જ યજ્ઞોપવીત ધારણ કરતા હતા. અન્ય જાતિઓ કે વર્ણ નહીં. એનું કારણ એટલું જ કે બ્રાહ્મણોમાં ગોત્ર હતા જ નહીં. આ બાબત પરથી એટલું તો પ્રગટ થઈ જ ગયું કે; યજ્ઞોપવીત - સંસ્કારપુત્રને પિતાના ગોત્રમાં લાવવાનું અથવા તો પિતાના ગોત્ર સાથેનો સંબંધ જોડવા માટે કરવામાં આવતી વિધી હતી. યજ્ઞોપવીતનો ઉપનયન સંસ્કાર તો વેદાધ્યયનને નિમિત્તે કરવામાં આવતો હતો.

જો આ વાતને સત્ય માની લેવામાં આવે તો 'યજ્ઞોપવીત' અને ઉપનયન સંસ્કાર અલગ અલગ હતા જે કાળાંતરે એક થઈ ગયા. આ એકીકરણ સ્વાભાવિક પણ છે કારણ કે પુત્ર યજ્ઞોપવીત વિના વિદ્યાધ્યયન માટે જાય તો આચાર્ય દ્વારા એને પોતના ગોત્રમાં સામેલ કરવાનો ડર રહેતો હતો. આ ભયને કારણે જ લોકો પોતાના પુત્રોને યજ્ઞોપવીત સંસ્કાર પછી જ વેદાધ્યયન માટે મોકલતા હતા. સંભવતઃ આજ એક માત્ર કારણ હતું કે કાલાંતરે આ બંને વિધીઓ અર્થાત 'ઉપનયન સંસ્કાર' અને 'યજ્ઞોપવીત સંસ્કાર' બંને એકી સાથે

થવા લાગ્યા એ ગમે તે હોય એક વસ્તુ તો સ્પષ્ટ જ છે કે; ઉપનયનનો સંબંધ વેદાધ્યયન સાથે જ હતો.

...૩...

જ્યારે હું મારા થિસિસને સશક્ત માનું છું અને એનાથી મને સંતોષ થયો છે ત્યારે પણ એવા કેટલાક લોકો હશે જે પ્રશ્નો ઊભા કરશે જ. આ અંગે કયા પ્રશ્નો પૂછાશે એના અંગે હું આગોતરી કલ્પના કરી શકું છું કે તેમના પ્રશ્નો આ પ્રકારના હશે !

(૧) શું ઉપનયન સંસ્કાર વિધિ ન હોવી એ શૂધ્ધત્વનું કારણ છે?

(૨) શું શૂદ્રોને પણ ઉપનયન સંસ્કારવિધિનો અધિકાર હતો?

(૩) ઉપનયન વંચિત થવાને કારણે જ શૂદ્રોનું પતન થયું?

(૪) શૂદ્રોનું ઉપનયન બંધ કરવાનો બ્રાહ્મણોને કયો અધિકાર હતો?

મારા આ થિસિસ અને એના સંભવતઃ પેદા થનારા પ્રશ્નોના જવાબ મારે આપવા જ જોઈએ. મને આ પ્રશ્નોના જવાબો આપવાનું ગમશે.

...૪...

પ્રથમ શંકા અંગે અને એના સમાધાન અંગે સૌથી પ્રથમ તો આપણે એ જાણી લેવું પડશે કે ભારતની ન્યાયની અદાલતોએ શૂદ્રોની ઓળખાણ માટે કયા માપદંડોનો સ્વીકાર કર્યો છે.

પહેલું ઉદાહરણ પ્રીવી કાઉન્સિલ દ્વારા ઈ.સ ૧૮૩૭માં રણમર્દનસિંહ વિરુદ્ધ સાહેબ પ્રહલાદ સિંહનો ખટલો (7 એમ.આઈ.એ.18) **૧** હતો. તેમાં એવો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો "શું ભારતમાં ક્ષત્રિયોનું અસ્તિત્વ છે?" એક પક્ષનો મત સકારાત્મક હતો અને બીજો પક્ષ ક્ષત્રિયોના અસ્તિત્વને

૧. ચૌહાણ રણમર્દન સિંહ વિરૂદ્ધ સાહેબ પ્રહલાદસિંહ ૭ એમ.આઈ.એ.૧૮.

અસ્વીકારનારાઓનો પક્ષ હતો. બ્રાહ્મણો દ્વારા પ્રસારિત અને પ્રચારિત સિદ્ધાંતનો આશરો લેનારો પક્ષ એવું માનતો હતો કે બ્રાહ્મણ પરશુરામે તમામ ક્ષત્રિયોને વધ કરી દીધો હતો. અને જે શેષ બાકી રહી ગયા એમનો સમૂળો ઉચ્છેદ મગધના શૂદ્ર રાજા મહા પદ્મનંદે કરી દીધો હતો એટલે ક્ષત્રિય બાકી રહ્યા જ ન્હોતા.

કેવળ બ્રાહ્મણ અને શૂદ્ર જ બાકી રહ્યા હતા. પ્રીવી કાઉન્સિલે આ કેસને બ્રાહ્મણો દ્વારા તૈયાર કરવામાં આવેલી વાર્તા કહીને સામાન્ય કરાવી દીધો અને ક્ષત્રિયોનું અસ્તિત્વ છે એનો સ્વીકાર કર્યો હતો. જોકે પ્રીવી કાઉન્સિલે કોઈ એવો માપદંડ સ્થાપિત ન કર્યો જેના આધારે ક્ષત્રિયોઓ અને શૂદ્રોનું અલગ અલગ અસ્તિત્વ પ્રગટ થઈ શકે. છતાંય એવો નિર્ણય આપ્યો કે; પ્રત્યેક મામલાને એના તથ્યોને આધારે નિર્ણય કરવામાં આવે.

રાજકુમાર લાલ વિરુદ્ધ વિશ્વેશ્વર દયાળ (આઈ એલ આર ૧૦ કલકત્તા ૬૮૮)[૧]ના કેસમાં ઉચ્ચ ન્યાયાલય બિહારના કાયસ્થોને શૂદ્ર ઠરાવ્યા હતા.

બિહારના કાયસ્થોએ કોર્ટ સમક્ષ એવું નિવેદન કર્યું હતું કે એમની સ્થિત બંગાળ, ઉત્તર પ્રદેશ અને બનારસના કાયસ્થોથી ભિન્ન છે.[૨] એટલે તેઓ ક્ષત્રિય છે એમ માનવામાં આવે. ન્યાયાલયે આ ભેદને સ્વીકાર્યો નહીં અને કાયસ્થોને શૂદ્ર જ ગણ્યા. આ અંગે અલ્હાબાદ હાઇકોર્ટે[૩] મુકદ્દમા નંબર (આઈ એલ આર અલાહાબાદ ૩૨૮)ઉપરોક્ત નિર્ણય અને અવિશ્વસનીય માન્યો.

ત્રીજો મુકદ્દમો અસિત મોહન ઘોષ વિરૂધ્ધ નિરોધ મોહન ઘોષમલિક (૨૦-કલકતા ડબલ્યુ એન.૯૦૧ માં) વર્ષ ૧૯૧૬ નો છે.[૪] જેમાં વિવાદનો

૧. રાજકુમાર લાલ.વિરૂદ્ધ વિશ્વેશ્વર દયાળ

૨. એલ.આર.૭.આઈ.૨૫૦

૩. (૧૯૨૧)૪૮. કલકત્તા ૬૨૬.વિશ્વનાથ ઘોષ વિ.શ્રીમતિ બાલાજી જાડાઈ

૪. (૧૯૨૪) ૫૧. કલકત્તા ૭૮૮.ભોલાનાથ મિત્તર વિ.કિંગ એમ્પર ૨.

મુદ્દો એ હતો કે : બંગાળના કાયસ્થો શૂદ્ર છે કે ક્ષત્રિયો? કલકતા હાઇકોર્ટ એમને શૂદ્રો ઠરાવ્યા હતા, આનિર્ણના વિરોધમાં પ્રીવી કાઉન્સીલમાં અપીલ કરવામાં આવી જેનો નિર્ણય ૧૯૨૬માં આપવામાં આવ્યો. ઇ.સ.૧૯૧૬થી ૧૯૨૬ સુધીના સમયગાળામાં કલકતા ઉચ્ચ ન્યાયાલયે પોતાના બે નિર્ણયો વિશ્વનાથ ઘોષ વિરૂધ્ધ શ્રીમતી બલાઇ પાસી અને ભોલાનાથ મિન્નર વિરૂધ્ધ સમ્રાટનાં મુકદ્દમાં અંગે બંગાળનાં કાયસ્થોને શૂદ્રોની જાતિ અને જાતિઓ સાથે વૈવાહિક સંબંધ સ્થાપિત કરવાના આધરે શૂદ્ર ઘોષિત કરવામાં આવ્યા હતા.

ઉપરોક્ત ન્યાયિક નિર્ણયોને લીધે કાયસ્થોની સ્થિતિમાં અધ:પતન આવ્યું ઈ.સ.૧૯૨૬માં ઇશ્વરીય પ્રસાદ વિરુધ્ધ જય હરિપ્રસાદ લાલનો મુકદ્દમો(આઇ.એલ.આર. ૬ પટના પ:૬) ચાલ્યો ન્યાયાધીશ જવાલાપ્રસાદે પ્રત્યેક સ્મૃતિ અને પુરાણ જેમાં કાયસ્થો અંગેના ઉલ્લેખો હતા એનું ઊંડુ અધ્યયન કર્યું અને કલકતા હાઇકોર્ટના નિર્ણયથી અલગ નિર્ણય આપીને બિહારનાં કાયસ્થોને ક્ષત્રિય ઘોષિત કર્યા.

મદ્રાસ ઉચ્ચ ન્યાયાલયમાં ઈ.સ ૧૯૨૪માં એક મુકદ્દમો (૪૮-મદ્રાસ૧)[૧] મહારાજા કોલ્હાપુર વિરુધ્ધ સુંદરમ્ અય્યરનો ચાલ્યો હતો. એમાં એ વિવાદ હતો કે મહારજા જે મરાઠા હતા તે ક્ષત્રિય છે કે શૂદ્ર? આ અંગેનો મુકદ્દમો તાંજોરનાં રાજ્ય રિસિવરે કર્યો હતો. મરાઠા સામ્રજ્યનાં સ્થાપક શિવજીના ભાઇ વૈકાજી (જેમનું નામ એકોજી હતુ) દ્વારા સ્થાપિત તાંજોર રાજ્યના મહારાજા અને એમના ઉત્તરાધિકારીઓ બચાવ પક્ષે હતા. મદ્રાસ ઉચ્ચ ન્યાયાલયે નિર્ણય આપ્યો કે મરઠાઓને શૂદ્ર માનવામાં આવે: ક્ષત્રિય નહિં.

મરઠાઓ સંબંધિત સુબ્બારાવ હમ્બીરાવ પાટિલ વિરુધ્ધ રાધા હમ્બીરાવ પાટિલ (આઇ.એલ.આર પ.મુંબઇ ૪૯૭)[૨] ના મુકદ્દમામાં મુંબઇ હાઇકોર્ટ ઇ.સ. ૧૯૨૮ માં નિર્ણય આપ્યો હતો કે મરઠાઓના ત્રણ વર્ગો છે. (૧) પાંચ પરિવાર (૨) છન્નુ પરિવાર અને (૩) અન્ય. પ્રથમ બે વૈધાનિક રીતે

૧. (૧૯૨૪) કોલ્હાપુરના રાજા વિરૂદ્ધ સુંદરમ્ અય્યર.

૨. સુબ્બારાવ હમ્બીરાવ પાટીલ વિરૂદ્ધ રાધા હમ્બીરાવ પાટીલ આઈ.એલ.આર.પ. મુંબઈ ૪૯૭.

ક્ષત્રિયો છે.

અંતિમ મુકદ્દમો ઇ.સ. ૧૯૨૨ના મોક્કા કોણે વિરુધ્ધ અમ્માકુટ્ટીનો ચાલ્યો હતો. જેમા મદુરાઇના યાદવો ક્ષત્રિય છે કે શૂદ્ર છે એનો નિર્ણય કરવાનો હતો. યાદવોએ ક્ષત્રિય હોવાનો દાવો કર્યો હતો. ન્યાયાલયે એનો અસ્વિકાર કરીને એમને શૂદ્ર ગણાવ્યા હતા.[૧]

આ ન્યાયિક મુકદ્દમામાં અને એની પ્રક્રિયા સંદિગ્ધ છે. કારણ કે એમાં નહીં બરાબર પરિણામો ઉદ્ઘાટિત થયા છે. બિહાર અને ઉત્તર પ્રદેશના કાયસ્થો ક્ષત્રિય છે. ક્ષત્રિય છે અને બંગાળના શૂદ્ર. મદ્રાસ હાઈકોર્ટે મરાઠાઓને શૂદ્રો માન્યા જ્યારે મુંબઈ હાઈકોર્ટે પાંચ પરિવાર અને છન્નુ પરિવારને ક્ષત્રિય માન્યા અને અન્યને શૂદ્ર ગણ્યા. યાદવોને કૃષ્ણના વંશજો માનવાને લીધે ક્ષત્રિય માનવામાં આવ્યા હતા પરંતુ મદ્રાસ હાઇકોર્ટે એમને શૂદ્રો ગણ્યા છે.

આ ઉલ્લેખો કરવા પાછળનો આપણો આશય એટલોજ છે કે; ઉપરોક્ત મુકદ્દમાઓનો નિર્ણય કરતી વખતે ન્યાયાલયોએ ક્યા પ્રમાણો અને કયા માપદંડોને દ્રષ્ટિમાં રાખ્યા હતા? એનું વિવરણ નીચે મુજબ છે.

(૧) મુકદ્દમો નં.આઇ.એલ.આર. ૧૦ કલકતા ૬૮૮માં નીચે પ્રમાણેનો માપદંડ નિર્ધારિત કરવામાં આવ્યો હતો.

(અ) ઉપનામ દાસ હોવું.

(બ) યજ્ઞોપવીત ધારણ કરવું.

(ક) યજ્ઞ કરવાનો અધિકાર.

(ડ) અશૌચ (સૂતક)નો વિધિનો સમય

(ઇ) ગોદ લેવામાં આવેલા પુત્રનો ઉત્તરાધિકાર હોવો કે ન હોવો.

૧. મોક્કા કોણે વિરૂદ્ધ અમ્માકુટ્ટી.

(૨) મુકદ્દમો નં. આઇ.એલ.આર. પટણા -૬૦૬ અનુસાર સર્વ સામાન્ય ખ્યાતિને પ્રમુખ મુદ્દો ગણ્યો હતો. જો જે તે જાતિની સર્વ સામાન્ય છાપ ક્ષત્રિય તરીકેની હોય તો એમને ક્ષત્રિય ગણાવા.

(૩) મુકદ્દમો નં. આઇ.એલ.આર.૪૮ મદ્રાસ-૧ માં વિવિધ પ્રકારના માપદંડોનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ જાતિગત ચેતના, દ્વિતીય ઉપનયન સંસ્કાર પ્રતિકના રૂપમાં આવેલ. ત્રીજો માપદંડ એ હતો કે, તમામ અબ્રામ્હણ જાતિઓ જો પોતાને ક્ષત્રિય કે વૈશ્ય સિધ્ધ ન કરી શકે તો એમને શૂદ્ર છે એમ ગણવા.

(૪) મુકદ્દમા નં.એલ.આઇ.આર. બોમ્બે – ૪૯૭માં (૧) જાતિગત ચેતના (૨) રીતિરિવાજ અને (૩) અન્ય જાતિઓ દ્વારા ઉક્ત ચેતનાનો સ્વીકાર કરવાનો માપદંડ અપનાવવામાં આવ્યો હતો.

વિષયથી અજ્ઞાત કોઇ વ્યક્તિ વિવિધ ન્યાયાલયો દ્વારા અપનાવવામાં આવેલ માપદંડોને ઉચિત માની શકે નહીં. માપદંડોને ઉચિત માની શકે નહીં. અપવિત્રતાની અવધિ અપ્રાસંગિક ગણી શકાય અને આ પ્રશ્નનો નિર્ણય કરવામાં એને નિર્ણાયક ગણી શકાય તેમ નથી. યજ્ઞ કરવાની પાત્રતા પ્રાસંગિક છે પણ ઉચિત નથી. જાતિગત ચેતના પણ ભાગ્યે જ ઉચિત માપદંડ ગણી શકાય કારણ કે કોઈ પણ જાતિ લાંબા ગાળા સુધી જાતિગત ચેતનાથી વંચિત રહે અને લાંબા સમય સુધી અનિવાર્ય સંજોગોને કારણે ધાર્મિક અનુષ્ઠાનો સંપન્ન ન કરી શકે તો તે જાતિ પોતાનું ગૌરવ ગુમાવી દે છે. ન્યાયાલયોએ 'વાસ્તવિક પ્રથા' અને 'અધિકાર' વચ્ચેનો ભેદ ઉચિત રીતે દ્રષ્ટિમાં લીધો નથી. આમ છતાં ઉપનયનનું પ્રમાણ ઠીક બની શકે. મોટે ભાગે તો અદાલતો એવું માનીને ચાલે છે કે પ્રાચીન સમયમાં જે સત્ય હતું તે આજે પણ સત્ય છે. એટલે એમાં જે ગડબડ ઉત્પન્ન થાય છે એને લીધે એક જ જાતિ ભિન્ન ભિન્ન સ્થાનો

પર ક્ષત્રિય અને શૂદ્ર માનવામાં આવી છે. અમુક જાતિ યજ્ઞોપવીત ધારણ કરે છે કે ધારણ કરતી નથી એ પ્રમાણ નથી. અધિકાર હોય તો તે જાતિ ક્ષત્રિય છે અથવા શૂદ્ર છે. મોભો નક્કી કરવાની સારી અને એકમાત્ર કસોટી ઉપનયનનો અધિકાર છે.

-- ૫ --

હવે પ્રશ્ન એ રહે છે કે શું શૂદ્રોને પણ ઉપનયનનો અધિકાર હતો? આ શંકા મૂળત: નિરધાર છે. મોટેભાગે તો એવું બનતું હોય છે કે; પ્રત્યેક સમાજ પ્રારંભમાં એકજ હોય છે પણ કાળાંતરમાં એમાં અનેક વિભાગો પડી જાય છે અને સમાજ વહેંચાઈ જાય છે. એટલે આર્યોએ પ્રારંભથી જ જાતિગત આધારે શૂદ્રો અને સ્ત્રીઓને ઉપનયન સંસ્કાર વિધિથી વંચિત કરી દીધા હતા એવું માનવું એ તો પ્રાકૃતિક નિયમોથી વિરૂધ્ધ માનવા જેવી વાત છે. સદ્દનસીબે મારે માત્ર તર્કના આધારે જ ઉભા રહેવાનું નથી. જો કે તર્ક તો મારું જ સમર્થન કરે છે છતાંય એવા સાંયોગિક અને સીધા પુરાવાઓ ઉપલબ્ધ છે જેના દ્વારા એ બાબત સાબિત કરી શકાય તેમ છે કે એક કાળે સ્ત્રીઓ અને શૂદ્રોને ઉપનયન સંસ્કાર વિધિનો અધિકાર મળેલો હતો.

ઉપનયન સંસ્કાર આર્યોમાં આવશ્યક માનવામાં આવ્યા હતા. એટલું જ નહીં બહેરા, બોબડા, મૂર્ખ અને નપુંસકને પણ આ અધિકાર પ્રાપ્ત થયેલો હતો.

બહેરા, મૂંગા કે મૂર્ખ માટે વિશેષ વિધિનો પ્રયોગ કરવામાં આવતો હતો. જેમાં બાળક સમિધ લઈને, સારા કપડાં પહેરીને, મેખલા ધારણ કરીને અને મૃગચર્મ આપીને શાંતિથી વિધિ કરવામાં આવતી. જેમાં બાળકને પોતાનું નામ બોલવાનું જ નહોતું બધી જ બાબતો આચાર્યે જ કરવાની હતી. આવી જ વિધિ નપુંસક, અંધ, ગાંડા કે એવા જ કોઈક સફેદ કોઢ કે કાળા કોઢથી પીડાતી વ્યક્તિ માટે પણ કરવામાં આવતી.

ક્ષત્રિયો, વૈશ્યો અને મિશ્રજાતિઓ જેવી કે રથકારો, અમ્બાષ્ઠો વગેરેને માટે ઉપનયનના નિયમો સ્પષ્ટ છે કે છ અનુલોમ જાતિઓને પણ ઉપનયનનો અધિકાર હતો.૧

'પતિત સાવિત્રીકા' માટે પણ ઉપનયન સંસ્કાર ઉપલબ્ધ હતો. બ્રાહ્મણપુત્રને આઠમા વર્ષે, ક્ષત્રિયપુત્રને ૧૧મા વર્ષે અને વૈશ્યપુત્રને ૧૨મા વર્ષે ઉપનયન સંસ્કાર આપવામાં આવતો. પણ આ સંસ્કાર વિશેષ પરિસ્થિતિઓમાં ક્રમશ: ૧૬મા વર્ષ કે ૨૪મા વર્ષે પણ થઈ શકતો. આ ઉંમર સુધી ઉપનયનથી વંચિત વ્યક્તિ ગાયત્રીમંત્ર માટે અયોગ્ય ગણવામાં આવતી. આવી વ્યક્તિને પતિત સાવિત્રિક કે સાવિત્રી પતિત કહેવામાં આવતી. નિયમોની કઠોરતાને કારણે ઉમર થઈ જતાં કોઈ એમનો ઉપનયન સંસ્કાર કરતું નહીં અને એમને વેદ ભણાવતું નહીં કે યજ્ઞ કરાવતું નહીં. એટલું જ નહીં એમની સાથે સામાજિક સંબંધ (એટલે કે વૈવાહિક સંબંધ) પણ સ્થાપિત કોઈ કરતું નહીં. આમ છતાં નિર્ધારિત પ્રાયશ્ચિત્ત કરવાથી ઉપનયન થઈ શકતું.૨

બ્રહ્મદનને (જેના પિતામહ કે પિતાનો ઉપનયન સંસ્કાર ન થયો હોય) પણ પ્રાયશ્ચિત કર્યા પછી ઉપનયન કરાવવાની છૂટ હતી. નિયમાનુસાર બ્રહ્મદનના ઘરે ન તો કોઈ ભોજન ગ્રહણ કરતું ન તો સામાજિક સંબંધ ધરાવી શકતો. પણ જો તે ઈચ્છે તો વિધિપૂર્વક પ્રાયશ્ચિત કરીને એનો ઉપનયન વિધી કરી શકાતો.૩

૧. બૌધ્ધાયન ગુહ્ય સુત્ર (૨:૮) કાણે. ધર્મશાસ્ત્રનો ઈતિહાસ. II (i) પૃ. ૨૯૯.

૨. આપસ્તમ્બ ધર્મસૂત્ર (૧:૧૧૧, ૨૮:૩૧) નિયત કરે છે કે; ૧૬મા કે ૨૪મા વર્ષ પછી વ્યક્તિએ જેઓ ત્રણ વેદો ભણવા માગતા હોય અને જેમનો ઉપનયન કરવામાં આવ્યો હોય તેમની જેમ જ બે મહિના છાત્રાવસ્થાના નિયમોમાંથી પસાર થવું જોઈએ, વ્રત પાળવા જોઈએ. (ખોરાક માંગી લેવો જોઈએ વગેરે) તે પછી તેના ઉપનયન જોઈએ તે પછી એક વર્ષ સુધી દરરોજ (શક્ય હોય તો ત્રણ વાર) સ્નાન કરવું જોઈએ અને તે પછી તેને વેદ ભણાવવો જોઈએ. વશિષ્ઠ ધર્મસૂત્ર ૧૧:૭૬-૭૯ અને વૈકસ્મર્તા, ૧૧-૩ નકકી કરે છે કે, જે પતિત સાવિત્રિક છે તેણે કાં તો ઉદ્દાલક વ્રત કરવું જોઈએ અથવા અશ્વમેધ યજ્ઞ કરનાર સાથે સ્નાન કરવું જોઈએ અથવા વ્રતસ્તોમ યજ્ઞ કરવો જોઈએ. જૂઓ કાણે (એજન) પૃ. ૩૭૭.

૩.૧:૧-૧, ૩૨: ૨-૪ નક્કી કરાયેલ પ્રાયશ્ચિત દરેક પેઢી (ઉપનયન ન કર્યા હોય તે) માટે એક વર્ષ છાત્રવૃત્તિના નિયમો પાળવાનું હતું. ત્યાર પછી તેમણે અમૂક મંત્રો જેવા કે, યદાન્તિ યક્કા દુરાકે (ઋગ્વેદ ૯:૬૭, ૨૧-૨૭)થી શરૂ થતા સાત પાવમાનિ શ્લોકો, યજુસ પવિત્ર (તૈત્તિરીય સંહિતા,૧, ૨-૧:૧-૧, ઋગ્વેદ ૧૦:૧૭:૧૦) સમાપવિત્ર અને એંગિરસ કહેવાતા મંત્ર (ઋગ્વેદ ૪:૪૦-૪૫) સહિત અમુક મંત્રોથી એક વર્ષ સુધી દરરોજ (ત્રણવાર કે એકવાર) સ્નાન કરવું પડશે અથવા કોઈ આહુતિ સાથે માત્ર જળ છાંટી શકે. આ બધુ કર્યાં પછી જ એ વ્યક્તિને વેદ ભણાવી શકાય (જુઓ કાણે :એજન ૩૭૮).

આ રીતે જો કોઈ વ્યક્તિના વંશમાં પ્રપિતામહના સમયથી ઉપનયન સંસ્કાર ન કરવામાં આવ્યો હોય તો પ્રાયશ્ચિત કરીને એકવાર આવી શકતો. તેણે બાર વર્ષ સુધી બ્રહ્મચારી જીવન વ્યતીત કરવું પડતું. જો કે તે વેદાધ્યયનથી વંચિત રહી જતો હતો. પણ એનો પુત્ર 'પતિતસાવિત્રીક' જેમ ઉપનયન કરાવી આર્ય બની શકતો.

વ્રાત્યોનો પણ ઉપનયન સંસ્કાર થતો હતો. વ્રાત્યો આર્યો હતા કે અનાર્ય એ કહેવું મુશ્કેલ છે. તેઓ પતિત જીવન વ્યતીત કરતા હતા. તેઓ ન તો બ્રહ્મચર્યનું પાલન (વિદ્યાર્થીવસ્થા) કરતા હતા કે ન તો ખેતી કરતા હતા. એમનો પોતાનો કોઈ પણ સામાજિક વ્યવહાર નહોતો. છતાંય તેઓ આર્ય અને અનાર્ય બંને હતા એ વાત તો નિર્વિવાદ છે. એ વાત પણ સાચી છે કે બ્રાહ્મણો એમને આર્યોમાં ગણવા માંગતા હતા. વ્રાત્યસ્નોમ કરવાથી એમનો ઉપનયન થઈ શકતો.

વ્રાત્યસ્નોમ ચાર પ્રકારના હતા.(૧) પહેલો પ્રકાર તમામ વ્રાત્યો માટે હતો. (૨) બીજો પ્રકાર એવા લોકો માટે હતો જે અભિશપ્તો હતા એટલે કે જેઓએ મોટું પાપ કર્યું હોય. (૩) ત્રીજો પ્રકાર એવા લોકો માટે હતો જે ઉંમરમાં નાના હોય અને વ્રાત્યજીવન જીવતા હોય. (૪) અને ચોથો વૃદ્ધ માણસો માટે હતો જે મોટી ઉંમરના હોવા છતાં વ્રાત્ય જીવન જીવતા હતા.

ચારેય વ્રાત્યસોમોમાં સોડાસ્નોમ સૌ કોઈને કરવો પડતો હતો. અને એનાથી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થતી હતી. વ્રાત્યસ્નોમ યજ્ઞ પછી એમનું વ્રાત્ય જીવન સમાપ્ત થયેલું. માનવામાં અને આર્યો સાથે એમનો સામાજિક સંબંધ સ્થાપિત થઈ શકતો. ઉપનયનથી એમને વેદાધ્યાનનો અધિકાર પણ પ્રાપ્ત થતો.

'વ્રાત્ય શુદ્ધિ સંગ્રહ'[૧] માં એવી વ્યવસ્થા વર્ણવવામાં આવી છે કે ૧૨ પેઢી પછી પણ ઉચિત દંડ ભોગવ્યા બાદ વ્રાત્યનું શુદ્ધિકરણ થઈ શકે છે.

૧. તાંડ્ય બ્રાહ્મણ (૧૭:૧:૧).

બોધાયને તો અસ્વત્થવૃક્ષનાં ઉપનયનનું કથન પણ કરેલું છે. એનાથી જ આપણે સમજી શકીએ છીએ કે ઉપનયનનું પ્રચલન અને મહત્વ કેટલું બધું હતું . આ સંજોગોમાં એવું માનવું કે આર્યોએ પ્રારંભથી જ શૂદ્રો અને સ્ત્રીઓને ઉપનયનથી વંચિત કરી દીધા હતા. આ અંગે ભારતીય ઈરાનીઓનું દ્રષ્ટાંત આપવું ઉચિત લાગે છે. કારણકે ભારતીય ઈરાનીઓનો ભારતીય આર્યો સાથે સાંસ્કૃતિક અને ધાર્મિક સૌથી નિકટનો સંબંધ છે. ઈરાની આર્યોમાં સ્ત્રીઓ અને પુરુષો સૌ કોઈને યજ્ઞોપવીત ધારણ કરવાનો અધિકાર હતો. તો પછી ભારતીય આર્યોમાં આવો ભેદ હોય એનું શું કારણ હોઈ શકે?

પ્રત્યક્ષ પ્રમાણ પણ ઉપલબ્ધ છે કે આર્યોમાં પણ સ્ત્રીઓ[૧] અને શૂદ્રોને ઉપનયનનો અધિકાર હતો પરિસ્થિતિજન્ય સાક્ષીઓ પર નિર્ભર રહેવાની આવશ્યકતા લાગતી નથી. હિંદુ ધર્મશાસ્ત્રો અનુસાર સ્ત્રીઓના ઉપનયન સંસ્કાર કરાતા હતા. તેઓ વેદાધ્યયન જ નહોતી કરતી પણ વેદાધ્યયનના હેતુસર પાઠશાળાઓનું સંચાલન પણ કરતી હતી એટલા માટે જ 'સ્ત્રી પૂર્વમિમાંસા' પર ટીકાઓ લખવામાં આવી છે.

જ્યાં સુધી શૂદ્રોનો પ્રશ્ન છે એનું પ્રમાણ પણ સ્ત્રીઓની જેમ જ સકારાત્મક છે. સુદાસ રાજા હતો એનો રાજ્યાભિષેક ઋષિ વશિષ્ઠે કર્યો હતો. એણે રાજસૂય યજ્ઞ પણ કરેલો સુદાસ શૂદ્ર હતો એ વાત તો પ્રમાણિત કરી જ છે.

એટલે માની શકાય કે નિ:શંક રીતે તેણે યજ્ઞોપવીત ધારણ કર્યુ હશે. કારણ કે, ઉપનયન ન મળ્યું હોય તો આ બધા કાર્યો સુદાન દ્વારા થઈ જ શકે નહીં. આ ઉપરથી સાબિત થાય છે કે શૂદ્રોને પણ ઉપનયનનો અધિકાર હતો. મેક્સ મૂલરે સંસ્કાર ગણપતિનું પ્રમાણ ટાંકીને જણાવ્યું હતું કે શૂદ્રોને પણ ઉપનયનનો અધિકાર હતો.[૨]

૧. તાંડ્ય બ્રાહ્મણમાં ઉલ્લેખ છે કે, જ્યારે દેવો સ્વર્ગીય જગતમાં ગયા ત્યારે તેમના કેટલાક આશ્રિતો કે જેઓ વ્રાત્યજીવન જીવતા હતા તેમને પાછળ પૃથ્વી પર છોડી દેવાયા હતા. ત્યાર પછી દેવોની તરફેણ અને દબાવ દ્વારા આશ્રિતોને મરુતોના હાથે ષોડસ્ત્રોમ(૧૬ સ્ત્રોતો ધરાવતું) અને દેવી (જેવી કે અનુસ્તંભ) મળ્યા અને ત્યાર પછી આશ્રિતોને સ્વર્ગ પ્રાપ્ત થયું હતું

૨. હિસ્ટ્રી ઓફ એન્શિયન્ટ સંસ્કૃત લિટરેચર (૧૮૬૦) પૃ.૨૦૭

સ્ત્રીઓનું ઉપનયન બંધ થવાનું કારણ સ્પષ્ટ છે પહેલા સ્ત્રીઓ ઉપનયન આઠ વર્ષની ઉંમરે થતું હતું અને ત્યાર પછી વિવાહ થતો હતો કાળાંતરે વિવાહની ઉંમર ઘટતા ઘટતા અઢાર સાલ થઈ ગઈ. એટલે ઉપનયન સંસ્કાર સ્વતંત્ર રૂપથી થવાને બદલે વિવાહ સંસ્કાર સાથે સંકળાઈ ગયો.

આ વાતમાં તથ્ય છે કે નહીં એ બીજી વાત છે પણ, એક તથ્ય તો છે જ કે શૂદ્રોનો ઉપનયન સંસ્કાર થતો હતો તે કઈ રીતે બંધ થયો? આ અંગેનો કોઈ સ્પષ્ટ મત કે સિદ્ધાંત ઉપલબ્ધ નથી. જો એવું સ્વીકારી લેવામાં આવે કે શૂદ્રોને પ્રારંભથી જ ઉપનયનનો અધિકાર હતો જ નહીં, તો પછી પ્રશ્ન એ પેદા થાય છે કે આવું શાથી હતું? જે લોકો પરંપરાવાદી અને રૂઢિવાદી છે તેઓ તો સીધું જ વિધાન કરી દે છે કે શૂદ્રોને પ્રારંભથી જ ઉપનયન સંસ્કાર વિધિ મળતી ન હતી. અને શૂદ્રોને તે અધિકાર જ નથી. પણ આ પ્રકારના વિધાનના સમર્થનમાં કોઈ આધાર પ્રસ્તુત કરતા નથી. એમનું એટલું જ કહેવું છે કે શૂદ્રો અનાર્ય હતા અને એટલે એમને ઉપનયન સંસ્કારથી વંચિત ગણવામાં આવ્યા હતા.

આ પહેલાના પ્રકરણોમાં આપણે સાબિત કર્યું છે કે શૂદ્રો અનાર્ય નહોતા પણ આર્યો હતા. એટલે આવો તર્ક અસ્વીકાર્ય છે અને તે નિરાધાર છે. હવે પ્રશ્ન એ છે કે; શૂદ્રોને પ્રારંભથી જ ઉપનયનનો અધિકાર નહોતો કે એમને કાળાંતરે આ અધિકારથી વંચિત કરી દેવામાં આવ્યા? એનો વિચાર કરવો પડશે.

આપણે પહેલા જ સિદ્ધ કરી દીધું છે કે ઉપનયનનો અધિકાર પ્રારંભથી જ નહોતો એ વિધાન તો અતાર્કિક અને નિરાધાર છે એટલું જ નહીં વેદ વિધાનની પ્રતિકૂળ પણ છે.

હવે આપણે એ અંગે વિચારીશું કે શૂદ્રોને ઉપનયનનો અધિકાર તો હતો પણ પાછળથી છીનવી લેવામાં આવ્યો. આ અધિકાર શા માટે અને કેવી રીતે છીનવી લેવામાં આવ્યો. એ બાબત પર પાછળથી વિચાર કરીશું.

----૬----

ત્રીજી શંકા અંગે એટલે કે શું ઉપનયન વિધી ન કરવાને પરિણામે જ શૂદ્રોનું પતન થયું? એના અંગે વિચાર કરીએ. આ ત્રીજી શંકા તો શંકા કહેવાને લાયક નથી આવી શંકા તો એ જ વ્યક્તિ કરી શકે જેને ઉપનયન સંસ્કાર વિધિનું જ્ઞાન જ નથી.

આર્ય સમાજ કેટલીક વિધિઓ કરતો હતો અને આ અનુષ્ઠાનોને તેઓ 'સંસ્કાર' કહેતા હતા. ગૌતમ ધર્મસૂત્ર (VII ૧૪:૨૪) નિમ્નલિખિત ચાલીસ સંસ્કારોની વાત કરે છે.

ગર્ભાધાન, પુંસવન, સિમંતોનયન, જાતકાર્ય, અન્ન પ્રાશન ચૌલ ,ઉપનયન ,ચાર વેદ વ્રત, સંવર્તન , વિવાહ (દેવ,પિતૃ, મનુષ્ય, ભૂત અને બ્રહ્મને માટે) પાંચ દૈનીક મહાયજ્ઞ, સાત પાયકજ્ઞ(અસ્તક,પર્વનાસ્થાલિમિક, શ્રદ્ધા, શ્રાવણી, અગ્રહાયણી, ચૈત્રી, અશ્વપૂજી) સાત હવિર્યજ્ઞ (અગ્નિયાધેય, અગ્નિહોતૃ, દર્શપૂર્ણમાસ, અગ્રાયણ, ચાર્તૃમાસ, નિરૂદ્રાયા, સુબંધ, તથા સોતૃમણિ) સાત સોમયજ્ઞ (અગ્નિ સોમ, અત્યાગ્નિ સોમ, ઉક્તથ્ય, સુદાસિન, વાજપેય, અતિરત્ર અને આપ્નો યંમ) તથા મૃતક. સમય જતાં આ ૪૦ સંસ્કારો માત્ર ૧૫ સંસ્કારોમાં સમેટાઈ ગયા.

સંસ્કારો અંગે કોઈ વિચિત્રતા જેવું નથી કારણકે પ્રત્યેક સમાજમાં સંસ્કારનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ખ્રિસ્તી લોકોમાં પણ સંસ્કારો થાય છે ઉદાહરણ તરીકે ખ્રિસ્તીઓમાં બાપ્તિસ્મા કન્ફર્મેશન, મેટ્રીમની , એક્સ્ટ્રીમ અંકશન, યુકેરિસ્ટ, ધી લોર્ડઝ સપર અને ધી હોલી કોમ્યુનિકેશનને ધર્મ સંસ્કારો તરીકે લેખે છે. ભારતીય આર્યો અને ખ્રિસ્તીઓના ખ્યાલો વચ્ચે તફાવત છે ખ્રિસ્તીઓના ખ્યાલો અનુસાર આ બાબત સંપૂર્ણપણે આધ્યાત્મિક બાબત છે. આ પ્રકારના ખાસ ધાર્મિક સંસ્કારો- વિધીઓ દ્વારા ઈશ્વરની કરુણાને પ્રેરવાની છે. પણ તે સામાજિક સંસ્કારો નહીં પણ ધાર્મિક સંસ્કારો છે. ભારતીય

આર્યોમાં પણ શરૂઆતમાં તો સંસ્કારો વિશુધ્ધ ધાર્મિક હતા. પૂર્વમિમાંસાના રચનાકાર જૈમિનીના મતાનુસાર સંસ્કારોથી દુષ્કર્મોનો ક્ષય થાય છે અને સદગુણોનો ઉદય થાય છે.

ઉપનયન સંસ્કાર અન્ય સંસ્કારોની જેમ ધાર્મિક સંસ્કાર હતો. શૂદ્રોને ઉપનયન આપવાનું બંધ કરવામાં આવતા એનું મહત્વ અભૂતપૂર્વ બની ગયું. અને તેનું સામાજિક મહત્વ વધી ગયું. પરિણામે યજ્ઞોપવીત - ઉપનયન ધારણ કરવું તે શ્રેષ્ઠતા અને કુલીનતાના પ્રતિક રૂપ ગણાયું. એનું દૂરગામી પરિણામ એ આવ્યું કે; શૂદ્રો બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યોને પોતાના કરતા શ્રેષ્ઠ માનવા માટે મજબૂર થયા અને ત્રણેય વર્ણો શૂદ્રોને પોતાના કરતા નીચા માનવા માંડ્યા. આ રીતે ઉપનયનથી વંચિત શૂદ્રોના પતનનો પ્રારંભ થયો.

પૂર્વમીમાંસા[૧] અનુસાર એક એવો નિયમ હતો કે યજ્ઞ વૈદિક મંત્રોથી જ થઈ શકે છે. આ કથનનો અર્થ એટલો જ થયો કે; યજ્ઞકર્તા વેદપાઠી હોવો જોઈએ. સાથોસાથ એવો પણ નિયમ હતો કે વેદાધ્યયન એ જ કરી શકે કે જેનું ઉપનયન થયું હોય. બીજા શબ્દોમાં કહીએ તો વેદોનું અધ્યયન અને જ્ઞાન એ ઉપનયન વિધિ માટેનો એક માત્ર માર્ગ હતો. એનો સ્પષ્ટ અર્થ એટલો જ થયો કે ઉપનયન એ માત્ર નામ પૂરતો સંસ્કાર રહ્યો નહોતો. એનાથી સંપત્તિ અને વિદ્યાધ્યયનના બે મહત્વપૂર્ણ અધિકાર પ્રાપ્ત થતા હતા.

ઉપરોક્ત વિવરણથી સ્પષ્ટ થાય છે કે; પ્રાચીન આર્યોમાં ઉપનયનનું મહત્વ કેટલું બધું હતું. ઉપનયનથી સામાજિક પ્રતિષ્ઠા અને વૈયક્તિક અધિકાર પ્રાપ્ત થતો હતો. બ્રાહ્મણોએ ઉપનયનનો અધિકાર છીનવી લીધો એટલે જ્ઞાનાર્જન અને સંપત્તિ સંચયથી અયોગ્ય ઘોષિત કર્યા એનું પરિણામ એ આવ્યું કે તેઓ ધીરેધીરે જ્ઞાનહીન અને મૂર્ખ અને નિર્ધન થતા ગયા.

બ્રાહ્મણોએ શૂદ્રોના વિરોધમાં 'ઉપનયનનો વિરોધ'ને એક ભયંકર શસ્ત્રના સ્વરૂપમાં પ્રયોગ કર્યો અને એમને પતનની ગર્તમાં ધકેલી દીધા અને

૧. જુઓ ગંગનાથ ઝા, પૂર્વ મીમાંસા પૃ. ૩૬૮-૩૬૯ અને ૧૭૧-૧૭૨.

સામાજિક રીતે સ્મશાનતુલ્ય બનાવી દીધા.

----૭----

"બ્રાહ્મણો બીજાઓને ઉપનયન સંસ્કારથી વંચિત કરવાની શક્તિ ધરાવતા હતા." એ વાત નિર્વિવાદ છે. જો કે આ અંગે કોઈ લેખિત પ્રમાણ ઉપલબ્ધ નથી. છતાંય નીચે લખેલા બે તથ્યો પ્રત્યે ધ્યાન આપવાથી શંકાનું સમાધાન થઈ શકે તેમ છે.

(૧) ઉપનયન કેવળ બ્રાહ્મણો જ કરાવી શકતા હતા અને

(૨) અનધિકૃત ઉપનયન કરાવનારો દંડપાત્ર બનતો હતો.

પ્રારંભમાં પિતા જ પુત્રને ગાયત્રીમંત્ર શીખવતો હતો અને વેદાધ્યયનનો પ્રારંભ ગાયત્રીમંત્રથી જ થતો હતો. કાળાંતરે વેદાધ્યયન ઉપનયન પછીથી કરવાનું શરૂ કરવામાં આવ્યું. ઉપનયન પછી વિદ્યાર્થી આચાર્યના ઘેર રહીને જ વેદનું અધ્યયન કરતો હતો.

આચાર્ય કોણ થઈ શકે? અને એની યોગ્યતા કઈ છે? આ પ્રશ્ન પુરાતનકાળથી વિવાદનો રહ્યો છે. આપસ્તંબ ધર્મસૂત્ર (૧:૧:૧:૧૧) **૧** અનુસાર આચાર્ય તે જ વ્યક્તિ થઈ શકે જે વેદોમાં પારંગત હોય! આપસ્તંબ ધર્મસૂત્ર (૧:૧:૧:૧૨-૧૩) અનુસાર ઉપનયન સંસ્કાર એવો આચાર્ય કરાવે કે જે વિદ્વાન હોય. જેના વંશમાં વિધ્યાદ્યયન પરંપરાગત રીતે થતું આવ્યું હોય, જે શાંત ચિત્તનો હોય. એવા આચાર્ય પાસેથી જ વેદપાઠ બ્રહ્મચર્યાશ્રમ સુધી અથવા ત્યાં સુધી કરાવવું જોઈએ જ્યાં સુધી તે ધર્મચ્યુત ન થયો હોય! વ્યાસના મતાનુસાર આચાર્ય વેદનો જાણકાર, ધર્મનો જ્ઞાતા, કુલીન, પવિત્ર અને ક્ષોત્રિય હોય, આળસુ ના હોય. "પરંતુ સૌથી પહેલી અને વાંછનીય યોગ્યતા એ જ છે કે આચાર્ય બ્રાહ્મણ હોવો જોઈએ." બ્રાહ્મણ આચાર્ય ના મળે તો જ ક્ષત્રિય કે વૈશ્ય ગુરુ કરવો જોઈએ. બ્રાહ્મણ શિષ્યે ક્ષત્રિય ગુરુ કે વૈશ્ય ગુરુનું માત્ર

૧. આપસ્તંબ ધર્મસૂત્ર ઉદ્ધરણ (૧:૧:૧:૧૧) કાણે II(i) P.324

અનુસરણ કરવું, એણે નતો ગુરુનો ચરણ સ્પર્શ કરવો કે નતો અન્ય સેવા કરવી.[૧] પ્રારંભમાં વેદનો અભ્યાસ કરવામાં કોઈ પણ જાતનો ભેદભાવ રાખવામાં આવતો નહોતો.

વાસ્તવમાં વશિષ્ઠ અને વિશ્વામિત્ર વચ્ચેનો વિવાદ આ જ હતો. પાછળથી બ્રાહ્મણોએ આચાર્ય બનવાનો અને ઉપનયન કરાવવાનો અધિકાર પ્રાપ્ત કરી લીધો હતો અને એવું નક્કી થઈ ગયું કે જો ઉપનયન બ્રાહ્મણ દ્વારા કરાવવામાં આવ્યું ન હોય તો તે અમાન્ય છે.

બ્રાહ્મણોને એવો આદેશ પણ આપવામાં આવ્યો હતો કે, તે સમાજની પ્રણાલિકા વિરોધી અર્થાત્ બ્રાહ્મણ દ્વારા અસ્વીકૃત ધાર્મિક કૃત્ય સંપન્ન ન કરાવે. એવું કરનાર દંડપાત્ર ગણાશે. આ અંગે પ્રાચીન સંહિતાઓમાં અનેક પ્રકારની સજાઓ અને દંડની વ્યવસ્થા કરવામાં આવેલી છે. હું કેવળ મનુ અને પરાશરની કૃતિઓનું ઉદાહરણ પ્રસ્તુત કરી રહ્યો છું.

મનુસ્મૃતિ (૩:૧૫૬)માં જણાવ્યું છે કે "પૈસા લઈને ભણાવવું અને જે પૈસા આપીને ભણે, જે શૂદ્રને ભણાવે અથવા જેનો ગુરુ શૂદ્ર હોય, જે કઠોર વચન બોલતો હોય, જે પતિતા કે વિધવાનો પુત્ર હોય, તે યજ્ઞ કરાવવા માટેનો અધિકારી નથી."

વ્યાસકૃત "વ્યવહાર પ્રમુખ" અનુસાર:

"જે બ્રાહ્મણ - જે દક્ષિણા પ્રાપ્ત કરવા માટે શૂદ્રનો યજ્ઞ કરે તે શૂદ્ર બની જાય છે અને (યજ્ઞ કરાવનારો) શૂદ્ર બ્રાહ્મણત્વને પ્રાપ્ત કરે છે."

માધવ અનુસાર ' યજ્ઞ 'નું પુણ્ય શૂદ્રને મળે છે અને બ્રાહ્મણ પાપનો ભાગીદાર બને છે.

જે લોકો એવો પ્રશ્ન કરે છે કે, "બ્રાહ્મણોને એવો અધિકાર કોણે

૧. આપસ્તંબ ધર્મસૂત્ર ((૨:૪:૨૫:૨૮) ગૌતમસ્મૃતિ ૭, ૧-૩ બોધાયન ધર્મસૂત્ર (I ૨-૪૦: ૪૨) મનુસ્મૃતિ II ૨-૪૧ વ્યાસના જણાવ્યા પ્રમાણે (સમ્યક પર્વમાં ટાંકવામાં આવ્યું છે પૃ. ૫૦૮) આચાર્ય એવો માણસ હોવો જોઈએ કે જે સંપૂર્ણપણે વેદને વરેલો હોય, જે ધર્મને જાણતો હોય, સાદા ઔ કુટુંબમાં જન્મેલો હોય, જે શુદ્ધ, પવિત્ર હોય, જેણે તેની વૈદિક શાખાનું અધ્યયન કર્યું હોય, તેવો ક્ષોત્રિય હોય, જે આળસુ ના હોય. ક્ષોત્રિયની એવી વ્યક્તિ તરીકે વ્યાખ્યા અપાઈ છે કે જેણે એક શાખા અથવા એક વેદનો અભ્યાસ કર્યો હોય.

આપ્યો તેઓ શૂદ્રોને ઉપનયન કરાવવાથી વંચિત કરી દે આ પ્રશ્ન પૂછનારે ધ્યાનમાં રાખવું જોઈએ કે,

(૧) ઉપનયન કેવળ બ્રાહ્મણ જ કરાવી શકતો હતો.

(૨) અનધિકૃત (બ્રાહ્મણ દ્વારા અસ્વીકૃત) ઉપનયન કરાવનાર બ્રાહ્મણ દંડને પાત્ર બનતો હતો.

ઉપરોક્ત બે કારણોથી બ્રાહ્મણોને નિઃસંદેહ એ અધિકાર મળી ગયો હતો કે જેને લીધે જેનું ચાહે તેનું ઉપનયન કરે અથવા ન કરે. આવા સોળ ઉદાહરણો સુલભ છે જેમાં બ્રાહ્મણોએ વિભિન્ન જાતિઓને ઉપનયન બંધ કરવાની ધમકી આપી હતી. એમાં નવ કાયસ્થો અંગે છે, ચાર પંચાલો અંગે છે અને એક પાલશે અંગે છે. એટલું જ નહી ઈ.સ. ૫૫૬થી ૧૯૦૪ સુધી બે મરાઠા રાજાઓને પણ પડકાર આપ્યો હતો. આ ઉદાહરણ જો કે અતિ પ્રાચીન નથી છતાં ઉદાહરણો સ્વરૂપે એને યાદ કરી શકાય તેમ છે. કારણ કે આ ઘટનાઓમાં ઉપનયન કરાવવાનો પોતાનો વિશેષાધિકાર માન્યો હતો અને એનો પ્રયોગ કર્યો હતો. પુરાતનકાળમાં સત્યકામ જાબાલે કહ્યું હતું કે મનુષ્યનો વર્ણ એના ગુણો (માનસિક તેમજ ચારીત્ર્યિક)થી માનવામાં આવે છે. જ્યાં આ બાબત સત્ય છે ત્યાં એ પણ સત્ય છે કે, બ્રાહ્મણોને ઉપનયન કરાવવાનો તથા ઉપનયન ન કરાવવાનો અધિકાર પણ ઘણાં સમય પહેલાં જ મળી ચૂક્યો હતો. દુર્ભાગ્યથી ઉપરોક્ત ઉદાહરણો અંગે પૂર્ણ વિવરણ મળતું નથી પણ એનો નિર્ણય કરવાનું જ સુલભ થયું છે. આ અંગે કેવળ "બ્રાહ્મણો વિરુદ્ધ શિવાજી"નું એક જ ઉદાહરણ પૂર્ણ વિવરણ સાથે ઉપલબ્ધ છે અને આ કિસ્સો અતિ મહત્વનો છે. એટલે એનું વિસ્તારથી વર્ણન કરવું જરૂરી છે. એના તથ્યો રોચક અને શિક્ષાપ્રદ તો છે જ પણ સાથેસાથે આપણે જે વિષયનો વિચાર કરી રહ્યા છીએ એના ઉપર પૂર્ણ પ્રકાશ પાથરે છે.

----૮----

એ વાત તો સર્વવિદિત છે કે પશ્ચિમ મહારાષ્ટ્રમાં સ્વતંત્ર હિન્દુ રાજ્યની સ્થાપના કર્યા પછી સિંહાસનારૂઢ થવાના હેતુથી શિવાજીએ પોતાનો રાજ્યાભિષેક કરાવવાનો વિચાર કર્યો. શિવાજી અને તેમના મિત્રોની ઇચ્છા હતી કે રાજ્યાભિષેક વૈદિક વિધિથી કરવામાં આવે. પણ એમાં અનેક બાધાઓ હતી. પ્રથમ તો એ હતી કે વૈદિક વિધિથી રાજ્યાભિષેક કરવાની વાત બ્રાહ્મણોની ઈચ્છા પર આધારિત હતી. બીજી બાબત એ હતી કે, જ્યાં સુધી શિવાજી પોતાને ક્ષત્રિય સિદ્ધ ન કરે ત્યાં સુધી રાજ્યાભિષેક ન થઈ શકે, એ વાત જ અસંભવ હતી. ત્રીજી મુશ્કેલી એ હતી કે ઉપનયન થાય નહીં તો રાજ્યાભિષેક પણ થાય જ નહી.

પહેલી કઠણાઈ તો એવી હતી કે; જે પહાડની ચટ્ટાન જેવી જ હતી. પ્રશ્ન એ હતો કે શું શિવાજી ક્ષત્રિય છે? જો આ વાત સિદ્ધ થાય તો જ શેષ બાબતો સરળ બની શકે. જો કે શિવાજી પોતાને ક્ષત્રિય માનતા હતા. પણ એનો અનેક લોકો વિરોધ કરી રહ્યા હતા. એમનો વિરોધ કરનારાઓમાં વિશેષત: બ્રાહ્મણો હતા અને એની આગેવાની સ્વયં પ્રધાનમંત્રી મોરોપંત કરી રહ્યા હતા. દુર્ભાગ્ય એ બાબતનું હતું કે શિવાજીના મરાઠા સરદારો પણ એમને સામાજિક સ્તરે અગ્રપદ આપવા તૈયાર નહોતા.[૧] કારણકે એમની માન્યતા હતી કે શિવાજી શૂદ્ર છે. બ્રાહ્મણો તો એવું માનતા હતા કે કળિયુગમાં ક્ષત્રિયો રહેતા જ નથી કે રહ્યાં જ નથી. આ મતને ક્ષત્રિયો માટે નિર્ધારિત ૧૧ વર્ષના આયુષ્ય સુધી શિવાજીનો ઉપનયન ન થઈ શકેલો એટલે શિવાજી શૂદ્ર છે એ વાતને બળ અને સમર્થન પણ મળ્યું હતું. આથી શિવાજીને શૂદ્ર માની લેવામાં આવેલા. સૌભાગ્યથી વેદો અને શાસ્ત્રોમાં પારંગત બનારસના વિદ્વાન બ્રાહ્મણ ઘાઘભટ્ટે તમામ મુશ્કેલીઓના ઉકેલો શોધી કાઢ્યા અને ૬ જૂન ૧૬૭૪માં રાયગઢના કિલ્લામાં શિવાજીનો રાજ્યાભિષેક કર્યો.[૨]

૧. શિવાજીના મનમાં રાજ્યાભિષેકનો વિચાર કેવી રીતે પેદા થયો તે બાબતે કિન્કેઈડે કેટલાક રસપ્રદ નિરીક્ષણો કર્યા છે. તે કહે છે કે "કારણ કે ઉચ્ચ ખમીરવંતા દક્ષિણના સરદારો શિવાજીને યુદ્ધના મેદાનમાં આનંદથી અનુસરતા હતા. તેમ છતાં તેઓ તેમના વ્યક્તિગત જીવનમાં શિવાજીને કોઈ પણ પ્રકારની પ્રતિષ્ઠા આપવા તૈયાર નહોતા અને દરબારી ભોજનોમાં એમણે એવો વિરોધ કર્યો હતો કે; ભોંસલેએ મોહિતેઓ અને નિબાલકરો, સાવંતો, ધોરપડેઓએ અપાયેલી બેઠકોથી ઊંચી ઉભી કરાયેલી બેઠકો પર બેસવું જોઈએ. શિવાજીએ આ બાબતની તેના મંત્રી બાલાજી અવાજી ચિટનિસને વાત કરી અને પાછળથી ચિટનિસે રાજમુગુટ બાદશાહના હાથથી નહી પરંતુ કોઈ બનારસના પુરોહિતના હાથથી લેવા વિનંતી કરી. રાજાએ તેની માતા જીજાબાઇ, સંતરામદાસ અને કુળદેવી ભવાનીની સલાહ લીધી અને તે બધા તેના મંત્રીના સૂચનને અનુરૂપ જણાયા." હિસ્ટ્રી ઓફ મરાઠાસ પૃ. ૨૪૪. આ પરથી જણાય છે કે વૈદિક રાજ્યાભિષેક પાછળનો વિચાર સામાજિક અગ્રતા મેળવવા માટે હતો, નહી કે રાજકીય કે કાનૂની સાર્વભૌમત્વ હાંસલ કરવાનો.

૨.એવું જાણવા મળે છે કે કેટલાક બ્રાહ્મણો શિવાજીનો રાજ્યાભિષેક વૈદિક વિધિથી નહીં પણ પૌરાણિક વિધિથી કરવા તૈયાર હતા. જો શિવાજી વૈદિક વિધિથી રાજ્યાભિષેક કરશે તો કેટલીક દૈવી આપત્તિઓ આવશે એવો ભય બ્રાહ્મણોએ દેખાડેલો. કમનસીબે આ પ્રકારના કહેવાતા અનિષ્ઠો થયા અને શિવાજીએ કે જે નિ:શંકપણે વહેમી હતા જ, તેમણે અવૈદિક સંસ્કારવિધી અનુસાર બીજીવારનો રાજ્યાભિષેક કરાવ્યો હતો. શ્રી સી. સી. વૈદ્ય "હંમેશની જેમ ત્યારે પણ આડખીલી ઉભી કરનારા અને અસંતોષી બ્રાહ્મણો હતા. તેમણે ધાર્મિક સંસ્કાર વિધિને અપૂર્ણ અને અપૂરતા ગણાવી હતી. જો કે સમગ્ર મહારાષ્ટ્રમાં આ ઘટનાને ભારે આનંદ અને હર્ષથી વધાવી લેવાઈ હતી. રાજ્યાભિષેક કલ્પતરુ નામનું એક કાવ્ય કે જેની એક નકલ બેંગાલ રોયલ એશિયાટિક સોસાયટીના પુસ્તકાલયમાં છે અને જે તેમાંથી પૂનાના ઇતિહાસ મંડળ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલી છે. (ત્રૈમાસિક, ગ્રંથ ૧૦:૧) પસાર કરાયેલ રાજ્યાભિષેક ધાર્મિક વિધિ સામે ઉભા કરાયેલ કેટલાક વાંધાઓને આકાર આપે છે. આ કાવ્યમાં પાછળથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે શિવાજી એ શિવનું સ્વરૂપ હતા (અને અગાઉ શિવભટ્ટ દ્વારા રજૂઆત કરાયા પ્રમાણે વિષ્ણુનું નહિ). જો કે તે ગાગાભટ્ટના એક વિરોધી બનારસના પારંગત બ્રાહ્મણ સંત નિશ્ચલપુરી અને ગોવિંદભાઈ વચ્ચેની કોઈ કાલ્પનિક વાતચીત કોંકણમાં થઈ હોવાના અહેવાલ આપે છે તે રાજ્યાભિષેકની પૂર્વે અને પાછળથી થયેલા બધા અપશુકનો જેવા કે પ્રતાપરાવ ગુજરનું મૃત્યુ, શિવાજીની પત્નિ કાશીબાઈનું અવસાન વગેરે અને ગાગાભટ્ટને પોતાને કોઈ થાંભલો પડવાથી નાકે થયેલી ઈજાની યાદ આપે છે. કાવ્યમાં સુસ્પષ્ટ રીતે જણાવે છે કે; ગાગાભટ્ટે ધાર્મિક વિધિ માટે માત્ર એવા બ્રાહ્મણોને રોક્યા હતા કે જેઓ તેના અનુયાયી હતા અને નિશ્ચલપુરી દ્વારા ભલામણ કરાયેલ બ્રાહ્મણોને કામે લગાડવા ઈન્કાર કર્યો હતો. ખુદ ધર્મવિધીમાંની ઘણી ક્ષતીઓનો પાછળથી ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ પ્રમાણે શિવાજીના રાજ્ય સિંહાસન આરોહણ કરવાની વિધિ પછી રથ પ્રવેશતો હતો ત્યારે ગાગાભટ્ટ પોતે પ્રથમ રથમાં બેઠો હતો અને ત્યાર પછી શિવાજી બેઠા હતા. સમગ્ર ધાર્મિક વિધિ સંપૂર્ણપણે જોયા પછી નિશ્ચલપુરી કિલ્લામાંથી વિદાય થયો હતો. પરંતુ તેણે શિવાજીને કહ્યું હતું કે; અનિષ્ટ બનાવો ૧૩મા, ૨૨મા અને ૫૫મા દિવસે બનશે. તે અનુસાર શિવાજીની માતા જીજાબાઇ મૃત્યુ પામી. તે પછી પ્રતાપગઢ ખાતે ઘોડાનો એક તબેલો હતો, તેમાં આગ લાગતા ઘણાં ઘોડા બળી મર્યા અને સિંહગઢ ખાતે એક હાથી મરણ પામ્યો.

આ આકસ્મિક બનાવોએ શિવાજીને ગભરાવ્યા અને નિશ્ચલપુરીને પુન: પાછો બોલાવવા માટે શિવાજીને લોભાવ્યા અને તેના તેમજ તેના બ્રાહ્મણો દ્વારા શિવાજીએ વૈદિક સંસ્કારવિધી નહીં પણ તાંત્રિક વિધિથી પોતાનો રાજ્યારોહણ પુન: કરાવ્યો આ વિધિનું પણ વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. તેના મુખપાઠમાં સામવેદના કેટલાક વૈદિકમંત્રોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કાવ્યના અંતે જણાવ્યા પ્રમાણે તે અશ્વિન સુદ પાંચમ (લલિત પંચમી દિન સંવત ૧૫૯૬) ના દિવસે કરવામાં આવ્યો હતો. તેના દ્વારા આ વિધિનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને એક મુસલમાન અભિલેખમાં નિશ્ચલપુરીની વાત કરવામાં આવી છે. "શિવાજી ધી ફાઉન્ડર ઓફ મરાઠા સ્વરાજ્ય" પૃ. ૨૫૨ - ૨૫૩. (વધુ માહિતી માટે જુઓ હિંદુજાતિ કા ઉત્થાન ઔર પતન.)

શિવાજીની કથા અનેક દૃષ્ટિએ મહત્વપૂર્ણ છે કારણ કે,

(૧) ઉપનયન સંસ્કાર વિધિ કરવાનો અધિકાર કેવળ બ્રાહ્મણોનો જ હતો અને એના માટે એમને કોઈ ફરજ પાડી શકતું નહી. શિવાજી મહારાજ એક સ્વતંત્ર રાજ્યના શાસક હતા અને સ્વયં મહારાજા અને છત્રપતિ કહેવાતા હતા. અનેક બ્રાહ્મણો એમની પ્રજા હતા અને છતાંય એમને રાજ્યાભિષેક માટે મજબૂર કરી શક્યા નહોતા.

(૨) શિવાજી સ્પષ્ટ રીતે જાણતા હતા કે બ્રાહ્મણ દ્વારા કરાવેલ સંસ્કારોને જ સમાજ માન્ય ગણે છે. એટલે તો શિવાજીએ પોતે કોઈ અ-બ્રાહ્મણની પાસે સંસ્કાર કરાવ્યા નહીં અને જો દબાણવશ એવું કરાવ્યું હોત તો પણ સામાજિક રીતે એનું મહત્વ શૂન્ય બરાબર જ હોત!

(૩) એક ત્રીજી દૃષ્ટિએ પણ આ ઘટનાનું મહત્વ છે. કોઈ પણ હિન્દુનો વર્ણ નિર્ધારિત કરવાનો અધિકાર કેવળ બ્રાહ્મણને હતો.

શિવાજીને ક્ષત્રિય સિદ્ધ કરવા માટે એમના પરમ મિત્ર બાલાજી આવાજી મેવાડથી એક વંશાવળી લાવ્યા[૧] જેમાં શિવાજીનો સંબંધ મેવાડના સિસોદિયા વંશ સાથે છે. એવું સાબિત કરવામાં આવ્યું હતું. આ વંશાવળી બનાવટી હતી. અને માત્ર રાજ્યાભિષેકના અવસરને સુખેથી પાર પાડવાના આશયથી બનાવવામાં આવી હતી. અને જો આ વંશપત્રીને સત્ય માની પણ લેવામાં આવે તો પણ એવું કયાંથી સિદ્ધ થઈ શકે કે શિવાજી ક્ષત્રિય હતા? શું સિસોદિયા ક્ષત્રિયો હતા[૨]? એ પ્રશ્ન તો ઉભો જ રહે છે. રજપૂતો પ્રાચીન આર્યોના સમાજમાં બીજો વર્ણ ગણાય છે.

૧. ક્ષત્રિયોએ એકવાર તેમના સ્થાન પ્રત્યે બ્રાહ્મણો દ્વારા સતત ઉભા કરાતા પડકારોનો સામનો કરવા પોતાની ધાર્મિક વિધિઓ કરવા માટે નિર્ધાર કર્યો હતો. પરંતુ તેમણે તેમના નિર્ધારને અમલમાં મૂક્યો નહોતો.

૨. મેવાડનું સિસોદિયા કુટુંબ બે કારણોસર મહત્વનું હતું. (૧) તેઓ ઉદેપુરના સિસોદિયાઓની એક શાખા હતા કે જેઓ રામાયણના નાયક રામના જેષ્ઠપુત્ર લવના કુટુંબના પુત્રો - વંશજો ગણાતા હતા.(૨.)મેવાડના સિસોદિયાઓ શુદ્ધ ગણાતા હતા. કારણકે તેમણે તેમની સ્ત્રીઓ મોગલ બાદશાહોને લગ્નમાં આપવાનો ઇન્કાર કર્યો હતો અને તેમણે અન્ય રાજપૂત કુટુંબો જેવા કે જયપુર અને જોધપુર કે જેમણે તેમ કર્યું નહોતું તેમની સાથે અંતરલગ્નો કરવાનો ઇન્કાર કરી દીધો હતો. શું આ કારણોને લીધે જ શિવાજીને સિસોદિયાઓના વંશજ હોવાનો દાવો પ્રસ્થાપિત કરવા માટેનો પ્રયાસ કરવામાં આવ્યો નહોતો?

એક મત એવો છે કે રાજસ્થાનના રજપૂતો ભારત પર આક્રમણ કરનાર હૂણોના વંશજો છે. જે રાજસ્થાનમાં ઠરીઠામ થઈને વસી ગયેલા છે. બ્રાહ્મણોએ બૌદ્ધ ધર્મને કચડી નાખવા માટે અને એનું નિકંદન કાઢી નાખવા માટે આ હૂણોને અગ્નિ સંસ્કાર દ્વારા ક્ષત્રિય પદથી વિભૂષિત કર્યા હતા. એટલે તેઓ અગ્નિકુલ ક્ષત્રિયો કહેવાયા. આ મતને અનેક શોધકર્તા વિદ્વાનોએ સમર્થન આપ્યું છે અને એની પુષ્ટી કરી છે. વિન્સેન્ટ સ્મિથનું કહેવું છે કે;

"..... એ વાત પ્રમાણિત રૂપે સિદ્ધ થઈ ચૂકી છે કે; સ્થાનિક રાજાઓ સાથે થયેલા યુદ્ધોમાં રાજસ્થાન અને ગંગાના તટ પ્રદેશમાં વિદેશી હુમલાખોરો પૂર્ણ રૂપથી નષ્ટ થઈ શક્યા નહોતા અને જે લોકો બચી ગયા તેઓ સ્થાનિક નાગરિકો સાથે હળીભળીને એક થઈ ગયા હતા અને પોતાના પૂર્વજ શકોની જેમજ હિંદુ ધર્મ અને હિંદુસમાજમાં ભળીને હિંદુ બની ગયા હતા.

વિદેશી વિજેતાઓને બ્રાહ્મણો દ્વારા ક્ષત્રિય અથવા રાજપૂત કહીને હિંદુધર્મમાં સામેલ કરવામાં આવ્યા હતા. પાંચમી અને છઠ્ઠી સદીમાં ભારત આવેલી આ જાતિઓમાંથી ઉત્તર ભારતના પરિહાર અને અનેક રાજવંશોનો વિકાસ થયો હતો. એક અન્ય અજાણી ગૂજર જાતિને રાજપૂતો કરતાં ઉતરતી શ્રેણીમાં સ્થાન મળ્યું. જો કે રાજપૂતો કરતા એમની પ્રતિષ્ઠા થોડી ઉતરતી કક્ષાની હતી. આ જ રીતે દક્ષિણના ગૌડ, ભાર, ખારવા, ચંદેલ, રાઠોડ, ગહરવાર અને અન્ય પ્રસિદ્ધ રાજવંશો ઉપસી આવ્યા. આ બધા પોતાના વંશનો સંબંધ સૂર્યવંશ અને ચંદ્રવંશ સાથે બતાવે છે.[૧]

વિલિયમ ક્રૂક (William Crooke) નું કહેવું છે કે;

અત્યારે થયેલા સંશોધનો ઉપરથી રાજપૂતોની ઉત્પત્તિ અંગે સારું એવું જાણવા મળ્યું છે. વૈદિક ક્ષત્રિયો અને મધ્યકાલીન રાજપૂતો વચ્ચે આસમાન જમીનનો ફરક છે. એ બન્ને વચ્ચેની ભેદરેખા તોડવી અને મેળ બેસાડવો અસંભવ છે. એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે ઘણાં રાજપૂત વંશોની

૧. સી. પી. વૈદ્ય :- હિસ્ટ્રી ઓફ મીડિવિઅલ ઇન્ડિયા - ખંડ ૨ પૃ. ૮

ઉત્પત્તિનો સમય શકો અથવા કુષાણો અથવા ઈ. સ. ૪૮૦ની આસપાસ ગુપ્ત સામ્રાજ્યનો નાશ કરનાર શ્વેત હૂણોના આક્રમણકાળથી પ્રારંભ થાય છે. ગૂજર જાતિઓએ હિંદુધર્મ અપનાવી લીધો અને સમયાંતરે એમાંથી રાજપૂત વંશોનો ઉદ્‌ભવ થયો બ્રાહ્મણોનું પ્રભુત્વ સ્વીકારી લેતા એમને રામાયણ અને મહાભારતના નાયકો સાથે સાંકળી લેવામાં આવ્યા. આ રીતે રાજપૂતોનો ઈતિહાસ બન્યો અને એમને કાલ્પનિક આધારે સૂર્યવંશ અને ચંદ્રવંશ સાથે જોડી દેવામાં આવ્યા. આ નવ ક્ષત્રિય શાખાઓની સામાજિક પ્રતિષ્ઠા અને શ્રેષ્ઠતા સ્થાપવા માટે આવશ્યક હતું કે; કેટલીક ઉચિત કથાઓનું સર્જન કરવામાં આવે. એક કથા અનુસાર શુદ્ધિકરણ કે પ્રાચીન ઋષિઓના આહ્વાન પર વૈદિક સંસ્કારો દ્વારા ચાર અગ્નિકુળ - ક્ષત્રિયો પરમાર, પરિહાર, ચાલુક્ય અને ચૌહાણ ઉત્પન્ન થયા. આ અગ્નિકુળ ક્ષત્રિયોએ મધ્યભારતમાં બૌદ્ધધર્મ અને અન્ય મત-મતાંતરોનું દમન કરવામાં બ્રાહ્મણોને સહાયતા કરી.

ડૉ. ડી. આર. ભાંડારકર[૧] પણ આવો જ મત ધરાવે છે કે રાજપૂતો ગૂજર વંશના છે. ગૂજર વિદેશી મૂળના લોકો હતા એટલે રાજપૂતો વિદેશી મૂળના છે.

જે બ્રાહ્મણો રાજ્યાભિષેકની વિધિ કરતા હતા તેઓ રાજપૂતોની ઉત્પત્તિથી અજાણ હતા એવું તો નથી જ. જો એવું માની લેવામાં આવે કે બ્રાહ્મણો આ બાબતથી અજાણ હતા તો એ પણ સ્પષ્ટ છે કે; કળિયુગમાં તો ક્ષત્રિય નહોતા. જો શિવાજીને સિસોદિયા વંશ સાથે સાંકળવાનો બ્રાહ્મણોએ ઈન્કાર કરી દીધો હોત, તો એમને દોષિત ગણી શકાત નહીં. પણ બ્રાહ્મણો પરંપરાગત નિયમોને ક્યારે માનતા હતા? તેઓ તો અવસર અનુસાર રંગ બદલતા હતા. એમના સિદ્ધાંતો અને નિર્ણયો ખ્રિસ્તી પાદરીઓની જેમ બદલાતા રહેતા હતા અને વેચાતા રહેતા હતા. ગાગા ભટ્ટે શિવાજી અંગે જે નિર્ણય આપ્યો તે ઉચિત હતો કે નહીં તે કહેવું મુશ્કેલ છે. શિવાજીના

૧. શ્રી વૈદ્ય એવું સાબિત કરવાનો પ્રયાસ કરે છે કે; રાજપૂતો વિદેશીઓ નથી. પણ તેઓ આર્ય ક્ષત્રિયોના વંશજો છે. જો કે શ્રી વૈદ્ય જે કહે છે તે ખાસ સંતોષપ્રદ લાગતું નથી.

રાજ્યાભિષેક પર કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી દક્ષિણા ચૂકવવામાં આવી એના અંગે સી.વી. વૈદ્યના જ શબ્દોમાં જોઈએ.

"પ્રત્યેક મંત્રીને ત્રણ લાખ રૂપિયા, એક હાથી, એક ઘોડો, વસ્ત્રો અને આભૂષણો ઉપહારના રૂપમાં આપવામાં આવ્યા. ગાગા ભટ્ટને રાજ્યાભિષેકની વિધિ પૂર્ણ કરાવવા બદલ એક લાખ રૂપિયા મળ્યા. સભ્યો અનુસાર રાજ્યાભિષેક પર ચાર કરોડ અને છવ્વીસ લાખ રૂપિયાનો ખર્ચ થયો. (શિવાજી - ધી ફાઉન્ડર ઓફ મરાઠા સ્વરાજ્ય પૃ. ૨૪૮ - ૨૫૨) સભાસદોની દૃષ્ટિએ જોઈએ તો રાજ્યાભિષેકના અવસર વખતે ૫૦,૦૦૦ વૈદિક બ્રાહ્મણો ભેગા થયા હતા. આ ઉપરાંત જોગીઓ, સંન્યાસીઓ વગેરે પણ હજારોની સંખ્યામાં ઉપસ્થિત હતા. આ સૌની કિલ્લાની નીચે અન્ન અને ભોજન આપવામાં આવતું હતું. તે સમયના દસ્તાવેજો અને કાગળપત્રો ઉપરથી જાણવા મળે છે કે, રાજ્યાભિષેક પૂર્વે શિવાજીને સોના અને અન્ય કિંમતી ધાતુઓથી તોલવામાં આવ્યા હતા. ડચ લોકોના રેકોર્ડ ઉપરથી આ આયોજન અંગેનું વિસ્તાર પૂર્વકનું વિવરણ જોવા મળે છે.

એમાં નોંધ્યું છે કે; શિવાજીનું વજન ૧૬૦ પાઉંડ હતું. એમને સોનું, ચાંદી, તાંબુ, લોખંડ વગેરે ધાતુઓ અને કપૂર, મીઠું, સાકર, ઘી, સોપારી વગેરે સાથે તોલવામાં આવેલા અને આ તમામ સામગ્રી બ્રાહ્મણોમાં વહેંચી આપવામાં આવેલી. ઉપહાર રૂપે અભિષેકના બીજા દિવસે પ્રત્યેક બ્રાહ્મણને ત્રણ કે પાંચ અને અન્યને એક એક રૂપિયો દક્ષિણા પેટે આપવામાં આવેલો. સ્ત્રીઓ અને બાળકોને ક્રમશઃ બેબે અને એકએક રૂપિયો આપવામાં આવેલો. દક્ષિણા પર કુલ સાડા ચાર લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો.

ઓકસેંડને પોતાની ૧૮મે થી ૧૮જૂન સુધીની ડાયરીમાં લખ્યું છે કે; શિવાજીને સોનાથી તોલવામાં આવ્યા હતા. એમનું વજન ૧૬૦૦૦ હાંન હતું. આ રકમ એક લાખ હાંનની સાથે દક્ષિણાના રૂપે વહેંચવામાં આવી હતી.

(એક હાંન એટલે ત્રણ રૂપિયા).

ઉપરોક્ત ડચ લેખકના મતાનુસાર વ્રાત્ય સંસ્કાર ઉપર ગાગાભટ્ટને ૭૦૦૦ હાંન અને બ્રાહ્મણો તથા અન્ય લોકોને ૧૬૦૦૦ હાંન આપવામાં આવેલા. પાંચ જૂનના દિવસે શિવાજીને ગંગાજળમાં સ્નાન કરાવવામાં આવ્યું હતું અને તે સમયે ઉપસ્થિત તમામ બ્રાહ્મણોને ૧૦૦ હાંન દક્ષિણા સ્વરૂપે આપવામાં આવેલ.[૧]

ગાગાભટ્ટને જે રકમ આપવામાં આવી તે શું દક્ષિણા હતી? એવું કહેવામાં આવે છે કે ગાગાભટ્ટને જે મહેનતાણું આપ્યુ એના કરતાં તો વિશેષ શિવાજીના મંત્રીઓને મળ્યું હતું. એવું કહેવાય છે. આ અંગે બે બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે. આપણે કોઈ પણ તારણ કાઢીએ એ પહેલાં આ વાતો લક્ષ્યમાં લેવા જેવી છે.

પહેલી વાત તો એ છે કે; શિવાજીના રાજ્યાભિષેક વખતે એમના મંત્રીઓએ એમને બહુમૂલ્ય ભેટ-સોગાદ આપી હતી. પ્રધાનમંત્રી મોરોપંતે ૭૦૦૦ હાંન અને અન્ય મંત્રીઓએ પાંચ-પાંચ હજારની ભેટ આપી હતી.

મંત્રીઓને આપવામાં આવેલ ઉપહારોમાંથી શિવાજીને આપવામાં આવેલી ભેટ જો બાદ કરવામાં આવે તો શિવાજીના મંત્રીઓને આપવામાં આવેલ ભેટ નગણ્ય રહી જાય છે.

બીજી બાબત એ છે કે; શિવાજીના મંત્રીઓ એમને શૂદ્ર માનતા હતા. એટલે તેઓ તો રાજ્યાભિષેક જ વિરોધી હતા. શિવાજીને એમનું મોં બંધ રાખવા માટે મોટી મોટી ભેટ-સોગાદો આપી હતી. એ વાત નિર્વિવાદ છે. એટલે શિવાજી દ્વારા મંત્રીઓને આપવામાં આવેલા દ્રવ્યના આધારે એવું કહી શકાય તેમ નથી કે ગાગાભટ્ટને દક્ષિણા ઓછી મળી હતી. વાસ્તવિકતા તો એ છે કે ગાગાભટ્ટે પોતે એવી રમતો રમવા માંડી હતી અને એવા ખેલ પાડેલા કે એમને

૧. શિવાજી ધી ફાઉંડર ઓફ મરાઠા સ્વરાજ પૃ. ૨૪૮ અને ૨૫૨. ગાગાભટ્ટને એક લાખ રૂપિયા રોકડા અને વ્રાત્ય સંસ્કાર અંગે ૭૦૦૦ હાંન એટલે ૨૧૦૦૦ રૂપિયા મળેલા. ઉપરાંત શિવાજી તુલા સાથે ભાગે પડતું સોનું પણ મળ્યું હશે.

મળેલી દક્ષિણા દક્ષિણા નહીં પણ લાંચ જ કહી શકાય. એટલે ગાગાભટ્ટને મંત્રીઓથી ઓછું મળ્યું હતું એ વાતમાં તથ્ય નથી.

શિવાજીના રાજ્યાભિષેકમાં શિવાજીના વ્યક્તિગત સચિવ બાલાજી આવાજી જે મહારાષ્ટ્રની કાયસ્થ જાતિનો હતો એની મુખ્ય ભૂમિકા રહી છે. બાલાજી સૌથી પ્રથમ તો શિવાજીના પૂર્ણ વૃતાંત સાથે ત્રણ બ્રાહ્મણો - કેશવ ભટ્ટ, ભાલચંદ્ર ભટ્ટ અને સોમનાથ ભટ્ટને બનારસ મોકલ્યા અને ગાગાભટ્ટને તેડી લાવવાનો આદેશ આપેલ. ગાગાભટ્ટે સંદેશવાહકને એક પત્ર લખી આપીને પરત મોકલી દીધો. કે શિવાજી શૂદ્ર છે એટલે રાજ્યાભિષેક માટે અયોગ્ય છે. બાલાજી શિવાજી ક્ષત્રિય છે. એનાં પ્રમાણ એકત્રિત કરવા માંડ્યા અને તે એક એવી વંશાવળી તૈયાર કરવામાં સફળ થયા જેમાં શિવાજીને, મેવાડના શાસક સિસોદિયા વંશના બતાવવામાં આવ્યા હતા.

આ પ્રમાણે સાથે એક કાયસ્થ સંદેશવાહક નીલો યેશાજી[૧]ને પુન: ગાગાભટ્ટ પાસે મોકલવામાં આવ્યો. ગાગાભટ્ટ રાયગઢ આવ્યા અને એમણે કહ્યું કે પ્રમાણોની પુન: ચકાસણી કરી છે અને એના આધારે શિવાજીને શૂદ્ર ગણી શકાય નહીં એટલે રાજ્યાભિષેક માટેના અધિકારી બની જાય છે.

આ સબંધમાં ગાગાભટ્ટે માત્ર એક જ કલાબાજી નથી કરી. એકવાર તો એમને એકદમ પાઘડી ફેરવી દીધી અને ઘોષણા કરી દીધી કે; શૂદ્ર શિવાજીના સ્થાને બાલાજી આવાજી કે જે કાયસ્થ ક્ષત્રિય છે એટલે એ નાતે અભિષેક કરવા માટે તૈયાર છે. આ પછી પણ ગાગાભટ્ટ પોતાના નિર્ણય ઉપર સ્થિર રહી શક્યા નહી અને એમણે બીજી પલ્ટી મારી કે શિવાજી ક્ષત્રિય છે અને એમનો રાજ્યાભિષેક કરવા માટે હું તૈયાર છું. એટલું જ નહી એમણે શિવાજીની પ્રશસ્તિ માટે ગાગાભટ્ટીની રચના પણ કરી કે જેમાં કાયસ્થોને હરામી કહીને ગાળો ભાંડી છે.

૧. દૂતનું નામ નિલો પેશાજી હતું. તે કાયસ્થ જ્ઞાતિનો હતો. ત્રણ બ્રાહ્મણો કે જેઓ પ્રથમ પ્રસંગે ગાગાભટ્ટને તેડવા ગયા હતા. તેમણે તેમની સૂચના વિરુદ્ધ અને શિવાજીનાં હિતોનો દ્રોહ કરીને કોઈ ગંદી રમત રમી હોવાની શંકા બાલાજી આવાજીને આવી ગઈ હતી. કારણ કે બ્રાહ્મણો શિવાજીને વિરુદ્ધમાં હતા. બાલાજીને એમ લાગ્યું હોય કે; તેમના દ્વારા લાવવામાં આવેલો પત્ર કોઈ વ્યૂહયોજનાની જ કળી હોઈને બાલાજી સાવચેતી રૂપે બ્રાહ્મણ જ્ઞાતિનો નહીં પણ પોતાની જ જ્ઞાતિના કોઈ કાયસ્થ આદમીને ગાગાભટ્ટને મળવા માટે મોકલ્યો હતો.

આ બધી વિગતો શું સિદ્ધ કરે છે? આ બધી બાબતો પરથી તો એટલું જ સિદ્ધ થાય છે કે ગાગાભટ્ટ એક અતિ અવિશ્વસનીય પુરોહિત હતો અને એની સંમતિ ધન આપીને વેચાતી લેવામાં આવી હતી.[૧] શિવાજી ક્ષત્રિય છે એ નિર્ણય તો ધન આપીને મેળવાયો હતો. અંતે શિવાજીની બાબતમાં એક અન્ય વાત પણ યાદ કરી લઈએ. બ્રાહ્મણો ક્યારેય પોતાના પૂર્વ નિર્ણયની સાથે બંધાયેલા રહ્યા નથી. પોતે કરેલા કે જાહેર કરેલા નિર્ણયનું પુનર્નિરીક્ષણ કરવામાં પોતે મુક્ત છે. એવું માનતા " શિવાજી ક્ષત્રિય છે" એ નિર્ણયનું પાલન કેટલા દિવસ કર્યું?

શિવાજીએ પોતાના રાજ્યાભિષેકના દિવસે ૬ જૂન ૧૬૭૪થી રાજ્યાભિષેક સંવત શરૂ કર્યો. જ્યાં સુધી શિવાજી અને એમના ઉત્તરાધિકારીઓ સિંહાસનરૂઢ રહ્યા ત્યાં સુધી સંભવત: આ નિર્ણય ચાલ્યો. જ્યારે સત્તા બ્રાહ્મણ પેશ્વાઓના હાથમાં આવી એટલે તુરતજ રાજ્યાભિષેક સંવત બંધ કરી દેવામાં આવ્યો. એમણે મોગલ સમ્રાટોની જેમ ફસલી સંવતનો ઉપયોગ શરૂ કર્યો. એટલું જ નહીં, એમણે શિવજીના ઉત્તરાધિકારીઓના ક્ષત્રિયત્વને પણ પડકાર્યું હતું. શિવાજીએ પોતાના પુત્રો શંભાજી અને રાજારામની ઉપનયન સંસ્કારવિધિ પોતાની હયાતિમાં જ વૈદિક રીતિ મુજબ કરાવી હતી. એટલે બ્રાહ્મણો એમનું કંઈ બગાડી શકે તેમ નહોતા. તેઓ શિવાજીના પૌત્ર શાહુજીનું પણ કંઈ બગાડી શક્યા નહોતા. કારણકે શાહુજીના સમયમાં બ્રાહ્મણોના હાથમાં સત્તા આવી નહોતી. પણ શાહુજીએ

૧.ઉપર જણાવવામાં આવેલ ગાગાભટ્ટની અવળચંડાઈઓ અને અવરોધો બાબતે જે હકીકતો મેં મેળવી છે તે શ્રી કે. એસ. ઠાકરેની મરાઠી પુસ્તિકા "બ્રહ્માળ્યા ચ્યા ઇતિહાસ" પર આધાર રાખ્યો છે. ઠાકરે એ વારા પ્રમાણે બાખરો (Bakhars)નો આધાર લીધો છે. આ આધારની વિશ્વસનીયતા અંગે સચોટ કહી શકાય નહી, આમ છતાં એ વાતનો એકરાર કરવો જોઈએ કે: ગાગાભટ્ટે કેટલીક આડોડાઈઓ અને અવળવાણી કહી હોવાનું સાચું લાગે છે. કારણકે એ સિવાય કેટલાક રહસ્યો સ્પષ્ટ કરવાનું મુશ્કેલ છે. દા.ત. ગાગાભટ્ટ રાયગઢ પર આવ્યો પછી એણે પોતાની ભૂમિકા બદલી હતી. તેણે આવું શાથી કર્યું? અને વાણી બદલ કેમ કરી? તેનો તંતુ ગાગાભટ્ટ દ્વારા કરવામાં આવેલી શોધમાં જોવા મળે છે. મોરોપંત પિંગળે નામનો એક બ્રાહ્મણ પ્રધાનમંત્રી શિવાજી ક્ષત્રિય છે એ દાવાનો ભારોભાર વિરોધી હતો એટલે ગાગાભટ્ટ અને મોરોપંતની નજરો જ્યારે મળી ત્યારે ગાગાભટ્ટ પોતાની મૂળ વાતથી ફરી ગયો. મોરોપંત જે મોટામાં મોટો સશક્ત વિરોધી હતો તે પાછળથી શિવાજીના રાજ્યાભિષેકનો જોરદાર સમર્થક બની ગયો. તેનું કારણ શું? કારણ કે બાલાજીને રાજા જાહેર કરવો જોઈએ એવો ઠરાવ ગાગાભટ્ટે મૂક્યો હતો. આ જો હકીકત હોય તો મોરોપંતે મોરચો બદલ્યા અંગે સંપૂર્ણ સ્પષ્ટતા મળી રહે છે. બાલાજી કાયસ્થ હોવાથી અને કાયસ્થો બ્રાહ્મણોના કટ્ટર શત્રુ હોવાથી મોરોપંતે બે અનિષ્ટોમાંથી કોઈ એક ઓછા અનિષ્ટ તરીકે શિવાજીના રાજ્યાભિષેકને સંમતિ આપી હતી.

બ્રાહ્મણ પેશ્વાઓને સત્તા સોંપતા જ બ્રાહ્મણોએ મનમાની કરવાનું શરૂ કર્યું. શાહુજીનો ઉત્તરાધિકારી દત્તક પુત્ર રામજીરાજે હતો અને એમના સંરક્ષક પેશ્વાઓ હતા. રામજીરાજેની ઉપનયન સંસ્કારવિધિ કેવી રીતે થઈ એના પ્રમાણો ઉપલબ્ધ નથી. છતાંય એવું પ્રમાણ તો મળે જ છે કે ; શાહુ દ્વિતીયની ઉપનયનવિધિ પૌરાણિક પધ્ધતિથી કરવામાં આવી હતી અને એવો આદેશ પેશ્વાઓએ આપ્યો હતો.[૧]

શાહુના પુત્ર મહારાજ પ્રતાપસિંહનું શું થયું? એમની ઉપનયનવિધિ થઈ કે કેમ? અને થઈ હોય તો વૈદિક રીતિથી કે પૌરાણિક રીતિથી થઈ? એના અંગેનો કોઈ ખુલાસો મળતો નથી. પણ એક વાતનો ઉલ્લેખ તો જોવા મળે છે કે; કરવીરના શંકરાચાર્યે સાંગલીના કાયસ્થોના વિષયમાં ઈ. સ. ૧૮૨૭ માં પોતાનો નિર્ણય આપ્યો હતો કે; " કળિયુગમાં ક્ષત્રિયો હોતા નથી અને ક્ષત્રિયો રહ્યાં નથી. એમના કાર્યાલયના દસ્તાવેજો અનુસાર શિવાજી, શંભાજી અને શાહુજી ક્ષત્રિયો નહોતા.[૨]

કહેવાય છે કે આ વાત મૂળ નિર્ણયમાં નહોતી. સાંગલીના બ્રાહ્મણ રાજાએ સમયાંતરે મુખ્ય નિર્ણયમાં આ વાત અંકિત કરાવી દીધી હતી. એ ગમે તે હોય પણ એક વાત સ્પષ્ટ છે કે; શિવાજીના વંશજ રાજા પ્રતાપસિંહને આ ખુલ્લો પડકાર હતો. પ્રતાપસિંહે ઈ. સ. ૧૮૩૦ માં બ્રાહ્મણોના એક સંમેલનમાં આ વિષયને વિચારાધીન તરીકે મૂક્યો હતો. સંમેલને રાજા પ્રતાપસિંહની તરફેણમાં નિર્ણય આપીને એમને 'શૂદ્રત્વ'થી બચાવી લીધા હતા.

શિવાજીના વંશની એક શાખાથી પરાજિત થયેલા બ્રાહ્મણોએ કોલ્હાપુરની બીજી શાખા પર આક્ષેપો શરૂ કરી દીધા. કોલ્હાપુરના એક શાસક 'બાબાસાહેબ મહારાજ'ના મહેલના પુરોહિત રઘુનાથ શાસ્ત્રી પરવટેએ મહેલના તમામ સંસ્કારોને પૌરાણિક વિધિથી સંપન્ન કરાવવાનું શરૂ કરી દીધું. એને એવું કરવાથી રોકી દેવામાં આવ્યા. બાબાસાહેબનું મૃત્યુ ૧૮૮૬ માં થયું.

૧. રાવબહાદૂર ડોંગરે 'સિદ્ધાંત વિજય' ભૂમિકા પ. ૬.

૨. એજન પૃ. ૯.

ઈ. સ. ૧૮૮૬ થી ૧૮૯૪ સુધી તમામ રાજાઓ અલ્પવયસ્યકો હતા અને રાજ્યનું વહીવટીતંત્ર અંગ્રેજોના હાથમાં હતું. એટલે આ અંગેનું પ્રત્યક્ષ પ્રમાણ મળતું નથી. મહેલના પુરોહિતે એમની સંસ્કાર વિધિ કેવી રીતે કરાવી હતી એનાથી આપણે અજાણ છીએ.

ઈ. સ. ૧૯૦૨માં જ્યારે શાહુ મહારાજે મહેલના પુરોહિતને નિર્દેશ આપ્યો કે તે મહેલની ધાર્મિક વિધિઓ વૈદિક રીતે કરે ત્યારે પુરોહિતે એનો વિરોધ કર્યો અને કહ્યું કે કોલ્હાપુરના શાસકો ક્ષત્રિય ન હોવાથી શૂદ્રો છે અને તેથી તમામ સંસ્કાર પૌરાણિક વિધિથી જ કરવામાં આવશે એ વાત પર ભાર મૂક્યો. આ અંગે કરવીરના શંકરાચાર્યની ભૂમિકા વિશેષ રૂપથી નોંધવા લાયક છે. વિવાદના સમયે શંકરાચાર્યે પોતાના શિષ્ય બ્રાહ્મણાલ્કરને મઠનો સમસ્ત અધિકાર સોંપી દીધો. પ્રારંભમાં તો ગુરુ-શિષ્ય બંને એ મહેલ-પુરોહિતની વાતનું સમર્થન કર્યું અને મહારાજાનો વિરોધ કર્યો. પણ થોડા સમય પછી શંકરાચાર્યનો શિષ્ય બ્રાહ્મણાલ્કરે મહારાજાને ક્ષત્રિય ગણીને એમનો પક્ષધર બની ગયો. આથી દુ:ખી થઈને શંકરાચાર્યે શિષ્યનો ત્યાગ કર્યો. મહારાજાએ ડો. કુર્તકોટિની પોતાના શંકરાચાર્ય તરીકે નિમણૂંક કરી. પરંતુ છતાંય વિવાદ ન શમ્યો.

શિવાજીને ક્ષત્રિય માનવામાં આવ્યા હતા. એ સન્માન વ્યક્તિગત રહ્યું નહોતું.

પણ વંશાનુગત ઉત્તરાધિકારીઓને તે પ્રાપ્ત થઈ ગયું હતું. આ અંગે કોઈને પ્રશ્ન પેદા કરવાનો અધિકાર જ રહ્યો નહોતો. વળી શિવાજીના કોઈ પણ ઉત્તરાધિકારીએ કોઈ પણ પ્રકારનું દુષ્કૃત્ય પણ કર્યું નહોતું અને છતાંય બ્રાહ્મણો એમને હિન (શૂદ્ર) માનતા રહ્યા હતા.

આ ચર્ચા ઉપરથી કહી શકાય કે, બ્રાહ્મણ કોઈ પણ હિંદુ વર્ણનું નિર્ધારણ કરવાનો અધિકાર ધારણ કરીને બેઠા હતા. તેઓ શૂદ્રને ક્ષત્રિય અને ક્ષત્રિયને

શૂદ્ર બનાવવા સક્ષમ હતા. શિવાજીની ઘટનાઓએ એ બાબત સિદ્ધ કરી કે વર્ણ નિર્ધારિત કરવામાં બ્રાહ્મણોને અસીમિત અધિકાર પ્રાપ્ત થયો હતો.

આ ઘટના કેવળ બોમ્બે પ્રેસીડેન્સી મહારાષ્ટ્રની છે, પરંતુ એમાં જે સિદ્ધાંત સમાયેલો છે તે સમગ્ર દેશમાં પ્રચલિત હતો. એટલે કે;

(૧) ઉપનયનનો અધિકાર કેવળ બ્રાહ્મણોને જ હતો. શિવાજી, પ્રતાપસિંહ કે કાયસ્થ અથવા પંચાલ કે પાલશે કોઈ પણ અ-બ્રાહ્મણ પાસેથી ઉપનયન કરાવવાનું સાહસ રાખતા નહોતા. કેવળ એક જ વાર કાયસ્થોએ સંસ્કાર કરાવવાનો ઠરાવ પસાર કર્યો હતો પણ તે ઠરાવ-ઠરાવ જ રહ્યો હતો.

(૨) બ્રાહ્મણોનો અધિકાર હતો કે કોઈનું ઉપનયન કરે અથવા ન કરે. બીજા શબ્દોમાં કહીએ તો એકમાત્ર બ્રાહ્મણો જ નિર્ણય કરી શકતા હતા કે અમુક અમુક જાતિ ઉપનયનની અધિકારી છે અથવા એને પાત્ર નથી.

(૩) ઉપનયન અંગે બ્રાહ્મણની સહમતિ માટે ઈમાનદારી આવશ્યક નહોતી. ધન આપીને પણ ઉપનયન કરાવી શકાય. શિવાજીએ વિપુલ ધન આપીને ગાગાભટ્ટ પાસે ઉપનયન વિધિ કરાવી હતી.

(૪) બ્રાહ્મણ દ્વારા ઉપનયન વિધિનો ઈન્કાર કરવાની પાછળ વૈધાનિક કે ધાર્મિક આધાર હોવો જ જોઈએ એવું જરૂરી નથી. એના ઈન્કારની પાછળ રાજનૈતિક કારણ પણ હોઈ શકે. બ્રાહ્મણોએ કાયસ્થોની ઉપનયન વિધિ રાજનૈતિક દુશ્મનાવટને કારણે બંધ કરી દીધી હતી.

(૫) એક બ્રાહ્મણ દ્વારા ઉપનયન ન કરવા અંગેની અપીલ કેવળ વિદ્વદ્ પરિષદમાં જ કરી શકાતી હતી અને વિદ્વદ્ પરિષદમાં કેવળ બ્રાહ્મણો જ સભ્યો થઈ શકતા હતા.

ઉપરોક્ત તત્વો દ્વારા એ વાત પૂર્ણત: સ્પષ્ટ થઈ જાય છે કે; ઉપનયન અંગે બ્રાહ્મણોને સર્વાધિકાર મળેલા હતા. વર્ચસ્વ બ્રાહ્મણોનું જ હતું. તેઓ

ગમે તે માણસને ઉપનયનથી વંચિત કરવા સક્ષમ હતા એટલે તાર્કિક રીતે આશ્ચર્ય થવું ન જોઈએ કે; શૂદ્રોના પતનમાં અને પરાભવમાં આ અધિકારનો પ્રયોગ એમણે અમોઘશસ્ત્રના રૂપમાં કર્યો હતો.

પ્રકરણ-૧૧

સંધિ કથા

અત્યાર સુધીમાં મેં નીચેના મુદ્દા સ્થાપિત કરવા પ્રયાસ કર્યો છે.

(૧) બ્રાહ્મણોએ આર્યોના બીજા વર્ણના ક્ષત્રિયોના એક વર્ગને (શૂદ્રને) પતિત બનાવીને ચોથા વર્ણનો બનાવ્યો.

(૨) શૂદ્રોના પતન માટે બ્રાહ્મણોએ ઉપનયન વિધિનો હથિયાર તરીકે ઉપયોગ કર્યો. એમણે ઉપનયન ન આપવાની ટેકનીકનો પ્રયોગ કર્યો.

(૩) બ્રાહ્મણોએ આ બધું શૂદ્ર રાજાઓ દ્વારા એમની ઉપર આચરવામાં આવેલા અત્યાચારો, ઉત્પીડન, અપમાન વગેરેથી દુઃખી થઈને બદલાની ભાવનાથી કર્યું હતું.

આ મુદ્દાઓ તદ્દન સ્પષ્ટ હોવા છતાંય નિમ્નલિખિત પ્રશ્નો કેટલાક લોકો અવશ્ય પૂછશે જ કે;

(૧) બ્રાહ્મણોનો ઝગડો કેવળ કેટલાક રાજાઓ સાથે હતો તો પછી એવું કયું કારણ બન્યું કે બ્રાહ્મણો સમસ્ત શૂદ્ર જાતિના દુશ્મનો બની ગયા?

(૨) શું દ્વેષ એટલો પ્રબળ હતો કે બ્રાહ્મણોની શૂદ્રો સાથે ઘૃણા થઈ ગઈ અને તેઓ બદલો લેવા તૈયાર થઈ ગયા?

(૩) શું બન્ને પક્ષો વચ્ચે સંધિ થઈ જ નહીં? જો સંધિ થઈ હોય તો બ્રાહ્મણોની પાસે શૂદ્રોના પતન માટે કોઈ સ્પષ્ટ કારણ નહોતું તો પણ એવું એમણે શા માટે કર્યું?

(૪) શૂદ્રોએ આ અધ:પતન કેવી રીતે સહન કરી લીધું?

હું માનું છું કે આ પ્રશ્નો સ્વાભાવિક અને તથ્યપૂર્ણ છે. એના અંગે ગંભીરતાથી વિચાર કરવાની આવશ્યકતા છે. અને તેના યથાયોગ્ય જવાબો આપવા અને તેનો જવાબ મળે તે જ સાચી દિશા છે.

- - ૧ - -

પ્રશ્ન એ છે કે થોડાક રાજાઓ સાથેના ઝઘડામાં સમગ્ર શૂદ્ર જાતિને એના પદ ઉપરથી નિમ્ન સ્તરે લાવવાનો નિશ્ચય બ્રાહ્મણોએ શા માટે કર્યો? આ પ્રશ્નનો જવાબ આપતા પહેલાં બે મુદ્દાઓ ધ્યાનમાં રાખવાના છે.

પહેલી બાબત તો એ છે કે; અધ્યાય ૯માં બ્રાહ્મણો અને શૂદ્ર રાજાઓ વચ્ચેનો કલહ જેવો દેખાય છે એવો વ્યક્તિગત નહોતો. બ્રાહ્મણોના પક્ષે તો સમગ્ર બ્રાહ્મણ સમાજ આ પ્રશ્ન સાથે સંકળાયેલો હતો. વશિષ્ઠ પ્રકરણ સિવાય તમામ ઝઘડા બ્રાહ્મણો સાથે જ હતા. એવી રીતે જે રાજાઓને બ્રાહ્મણો સાથે ઘર્ષણ થયું એ તમામ શૂદ્રવંશના હતા. આ અંગે આપણી પાસે પ્રત્યક્ષ પુરાવાઓ ઉપલબ્ધ છે નહીં, પણ બ્રાહ્મણો સાથે જે-જે રાજાઓ સંઘર્ષમાં ઉતર્યા, એમની લાઈન સુદાસ રાજા જેવી જ હતી.

શૂદ્ર રાજાઓમાંથી થોડાક જ રાજાઓ બ્રાહ્મણો સાથે સંઘર્ષમાં ઉતર્યા હતા. અને એ ભૂલવું ન જોઈએ કે આ રાજાઓ સુદાસની જાતિના હતા. અને સુદાસને લાગે વળગે છે, ત્યાં સુધી આ સંઘર્ષ બ્રાહ્મણો અને શૂદ્રો કે જે ક્ષત્રિયોની એક ટોળકીના હતા, તેમની વચ્ચે હતો. બીજા હુમલાખોર ક્ષત્રિય રાજાઓની એક ટોળકીના શૂદ્રો હતા. આ વાતમાં શંકાને સ્થાન નથી. પરંતુ આપણી પાસે બીજો કોઈ પુરાવો પણ નથી કે બીજા હુમલાખોર ક્ષત્રિય રાજાઓની એક ટોળી કે જે શૂદ્રોની હતી, તેમાના તે હતા કે નહીં?

પરંતુ કેટલાંક પુરાવા પરથી પૂરવાર થાય છે કે તેઓ સુદાસના વંશના હતા. જ્યાં સુધી સુદાસને લાગે વળગે છે ત્યાં સુધી આ સંઘર્ષ બ્રાહ્મણો અને ક્ષત્રિયોની એક ટોળી કે જે શૂદ્રોની હતી તેમની વચ્ચે હતો. આ વાતમાં શંકાને સ્થાન નથી. આપણી પાસે એવો કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી કે લડનાર રાજાઓ ક્ષત્રિયોની એક ટોળકીના શૂદ્રો હતા. પરંતુ આપણી પાસે એ પુરાવો છે કે તેઓ સુદાસની રીતે લડતા હતા.

બ્રાહ્મણો સાથે સંઘર્ષમાં ઉતરેલા ક્ષત્રિય રાજાઓના પરસ્પરના સંબંધો એક અર્થમાં શિક્ષાપ્રદ છે તો સાથેસાથે આ વિષય પર પ્રકાશ પણ પાથરે છે.

પુરુરવા ઈલાનો પુત્ર અને મનુનો પૌત્ર હતો. નિમિ મનુ પુત્ર ઇક્ષ્વાકુનો પુત્ર હતો. ત્રિશંકુ ઈક્ષ્વાકુની ૨૮મી પેઢીએ હતો. સુદાસ પણ ઈક્ષ્વાકુની ૫૦મી પેઢીનો રાજા હતો.

વેણ મનુનો પુત્ર હતો. તમામ રાજાઓ મનુ તથા ઈક્ષ્વાકુના વંશજો હતા. એટલે સુદાસના સગોત્રી લોકો હતા. સુદાસ શૂદ્રવંશી હતો એટલે આ તમામ રાજાઓ શૂદ્ર હતા એ વાત તો સ્વયંસિદ્ધ છે.

(૨) જો કે આપણી પાસે પ્રત્યક્ષ પુરાવો છે નહીં છતાં પણ એવું માનવું સ્વાભાવિક જ છે કે; બ્રાહ્મણો સાથેના સંઘર્ષમાં આ વંશ અને સમસ્ત શૂદ્ર વંશ એક પક્ષે હતો. પ્રાચીનકાળમાં જ્યારે સંઘર્ષ થયો; જીવન અને કર્મ પ્રારંભિક અવસ્થામાં હતું અને જાતિ કે વંશ એ જ મુખ્ય સંસ્થા હતી. એક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલો અપરાધ વ્યક્તિગત માનવામાં આવતો નહોતો. એનું પરિણામ સમસ્ત જાતિ અને વંશને ભોગવવું પડતું. એટલે પૂર્ણત: સ્વાભાવિક છે કે; બ્રાહ્મણોએ પોતાની શત્રુતા ઉત્પીડક રાજાઓ પૂરતી જ સીમિત રાખી નહીં અને સંપૂર્ણ શૂદ્ર જાતિની ઉપનયન સંસ્કાર વિધિ બંધ કરી દીધી.

મહાભારતના આદિપર્વમાંથી ઉપલબ્ધ નિમ્નલિખિત વંશવૃક્ષ જુઓ.

[મારિચિ]

|

|

કશ્ય = દક્ષ્યાણી (દક્ષ પ્રજાપતિની પુત્રીઓમાંની એક)

|

| |

આદિત્યગણ વિવસ્વત

| |

મનુ (ને ૧૦ પુત્રો હતા) યમ

|

|

(૧) વેણ (૨) ધૃસ્યુ (૩) નીશ્ચત (૪) નાભાગ (૫) ઈશ્વાકુ (૬) કરૂપ (૭) શર્યોતિ (૮) ઈલા (૯) પ્રશાધ્ર (૧૦) નાભગૌશાલ

...૨...

શું ઈર્ષ્યા અને ક્રોધ ઉત્તેજના એટલી બધી તીવ્ર થઈ ગઈ હતી કે બન્ને જાતિઓ વચ્ચે સંધિ જ થઈ ન શકે? આ પ્રશ્નનો વિચાર કરીએ. એક વાત સાચી છે કે; દ્વેષભાવ ચરમસીમા ઉપર હતો અને વિસ્ફોટક સ્થિતિએ પહોંચી ગયો હતો અને સાથેસાથે બ્રાહ્મણો દ્વારા સમાજમાં શ્રેષ્ઠતા અને વિશેષાધિકાર પ્રાપ્ત કરવા માટેનો દાવો પણ અસહ્ય બની ગયો હતો. આપણે બ્રાહ્મણોના દાવા અંગેની લાંબી સુચીનું પણ અવલોકન કરી લઈએ.[૧]

(૧) બ્રાહ્મણને તમામ વર્ગોનો ગુરુ એના જન્મને કારણે જ માનવામાં આવે .

(૨) અન્ય વર્ણોના કર્તવ્ય આચરણ તથા આજીવિકાના સ્ત્રોતનું નિર્ધારણ કરવાનો અધિકાર માત્ર બ્રાહ્મણને છે. તમામ જાતિઓ એનું પાલન કરે. રાજા બ્રાહ્મણની સલાહ સૂચના મુજબ જ શાસન કાર્ય કરે.

(૩) બ્રાહ્મણ રાજાને આધીન નથી. રાજા બ્રાહ્મણ સિવાયની તમામ વર્ણોનો શાસક ગણાશે.

(૪) બ્રાહ્મણ આ પ્રકારના દંડથી મુક્ત છે. (૧) ચાબુકના ફટકા, (૨) હાથકડી - બેડી, (૩) આર્થિક દંડ, (૪) દેશનિકાલ, (૫) ભર્ત્સના, (૬) બહિષ્કાર.

(૫) ક્ષોત્રિય (વેદોમાં પારંગત બ્રાહ્મણ) કર મુક્ત છે.

(૬) દાટેલું ધન કે ખજાનો જો બ્રાહ્મણને મળે તો તેનો સંપૂર્ણ અધિકાર બ્રાહ્મણનો છે પણ જો રાજાને દાટેલો ખજાનો મળે તો તેનો અડધો ભાગ બ્રાહ્મણને આપે.

(૭) નિઃસંતાન મરનાર બ્રાહ્મણની સંપત્તિ રાજકોષમાં જમા ન કરાવવી પણ ક્ષોત્રીય (વેદોમાં પારંગત બ્રાહ્મણો) અને અન્ય બ્રાહ્મણોમાં વહેંચી આપવી.

૧. આ ટૂંકી સૂચી કાણેના ધર્મશાસ્ત્ર ભાગ ૨ (૧) પૃ. ૧૩૮ - ૧૫૩ પર આધારિત છે.

(૮) જો રાજા ક્ષોત્રીય બ્રાહ્મણ કે અન્ય બ્રાહ્મણને રસ્તામાં મળે તો રાજા એને માટે માર્ગ છોડી દે.

(૯) સૌથી પહેલા બ્રાહ્મણનું અભિવાદન કરવામાં આવે.

(૧૦) બ્રાહ્મણ પવિત્ર છે એટલે એને ખૂનના અપરાધ બદલ પણ પ્રાણદંડ આપી શકાય નહી.

(૧૧) બ્રાહ્મણને ધમકાવવો, મારવો કે એના શરીરમાંથી લોહી કાઢવું એ અપરાધ છે.

(૧૨) વિશેષ અપરાધોને માટે અન્ય વર્ણોની અપેક્ષાએ બ્રાહ્મણને ઓછો દંડ કરવામાં આવે.

(૧૩) જો અબ્રાહ્મણ પર આરોપ હોય તો રાજા બ્રાહ્મણને સાક્ષી આપવા માટે ન બોલાવે.

(૧૪) જો કોઈ સ્ત્રીને દસ અબ્રાહ્મણ પતિ હોય અને એક બ્રાહ્મણ એની સાથે વિવાહ કરી લે તો તે બ્રાહ્મણની પત્નિ ગણાશે. - ક્ષત્રિય અથવા કોઈ વૈશ્યની નહીં કે જેની સાથે પહેલાં વિવાહ કરવામાં આવ્યો હશે![૧]

બ્રાહ્મણોના આ વિશેષાધિકારો અંગે વિચાર કરતા શ્રી કાણે કહે છે કે; આ સિવાય પણ બ્રાહ્મણોને કેટલાક વિશેષાધિકારો મળેલા હતા. જેમકે ભિક્ષાટન માટે બ્રાહ્મણ અન્ય લોકોના ઘરોમાં રોક ટોક વિના પ્રવેશ કરી શકતો; જ્યાંથી ઈચ્છા થાય ત્યાંથી બળતણ, ફૂલ, પાણી વગેરે લઈ શકતો; પારકી સ્ત્રી સાથે કોઈ પણ પ્રકારના બંધન વિના વાતચીત કરી શકતો; ભાડું આપ્યા વિના જ નદી પાર કરવાનો સૌથી પહેલો એનો અધિકાર ગણાતો; વ્યાપાર માટે નિર્ધારિત હોડીમાં કર આપ્યા વિના કાર્ય કરાવી શકતો; થાક્યો હોય કે ભૂખ્યો હોય તો કોઈ પણના ખેતરમાંથી બે શેરડી કે કંદમૂળ લઈ શકતો.

૧. (આ વિગત કાણે એ લખી નથી પણ અથર્વવેદ ભાગ - ૫ ૧૭ : ૮ - ૯ માં લખેલી છે. જુઓ મ્યોર ગ્રંથ ૧, પૃ. ૨૮૦.

કાળાંતરે આ અધિકારોમાં પણ વિશેષ વૃદ્ધિ થઈ. એ કહેવું મુશ્કેલ છે કે સંઘર્ષના સમયે બ્રાહ્મણોએ કયા કયા વિશેષાધિકારો પ્રાપ્ત કરી લીધા હતા. પણ ઉપરોક્ત સુચીને જ નજરમાં રાખીએ તો કોઈ પણ સજ્જન માણસ અધિકાર ક્રમ સૂચી ૧, ૨, ૩, ૮ અને ૧૪ પર ઉશ્કેરાયા વિના રહે નહીં. વ્યક્તિ જ નહી, સમગ્ર સમુદાય પણ આ પાંચ અધિકારો જોતા ઉશ્કેરાટ અનુભવે જ. એટલે ક્ષત્રિયો અને રાજાઓ બ્રાહ્મણોની આ શરતો સાથે કેવી રીતે સંમત થઈ શકે?

આપણે એ ન ભૂલવું જોઈએ કે બ્રાહ્મણોની સાથે જે રાજાઓને સંઘર્ષમાં ઉતરવું પડ્યું એ તમામ સુર્યવંશીઓ હતા. સૂર્યવંશીઓ વિધ્યાદ્યને, ગૌરવ અને વૈવાહિક પ્રકૃતિમાં ચંદ્રવંશી ક્ષત્રિયો કરતા ભિન્ન હતા. સૂર્યવંશી ક્ષત્રિયો પૌરુષત્વસભર હતા. પણ ચંદ્રવંશી ક્ષત્રિયોમાં બળ અને આત્મગૌરવનો અભાવ હતો. ચંદ્રવંશીઓએ બ્રાહ્મણોનું પ્રભુત્વ સ્વીકાર્યું અને એમના દાસ બની ગયા. સૂર્યવંશી ક્ષત્રિયો વિદ્યા અને જ્ઞાનમાં બ્રાહ્મણો કરતા ઉત્તમ હતા. અનેક તો વૈદિક મંત્રોના સર્જકો અને રાજર્ષિઓ હતા. એટલે જ એમણે બ્રાહ્મણોને પડકાર આપ્યો હતો.

ઋગ્વેદની અનુક્રમણિકા અનુસાર તો નિમ્નલિખિત સ્ત્રોતો અને મંત્રોના સૃષ્ટા નીચે પ્રમાણેના સૂર્યવંશી ક્ષત્રિયો હતા. ઋગ્વેદ ૬:૧૫ વિતહવ્ય (અથવા ભારદ્વાજ)

૧૦:૯ અંબરિષ પુત્ર સિન્ધુ દ્વિપ (અથવા ત્વષ્ટ્રીતનય ત્રિશીરસ)

૧૦:૭૫ ત્રિય મેઘનો પુત્ર સિન્ધુદ્વિત

૧૦:૧૩૩ પિંજવન સુદાસ

૧૦:૧૩૪ યુવનાશ્વનો પુત્ર માંધાતુ

૧૦:૧૪૮ પૃથ્વી વૈણ્વ

૧૦:૧૭૯ શીનાર પુત્ર શિવિ કાશીરાજ પુત્ર દિવોદાસ પુત્ર પ્રતાર્દન રોહિતાશ્વનો પુત્ર વસુમાનસ.

મત્સ્યપુરાણ અનુસાર ઋગ્વેદના મંત્રોના રચનાકાર નીચે પ્રમાણે છે.

ભૃગ, કાશ્ય, પ્રાચેતસ, દધીચિ, આત્માવત, ઔર્વ, જમદગ્નિ, કૃપ, શારદ્વત, અર્ષિસેન, યુદ્ધજિત, વીતહવ્ય, સુવર્ચસ, વેણુ, પૃથુ, દીવોદાસ, ભારદ્વાજ, ભાલન્દન, શૌનક, (આ ભૃગુ છે.) અંગિર વેધસ, અમરિષ, યુવનાશ્વ, પુરૂકુત્સ, પ્રદ્યુમ્ન, શ્રાવનાશ્વ, અજામેધ, હર્યખ્વ, તક્ષપ, કવિપ્રધાશ્વ, વિરૂપ, કણ્વ, મૃદગલ, ઉતાથ્ય, શારદ્વત, વાજશ્રવા, આપસ્ય, સુવિત્ત, વામદેવ, અજીત, વૃહદુકથ, દીર્ઘતમા, કાક્ષીવત, (આ ૨૩ અંગિર છે.) ગાધિપુત્ર વિશ્વામિત્ર, દેવરાજબલ, મધુ છંદ, ઋષભ, આઘમાર્શગ, અષ્ટક, લોહિત, ભ્રીતકિલ, વેદશ્રવા, દેવરત, પૂર્ણશ્વ, ધનંજય, મિથિલ, શાલંકાયન, (આ બધા કૌશિકો છે.)[૧] ક્ષત્રિયોમાં ત્રણ પ્રમુખ મંત્રદ્રષ્ટા છે.

મનુ વૈવસ્ત, ઈલા અને પુરુરવા વૈશ્યોમાં ભાલંદ, વૈદ્ય અને સાંકૃતિ - આ ત્રણ પ્રમુખ મંત્રદૃષ્ટા થયા છે. આ રીતે બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યોની ૯૧ વ્યકિતઓએ વૈદિક મંત્રોની રચના કરી છે. મંત્ર સર્જનમાં ક્ષત્રિયો અગ્રણી હતા. પ્રસિદ્ધ ગાયત્રીમંત્રના રચયિતા વિશ્વામિત્ર હતા.

૧. આપણે યાદ રાખવું જોઈએ કે પુરુર્વાની માતા ઇલા મનુ વૈવસ્તની પુત્રી હતી અને તેઓ સૂર્યવંશી ક્ષત્રિયો હતા. જેઓ બ્રાહ્મણો સાથે સંઘર્ષમાં ઉતર્યા હતા.

-: નીચેનું વંશાવળી વૃક્ષ જુઓ:-

સોમ = તારા

/

બુધ = ઇલા

/

પુરુરવા = ઉર્વશી

/

અયુષ ____ નહુષ

બ્રાહ્મણોની માંગણીઓથી વિધ્યાધ્યન અને શૂરવીરતા ગૌરવ પ્રાપ્ત કરનારા ક્ષત્રિયોને ભીષણ આઘાત લાગતો હતો અને એટલે બ્રાહ્મણોના પડકારને અસ્વીકાર કરવો એ ક્ષત્રિયો માટે અસંભવ બાબત હતી. પણ એમણે આ પડકારનો ઉત્તર દમનથી આપ્યો. એમણે બ્રાહ્મણોનું સર્વ રીતે દમન કર્યું. વેણએ તો અન્ય દેવતાઓને બદલે એની જ પૂજા કરવાનો આદેશ આપ્યો. પુરુરવાએ એમની ધનસંપત્તિ લૂંટી. નહુષે બ્રાહ્મણોને રથમાં જોતરીને નગરમાં ફેરવ્યા. નિમિએ પોતાના પુરોહિતને પોતાની કુળપરંપરા પ્રમાણેના સંસ્કારો કરાવવાથી રોકી દીધો. સુદાસે તો આનાથી પણ આગળ વધીને પોતાના પૂર્વ કુળપુરોહિત વશિષ્ઠના પુત્ર શક્તિને જીવતો જ સળગાવી દીધો. આ જોતાં બ્રાહ્મણો પાસે શૂદ્રોથી બદલો લેવા માટે અન્ય કારણોની જરૂરિયાત જ નહોતી. આનાથી અન્ય મોટા કારણો મળે એવી આશા પણ રાખી શકાય નહીં.

---૩---

બ્રાહ્મણો અને શૂદ્રો વચ્ચે સમાધાનો અને સંધિ કરાવવાના પ્રયાસો થયા

છે એવા કેટલાક પ્રમાણો ઉપલબ્ધ છે.

આ પ્રમાણો અંગે હું મારો મત સ્થાપિત કરું એ પહેલાં મને લાગે છે કે, આ પ્રમાણોની જાણકારી આપી દઉં. સંધિ અંગેની કથા મહાભારત અને પુરાણોમાં જોવા મળે છે. આ ગ્રંથોમાં વિખરાયેલી છે.

પહેલી કથા ભરતવંશની છે. (જેમાં વિશ્વામિત્રનો જન્મ થયો હતો) તથા તૃત્સુ (જે વંશમાં વશિષ્ઠનો જન્મ થયો હતો). ભરતવંશ - તૃત્સુવંશનો શત્રુ હતો. આ વિગત ઋગ્વેદના (૩:૫૩ ૨૪) સૂત્રો દ્વારા સ્પષ્ટ થાય છે.[૧]

હે ઇંદ્ર ! ભારતના પુત્રો વશિષ્ઠોને આવતાં (પ્રગતિ કરતા) રોકે છે." મહાભારતના આદિપર્વમાં સંધિકથા આ પ્રમાણે છે.[૨] અને એના શત્રુઓએ ભરતવંશીઓને માર્યા.

પંચાલય ચર્તુરંગીણી સેનાએ આક્રમણ કરીને એમને પરાજિત કર્યા. રાજા સમવરણ પોતાની પત્નીઓ, પુત્રીઓ, મંત્રીઓ અને મિત્રોની સાથે ભાગી છૂટયો અને તેણે સિંધુના જંગલમાં જઈને આશરો મેળવ્યો. ભરતવંશી એક હજાર વરસ સુધી ત્યાં રહ્યા. વશિષ્ઠ ઋષિનું આગમન થતાં તેમણે એમનું સ્વાગત કર્યું. મહર્ષિએ આસનારૂઢ થતાં રાજાએ વિનમ્ર નિવેદન કર્યું.

"આપ અમારા પુરોહિત બનો. તદુપરાંત અમને અમારા રાજ્યની પુન:પ્રાપ્તિમાં સહાયતા કરો." વશિષ્ઠે આ વિનંતીને અસ્વીકૃત કરી. એવું જાણવા મળે છે કે; સમસ્ત ક્ષત્રિયોને પ્રભુત્વ સોંપી દીધું. એમણે પરિશ્રમના બળથી ભરતવંશીઓનું ખોયેલું રાજ્ય તો પુનઃ મેળવ્યું અને અન્ય તમામ રાજાઓને પણ એમના આધીન કરી દીધા.

બીજી કથા ભૃગુઓ અને ક્ષત્રિય રાજા કૃતવિર્ય વચ્ચે થયેલા વિગ્રહ અને સંધિ અંગેની છે. મહાભારતના આદિપર્વની [૩] કથા અનુસાર :

૧. મ્યોર ગ્રંથ ૧, પૃ. ૩૫૪

૨. એજન પૃ. ૩૬૧

૩. મ્યોર ગ્રંથ ૧, પૃ. ૪૪૮ - ૪૪૯

"કૃતવિર્ય નામનો એક રાજા હતો. ભૃગુએ એમને યજ્ઞ કરાવ્યો અને રાજાએ ગાયો અને ધન આપ્યું. રાજાના મૃત્યુ પછી એમના ઉત્તરાધિકારી ધનવાન ભૃગુએ એ ધન જમીનમાં દાટી દીધું. કેટલાકે બ્રાહ્મણોને આપી દીધું અને કેટલાકે રાજપુત્રોને પરત કર્યું. એક ક્ષત્રિયે એક ભૃગુનું ઘર ખોદીને જમીનમાં દબાયેલું ધન શોધી કાઢ્યું. તમામ ક્ષત્રિયોએ એ ખજાનો જોયો અને ક્રોધમાં આવીને તમામ ભૃગુઓનો વધ કરી નાખ્યો. એમણે ગર્ભસ્થ શિશુઓની પણ દયા ન ખાધી. વિધવાઓ હિમાલય તરફ ભાગી ગઈ. એમાંની એકે પોતાના ગર્ભને છુપાવી રાખ્યો. એક બ્રાહ્મણ માહિતીદાતા તરફથી સમાચાર પ્રાપ્ત કરીને તેઓ તેને મારવા ગયા. પણ ગર્ભસ્થ શિશુના તેજથી આંધળા થઈને જંગલમાં ભટકવા માંડ્યા હારી થાકીને નેત્રોનું તેજ પુનઃ પ્રાપ્ત કરવા શિશુની માતાને એમણે વિનંતી કરી. શિશુની માતાની સલાહથી ક્ષત્રિયોએ નવજાત શિશુ ઔર્વની સ્તુતિ કરીને નયનોની જ્યોતિ મેળવી. ઔર્વ વેદ-વેદાંગમાં પારંગત હતો એવું જણાવવામાં આવ્યું.

ભૃગુઓના વધનો બદલો લેવા માટે ઔર્વે કઠણ તપસ્યા કરવા માંડી. દેવતા, અસુર અને માણસો આ તપસ્યાને કારણે ચિંતિત થઈ ગયા. ઔર્વના પૂર્વજોએ એને આવીને સમજાવ્યું; "તેઓ ક્ષત્રિયો સાથે બદલો લેવા નથી ઇચ્છતા કારણ કે તેઓ જાતે જ વૃધ્ધ થઈ ગયા છે અને હવે મારવા ઈચ્છે છે." આત્મઘાતના અપરાધથી બચવા માટે એમણે જમીનમાં દટાઈને ક્ષત્રિયોને ભડકવ્યા હતા. હે પુત્ર! તુ તારા ક્રોધથી ક્ષત્રિયો અને સાતેય દ્વિપોને નષ્ટ ન કર! ઔર્વે ઉત્તર આપ્યો, "જો મારો ક્રોધ બીજાઓ ઉપર નહી ઉતરે તો એ ક્રોધ મને જ નષ્ટ કરી દેશે." આ સાંભળીને પિતૃઓએ પોતાનો ક્રોધ સમુદ્રના પાણીમાં વહેતો કરવાની સલાહ આપી. સમુદ્રમાં જતા જ ક્રોધ દાવાનળ બની ગયો. જે અગ્નિ ઓકતો હતો અને પાણી પીતો હતો.

ત્રીજી કથા હૈહેય નરેશ કૃતવિર્યના પુત્ર સહસ્ત્રબાહુ અર્જુન અને

બ્રાહ્મણ પરશુરામની છે. આ કથા મહાભારતના વનપર્વમાં નીચે મુજબ છે :

એવું જણાવવામાં આવે છે કે; હૈહેય રાજા કૃતવિર્યના પુત્ર અર્જુનને એક સહસ્ત્ર હાથ હતા. એણે દત્તાત્રેયથી અનિવારણીય ગતિવાળો એક સુવર્ણરથ પ્રાપ્ત કર્યો હતો અને દેવ, યક્ષ, ઋષિ આદિ સૌનું દમન કર્યું. દેવતા અને ઋષિઓ વિષ્ણુની પાસે પાસે ગયા. તેઓ અને ઇંદ્ર અર્જુનથી અપમાનિત થઈ ચૂક્યા હતા. એટલે એમણે એના વધની યોજના બનાવી. કાન્યકુબ્જના રાજા ગાધિની પુત્રી સત્યવતીનો વિવાહ ઋષિ -ઋષિચક્ર સાથે થયો હતો અને જમદગ્નિનો જન્મ થયો. ઋષિના પાંચ પુત્રો હતા જેમાં પરશુરામ સૌથી નાના હતા. પરશુરામે પોતાના પિતાની આજ્ઞાથી પોતાની માતાનો વધ કરી નાખ્યો અને પોતાના પિતા પાસેથી દીર્ઘાયુ અને અજેય થવાનું વરદાન મેળવ્યું. પાછળથી પરશુરામના આગ્રહથી જમદગ્નિએ રેણુકાને જીવિત કરી દીધી.

એક દિવસ સહસ્રબાહુ અર્જુન જમદગ્નિનના આશ્રમમાં આવ્યો. ઋષિપત્નિએ તેનું સ્વાગત કર્યું. આશ્રમ છોડતી વખતે તેણે ફળવાળા વૃક્ષોને પાડી નાખ્યા અને ઋષિની ગાય અને વાછરડાને લઈને ચાલતો થયો. પરશુરામને આથી ઘણો ક્રોધ ચડ્યો. એમણે એના હજાર હાથ કાપી નાખીને એને મારી નાખ્યો. અર્જુનના પુત્રોએ પરશુરામની ઉપસ્થિતિમાં જ જમદગ્નિનો વધ કરી દીધો. પરશુરામનો ક્રોધ ભભૂકી ઉઠ્યો અને એમણે પૃથ્વી પરથી ક્ષત્રિયોનું નામોનિશાન મિટાવી દેવાની પ્રતિજ્ઞા લીધી. તે પોતાના અસ્ત્ર શસ્ત્ર લઈને નિકળી પડ્યા. એમણે અર્જુનના પુત્રો, પૌત્રૌ સહિત સેંકડો હૈહેયોને મારી નાખ્યા. પૃથ્વી રક્તથી લાલ થઈ ગઈ. ક્રુરતાપૂર્વક ક્ષત્રિયચ્છેદથી એમનું મન દુઃખથી ઘેરાઈ ગયું. એટલે મનને શાંત કરવા માટે તે તપસ્યા કરવા વનમાં જતાં રહ્યાં. કેટલાક સહસ્રવર્ષો વીતી ગયા. ત્યારે વિશ્વામિત્રનો પૌત્ર અને રેભ્યુનો પુત્ર પરાવસુએ જનકપુરમાં એક સભા ભરી. એ સભામાં કટાક્ષ કરીને મેણુ માર્યું કે "શું યયાતિની આ સમૃદ્ધ નગરીમાં એકત્રિત પ્રતાર્દન વગેરે પૂણ્યાત્મા ક્ષત્રિયો

નથી? "ક્ષત્રિયોનો ઉચ્છેદ કરવા અંગે આપની પ્રતિજ્ઞાનું શું થયું? આ સભામાં શા માટે ગપ્પા મારી રહ્યાં છો? પોતાની અસફળતા છુપાવવા માટે અને ક્ષત્રિયોના ભયથી આપે પર્વતો અને કંદરાઓમાં શા માટે શરણ લીધી? શું આજે પણ પૃથ્વી ઉપર સેંકડો ક્ષત્રિયોના વંશોથી ભયભીત નથી? આ સાંભળીને પરશુરામે શસ્ત્રો કાઢી લીધા. આ વખતે સેંકડો ક્ષત્રિયો જે પરશુરામના ક્રોધથી બચી ગયા હતા અને શક્તિશાળી રાજાઓ તરીકે ઉપસી રહ્યા હતા એ સૌનૌ સંહાર કરી દીધો એટલે સુધી કે ગર્ભધારી સ્ત્રીઓના ગર્ભ અને ભ્રૂણની પણ હત્યા કરી દીધી.

સંઘર્ષકથા ઉપરાંત મહાભારત રચનાકાર સંધિની કથા આ પ્રકારે વર્ણવે છે.[૧]

"જમદગ્નિ પુત્ર પરશુરામ પૃથ્વી ઉપરથી 21 વખત ક્ષત્રિયોચ્છેદ કર્યા પછી મહન્દ્ર પર્વત પર તપ કરવા માંડ્યા. ક્ષત્રિય વિધવાઓએ સંતતિની કામના થઈ. એટલે તે બ્રાહ્મણો પાસે આવી. નિષ્કામ બ્રાહ્મણોએ તેમની સાથે સંભોગ કર્યો. તેઓ ગર્ભિણી બની અને સમય જતાં એમણે વીરપુત્રો અને વીરપુત્રીઓને જન્મ આપ્યો. એનાથી ક્ષત્રિય વંશવેલો વધ્યો. આ પ્રકારે બ્રાહ્મણ પુરૂષો અને ક્ષત્રિય સ્ત્રીઓના મિશ્રણથી ક્ષત્રિયવંશની વૃદ્ધિ થઈ અને ત્યાર પછી જ બ્રાહ્મણોતર જાતિઓનો ઉદય થયો."

બ્રાહ્મણ ક્ષત્રિય વિગ્રહની અને સંધિની ઉપરોક્ત કથાઓમાં બ્રાહ્મણોના વિશેષાધિકારો વિરુધ્ધ જેમણે યુદ્ધ ઘોષણા કરી હતી એવા ક્ષત્રિય રાજાઓનો ઉલ્લેખ નથી. હવે આપણે એમની [૨] સંધિ અંગેની વાતને જોવાનો પ્રયાસ કરીએ. જેથી વિષયાંતર ન થાય. પહેલું વૃત્તાંત સુદાસના પુત્ર કલ્માષપાદનું છે. એને સુદાસનો પુત્ર કહેવામાં આવ્યો છે. (આ ક્યો સુદાસ છે એના અંગે હું ખાત્રીપૂર્વક કહી શકતો નથી પણ જે વિગતો ઉપલબ્ધ છે એના પરથી કહી શકાય તેમ છે કે તે પૈજવન સુદાસ હોવાની સંભાવના વિશેષ છે) મહાભારતના

૧. મ્યોર ગ્રંથ 1.પૃ ૪૫૧-૪૫૨.

૨. મને ખાત્રી નથી કે પ્રકરણ નવમાં જે ક્ષત્રિય રાજાઓનો ઉલ્લેખ કર્યો છે એ જ આ ઘટનામાં છે. પણ મે એટલા માટે ઉલ્લેખ કર્યો છે તે ઈક્ષ્વાકુ પરિવારના છે.

આદિપર્વમાં આ વૃત્તાંત આ પ્રકારે આવેલું છે. ૧ આ ઘટના અંગે કલ્માષપાદ અને વશિષ્ઠની શત્રુતાનો ઉલ્લેખ પ્રકરણ નવમાં કરવામાં આવ્યો જ છે) અને સંધિ અંગેની વાત જે બાકી રહી હતી તે આ પ્રમાણે છે.

શક્તિની વિધવા પત્ની અદ્રશ્યન્તિએ અનેક પર્વતો અને દેશોનુ ભ્રમણ કરતી કરતી પોતાના સસરા વશિષ્ઠનું અનુસરણ કર્યું. વશિષ્ઠે એના ગર્ભમાંથી વેદોચ્ચાર સાંભળવા મળ્યો.

એટલે તેમણે વંશવૃદ્ધિના વિચારથી પ્રાણનો અંત લાવવાનો વિચાર કર્યો. અદ્રશ્યન્તિના ગર્ભમાંથી પારાશરનો જન્મ થયો. એકવાર રાજા કલ્માષપાદે વનમાં વશિષ્ઠ અને અદશ્યન્તિને ગળી જવાનો અસફળ પ્રયાસ કર્યો જેને વશિષ્ઠે ફૂંફાડો મારીને રોક્યો. મંત્રથી આહુત કરેલા પાણીના છાંટા નાખીને રાજાને બાર વર્ષના શ્રાપમાંથી મુક્ત કર્યો. શ્રાપમુક્ત રાજાએ વશિષ્ઠને પ્રાર્થના કરી કે "હે ઉત્તમ ઋષિ, હું સૌદાસ છું અને આપ મારા પુરોહિત છો. આપની ખુશી માટે હું શું કરી શકું? મને આપની સેવા કરવાનો અવસર આપો."

વશિષ્ઠે જવાબ આપ્યો, "જે કંઈ થયું છે તે દૈવી ઈચ્છાથી થયું છે. એટલે હે રાજન, હવે તું અહીંથી જા અને તારું રાજ્ય સંભાળ. પણ બ્રાહ્મણની નિંદા ન કરતો. રાજાએ વચન આપ્યું, "હું કોઈ પણ રીતે બ્રાહ્મણોને હીન સમજીશ નહીં. હું આપનો આદેશ માથે ચઢાવું છું અને હવે તમામ પ્રકારે બ્રાહ્મણોને સન્માનિત કરીશ.આપ સંતતિ લાભ પ્રાપ્ત કરવાની મારી ઈચ્છા પૂર્ણ કરો જેથી હું ઈક્ષ્વાકુવંશના ઋણથી મુક્તિ પામીને ઋણમુક્ત બની શકું.

વશિષ્ઠનો અનુરોધ માની લેવાને કારણે રાજા અયોધ્યામાં પાછો ફર્યો. બાર વર્ષ પછી વશિષ્ઠના સહવાસથી સામ્રાજ્ઞી દમયંતિએ ગર્ભ ધારણ કર્યો અને એક પુત્રને જન્મ આપ્યો. મહાભારતના અનુશાસનપર્વમાં દમયંતિને મિત્રસાહની પત્ની બતાવવામાં આવી છે. મિત્રસાહ કલ્માષપાદનું બીજુ નામ હતુ.

૧. મ્યોર ગ્રંથ 1.પૃ.૪૧૫-૪૧૮.

હવે મહાભારતના અનુશાસનપર્વનું ૧ બીજુ દ્રષ્ટાંત જોઈએ.

એકવાર કુશળવક્તા ઈક્ષ્વાકુવંશીય રાજા સુદાસે પોતાના કુળ પુરોહિત, અવિનાશી સંત, ઉત્તમ ઋષિ અને સંપૂર્ણ સંસારને ધ્રુજાવી મૂકે એવા સમર્થ, દેવીજ્ઞાનના ભંડાર વશિષ્ઠને સાદર વંદન કરીને કહ્યું, "હે! પરમ આદરણીય નિર્દોષ ઋષિ ત્રણેય લોકોમાં એવી પવિત્ર વસ્તુ કઈ છે, જેના નિરંતર પૂજનથી સર્વોત્તમ ગુણોની પ્રાપ્તિ થાય છે. "વશિષ્ઠે ઉત્તર આપીને ગુણો અને એની ઉપલબ્ધિનું વિસ્તારપૂર્વક વર્ણન કરીને ગાયની મહત્તા બતાવી. એ જિતેન્દ્રીય નરેશે ઋષિના ઉપદેશથી પ્રભાવિત થઈને ગાયોના રૂપમાં બ્રાહ્મણોને યથેષ્ટ ધન આપ્યું એનાથી એને ઋષિના રૂપમાં ખ્યાતિ પ્રાપ્ત થઈ.

સુદાસના વંશજો સાથે સંબંધ ધરાવતી સંધિની કથા મહાભારતમાં શાંતિપર્વમાં ૨ પણ છે.

"કશ્યપે પૃથ્વી પર વિજય મેળવીને બ્રાહ્મણોને વસાવ્યા અને પોતે વનમાં ચાલ્યા ગયા. શૂદ્રો અને વૈશ્યો બ્રાહ્મણસ્ત્રીઓને સતાવવા માંડ્યા. બળવાનો નિર્બળને હેરાન કરવા માંડ્યા. સંપત્તિ ઉપર કોઈનો અધિકાર ન રહ્યો. ક્ષત્રિયોથી અરક્ષિત પૃથ્વી પાતાળમાં જવાં માંડી. કશ્યપે એને પોતાના પેટ ઉપર ધારણ કરી. એટલે પૃથ્વી ઉર્વી કહેવાઈ. ત્યારે પૃથ્વીએ પોતાના રક્ષણ માટે એક રાજાની યાચના કરી. "મેં હૈહેય વંશની વિધવાઓથી ઉત્પન્ન અનેક ક્ષત્રિયોને બચાવી રાખ્યા છે. એમા રિક્ષવટ પર્વતના રિંછો દ્વારા પાળવામાં આવેલા પુરુવંશી વિદ્રથનો પુત્ર પણ છે. મારી ઈચ્છા એવી છે કે તે જ મારો રક્ષક બને. આ રીતે ગૌરવશાળી ઋષિ પારાશરે સુદાસના વંશજ સર્વકર્મણની રક્ષા કરી છે. અન્ય રાજાઓના વંશજો ધોકાર અને સ્વર્ણકારોના રૂપમાં દેશના વિભિન્ન ભાગોમાં સુરક્ષિત છે.એમના પિતામહ તથા પિતા મારા નિમિત્તે પરાક્રમી પરશુરામ દ્વારા મારી નાખવામાં આવ્યા હતા. એટલે હું એમનું રક્ષણ કરવાની જવાબદારી ઊઠાવી બદલો ચૂકવી આપવા માગું છું. હું મારું રક્ષણ

૧.મ્યોર ગ્રંથ ૧.પૃ .૪૧૮-૪૨૩ અને ૫૧૪

૨. મ્યોર ગ્રંથ ૧.પૃ.૮૭૪

કરવા માટે કોઈ અસાધારણ મહાપુરુષને નથી ઈચ્છતી. મારી તૃષ્ટિ તો કોઈ સાધારણ શાસક દ્વારા પણ થઈ જશે. એટલે આપ શીઘ્રતાથી આ અભાવની પૂર્તિ કરો. "

કશ્યપે પૃથ્વી દ્વારા બનાવેલા ક્ષત્રિયોને બોલાવીને એમને રાજાઓના રૂપમાં પ્રતિષ્ઠિત કરી દીધા.

આ પ્રમાણોને કોઈ વિશ્વાસનિય માની શકે? મારો અભિપ્રાય તો એવો છે કે આવા પ્રમાણોને માનવાની વાત તો દૂર રહી ખરેખર તો આવા પ્રમાણોથી દૂર રહેવું જોઈએ. કારણ કે;

(૧)આ તમામ સંધિ કથાઓનો અંત તો એવી શાંતિમાં આવે છે જેમાં ક્ષત્રિયો પ્રત્યે અનાદર નિહિત હોય! પ્રત્યેક કથાઓમાં ક્ષત્રિયો નમી પડ્યા હોય એવી જ રજુઆત કરવામાં આવી છે. ભારતવંશીઓ તૃત્સુવંશીઓના શત્રુઓ છે. એમના રાજ્યમાં દુષ્કાળ પડે છે. તેઓ દેશ છોડીને જતા રહે છે એટલે એમનું રાજ્ય છીનવી લેવામાં આવે છે. તેઓ પોતાના પુરાતન શત્રુ વશિષ્ઠની પાસે જઈને આજીજી કરી એમને દુષ્કાળ માંથી બચાવી લેવા અને એમના પુરોહિત બનવા આગ્રહ કરે છે.

ભૃગુ અને ક્ષત્રિયોની કથામાં સઘળું શ્રેય બ્રાહ્મણોને જ આપવામાં આવ્યું છે. હૈહેય ક્ષત્રિયો અને સૌદાસ કલ્માષપાદના વૃત્તાંતોમાં એવું બતાવવામાં આવ્યું છે કે; ક્ષત્રિયોએ વિજેતા બ્રાહ્મણોને પોતાની સ્ત્રીઓ સોંપીને સંધિ કરી હતી. આ બધી કથાઓ બ્રાહ્મણોની પ્રશંસા કરવા અને ક્ષત્રિયોને લજ્જિત કરવા માટે જ બનાવટી રીતે તૈયાર કરવામાં આવી છે.

આવી ગંદી નિંદાજનક અને કઢંગી કથાઓને ઐતિહાસિક સત્ય તરીકે સ્વીકારી જ શકાય નહીં. આવું તો માત્ર બ્રાહ્મણવાદના અંધ સમર્થકો જ કરી શકે.

(૨) જ્યાં સુધી બ્રાહ્મણો અને સુદાસના વંશજ શૂદ્રો વચ્ચેના સંઘર્ષને સંબંધ છે, એના પર્યાપ્ત પ્રમાણમાં પ્રમાણો મળી રહે છે કે એમની વચ્ચે સંધિ થઈ જ નથી. વશિષ્ઠના પૌત્ર અને શક્તિના પુત્ર પારાશરને જ્યારે ખબર પડી કે સુદાસે એના પિતાને જીવતો સળગાવ્યો હતો ત્યારે એણે શૂદ્રોનો સામુહિક સંહાર કરવાની પ્રતિજ્ઞા લીધી. એવી જ એક પ્રતિજ્ઞા વશિષ્ઠે સુદાસના વંશજો પ્રત્યે કરી હતી. મહાભારતમાં નિઃસંદેહ એવું બતાવવામાં આવ્યું છે કે; વશિષ્ઠે પારાશરને બદલો ન લેવા માટે સમજાવ્યો હતો અને આ સંબંધે એમણે ભૃગુઓ અને ક્ષત્રિયો વચ્ચેના સંઘર્ષનો હવાલો આપીને એવું કહ્યું હતું કે ભૃગુઓએ હિંસાનો માર્ગ અપનાવ્યો નહી અને છતાંય ક્ષત્રિયો પર વિજય મેળવ્યો હતો. આ વૃત્તાંત પણ ઘડી કાઢેલું છે કારણ કે એમા બ્રાહ્મણોની શ્રેષ્ઠતાને સિદ્ધ કરવાનો જ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

બ્રાહ્મણો અને શૂદ્રો વચ્ચે સંધિ ન થવાનું સબળ પ્રમાણ બ્રાહ્મણો દ્વારા શૂદ્રો વિરુધ્ધ જારી કરવામાં આવેલા કાનૂનો છે. એમની વૃદ્ધિ, ઉત્પત્તિ અને અસાધારણતાનું વર્ણન પહેલાં કરવામાં આવ્યું જ છે. આ કાળા કાનૂનોની પૃષ્ઠભૂમિમાં સમજૂતિ કે સંધિનો પ્રસ્તાવ જાતે જ અમાન્ય સિદ્ધ થઈ જાય છે. બ્રાહ્મણોએ કેવળ શૂદ્રોથી જ બદલો નથી લીધો પણ એમણે તો નિર્દયતાપૂર્વક અને કઠોરતાથી આ કાનૂનોના માધ્યમથી શૂદ્રોની સંતાનોને પણ સદાસર્વદા માટે કચડી નાખ્યા. એટલે ચાંડાલો અને નિષાદો અંગે જાણકારી મેળવી લેવી જરૂરી છે. જેથી એનો અંદાજ આવી જાય.

ચાંડાલ અને નિષાદ મિશ્રિત (આંતરજાતિય) વિવાહથી ઉત્પન્ન થયેલ વર્ણસંકર પ્રજા છે.

નિષાદ અનુલોમ છે અને ચાંડાલ પ્રતિલોમ છે. અનુલોમ ઉપનયન સંસ્કારનો અધિકાર ધરાવે છે. પણ બ્રાહ્મણ પિતા અને શૂદ્ર માતાની સંતાન નિષાદ -અનુલોમ#૧ પ્રજા હોવા છતાંય ઉપનયન સંસ્કારનો અધિકાર ધરાવતી

નથી. એવું નક્કી કરવામાં આવ્યું છે. આવુ કેમ થયું? એનો એકમાત્ર ઉત્તર એટલો જ છે કે.' બ્રાહ્મણોને પોતાના શત્રુ (શૂદ્ર સ્ત્રી)ના બાળકો સાથે બદલાની ભાવનાથી કરવામાં આવેલું કૃત્ય છે.

હવે પ્રતિલોમ અંગે વાત કરીએ. ગૌતમ ધર્મસૂત્ર અનુસાર પ્રતિલોમ છ પ્રકારના છે.[૧]

માતા	પિતા	સંતાનોનું નામ
શૂદ્ર	બ્રાહ્મણ	ચાંડાલ
શૂદ્ર	ક્ષત્રિય	ક્ષત્તા
શૂદ્ર	વૈશ્ય	આયોગવ
વૈશ્ય	બ્રાહ્મણ	સુત

૧.નીચેના કોઠા પ્રમાણે છ પ્રકારના અનુલોમ છે. (મનુસ્મૃતિ અનુસાર)

પિતા	માતા	સંતાનોનું નામ
બ્રાહ્મણ	ક્ષત્રિય	મુર્દાવસિન
બ્રાહ્મણ	વૈશ્ય	અંબષ્ટ
બ્રાહ્મણ	શૂદ્ર	નિષાદ
ક્ષત્રિય	વૈશ્ય	માહિષ્ય
ક્ષત્રિય	શૂદ્ર	ઉર્ગ
વૈશ્ય	શૂદ્ર	કરણ
વૈશ્ય	ક્ષત્રિય	વૈદેહિક
ક્ષત્રિય	બ્રાહ્મણ	માગધ

જો કે મનુએ પ્રતિલોમને નીચ ગણ્યા છતાં પણ પ્રતિલોમ કલંકિત નથી. આયોગવ અને ક્ષત્રિયને અધિકારો અને સુવિધાઓ માટે વિશેષ છૂટ આપી છે. પરંતુ 'ચાંડાલ' ને માટે તો 'દંડ વિધાન'ની વ્યવસ્થા કરી છે. આ અંગે મનુસ્મૃતિમાં કહ્યું છે કે :

મનુસ્મૃતિ (૧૦:૪૮) આયોગાવનો ધંધો સુથારનો હશે!

મનુસ્મૃતિ (૧૦:૪૯)ક્ષત્તાની જીવિકા ગુફાઓમાં રહેતાં જાનવરોને પકડીને એમને મારીને મેળવવાની રહેશે.

એમને માટે નિમ્ન પ્રકારના વ્યવસાયો સૂચવ્યાં છે. મનુસ્મૃતિએ ચાંડાલો માટે શું સૂચવ્યું છે તે જોઈએ.

"બ્રાહ્મણ ભોજન કરતી વખતે ચાંડાલ ,સુવર, કાગડો, કૂતરો, કે રજસ્વલા સ્ત્રી કે નપુસંકને ન જુએ." (૩:૨૩૯)

"કોઈ વ્યક્તિ પતિત, ચાંડાલ, પુલ્કસ, મૂઢ, ઘમંડી, નીચ અને અંત્યાવાસિનોની સાથે ન રહે" (૪:૭૯)

"ચાંડાલ, રજસ્વલા સ્ત્રી, પતિત, શવ, અથવા એનો સ્પર્શ કરનાર વ્યક્તિને સ્પર્શ કર્યા પછી સ્નાન કરવાથી શુદ્ધિ થાય છે" (૫:૮૫)

"કૂતરાં દ્વારા મારવામાં આવેલા જંગલી પશુ તથા ચાંડાલ અથવા દસ્યુ દ્વારા કરવામાં આવેલ કોઈ માંસાહારી પશુના શિકારનું માંસ અપવિત્ર હોય છે." (૫:૧૩૧)

"એક વર્ષમાં બે વાર અપરાધ કરવાનો દંડ બમણો થશે. વ્રાત્ય અથવા ચાંડાલ સ્ત્રી સાથે સંભોગ કરવાનો દંડ આ જ ગણાશે" (૮:૩૭૩)

"ચાંડાલ અને શ્વપચ ગામની બહાર રહે. કૂતરાં અને ગધેડા જ એમની સંપત્તિ માત્ર રહે." (૧૦:૫૧)

"સારા અને નરસાનું જ્ઞાન હોવા છતાંય ભૂખથી વ્યાકુળ વિશ્વામિત્રે ચાંડાલ દ્વારા આપેલું કૂતરાંનું માંસ ખાધું." (૧૦:૧૦:૮)

"બ્રાહ્મણ ક્યારેય પણ યજ્ઞ કાર્ય માટે શૂદ્રના ધનથી યજ્ઞ કરનાર મૃત્યુ પછી ચાંડાલને ઘરે જન્મ લે છે." (૧૧:૨૪)

"જો કોઈ બ્રાહ્મણ અજાણતાં ચાંડાલ અથવા નીચ જાતિની સ્ત્રી સાથે શારીરિક રીતે સંભોગ કરે અથવા એનું ભોજન ગ્રહણ કરે અથવા એની પાસેથી ઉપહાર (દક્ષિણા)નો સ્વીકાર કરે તો તે પતિત થઈ જાય છે અને જાણી જોઈને આવુ કરે તો તે સદર જાતિનો બની જાય છે." (૧૧:૧:૭૫)

"બ્રાહ્મણનો વધ કરનાર કૂતરાં, સુવ્વર, ગધેડો, ઊંટ, ગાય, બકરું, ઘેટું, મૃગ, ચાંડાલ, અને પુક્કસની યોનિમાં જન્મે છે." (૧૨:૫૫)

આયોગવ, ચાંડાલ અને ક્ષત્તા તમામ પ્રતિલોમ છે. તો પછી માત્ર ચાંડાલને જ અપ્રતિષ્ઠિત કે કલંકિત શા માટે ગણાવવામાં આવ્યો છે? માત્ર એટલા માટે જ કે તે બ્રાહ્મણ દ્વારા શૂદ્ર સ્ત્રીની સંતતિ છે. વાસ્તવમાં બદલો લેવાની ભાવનાથી કરવામાં આવેલું આ બ્રાહ્મણ કૃત્ય છે.

આ ઉપરથી સંદેહ વગર એ બાબત સાબિત થઈ જાય છે કે; બ્રાહ્મણો અને શૂદ્રોમાં ક્યારેય સંધિ થઈ નથી.

---4---

હવે અંતિમ પ્રશ્ન એ છે કે "શૂદ્રોએ આ અધઃપતન કેવી રીતે સહન કરી લીધું?" આ પ્રશ્ન પાછળ સંભવતઃ એનો મત એવો રહ્યો છે કે પ્રાચીન આર્યોમાં શૂદ્રોની સંખ્યા વિશાળ હતી. એટલે વિશાળ જનસંખ્યાવાળા શૂદ્રો અલ્પસંખ્યક બ્રાહ્મણો દ્વારા ઉપનયન વિધિ બંધ કરી દેવાનું સહન કરી લે. એ વાત જ ભલે આશ્ચર્યજનક ન હોય પણ વિચિત્ર તો અવશ્ય છે જ. આ મત સંભવતઃ હિંદુઓમાં શૂદ્રોની સંખ્યા પર દ્રષ્ટિપાત કરીને કરવામાં આવ્યો છે.

પણ આ અભિપ્રાય નિરાધાર છે.

હિંદુ સમાજના શૂદ્રો પ્રાચીન આર્યોના શૂદ્રોના વંશજો નથી.

ભારતીય આર્યોના સમાજના શૂદ્રો અને આધુનિક હિંદુ સમાજના શૂદ્રો વચ્ચેનો અર્થભેદ ન સમજી શકવાને કારણ જ આ ભ્રમ ઊભો થયો છે. આર્યોના સમાજમાં શૂદ્રો તે એક જાતિ (વંશ કે કુળ) વિશેષનું નામ હતું.

પરંતુ હિંદુ સમાજમાં 'શૂદ્ર' શબ્દ સ્વાભાવિક નામ નથી. હકીકતમાં તો 'શૂદ્ર' શબ્દ નીચ અથવા તો અસભ્ય માનવ વર્ગ માટે પ્રયોજવામાં આવેલી ગુણવાચક સંજ્ઞા હતી. આ માનવવર્ગની સામાન્યતયા અનેક જાતિઓ, કુળો, વંશો, અને કબીલાઓનો સમૂહમાત્ર છે. જેમના રહેણીકરણી, ખાનપાન, રીતરિવાજ વગેરેમાં વિવિધતા અને ભિન્નતા જોવા મળે છે. બસ સામ્ય હોય તો એટલું જ છે કે. તેઓ બધા હિંદુઓ છે અને હિંદુધર્મની ધરાતલ ઉપર સૌથી નીચેની શ્રેણીમાં છે. એમને શૂદ્ર કહેવા તે તો અનુચિત છે. બ્રાહ્મણોને ક્લેશ પહોંચાડનાર આર્યોના શૂદ્રો સાથે એમને કોઈ જ પ્રકારનો સંબંધ નથી. દુઃખની બાબત એ છે કે; આધુનિક યુગના નિર્દોષ અને સામાજિક સ્તરે પછાત ગણાતાં મૂળ આર્યોની સાથે એમનો સંબંધ જોડીને અકારણ જ એમને દંડનીય બનાવીને -મજબુર બનાવી દીધા છે.

સૂત્રકારો બંને પ્રકારના શૂદ્રોની વચ્ચેનું અંતર ભલીપેર(સારી રીતે) જાણતા હતા. જો આમ ન હોત તો તેઓ 'સચ્છૂદ્ર' (sacchudra) અને 'અસચ્છૂદ્ર' (asacchudra) તથા 'અનિર્વાસિત' (Anivarsita shudra) અને 'નિર્વાસિત' શૂદ્રોમાં ભેદ કરત નહીં. 'સચ્છુદ્ર'નો અર્થ થાય છે સભ્ય શૂદ્ર અને 'અસચ્છુદ્ર' નો અર્થ થાય છે અસભ્ય શૂદ્ર.

'નિર્વાસિત' શૂદ્રનો અર્થ થાય છે ગામ વચ્ચે રહેનાર શૂદ્ર અને 'અનિર્વાસિત' શૂદ્રનો અર્થ થાય છે સમાજથી દૂર રહેનારો શૂદ્ર.

શ્રીમાન કાણે કૃત ધર્મશાસ્ત્ર ખંડ બીજો (૧) પૃ.૧૨૩ અનુસાર આ નામો શૂદ્રોના સ્તરમાં થઈ રહેતાં સુધારાને નજરમાં રાખીને આપવામાં આવ્યા હતા. આ મત સાચો નથી. વાસ્તવિકતા તો એ છે કે, 'સચ્છુદ્ર' અને 'નિર્વાસિતશૂદ્ર' આર્ય શૂદ્ર છે. જ્યારે 'અસચ્છુદ્ર' અને 'અનિર્વાસિશૂદ્ર' હિંદુ શૂદ્ર છે.

આપણે જેના અંગે વિચાર કરીએ છીએ તે આર્યશૂદ્રો છે. જેનો હિંદુ સમાજના શૂદ્રો સાથે કોઈ સંબંધ નથી. એટલે એવું માનવામાં આવે કે અત્યારે શૂદ્રોની સંખ્યા વિશાળ છે તેથી આર્યોના સમાજમાં પણ શૂદ્રોની જનસંખ્યા વિશાળ હતી. એવું માનવું એ તર્ક-તથ્ય જનિત ન હોવાને લીધે આપણી ચર્ચાવિચારણાનો આધાર બની શકે તેમ નથી.

આપણે આર્ય શૂદ્રોની સંખ્યા અંગે ઠીક રીતે કંઈ કહી શકીએ એવી સ્થિતિમાં નથી. આપણે એ પણ ઉચિત રીતે જાણતાં નથી કે; આર્ય શૂદ્રો જાતિ, કુળ કે પરિવારોનો સમૂહ હતો. જો આપણે એમને એક જાતિ માની લઈએ તો પણ એમની સંખ્યા થોડાક હજારથી વિશેષ હશે નહીં. ઋગ્વેદ (૭:૩૩:૬)માં ભરતવંશની સંખ્યા સ્પષ્ટરૂપે અલ્પ બતાવી છે. શથપથ બ્રાહ્મણમાં પાંચાલ નરેશ રાજા સોન છત્રશાહના અશ્વમેધ યજ્ઞનું વર્ણન કર્યું છે જેમાં એવું કહેવામાં આવ્યું છે કે "જ્યારે સત્રશાહે અશ્વમેધ યજ્ઞ કર્યો ત્યારે છસો ત્રીસ કવચધારી તુર્બસ એના વિરોધમાં ઉભા થઈ ગયા.[૧] (ઓલ્ડનબર્ગ)

શૂદ્રોએ પોતાના દુઃખનું નિવારણ કરવા માટે શું કર્યું? કેટલાક બ્રાહ્મણોએ એમને ઉપનયન સંસ્કાર વિધિ કરી આપવાનું બંધ કર્યું કારણ કે એમણે બ્રાહ્મણોને દુઃખ આપ્યું હતું પણ એ સિવાયના બ્રાહ્મણો પણ હતા જેમની પાસેથી ઉપનયન સંસ્કાર શૂદ્રો કરાવી શક્યા હોત! આપણને એ વાતની ખબર નથી કે શૂદ્રોને ઉપનયન નહીં આપવાના નિર્ણય અંગે બ્રાહ્મણોએ એક મોરચો બનાવી લીધો હતો.આપણે એ પણ જાણતા નથી કે, જો આવું

૧. Quoted by Oldenburg life of Buddha .P. -404- ઓલ્ડનબર્ગ દ્વારા ટાંકવામાં આવ્યું છે. લાઈફ ઓફ બુદ્ધ.

હોત તો એવો મોરચો તોડી શકાય તેમ હતું કે નહીં? પણ એક વાત તો સ્પષ્ટ જ છે કે ઋગ્વૈદિક કાળમાં બ્રાહ્મણોનો એક વર્ગ કે એક જાતિ બની[૧] ગઈ હતી. અને એમનામાં જાતિયતાની ભાવના પેદા થઈ ચૂકી હતી. આવી સ્થિતિમાં બ્રાહ્મણોના ષડયંત્રને કચડી નાખવુ એ કદાચ શૂદ્રો માટે દુષ્કર કાર્ય બની ગયું હતું. બીજી બાબત એ છે કે; ઉપનયન કરવાનો અધિકાર કુળપુરોહિતનો બની ગયો હતો. આ વાત રાજા નીમી [૨] ની કથાથી સ્પષ્ટ થાય છે. આ બાબતમાં જો તથ્ય હોય તો એનો અર્થ એટલો જ થાય છે કે પ્રત્યક્ષતઃ શૂદ્રો-પોતાની વિરુદ્ધ બ્રાહ્મણોએ રચેલા સંયુક્ત મોરચાને છેદી નાખવા માટે અસમર્થ હતા.

બીજી સંભાવના એ છે કે; તમામ ક્ષત્રિયોએ એકઠા થઇને એક સંયુક્ત મોરચો આ ષડયંત્ર વિરુધ્ધ શા માટે બનાવ્યો નહીં? જેથી બ્રાહ્મણોનો પ્રભાવ - પ્રભાવહીન બની જાય. આ પ્રશ્ન તો કેવળ અનુમાનનો વિષય છે. કારણ કે ઉપનયન સંસ્કાર બંધીથી ભવિષ્યમાં કેવી સ્થિતિ પેદા થશે એનો અંદાજ તત્કાલીન આર્ય શૂદ્રો મેળવી જ શક્યા નહોતા. શૂદ્રના જીવનસ્તર પર આનો શું પ્રભાવ પડશે એની કલ્પના જ શૂદ્રોને આવી નહોતી. બીજી બાબત એ છે કે; ક્ષત્રિયો સંગઠિત નહોતા. દાસરાજ્ઞ યુદ્ધથી આ વાતને સમર્થન મળે છે કે શૂદ્ર ક્ષત્રિયો અને અશૂદ્ર ક્ષત્રિયો વચ્ચે પ્રેમ કે સૌજન્ય નામની કોઈ ચીજ બચી જ નહોતી.

એટલે આ અંગે કોઈ પણ પ્રકારનું આશ્ચર્ય છે જ નહીં કે શૂદ્રોએ પરિસ્થિતિઓ સાથે સમજૂતી કરી લીધી હોય અને બ્રાહ્મણોની એ વાતને સ્વીકારી લીધી હોય કે તેઓ ઉપનયનના અધિકારી નથી.

૧. કાણે ગ્રંથ ૨ (૧) પૃ. ૨૯

૨. સુપ્રા.પૃ.૧૭૫.

પ્રકરણ-૧૨

સિધ્ધાંતનું પરિક્ષણ

આ નિબંધનો ઉદ્દેશ્ય શૂદ્રોની ઉત્પત્તિનો સ્ત્રોત શોધવાનો તથા એના પતન અંગેના કારણોની તપાસ કરવાનો છે. ઐતિહાસિક સામગ્રી તથા પ્રાચીન તેમજ અર્વાચીન વિદ્વાનો અને સંશોધનકર્તાઓએ જે સિધ્ધાંતો (Theories) પ્રતિપાદિત કરી છે એ સૌ કરતાં જુદો જ સિધ્ધાંત સ્થાપિત કરવાનો મેં પ્રયાસ કર્યો છે.

મારો મત પાછલાં પ્રકરણોમાં વિષયની ગંભીરતા અને એનું મહત્વ સમજીને અલગ અલગ અધ્યાયોમાં સ્પષ્ટતા સાથે મેં રજૂ કર્યો છે. હવે એ સમય પાકી ગયો છે કે, 'આ વિવિધ ભાગોના તારણોને એક સાથે રજૂ કરીને શોધ અંગે પૂર્ણ અને પરિપક્વ સિધ્ધાંતની માંડણી સંક્ષેપમાં કરી લઈએ. આ ટુંકસાર નીચે મુજબ મૂકી શકાય.

(1) શૂદ્રો - સૂર્યવંશી આર્ય જાતિઓમાંનું એક કુળ કે વંશના લોકો હતા.

(2) ભારતીય આર્યોના સમાજમાં શૂદ્રનું સ્તર ક્ષત્રિય વર્ણનું હતું.

(3) એક સમયે આર્યોના સમાજમાં માત્ર ત્રણ જ વર્ણો હતા. બ્રાહ્મણ,ક્ષત્રિય અને વૈશ્ય.શૂદ્ર અલગ વર્ણ નહોતો પણ ક્ષત્રિયવર્ણનું જ એક અંગ હતું.

(4) શૂદ્ર રાજાઓ અને બ્રાહ્મણો વચ્ચે સતત સંઘર્ષ ચાલતો રહેતો હતો. જેમાં બ્રાહ્મણોને અત્યાચાર, ઉત્પીડન અને અપમાન સહન કરવા પડતા.

(5) શૂદ્રોના ત્રાસ અને અત્યાચારથી ત્રાસેલા બ્રાહ્મણોએ દ્વેષ અને ઈર્ષાવશ એમની ઉપનયન સંસ્કારવિધી બંધ કરી દીધી.

(6) ઉપનયન (યજ્ઞોપવિત) ની બંધીને કારણે શૂદ્રોનું સામાજિક પતન થયું. અને એમનું સ્તર વૈશ્યો કરતાં પણ નિમ્ન કક્ષાનું થયું. એનુ પરિણામ એ આવ્યું કે, તેઓ સમાજના ચોથા વર્ણમાં સ્થાન પામ્યા. એમનો ચોથો વર્ણ બન્યો.

હવે મેં સિધ્ધાંત પ્રતિપાદિત કર્યો છે એની યથાર્થતાનું મૂલ્યાંકન કરવાનું બાકી રહે છે.

સામાન્ય રીતે લેખક આ બાબત અન્ય લોકો માટે છોડી દે છે. જેથી વિદ્વાનો અને પાઠકો નિર્ણય કરે. હું આ પરંપરાગત ચીલાથી અલગ હટીને મારા સિધ્ધાંતનું પરિક્ષણ કરવાનું ઉચિત માનું છું. હું આવો ચીલો ચાતરવાનું કામ એટલા માટે કરું છું કે એના દ્વારા મારા સિધ્ધાંતનું પ્રતિષ્ઠાપન કરવાનો પૂર્ણ અવસર મને પ્રાપ્ત થશે.

--- ૨ ---

હું જાણું છું કે, મારા સમીક્ષકો એવો તર્ક જરૂર કરશે કે;

(1) મારો સિધ્ધાંત મહાભારતના એકમાત્ર પ્રસંગ પર આધારિત છે જેમાં પૈજવનને શૂદ્ર કહેવામાં આવે છે.

(2) 'પૈજવન' અને 'સુદાસ' એક જ વ્યક્તિ હતી એ વાત શંકાથી પર નથી.

(3) પૈજવનનું શૂદ્ર તરીકેનું વર્ણન મહાભારતમાં માત્ર એક જ સ્થળે આવેલું છે. એ સિવાય અન્ય કોઇ સ્થળે એનો ઉલ્લેખ મળતો નથી. એટલે આવા દુર્બળ આધાર પર સ્થાપિત સિધ્ધાંત મતનો સ્વીકાર કેવી રીતે કરી શકાય? સમીક્ષકો જરૂર કહેવાના કે સિધ્ધાંતને સાબિત કરવા માટેની સાંકળ સશક્ત નથી અને એની સૌથી મહત્વની કડી જ દુર્બળ છે. પણ મને લાગે છે કે મારા સિધ્ધાંતનો આટલી સરળતાથી અને સહજતાથી છેદ ઉડાડી શકાય તેમ નથી.

"એકમાત્ર પ્રમાણ કે સાક્ષીને આધારે કોઈ સિદ્ધાંત સ્થાપિત કરી શકાય નહીં." એવી દલીલ સાથે હું સંમત થઈ શકતો નથી. પ્રમાણના કાનૂનનો અટલ સિધ્ધાંત છે કે સાક્ષીનું મૂલ્ય જોવું જોઈએ, સંખ્યા નહીં. સાક્ષીઓ કે પ્રમાણોની બહૂલતા એટલી અગત્યતા ધરાવતી નથી જેટલી વ્યક્તિગત પુરાવાનું મહત્વ છે. વળી મહાભારતના રચનાકારની પાસે એવું કોઈ સ્પષ્ટ કારણ કે હેતુ લાગતો નથી. જેને કારણે તે અસત્ય વર્ણન કરે. કૃતિ રચનાથી માંડીને આજ સુધી એના રચનાકાર ઉપર પક્ષપાત વગેરે જેવું લાંછન પણ લાગેલું નથી. એટલે "પૈજવન શૂદ્ર હતો" એ કથામાં શંકા લાગવા માટેનું કોઈ કારણ નથી.

રચનાકાર પરંપરાગત સત્યને અંકિત કરી રહ્યો હતો એ વાત નિર્વિવાદ રીતે નિર્ણિત થઈ શકેલ છે.

એમ કહેવું કે ઋગ્વેદમાં પૈજવનને શૂદ્ર તરીકે ગણાવ્યો નથી એટલે મહાભારતનું વિધાન વિરોધી બની જાય છે. એવું પણ નથી ઋગ્વેદમાં પૈજવનના વર્ણન અંગેના વિવરણમાં 'શૂદ્ર' શબ્દ પ્રત્યેની બેદરકારીના અનેક દ્રષ્ટાંતો આપી શકાય તેમ છે. પહેલી વાત તો તે છે કે ઋગ્વેદ એક ધાર્મિક ગ્રંથ છે એટલે એમાં શૂદ્રના વર્ણનની અપેક્ષા રાખી શકાય નહીં અને એવી અપેક્ષા રાખવી એ પણ અપ્રાસંગિક છે. મહાભારત એક ઐતિહાસિક કૃતિ છે એટલે એમાં સ્પષ્ટતા કરવી જરૂરી છે કે પૈજવન ક્યા કુળનો હતો.

અને સુદાસ માટે શૂદ્ર શબ્દનો પ્રયોગ થયો છે તે તર્કને લાગે વળગે છે ત્યાં સુધી હું એને અનાવશ્યક ગણુ છું. કુળ, ગોત્ર, જાતિ વગેરેના વર્ણનો તો વાસ્તવમાં વ્યક્તિત્વને નિશ્ચિત કરવાના ધ્યેયથી કરવામાં આવે છે. પ્રસિદ્ધ પુરૂષો માટે આવી વિગતો આવશ્યક જ નથી અને સુદાસ એના જમાનાનો પ્રખ્યાત પુરુષ હતો એ વાત તો નિર્વિવાદ છે એટલે વ્યક્તિત્વ નિર્ધારણ માટે એને શૂદ્ર કહેવો આવશ્યક છે એવું કહેવું ઉચિત નથી. આ માત્ર કલ્પના નથી. આ અંગે અનેક સાહિત્યિક ઉદાહરણો આપી શકાય તેમ છે. એક ઉદાહરણ

જોઈએ. બુદ્ધના સમયમાં બિંબિસાર અને પ્રસેનાદિ બે રાજાઓ હતા. એમના સમકાલીન અન્ય તમામ રાજાઓનો તત્કાલીન સાહિત્યમાં સગોત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરંતુ બિંબિસાર અને પ્રસેનાદિનો ઉલ્લેખ એમના વ્યક્તિગત નામોથી જ કરવામાં આવ્યો છે. પ્રોફે.ઓડનબર્ગ [૧] પોતાના પુસ્તક "લાઈફ ઓફ બુદ્ધ "માં એનું કારણ બતાવ્યું છે કે બંને રાજાઓ ખ્યાતિ પ્રાપ્ત રાજાઓ હતા એટલે એમનું ગોત્ર સાથેનું વર્ણન અને વિવરણ અનાવશ્યક છે.

મહાભારતના એક માત્ર ફકરા ઉપર મારો સિધ્ધાંત આધારિત છે એવું માનવું સાચું નથી. મહાભારતનો પૈજવન એ જ સુદાસ છે એટલો જ માત્ર આધાર મારા સિધ્ધાંતને નથી. એટલે જે લોકો એવું કહે કે સિધ્ધાંત પ્રસ્થાન માટેની કડીઓ સશક્ત નથી એવું માનનારા લોકો ભૂલી જાય છે કે સિધ્ધાંતની સ્થાપના માટે સમયાંતરે ઘણી કડીઓ રજૂ કરવામાં આવી છે. એકાદ કડી નબળી છે એમ કહીને સમગ્ર સાંકળને નિરર્થક ગણાવી શકાય નહીં. જે નબળી કડી છે એના સમર્થનમાં અન્ય સશક્ત સાંકળની કડીઓ રજૂ કરી જ છે. એટલે સિધ્ધાંત સ્થાપિત થઈ શકે તેમ નથી એમ કહેનારા સમીક્ષકો આ મુદ્દાઓને ટાળી શકે નહીં.

ઋગ્વેદમાં પૈજવનને શૂદ્ર ગણાવ્યો છે અને પૈજવન અને સુદાસ એક જ વ્યક્તિના બે નામો છે એ જ એકમાત્ર મારા સિધ્ધાંત મતનો આધાર નથી. એ સિવાયના પણ અન્ય આધારો પણ મેં સમર્થનમાં ટાંકેલા છે. પહેલી બાબત તો એ છે કે તે સતપથ બ્રાહ્મણ અને તૈતરિય બ્રાહ્મણમાં માત્ર ત્રણ જ વર્ણોનો ઉલ્લેખ કરેલો છે. શૂદ્રના ચોથા વર્ણનો અલગથી ઉલ્લેખ છે જ નહીં.

બીજી અગત્યની વાત એ છે કે શૂદ્રો રાજાઓ હતા અને પ્રધાનો પણ હતા.

ત્રીજી બાબત એ છે કે શૂદ્રોને એક સમયે ઉપનયન વિધિનો અધિકાર મળેલો હતો એટલે કે એમની ઉપનયન સંસ્કાર વિધિ થતી હતી. એટલે પ્રથમ

૧.પ્રોફે.ઓડનબર્ગ : લાઈફ ઓફ બુદ્ધ પૃ. ૪૧૪

સાંકળની એકાદ નબળી કડી છે એ જો લક્ષ્યમાં લેવામાં આવે તો આ બધા પુરાવાઓ વધારાનું મૂલ્ય ધરાવે છે જ એટલું જ નહીં પણ નબળી કડીને સશક્ત પુરવાર કરવા માટે સમર્થન પણ છે. મારા સિધ્ધાંત અંગે હું મક્કમતાનો અને સંપૂર્ણતાનો દાવો તો કરી શકું તેમ નથી .છતાંય મારો એટલો દાવો તો છે કે મારા થીયરીના સમર્થનમાં મેં જે પ્રત્યક્ષ અને સાંયોગિક પુરાવાઓ રજૂ કર્યા છે અને જ્યાં વિરોધાભાસ જણાયો છે ત્યાં મજબુત સંભાવનાઓ એની તરફેણમાં રજૂ કરી છે. શું આ બધા સરળ અને આધારભૂત આધારો નથી?

મેં જે થિયરી પ્રસ્તુત કરી છે એમાં રહેલી શક્તિ સભરતાને પુરવાર કરવાનો પ્રયાસ કર્યો છે. હવે હું આ વિષયની અધિકૃતતા સાબિત કરવાનો પ્રયત્ન કરીશ. કોઈ પણ સિધ્ધાંત-મતની વિશ્વસનીયતા સિધ્ધ કરવાં માટે આવશ્યક વાત એ છે કે તે કેવળ વિષય નિરૂપણ કરીને અટકી જાય નહીં કે સંકેત કરીને રોકાઈ જાય નહીં. પણ પ્રસ્તુત સમસ્યાનાં ઉકેલો માટે તમામ સંદર્ભિત રહસ્યોનાં પ્રામાણિક અને તથ્ય જાનિત આધારો પણ પ્રસ્તુત કરે. આ કસોટી દ્વારા મારા સિધ્ધાંત-મતને સાબિત કરવાનો મારો પ્રયાસ છે.

શૂદ્રો અંગેના મુખ્ય-મુખ્ય રહસ્યોની સુચિ પ્રથમ મને રજુ કરવા દો. નિમ્નલિખિત મહત્વપૂર્ણ રહસ્યો છે.

(૧) એવું કહેવામાં આવ્યું છે કે, શૂદ્રો અનાર્યો હતા અને આર્યોના શત્રુઓ હતા. આર્યોએ એમને પરાજિત કર્યા અને પોતાના દાસ બનાવી દીધા. જો આ વાત સત્ય હોય તો પછી યાજ્ઞુર્વેદ અને અથર્વવેદનાં રચનાકાર ઋષિઓએ શૂદ્રોનાં ગુણગાન શા માટે કર્યા છે? તેઓ શૂદ્રોના કૃપાપાત્ર શા માટે બનવાં માંગતા હતા?

(૨) એવું પણ કહેવામાં આવે છે કે; શૂદ્રોને વિદ્યાધ્યયનનો અધિકાર નહોતો. તો પછી સુદાસે ઋગ્વેદનાં મંત્રોની રચના કેવી રીતે કરી?

(૩) એવું કહેવામાં આવે છે કે; શૂદ્રો યજ્ઞ કરી શકતા નહીં. કારણ કે તેઓ યજ્ઞ કરવાના અધિકારી નહોતા. તો પછી સુદાસે અશ્વમેધ યજ્ઞ કેવી રીતે કર્યો? જો

આવું જ હતું તો પછી શતપથ બ્રાહ્મણમાં યજ્ઞ કરનાર શૂદ્રનું અભિવાદન કરવાની વિધીનો ઉલ્લેખ શાથી છે?

(૪) એવું પણ કહેવામાં આવે છે કે; શૂદ્રોને ઉપનયનનો અધિકાર જ નહોતો જો શૂદ્રોને આદિકાળથી આ અધિકાર જ નહોતો તો પછી આ વિવાદ શા માટે? બદ્રી અને સંસ્કાર ગણપતિમાં એવો ઉલ્લેખ શા માટે છે કે શૂદ્ર ઉપનયનનો અધિકારી છે?

(૫) એવું પણ કહેવામાં આવ્યું કે શૂદ્રો સંપત્તિ સંચયનાં અધિકારથી વંચિત હતા. જો એવું માની લેવામાં પણ આવે તો પછી મૈત્રાયણી અને કઠક સંહિતામાં શૂદ્રોને ધનિક અને વૈભવશાળી શા માટે બનાવવામાં આવ્યા છે?

(૬) શૂદ્રોને રાજયાધિકારી બનાવવા અયોગ્ય માનવામાં આવ્યા છે. તો પછી મહાભારતમાં શૂદ્ર રાજ્ય મંત્રી નો ઉલ્લેખ શી રીતે થયો છે?

(૭) બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એમ ત્રણેય વર્ણોની સેવા કરવી એ શૂદ્રોનો કર્તવ્ય-ધર્મ છે એવું કહેવામાં આવે છે તો પછી એવી સ્થિતિમાં શૂદ્રોમાંથી રાજાઓ થયા કેવી રીતે? સાયણાચાર્યે સુદાસ અને અન્ય અનેક શૂદ્ર રાજાઓ નું વર્ણન કેમ કર્યું છે?

(૮) શૂદ્રોને જો વેદોનો અભ્યાસ કરવાનો અધિકાર નહોતો. એમને જો ઉપનયન પ્રાપ્ત કરવાનો અધિકાર નહોતો, કે યજ્ઞ કરવાનો અધિકાર નહોતો તો પછી એ પ્રશ્ન તો પેદા થાય છે જ કે એમને વેદાધ્યયનનો, યજ્ઞ કરવાનો કે ઉપનયનનો અધિકાર શા માટે આપવામાં આવ્યો નહોતો?

(૯) ઉપનયન કરાવવાનો વેદાધ્યયનનો કે યજ્ઞ કરવાનો અધિકાર કેવળ બ્રાહ્મણ નો જ હતો. ઉપનયન, વેદાધ્યયન અને યજ્ઞો શૂદ્રો કરતાં તો બ્રાહ્મણોને જ લાભ દાયક હતા. જો બ્રાહ્મણ શુભ નિષ્ઠાથી કામ લીધું હોત અને શૂદ્રોને આ અધિકારો આપ્યા હોત તો દક્ષિણા રૂપે એમણે ખાસ્સી રકમ મળી હોત! અને

એમ કરવામાં બ્રાહ્મણોને કોઈ નુકશાન હતું જ નહીં. એમની આજીવિકા માટે ની કમાણીમાં વૃદ્ધિ જ થઈ હોત! આવું હોવા છતાં બ્રાહ્મણોએ શૂદ્રોને ક્ષમા ન કરવાનો સંકલ્પ શા માટે કર્યો?

(૧૦) પુન: જો શૂદ્રોને ઉપનયન, વેદાધ્યયન અને યજ્ઞનો અધિકાર નહોતો, ત્યારે બ્રાહ્મણ પોતાના વિશેષાધિકારોની શક્તિથી શૂદ્રોને આ અધિકારો આપીને એમનો સ્વીકાર કરી શક્યા હોત; આ પ્રશ્ન બ્રાહ્મણોની વ્યક્તિગત ઈચ્છા ઉપર શા માટે છોડી દેવામાં આવ્યો નહીં? આ નિષિદ્ધ (બ્રાહ્મણો દ્વારા ઘોષિત) કાર્યો કરવા અને કરાવવા બદલ બ્રાહ્મણોને દંડ દેવા જોગવાઈ શા માટે કરવામાં આવી?

હવે આ કોયડાઓના ખુલાસો કેવી રીતે આપવા? આ એવા કોયડા છે જેનો ઉત્તર આપવાનો પ્રયાસ નથી તો પરંપરાગતવાદી હિંદુઓએ કે ન તો આધુનિક વિદ્વાનોએ કર્યો છે. હકીકતમાં તો આવા કોયડાઓ અસ્તિત્વ ધરાવે છે એ વાતથી જ સૌ કોઈ અજાણ છે.

પુરાતનપંથી હિંદુઓએ તો પુરુષસૂક્તના આ દૈવી વાક્યથી જ સંતોષ માની લીધો છે કે; શૂદ્રોની ઉત્પત્તિ પુરુષ (ઈશ્વર)ના ચરણોમાંથી થઈ છે. એટલે અન્ય ઉભા થતા પ્રશ્નો પરત્વે મને ધ્યાન આપવાની જરૂરિયાત જ નથી. બીજી બાજુ અર્વાચીન સંશોધકોએ એવું માનીને સંતોષ માની લીધો છે; કે શૂદ્રો અનાર્ય હતા જેમને આર્યોએ પરાજિત કરી દાસ બનાવી લીધા અને એટલા માટે જ એમના માટે અલગ પ્રકારના વિધિ નિયમોની રચના કરવામાં આવી.

દુ:ખદ બાબત તો એ છે કે; આ સંશોધકોએ અથવા અન્ય કોઈ વર્ગે ન તો શૂદ્રોના સંબંધની સમસ્યાઓ અને રહસ્યો પરથી આવરણ ઊઠાવવાનો પ્રયાસ કર્યો કે આ અંગે શોધ કાર્ય કર્યું છે. અથવા આ અંગે કોઈ નિશ્ચિત સિધ્ધાંત સ્થાપિત કર્યો જેના દ્વારા શૂદ્રો નો ઉદ્ભવ અને પતન અંગે ઊભા થતા પ્રશ્નોના ઉકેલ મળી રહે.

મારો સિધ્ધાંત-મત ઉભા થતા તમામ રહસ્યોના ઉકેલો સૂચવે છે. દા.ત. ૧ થી ૪માં બતાવવામાં આવ્યું છે કે શૂદ્રો રાજાઓ અને પ્રધાનો બની શકતા હતા અને એટલે તો ઋષિઓએ એમના યશોગાન ગાયાં છે અને એમની કૃપા પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે છે. પ્રશ્ન ૫ અને ૬ માટે પ્રમાણ આપીને સિધ્ધ કર્યું છે કે શૂદ્રો અંગે ઉપનયનની વિધિ બાબતમાં વિવાદ થયો હતો. એનું પરિણામ એ આવ્યું કે; કાનૂન ના માધ્યમથી શૂદ્રોને ઉપનયનના અધિકારથી વંચિત કરી દેવામાં આવ્યા. એટલું જ નહીં ઉપનયન નિરોધક કાનૂનને પ્રભાવશાળી બનાવવા માટે જ શૂદ્રોને ઉપનયન કરાવનાર બ્રાહ્મણો માટે દંડ કરવાની જોગવાઈ અમલમાં મૂકી. આમ એક પણ કોયડો એવો બચતો નથી જેનો ઉકેલ મારા મત સિધ્ધાંતથી થતો ન હોય !

એટલે હું એવું કહેવા અંગે પૂર્ણ અધિકારી છું કે શૂદ્રો ની ઉત્પત્તિ અને પતન અંગે મેં જે વિચાર-મત પ્રસ્તુત કર્યો છે એ મારા અભિપ્રાય મુજબ તો સંપૂર્ણપણે દોષમુક્ત છે. એટલું જ નહીં ઉત્તમ પણ છે. હું તો એવું કહેવા ઈચ્છુ છું કે; આનાથી બહેતર અધ્યયનપૂર્ણ કૃતિ ભાગ્યે જ કોઈ હશે !

પરિશીસ્ટ -૧

ઋગ્વેદ માં (ary આર્ય) આર્ય શબ્દનો સંદર્ભ

૧		૨		૩		૪		૫		૬		૭		૮		૯		૧૦	
H	m	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M
૩૩૩	૩	૨૩	૧૩	૪૩	૨	૧	૭	૨	૧૨	૧૪	૩	૮	૧	૧	૪	૨૩	૩	૨૦	૪
૭૦	૧	૨૩	૧૫			૨	૧૨	૩૩	૨	૧૫	૩	૨૧	૫	૧૯	૩૬	૬૧	૧૧	૨૭	૯
૭૧	૩	૩૫	૨			૨	૧૮	૩૩	૬	૧૬	૨૭	૨૧	૯	૨૧	૧૬	૭૯	૧	૨૭	૧૯
૭૩	૫					૪	૬	૩૩	૯	૨૦	૧	૩૧	૫	૨૪	૨૨૧			૩૪	૧૩
૮૧	૬					૧૬	૧૯	૩૪	૯	૨૪	૫	૩૪	૧૮	૩૪	૧૦			૪૨	૧
૮૧	૯					૨૦	૩	૫૪	૧૨	૨૫	૭	૪૮	૩	૩૯	૨			૪૯	૩
૧૧૬	૬					૨૪	૮			૩૬	૫	૫૬	૧૨	૪૮	૮			૭૬	૨
૧૧૮	૯					૨૯	૧			૪૫	૩૩	૬૦	૧૧	૪૯	૧૨			૮૬	૩
૧૨૧	૧૫					૩૮	૨			૪૭	૯	૬૪	૩	૫૨	૭			૮૬	૧
૧૨૨	૧૪					૪૮	૧			૪૮	૧૬	૬૮	૨	૫૪	૯			૮૯	૩
૧૬૯	૬					૫૦	૧૧			૫૧	૧૬	૮૩	૫	૫૫	૧૨			૧૩૩	૩
૧૮૪	૧									૫૯	૮	૮૬	૭					૧૪૮	૩
૧૮૫	૯											૯૨	૪					૧૯૧	૧
												૧૦૦	૫						

પરિશીસ્ટ -૨

(i)ઋગ્વેદમાં આર્ય શબ્દનો સંદર્ભ

૧		૨		૩		૪		૫		૬		૭		૮		૯		૧૦	
H	m	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M
૫૧	૮	૧૧	૧૮	૩૪	૯	૨૬	૨	૩૪	૬	૧૮	૩	૫	૬	૨૪	૨૭	૬૩	૨	૩૮	૩
૫૯	૨	૧૧	૧૯			૩૦	૧૮			૨૦	૧૦	૧૮	૭	૧૦૩	૧	૬૩	૧૪	૪૩	૪
૧૧૭	૨૧									૨૫	૨	૮૩	૧					૪૯	૩
૧૩૦	૮									૩૩	૩							૬૫	૧૧
૧૫૬	૫									૬૦	૬							૬૯	૬
																		૮૩	૧
																		૮૬	૧૯
																		૧૦૨	૩
																		૧૦૩	૩
																		૧૩૮	૩
																		૧૯૧	૧

(i)યજુર્વેદમાં આર્ય શબ્દનો સંદર્ભ

૪		૫		૬		૧૮		૧૯		૨૦	
H	M	H	M	H	M	H	M	H	M	H	M
૨૦	૪	૧૧	૩	૬૩	૪	૧	૨૧	૩૨	૮	૧૮	૫
૨૦	૮							૬૧	૧	૮૫	૪

(i)અથર્વવેદમાં આર્ય શબ્દનો સંદર્ભ

૧૮		૧૯		૨૦	
H	M	H	M	H	M
૩૨	૧	૧૧	૯	૬૪	૩
		૧૭	૪		
		૧૮	૫		
		૩૬	૧૦		
		૮૫	૪		
		૮૯	૧		
		૯૫	૪		

પરિશીસ્ટ - ૩

ઋગ્વેદમાં આર્ય શબ્દના જુદા જુદા અર્થનો સંદર્ભ

વિગત	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
	H m	H M	H M	H M	H M	H M	H M	H M	H M	H M
દુશ્મનનો અર્થ	૭૦ ૧ ૭૩ ૫ ૧૧૮ ૯ ૧૨૧ ૧૫ ૧૬૯ ૬			૧૬ ૧૯	૩૩ ૨	૧૪ ૩ ૧૫ ૩ ૨૦ ૧ ૩૬ ૫	૨૧ ૯ ૩૪ ૧૮ ૪૮ ૩ ૫૬ ૨૨ ૬૮ ૨ ૯૨ ૪	૪૮ ૮ ૪૯ ૧૨	૭૯ ૧	૪૨ ૧ ૫૯ ૩ ૭૬ ૨ ૮૯ ૩
આદરપાત્ર નો અથવા ઉમદાનો અર્થ	૩૩ ૩ ૮૧ ૧ ૮૧ ૯ ૧૨૧ ૧૪ ૧૮૪ ૧	૨૩ ૧૫ ૩૫ ૨ ૪૩ ૨	૪૩ ૨	૧ ૭ ૨ ૧૨ ૪ ૬ ૨૦ ૩ ૨૪ ૮ ૨૯ ૧ ૩૮ ૨ ૪૮ ૧	૩૩ ૬ ૩૩ ૯ ૩૪ ૯	૨૪ ૫ ૨૫ ૭ ૪૭ ૯	૮ ૧ ૨૧ ૫ ૩૧ ૫ ૮૬ ૭ ૧૦૦ ૫	૧૯ ૩૬ ૨૧ ૧૬ ૨૪ ૧૨ ૩૪ ૧૦ ૫૫ ૧૨	અ	૨૦ ૪ ૨૭ ૮ ૨૭ ૧૯ ૩૪ ૧૩ ૮૬ ૧ ૮૬ ૩ ૧૧૬ ૬ ૧૪૮ ૩ ૧૯૧ ૧
નાગરિકનો સંદર્ભ				૨ ૧૮ ૨૦ ૩						

પરિશીસ્ટ - ૪

ઋગ્વેદમાં દસ્યુ "દાસ" શબ્દનો સંદર્ભ

૧		૨		૩		૪		૫		૬		૭		૮		૯		૧૦	
H	m	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M
૯૨	૮	૧૧	૨	૩૪	૧	૧૮	૯	૩૦	૭	૨૦	૬	૧૯	૨	૫	૩૧			૨૨	૮
૧૦૩	૩	૧૧	૪			૨૮	૪	૩૦	૮	૨૦	૧૦	૮૩	૧	૨૪	૨૭			૨૩	૨
૧૦૪	૨	૧૨	૪			૩૦	૧૪	૩૦	૯	૨૨	૧૦	૮૬	૭	૩૨	૨			૩૮	૩
૧૫૮	૫	૨૦	૬			૩૦	૧૫	૩૩	૪	૨૫	૨	૯૯	૪	૪૦	૬			૪૯	૬
૧૭૪	૭	૨૦	૭			૩૦	૨૧	૩૪	૬	૨૬	૫			૫૧	૯			૪૯	૭
						૩૨	૧૦			૩૩	૩			૫૬	૩			૫૪	૧
										૪૭	૨૧			૭૦	૧૦			૬૨	૧૦
										૬૦	૬							૭૩	૭
																		૮૩	૧
																		૮૬	૧૯
																		૯૯	૬
																		૧૦૨	૩
																		૧૨૦	૨
																		૧૩૮	૩

પરિશીસ્ટ - ૫

ઋગ્વેદમાં "દસ્યુ" શબ્દનો સંદર્ભ

૧		૨		૩		૪		૫		૬		૭		૮		૯		૧૦	
H	m	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M
૩૩	૪	૧૧	૧૮	૨૯	૯	૧૬	૯	૪	૬	૧૪	૩	૫	૬	૬	૧૪	૪૧	૨	૨૨	૮
૩૩	૭	૧૧	૧૯	૩૪	૬	૧૬	૧૦	૭	૧૦	૧૬	૧૫	૬	૨	૧૪	૧૪	૪૭	૨	૪૭	૪
૩૩	૯	૧૨	૧૦	૩૪	૯	૧૬	૧૨	૧૪	૧૪	૧૮	૩	૧૯	૪	૩૯	૮	૮૮	૪	૪૮	૨
૩૬	૧૮	૧૩	૯	૪૯	૨	૨૮	૩	૨૯	૧૦	૨૩	૨			૫૦	૮	૯૨	૫	૪૯	૩
૫૧	૫	૧૫	૯			૨૮	૪	૩૦	૯	૨૪	૮			૫૧	૨			૫૫	૮
૫૧	૬	૨૦	૯			૩૮	૪	૩૧	૫	૨૯	૬			૫૬	૨			૭૩	૫
૫૧	૮							૩૧	૭	૩૧	૪			૭૦	૧૧			૮૩	૩
૫૩	૪							૭૦	૩	૪૫	૨૪			૯૮	૬			૮૬	૩
૫૯	૬																	૯૫	૭
૭૮	૪																	૧૦૫	૧૧
૧૦૦	૧૮																		
૧૦૧	૫																	૧૦૭	૨
૧૦૩	૩																		
૧૦૩	૪																		
૧૧૮	૧૨																		
૧૧૭	૩																		
૧૧૭	૨૧																		

પરિશીસ્ટ - ૬

ઋગ્વેદમાં "વર્ણ" શબ્દનો સંદર્ભ

૧		૨		૩		૪		૫		૬		૭		૮		૯		૧૦	
H	m	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M	H	M
૭૩	૭	૧	૧૨	૩૪	૫	૫	૧૩									૬૫	૮	૩	૩૩
૯૨	૧૦	૩	૫													૭૧	૨	૧૨૪	૭
૯૬	૫	૪	૫													૭૧	૮		
૧૦૪	૨	૫	૫													૯૭	૧૫		
૧૧૩	૨	૧૨	૪													૧૦૪	૪		
૧૭૯	૬	૩૪	૧૩													૧૦૫	૪૦		

સૂચિઓ :

(૧) આર્ય (Arya) અંગે ઋગ્વેદની અનુસંધાન સૂચિ.

(૨) આર્ય (Arya) અંગે ઋગ્વેદ, યજુર્વેદ અને અથર્વવેદની અનુસંધાન સૂચિ.

(૩) આર્ય શબ્દના વિવિધ અર્થો : જે ઋગ્વેદમાં જોવા મળે છે, તેની સૂચિ.

(૪) ઋગ્વેદમાં 'દાસ' ના ઉલ્લેખોની સૂચિ.

(૫) ઋગ્વેદમાં 'દસ્યું' અંગેના ઉલ્લેખોની સૂચિ.

(૬) ઋગ્વેદમાં વર્ણ અંગેના ઉલ્લેખોની સૂચિ .

(ઉપરોક્ત સૂચિ ૧થી૬ મહારાષ્ટ્ર જ્ઞાન કોશ ગ્રંથ તેની માહિતી ઉપર આધારિત છે.)

નકશાઓની સૂચિ :

(1)People of India according to cephalic-index.

(2) Expansion of Pre-Teutonic Nordics.

(3) Expansion of Alpines.

(4) Expansion of Teutonic Nordics and Siavic Alpines.

Map 1 is taken from the Census Report by Mr. Das, Maps 2, 3 and 4 are from Mr. Grants Books. The Passing of great Race, pablished by bel & sons.